આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી

નો

આપસી ટકરાવ

(ભગવત્સેવામાં પ્રતિબન્ધ થવાના સન્દર્ભમાં)

ગોસ્વામી શ્રીશ્યામ મનોહર

'ભગવત્સેવા-શરણાગતિમાં પ્રતિબન્ધ' વિચારગોષ્ઠી માટે આલેખપ્રસ્તુતિકાર :
ગોસ્વામી શ્રીશ્યામ મનોહર (પાર્લા - કિશનગઢ)

પ્રકાશક :
શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર, માંડવી, કચ્છ,
ગુજરાત-૩૭૦ ૪૬૫.

પ્રકાશનાર્થ આર્થિક સહયોગદાતા :
ગોસ્વામી શ્રીયોગેશકુમાર (ગોકુલ-મુંબઈ)
શ્રીમિલન કાંટાવાલા (અહમદાબાદ)
શ્રીમતી હંસાબેન સુ.પરીખ (અહમદાબાદ)
શ્રીજનક આર. શાહ (અહમદાબાદ)
શ્રીપંકજભાઈ જંબુસરિયા (મુંબઈ)

પ્રકાશનવર્ષ : વિ.સં.૨૦૬૩. પ્રતિ: ૩૦૦૦

નિ:શુલ્કવિતરણાર્થ
રવાનગી-પેકિંગ વગેરે ખર્ચ રૂ. ૫

મુદ્રક :
સ્વસ્તિક ઑફ્સેટ, સ્ટેશન રોડ, ભુજ-કચ્છ, ગુજરાત.

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી - કચ્છ ના પ્રકાશનો

ગ્રન્થ	પ્રકાશનસહાય
૧. પ્રવેશિકા, લેખક : ગોસ્વામી શરદ્ (ગુજ.)	૧૦
૨. પ્રવેશિકા, લેખક : ગોસ્વામી શરદ્ (અંગ્રેજી)	નિ:શુલ્ક
૩. પ્રમેયરત્નસંગ્રહ, લેખક : ગોસ્વામી શરદ્ (ગુજ.)	
૪. શબ્દખણ્ડીયા વિદ્વત્પરિચર્ચા (સંસ્કૃત-હિન્દી-અંગ્રેજી)	૨૦૦
૫. અન્યખ્યાતિવાદીય વિદ્વત્સનોષ્ઠી (સંસ્કૃત-હિન્દી-અંગ્રેજી)	૧૫૦
૬. તત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત શાસ્ત્રાર્થપ્રકરણમ્ (વ્રજભાષાટીકા) સાધારણસંસ્કરણ / રાજસંસ્કરણ૫૦/	૭૦
૭. તત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત સર્વનિર્ણયપ્રકરણમ્ (વ્રજભાષાટીકા)સાધારણસંસ્કરણ / રાજસંસ્કરણ૮૦/	૧૦૦
૮. વાર્તાપરિચર્ચા	૧૫
૯. પુષ્ટિવિધાનમ્-૧ (પાઠાવલી, વ્રજભાષા)	અપ્રાપ્ય
૧૦. પુષ્ટિવિધાનમ્-૧ (પાઠાવલી, ગુજ.)	૨૫
૧૧. પુષ્ટિવિધાનમ્-૨ (વ્યાકરણમ્)	૧૦૦
૧૨. પુષ્ટિવિધાનમ્-૩ (વ્રજભાષાવિવૃતિ)	૫૦
૧૩. અધિકારપરિચર્ચા (ગુજ.-હિન્દી-વ્રજ)	૧૦૦
૧૪. શ્રીભાગવત મહાપુરાણ (ગુર્જરભાષાનુવાદ)	૩૦૦
૧૫. **Manual of the Devotional Path of Pushti, by Goswami Sharad**	**65**
૧૬. ગૃહસેવા ઔર વ્રજલીલા, વિવેચક : ગો. શ્રીશ્યામ મનોહરજી(વ્રજભાષા) નિ:શુલ્ક	
૧૭. શ્રીગોપીનાથપ્રભુચરણ (ગુજ.-હિન્દી)	૨૫
૧૮. **Computer CD, www.pushtimarg.net**	**50**
૧૯. સાધનાપ્રણાલી (ગુજ.-હિન્દી-અંગ્રેજી)	૫૦
૨૦. પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ, વિવેચક : ગો. શ્રીશ્યામ મનોહરજી(ગુજ.)	નિ:શુલ્ક
૨૧. રસદૃષ્ટિની તરફેણમાં, લેખક : ગો. શ્રીશ્યામ મનોહરજી(ગુજ.)	નિ:શુલ્ક
૨૨. કાર્યકારણભાવમીમાંસા વિદ્વત્સનોષ્ઠી(સંસ્કૃત-હિન્દી-અંગ્રેજી)	૨૦૦
૨૩. પુષ્ટિપ્રવેશ - ૧, લેખક : ગોસ્વામી શરદ્ (ગુજરાતી)	૧૦
૨૪. પુષ્ટિવિધાનમ્ પાદાનુક્રમણિકા	૧૦
૨૫. શરણાગતિ વિચારગોષ્ઠી એક પૂરક પ્રશ્નોત્તરી, લેખક : ગો. શ્રીશ્યામ મનોહરજી	નિ:શુલ્ક
૨૬. **Summary of Suddhadvaita Vangmaya, by Goswami Sharad**	**15**
૨૭. કથાસાધના વિચારગોષ્ઠી	૫૦
૨૮. ગૃહસેવા અને વ્રજલીલા, વિવેચક : ગો. શ્રીશ્યામ મનોહરજી (ગુજરાતી) નિ:શુલ્ક	
૨૯. વિવેકત્રયમ્(પ્રપઞ્ચ-જીવ-મૂલરૂપ), શ્રીલાલૂભટ્ટજી (સંસ્કૃત)	
૩૦. પુરુષોત્તમસહસ્રનામ-ત્રિવિધલીલાનામાવલી (ગુજરાતી અનુવાદ સહિત)	૨૦
૩૧. વાલ્લભવેદાન્ત નિબન્ધસંગ્રહ, લેખક : ગો. શ્રીશ્યામ મનોહરજી (હિન્દી)	નિ:શુલ્ક
૩૨. શ્રીકૃષ્ણચરિત્ર, લેખક : શ્રીનાનુલાલ ગાંધી	૮૦
૩૩. આધુનિક ન્યાયપ્રણાલી ઔર પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલીકા આપસી ટકરાવ, લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (હિન્દી)	નિ:શુલ્ક
૩૪. આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ, લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (ગુજરાતી)	નિ:શુલ્ક

સહયોગ પ્રકાશન

શ્રીભાગવતસુબોધિની ગુર્જરાનુવાદ અનુવાદક : શ્રીનાનુલાલ ગાંધી

(આ પુસ્તકો ઉપલબ્ધ હશે તે પ્રમાણે સેટ્માંજ આપવામાં આવશે)

૩૫. જન્મ પ્રકરણ

૩૬. તામસ પ્રમાણ પ્રકરણ

૩૭. તામસ પ્રમેય પ્રકરણ

૩૮. તામસ સાધન પ્રકરણ

૩૯. તામસ ફલ પ્રકરણ

૪૦. રાજસ પ્રમાણ પ્રકરણ

૪૧. રાજસ પ્રમેય પ્રકરણ

૪૨. રાજસ સાધન પ્રકરણ

૪૩. રાજસ ફલ પ્રકરણ

૪૪. સાત્વિક પ્રમેય-સાધન-ફલ પ્રકરણ

૪૫. ગુણ પ્રકરણ

૪૬. શ્રીગુસાંઈજી વિરચિત દશમસ્કન્ધ ટિપ્પણી

૪૭. **Srimad Vallabhacarya, His Philosopohy and Life, by Prof.J.G.Shah** **100**

૪૮**Srimad Vallabhacarya, His Philosopohy and Religion, by Prof.J.G.Shah** **300**

૪૯.**Sri Vallabhacarya and His Teachings, Dr.Chimanlal Vaidya** **100**

૫૦ **Doctrines of Vallabhacharya, Ishverbhai S. Amin** **100**

૫૧. સિદ્ધાન્તનું આચમન (પ્રશ્નોત્તરી), ગો.શ્રીશ્યામ મનોહરજી નિ:શુલ્ક

પ્રાપ્તિસ્થાન

પોસ્ટદ્વારા તથા પ્રત્યક્ષ

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર, માંડવી - કચ્છ, ગુજરાત, ૩૭૦ ૪૬૫.

ફોન : ૦૨૮૩૪ - ૨૩૧૪૬૩

(નીચેના સ્થળોપરથી અનુકુળ સમય જાણીને પુસ્તકો જાતે જઈને મેળવવા)

રાજકોટ :

- શ્રીબાલકૃષ્ણ પુસ્તકાલય, દરબારગઢ.

- શ્રીપ્રવીણભાઈ ડઢાણીયા, ૯૪૨૭૪૯૫૧૫૯

જુનાગઢ :

- પુષ્ટિસાહિત્ય વિક્રય કેન્દ્ર, મોટી હવેલી, પન્ચ હાટડી.

- શ્રીહર્ષદભાઈ ચાંગેલા, ફોન : ૯૪૨૬૭૧૬૮૧૮

જામનગર : શ્રીમતી ઊષાબેન સોની, ફોન : ૨૫૧૦૧૧૭

ગાંધીનગર : શ્રીજગદીશભાઈ કટારીયા, ફોન : ૯૨૨૮૬૧૧૬૧૯

અમદાવાદ :

- શ્રીજનકભાઈ શાહ, ફોન : ૨૬૮૫૫૭૨૯

- શ્રીમતી નિકિતાબેન ફોન : ૨૬૬૨૧૧૧૯.

વડોદરા : શ્રીનરેન્દ્રભાઈ શાહ, ફોન : ૨૪૮૨૦૭૧

હાલોલ : શ્રીમહેશભાઈ પટેલ, ફોન : ૯૮૯૮૫૯૩૦૨૯

સુરત :

- શ્રીનિલેશ મહેતા, ૯૩૭૪૭૨૩૯૦૭

- શ્રીસુનીલભાઈ જાગીરદાર, ૯૮૨૫૧ ૪૭૦૬૩

ગોકુલ : પુષ્ટિસાહિત્ય વિક્રય કેન્દ્ર, નન્દચૌક, ગોકુલ, જિ. મથુરા, ઉત્તરપ્રદેશ.

મુમ્બઈ :

વિલેપાર્લે : શ્રીરસિકભાઈ શાહ, વ્રજકમલ, ગ્રાઉંડ ફ્લોર, ૬૩ સ્વસ્તિક સોસાયટી, ચોથો રસ્તો, જુહુ સ્કીમ, વિલેપાર્લે (પશ્ચિમ) મંબઈ - ૫૬, ફોન : ૯૮૨૦૨ ૯૫૯૩૨

કાન્દીવલી : શ્રીમધુભાઈ શાહ, 'શિવકૃપા' પહેલામાળે, રામગલીના નાકાઉપર, મ્યુનિસિપલ્ ગાર્ડન્ની સામે, કાન્દીવલી(૫) ફોન : ૦૨૨ - ૨૮૦૭૦૦૪૩

પુષ્ટિસાહિત્ય વિક્રય કેન્દ્ર, શ્રીવલ્લભસુખધામ, ત્રીજા માળે, ઠઠાઈ ભાટીયા હોલ, એસ્. વી. રોડ, કાન્દીવલી, વેસ્ટ.

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટની પ્રવૃત્તિઓ

સેમિનાર : આયોજિત :

૧. શબ્દખણ્ડીયા વિદ્વત્પરિચર્ચા, ગાંધીનગર-ગુજરાત

૨. કાર્યકારણભાવવિચાર, વડોદરા-ગુજરાત

૩. અન્યખ્યાતિવાદીયા વિદ્વત્સનોષ્ઠી, પુણે

૪. પ્રત્યક્ષપ્રમાણ સનોષ્ઠી, પુણે

૫. અન્ધકારવાદ વિદ્વત્સનોષ્ઠી, પુણે

૬. **World Philosophy Conference, Delhi (Cosponsored with Indian Philosophical Congress)**

International Conference on World Peace, Ahmedabad (Cosponsored with Uni. of Gujarat

૮. વાર્તાપરિચર્ચા, હાલોલ-ગુજરાત

૯. અધિકારપરિચર્ચા, હાલોલ-ગુજરાત

૧૦. પુષ્ટિભક્તિમાર્ગીય સાધનાપ્રણાલી, મુમ્બઈ

૧૧. ''કથાયાં વા'' / ગુણગાન સાધના, મુમ્બઈ

૧૨. શરણાગતિ, મુમ્બઈ

૧૩. સેવાસાધના, મુમ્બઈ

૧૪. પુષ્ટિભક્તિ અને પુષ્ટિપ્રપત્તિ સાધનામાં પ્રતિબન્ધ, મુમ્બઈ

આયોજ્ય : સેલ્ફઅવેર્નેસ્, પુષ્ટિમાર્ગીય ફલ

આચાર્યવંશજોમાટે અધ્યયનસત્ર

૧. તર્કામૃતમ્ - ન્યાયસિદ્ધાન્તમુક્તાવલી ૨. વેદાન્તસાર

ગોશાળ

સંસ્કૃત માધ્યમથી અધ્યયન કરતા વિદ્યાર્થીઓમાટે છાત્રાલય

હસ્તપ્રતસંગ્રહ - સંરક્ષણ; પુસ્તકાલય

યાવત્પ્રાપ્ય સામ્પ્રદાયિક શ્લોકોની પાદાનુક્રમણિકા

Digitalization of the manuscripts

Catalogus Catalogorum of the manuscripts of Suddhadvaita-Pustibhakti-Sampradaya

Encyclopedic CD ROM comprising of entire original Sanskrit writings of Acharyas along with Vraj, Hindi, Gujarati & English literature written on the base of such writings

ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી(પાર્લા-કિશનગઢ)દ્વારા સમ્પાદિત-પુનર્મુદ્રિત શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિ સમ્પ્રદાયના મૂળ સંસ્કૃત ગ્રન્થો

પ્રકાશિત:

૧. સવ્યાખ્યષોડશગ્રન્થ સંયુક્તપ્રકાશન, દુર્લભ

- ખંડ ૧. શ્રીયમુનાષ્ટકમ્ થી સિદ્ધાન્તરહસ્યમ્
- ખંડ ૨. નવરત્નમ્ થી ભક્તિવર્ધિની
- ખંડ ૩. જલભેદઃ થી સેવાફલમ્

૨. સવ્યાખ્યષડ્ગ્રન્થા: સંયુક્તપ્રકાશન, દુર્લભ

૩. તત્ત્વાર્થદીપનિબન્ધ

- ખંડ ૧. શાસ્ત્રાર્થ-સર્વનિર્ણયપ્રકરણ
- ખંડ ૨. ભાગવતાર્થપ્રકરણ સ્કન્ધ ૧-૫
- ખંડ ૩. ભાગવતાર્થપ્રકરણ સ્કન્ધ ૬-૧૨

૪. પ્રકાશ-રશ્મિ વ્યાખ્યા સહિત બ્રહ્મસૂત્રાણુભાષ્યમ્

- ખંડ ૧. પ્રથમાધ્યાય નાથદ્વારા ટેમ્પલબોર્ડ, અતિદુર્લભ
- ખંડ ૨. પ્રથમાધ્યાય નાથદ્વારા ટેમ્પલબોર્ડ, અતિદુર્લભ
- ખંડ ૩. દ્વિતીયાધ્યાય
- ખંડ ૪. તૃતીયાધ્યાય
- ખંડ ૫. ચતુર્થાધ્યાય

૫. શ્રીમદ્ભાગવત સુબોધિની

- ખંડ ૧. પ્રથમ-દ્વિતીયસ્કન્ધ
- ખંડ ૪. જન્મ પ્રકરણ
- ખંડ ૫. તામસ પ્રમાણ પ્રકરણ
- ખંડ ૬. તામસ પ્રમેય-સાધન પ્રકરણ
- ખંડ ૭. તામસ ફલ પ્રકરણ
- ખંડ ૮. રાજસ પ્રમાણ-પ્રમેય પ્રકરણ

૬. વેદાન્તાધિકરણમાલા-ભાવપ્રકાશિકા

૭. વિવિધવિવરણોપેત પત્રાવલમ્બનમ્

૮. પ્રસ્થાનરત્નાકર

૯. વિદ્વન્મણ્ડનમ્

૧૦. શ્રીબાલકૃષ્ણગ્રન્થાવલી(પ્રમેયરત્નાર્ણવ-નિર્ણયાર્ણવ-સેવાકૌમુદી)

૧૧. અવતારવાદાવલી

ખંડ ૨. ભેદાભેદવાદ, સૃષ્ટિભેદવાદ, આવિર્ભાવતિરોભાવવાદ, ખ્યાતિવાદ, પ્રતિબિમ્બવાદ, અન્ધકારવાદ

૧૨. શ્રીપુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકાર:

૧૩. પુષ્ટિવિધાનમ્[ગુજરાતી, વ્રજ તથા સંસ્કૃત સંસ્કરણ]

૧૪. સવ્યાખ્ય શ્રીવલ્લભમહાપ્રભુસ્તોત્રાણિ

(સૌન્દર્યપદ્યમ્-સર્વોત્તમસ્તોત્રમ્-શ્રીવલ્લભાષ્ટકમ્-સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃતમ્)

ક્ર.૧, ૨ તથા ૪/૧, ૪/૨ કો છોડ કર સભી ગ્રન્થ ''શ્રીવલ્લવિદ્યાપીઠશ્રીવિટ્ઠલેશ વરપ્રભુચરણ આ.હો.ટ્રસ્ટ'' (કોલ્હાપુર) દ્વારા પ્રકાશિત તથા ઉપલબ્ધ.

પ્રકાશ્ય:

શ્રીમદ્‌ભાગવતસુબોધિની	વાદાવલી ખંડ ૧, ખંડ ૩
તૃતીયસ્કન્ધ	શ્રીપુરુષોત્તમચરણ વિરચિત
રાજસ સાધન-ફલ પ્રકરણ	ગીતા ટીકા
સાત્ત્વિક પ્રમેય-સાધન-ફલ પ્રકરણ	ઉપનિષદ્ ટીકા
ગુણ પ્રકરણ	ઉત્સવપ્રતાન
એકાદશસ્કન્ધ	અપરાધનિરૂપણમ્ આદિ

ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજીની હિન્દી-ગુજરાતી પુસ્તકો

ધર્મ-અર્થ-કામ-મોક્ષની પુષ્ટિમાર્ગીય વિવેચના[હિન્દી-ગુજ]

વિવેક[હિન્દી]

શ્રીવલ્લભાચાર્યકે દર્શનકા યથાર્થ સ્વરૂપ

વિશોધનિકા[ત્રણ ખંડ, હિન્દી]	- અમૃત / સિદ્ધાન્તનું આચમન
પુરુષોત્તમયો[ગુજ-હિન્દી]	- ભગવત્સેવાનો સિદ્ધાન્તશુદ્ધ
ગૃહસેવા અને વ્રજલીલા[વ્રજ-ગુજ]	પ્રકાર: એક પ્રશ્નોત્તરી
નવરત્નમ્[ગુજ-હિન્દી]	- સિદ્ધાન્તસૂક્તિ
નવરત્નોપદેશનું માનસવિશ્લેષણ[ગુજ-હિન્દી]	- રસદૃષ્ટિની તરફેણમાં[ગુજ-હિન્દી]
શ્રીયમુનાષ્ટકમ્[હિન્દી]	- પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ

સમ્પર્ક: ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી, 'વ્રજકમલ', ૬૩ સ્વસ્તિક સોસાયટી, ૪થા રાસ્તા, જુહુ સ્કીમ, વિલેપાર્લે (પશ્ચિમ), મુમ્બઈ

ફોન: (૦૨૨) ૨૬૧૪૪૩૨૬

ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજીના

પ્રવચનોની એમ્. પી.શ્રી તથા વીડીઓ સી.ડી.(૨૦૦૬ પર્યન્ત)

એમ્. પી.શ્રી સી.ડી :

સર્વોત્તમસ્તોત્રમ્ વર્ષ ૯૫ સે ૨૦૦૬ પર્યન્ત, કુલ ૨૯ સી.ડી.

સાધનપ્રકરણમ્ ૯૮ સે ૨૦૦૬ પર્યન્ત, કુલ ૧૯ સી.ડી.

પુષ્ટિવિધાનમ્ ૯૬, ૪ સી.ડી.

પઞ્ચશ લોકી ગુજરાતી ૯૭, ૨ સી.ડી.

વલ્લભવચનામૃત ૧૯૯૮-૨૦૦૧, ૨૦૦૩/૪,૫; કુલ ૧૧

પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ગુજરાતી ૯૪, ૧ સી.ડી.

સિદ્ધાન્તરહસ્યમ્ ૨૦૦૦, કુલ ૨ સી.ડી.૧

નવરત્નમ્ ૯૬, ૧ સી.ડી.

ભક્તિવર્ધિની ગુજરાતી ૯૨, ૧ સી.ડી.

અન્તઃકરણપ્રબોધ ૧ સી.ડી.

સેવાફલમ્ ૭૫

પત્રાવલમ્બનમ્ ગુજરાતી, ૯૪, ૨ સી.ડી.

સિદ્ધાન્તવચનાવલી ગુજરાતી ૯૨, ૩ સી.ડી.

ગોપીગીત ૨ સી.ડી.

પ્રશ્નોત્તરી(મુંબઈ) ૧ સી.ડી.

ભગવદ્ગીતા ગુજરાતી અધ્યાય ૪(અપૂર્ણ),૯,૧૨,૧૫; કુલ ૭ સી.ડી.

પુષ્ટિઅસ્મિતા ગુજરાતી, ૧ સી.ડી.

ગૃહસેવા ઔર વ્રજલીલા ૯૮, ૧ સી.ડી.

સેવાકૌમુદી ગુજરાતી ૯૨, ૨ સી.ડી.

ષોડશગ્રન્થ પાઠ ૧ સી.ડી.

વીડીઓ સી.ડી. :

સર્વોત્તમસ્તોત્રમ્ ૧૯૯૯,૨૦૦૨-૦૬, કુલ ૧૫૧ સી.ડી. (વર્ષ ૯૫,૯૭,૯૮ શીઘ્ર)

સાધનપ્રકરણ ૨૦૦૫-૬ કુલ ૪૫ સી.ડી

સિદ્ધાન્તવચનાવલી (કેશોદ) ૧૯૯૨ કુલ ૩૨ સી.ડી

પુષ્ટિમાર્ગમાં નન્દોત્સવ ઐતિહાસિક નહિ શાશ્વત 3

પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા પક્ષગ્રહણ 3

ગીતા પુરુષોત્તમયોગ ૧૯૯૩ (શીઘ્ર)

પ્રશ્નોત્તરી (ગોંડલ) ૧

ગોસ્વામી શ્રીભૂષણકુમારજી (માંડવી-ગોકુલ)

જયપુર પ્રવચન ૧ સી.ડી.

ગોસ્વામી શ્રીપંકજકુમારજી (માંડવી-ગોકુલ)

શિક્ષાશ્ર લોકાઃ રાજકોટ, ૧ સી.ડી.

પ્રમેયરત્નાર્ણવ વિજગત્-જીવ-બ્રહ્મ, ૧ સી.ડી.

ગોસ્વામી શ્રીયોગેશકુમારજી (કામવન-ગોકુલ-પાર્લા)

સાધનદીપિકા ઉરણ,દેવલાલી,પૂના,કાંદીવલી ૬ સી.ડી.

પ્રમેયરત્નાર્ણવ જગત્-જીવ-બ્રહ્મ-પુષ્ટિ-અધિકાર-સર્વાત્મભાવ-ફલ ૭ સી.ડી.

કૃષ્ણાશ્રય સુરત, એમ્પીશ્રી૧, વીસીડી૧૨

ગોસ્વામી શ્રીશરદકુમારજી (માંડવી)

સિદ્ધાન્તમુક્તાવલી એમ્પીશ્રી ૧

પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ એમ્પીશ્રી ૧, વીસીડી ૧૧, ડીવીડી ૨

સિદ્ધાન્તર હસ્યએમ્પીશ્રી ૧, વીસીડી ૧૧

કૃષ્ણાશ્રય એમ્પીશ્રી ૧, વીસીડી ૧૦, ડીવીડી ૨

ચતુઃશ્ર લોકી એમ્પીશ્રી ૧

ભક્તિવર્ધિની એમ્પીશ્રી ૧, વીસીડી ૧૦, ડીવીડી ૪

પ્રમેયરત્નાર્ણવ

-જગત્-જીવ-બ્રહ્મ એમ્પીશ્રી ૩

-પુષ્ટિ-પુષ્ટિભક્તિ અધિકાર એમ્પીશ્રી ૨

-સર્વાત્મભાવ-ફલ એમ્પીશ્રી ૩, વીસીડી ૨૧, ડીવીડી ૪

ધર્મ-આત્મધર્મ, ધર્મ-ધર્મસમ્પ્રદાય-
ગુરુ-ઉપાસ્ય-સિદ્ધાન્ત એમ્પીશ્રી ૧

સી.ડી. પ્રાપ્ત કરનેકે સ્થાન:

(અપેક્ષિત સી.ડી. પ્રાપ્ત કરવામાટે લિખિત પૂર્વસૂચના આપવી જરૂરી છે)

શ્રીમતી કલ્પનાબેન કાણકીયા,

કાણકીયા હાઉસ્, સ્વસ્તિક સોસાયટી, જુહુ ક્રોસ્ રોડ નં. ૪, વિલેપાર્લે (પશ્ચિમ), મુંબઈ-૫૬, ફોન: (૦૨૨) ૨૬૧૩૪૯૪૨

શ્રીબાલકૃષ્ણ પુસ્તકાલય, સાયં ૬ સે ૮, દરબારગઢ, રાજકોટ, ગુજરાત.

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ,

કંસારા બજાર, માંડવી-કચ્છ, ગુજરાત, ૩૭૦ ૪૬૫. ફોન: ૦૨૮૩૪-૨૩૧૪૬૩

પ્રાસનિક

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી દ્વારા પાછલા કેટલાક સમયથી વલ્લભ સમ્પ્રદાયના વિભિન્ન પક્ષો જેવા કે વૈષ્ણવવાર્તા, અધિકાર, સાધનાપ્રણાલી, શરણાગતિ, ગુણગાન, ભગવત્સેવા વગેરે પર સામ્પ્રદાયિક સ્તરે વિચાર ગોષ્ઠીનું આયોજન થતું આવ્યું છે. સાધના વિષયક વિચાર થઈ ગયા બાદ ક્રમની દૃષ્ટિથી ફલ સમ્બન્ધિ વિચાર પ્રાસનિક ગણાય. જો, પરન્તુ, કોઈ પણ પ્રકારના પ્રતિબન્ધ-અડચણ વિના સડસડાટ ફલની નજીક પહોંચી જતાં ફલનો અસલ સ્વાદ કેમ આવી શકે! તેથી ફલ વિષયક વિચાર ગોષ્ઠીનું આયોજન કરતા પહેલાં ''પુષ્ટિ ભક્તિ અને પ્રપત્તિ સાધનામાં પ્રતિબન્ધ'' વિષય પર ગત સપ્ટેંબર ૨૦૦૬ માં એક વિચાર ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું.

પ્રસ્તુત પુસ્તકમાં પૂ.ગો.શ્રીશ્યામમનોહરજી (પાર્લા-કિશનગઢ) દ્વારા ઉક્ત ગોષ્ઠીમાં મૂળ હિન્દીમાં પ્રસ્તુત કરેલ આલેખ: **''आधुनिक न्यायप्रणाली और पुष्टिमार्गीय साधना का आपसी टकराव (भगवत्सेवामें प्रतिबन्धक होनेके सन्दर्भमें)''** નો ગુજરાતી અનુવાદ પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ જ આલેખ હિન્દી ભાષામાં પણ અલગ પુસ્તિકામાં પ્રકાશિત કરવામાં આવેલ છે.

પૂજ્યશ્રીએ પોતાના આલેખમાં ગુરુઘરોમાં થતી ભગવત્સેવાને લઈને ક્યાંક શિષ્યસમુદાયની સાથે, ક્યાંક કુટુંબી જનો સાથે તો ક્યાંક પ્રશાસન ની સાથે ન્યાયાલયમાં થયેલ વિવાદોના ઇતિહાસનું, વિવાદોને કારણે સમ્પ્રદાયને થયેલ અપૂરણીય હાનીનું, તેના કારણોનું તેમજ તેના નિવારણના ઉપાયોનું નિરૂપણ કર્યું છે.

આપશ્રીના આલેખમાં કરાયેલ નિરૂપણનો તેમજ સમ્પ્રદાયના ઇતિહાસનો સમગ્રતાથી વિચાર કરતાં એ સ્પષ્ટ થાય છે કે ઉક્ત વિવાદોના ઉપસ્થિત થવા પાછળ તેમજ તેના ઘાતક પરિણામો આવવા પાછળના મૂળ કારણો છે: સમ્પ્રદાય સિદ્ધાન્ત અને ભાવના વિષયક અજ્ઞાન, અન્યથાજ્ઞાન, સંશય, અશ્રદ્ધા અને નિષ્ઠાહીનતા. તેથીજ ઉક્ત સમસ્યાનું સમાધાન પણ સ્વમાર્ગીય સિદ્ધાન્ત અને

ભાવના વિષયક શુદ્ધ જ્ઞાનની પ્રાપ્તિમાં તેમજ સ્વમાર્ગીય સિદ્ધાન્તો પ્રત્યે અનન્ય નિષ્ઠા જાગૃત કરવામાં રહેલું છે.

આ આલેખપત્રમાં **સિદ્ધાન્તવચનાવલી** તેમજ **અમૃતવચનાવલી** ને આધારભૂત સામગ્રીના રૂપે સન્દર્ભિત કરવામાં આવી હોવાથી તેમને પણ અહિંયા થોડાઘણા પરિવર્તન-પરિવર્ધન સાથે ફરીથી પ્રકાશિત કરવામાં આવી રહી છે, અન્ય પણ કેટલાક ઉદ્‌બોધક પરિશિષ્ટોની સાથે. આ અવશ્ય વિચારણીય નિબન્ધના નિઃશુલ્ક વિતરણમાટે આર્થિક સહયોગ પ્રદાન કરનારાઓ સહૂ ઇષ્ટજનો પ્રત્યે કૃતજ્ઞતાજ્ઞાપનપૂર્વક...

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ દ્વારા

શરદ્ ગોસ્વામી(માંડવી-કચ્છ)

આમુખ

પુષ્ટિસમ્પ્રદાયમાં જન્મ લેવાના કારણે જન્મજાત પુષ્ટિમાર્ગી; અથવા ક્યાંક બહારથી આવીને પુષ્ટિમાર્ગમાં દીક્ષિત થનારા નવાગન્તુક, આપણે સહુ પુષ્ટિમાર્ગના અનુગામિઓને એક આદર્શ પોતાની દૃષ્ટિથી ક્યારે પણ ઓઝલ થવા દેવો ન જોઈએ. અને તે આદર્શ એ છે કે આપણે પોતાના પુષ્ટિમાર્ગીય જીવનથી જે અપેક્ષા રાખતા હોઈએ તે અપેક્ષાઓથી અનેક ગણી વધુ શ્રેયસ્કારિણી અપેક્ષા એ છે કે આ ભૂતળપર આપણું પુષ્ટિમાર્ગીય જીવન પુષ્ટિજીવો પાસેથી શું અપેક્ષા રાખે છે એનાપર સાવધાનીથી થોડું ઉદાત્ત ચિન્તન અને તદ્નુસાર પોતાની સંકલ્પશક્તિ ને ગમ્ભીરતાથી પ્રબળ બનાવવાની છે.

હર્ષનો વિષય છે કે આ દિશામાં શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ (કચ્છ-માંડવી) સ્વમાર્ગીય ધર્મસિદ્ધાન્તોપર સામ્પ્રદાયિક વિચારગોષ્ઠી તથા દર્શનસિદ્ધાન્તોપર સ્વસમ્પ્રદાયેતર વિદ્વાનોની પણ ગોષ્ઠીઓનું નિતાન્ત અભિનન્દનીય સમાયોજન કેટલાક વર્ષોથી નિરન્તર કરતું આવી રહ્યું છે. મને એ કહેવામાં જરા પણ સંકોચ નથી અનુભવાતો કે આપણા સમ્પ્રદાયમાં આજે ભલે આનું મહત્વ કોઈના ગળે ન ઉતરતું હોય પરન્તુ ભવિષ્યમાં આ વિચારગોષ્ઠીઓમાં થયેલ ચિન્તનની મહત્તા પુષ્ટિચિન્તનની યાત્રાના ઇતિહાસમાં ક્રોશસ્તમ્ભના રૂપમાં માન્ય થશે જ.

સ્વમાર્ગીય ગ્રન્થોનો નિરન્તર અભ્યાસ કરતો રહેતો હોવા છતાં આ વિચારગોષ્ઠિઓને કારણે કેટલી બધી સ્વમાર્ગીય ધારણાઓ સ્વયં મને પોતાના વૈચારિક અને ભાવાત્મક ચિન્તનને સુસ્પષ્ટરીતે જોવા-સમજી શકવામાં કેટલી અધિક સહાયક બની છે. તેથી, આરંભમાં આમાં સમ્મિલિત થવામાં ખચકાટ થતો હોવા છતાં આજે મને પોતાની આવી સ્વીકૃતિ પ્રકટ કરવામાં લેશમાત્ર સંકોચ અનુભવાતો નથી.

જેમ કોઈ ગીતની સ્વરાવલીને વારંવાર સાંભળતા રહેવાને કારણે, જાણી પણ લેવા છતાં, જ્યાં સુધી પોતાના કંઠથી તેને પ્રકટ કરવામાં ન આવે ત્યાં સુધી સ્વરસંયોજનનું સૂક્ષ્મસૌન્દર્ય સમજી શકાતું નથી. અથવા તો જેમ કોઈ રમ્ય ઉદ્યાનના ચિત્રને નિહારી લેવા છતાં તેની સુરમ્યતા તે ઉદ્યાનમાં વિહરણ કર્યા

વિના હૃદ્‌ગત થઈ નથી શકતી. તે જ પ્રમાણે સ્વમાર્ગીય ધર્મ-દર્શન-સમ્બન્ધી સિદ્ધાન્તોની ગમ્ભીરતાનો પણ જ્યાં સુધી નિશ્છલ બોધમાત્રના પ્રયોજનવશ શાન્ત ચિત્તથી બધાની સાથે હળીમળીને પરસ્પર આકલન કરીએ નહીં, ત્યાં સુધી તે (સિદ્ધાન્તો) પોતાની સૂક્ષ્મતાને આપણી બુદ્ધિ અને હૃદય ની સામે ઝલકવા દેતા નથી !

પુષ્ટિભક્તિસમ્પ્રદાયની વર્તમાન અવસ્થા એટલી બધી શોચનીય બની ગયી છે કે પોતાની ધર્માચાર્યની પદવીની સાથે જોડાયેલી બધી શાલીનતા અને ગરિમા ને ભૂલી જઈને ખુદ મહાપ્રભુના વંશજો જાહેરમાં એવું કહેવામાં પણ લેશમાત્ર શરમ નથી અનુભવતા કે –

> જ્યારે અમે અમારા સેવ્ય પ્રભુની સામે આપણા માર્ગના અનુગામિઓને બ્રહ્મસમ્બન્ધ દીક્ષા આપીએ છીએ ત્યારે તે પ્રસંગે મન્ત્રમાં 'વિત્ત' પદનો પ્રયોગ થતો હોવાથી દીક્ષાર્થી વૈષ્ણવે પોતાનું વિત્ત અમારા સેવ્ય પ્રભુને સમર્પિત કરી જ દીધું છે. આ સ્થિતિમાં અમારા સેવ્ય પ્રભુની સેવામાં વૈષ્ણવ જનાતાના વિત્તનો વિનિયોગ દોષોત્પાદક અપસિદ્ધાન્ત કેમ ગણી શકાય ?

પોતાની અર્થલોલુપતાના કારણે પ્રકટ થતા દેવલકતાના આ નગ્નતાણ્ડવને જો સંયત કરવામાં આવે તો સહજે એ સમજી શકાય તેવી વાત છે કે ગદ્યમન્ત્રમાં દીક્ષાર્થીના દેહાદિ ઘરબાર તથા પરિવાર આમ બધાનું ભગવત્સમર્પણ કરવાનું કહેલું છે. આ સ્થિતિમાં ભગવત્સેવામાં કેવલ વિત્તનો જ વિનિયોગ કરાવવાની આવી આસુરી લાલસા શા માટે ? શા માટે દીક્ષિત વ્યક્તિના ઘરમાં પોતાના સેવ્ય પ્રભુને પધરાવીને તેના પરિવારજનોને સેવા સોંપી દેવામાં નથી આવતી ! શા માટે પગારદાર નોકરોથી પોતાના જ ઘરોમાં સેવાનો ધંધો ચલાવવાના મોહ પોષવામાં આવી રહ્યો છે ? જો કોઈ ચોક્કસ ભગવન્મૂર્તિના જ સન્દર્ભમાં સમર્પણ કરવામાં આવતું હોય તો સાક્ષાત્ તે ભગવન્મૂર્તિની સામે જેને દીક્ષા આપવામાં ન આવી હોય, આછામાં આછું એવા દર્શનાર્થીઓના ધનને તો પોતાની ભગવત્સેવામાં વિનિયોગ કરવાની લાલસાપર અંકુશ રાખવો જોઈએ ! ખરેખર તો આ બધું

સ્વસિદ્ધાન્ત ગૌરવ, સ્વસેવ્ય ગૌરવ, ધનલોલુપતારહિત પુષ્ટિભક્તિનું ગૌરવ; અને અન્તે આચાર્યવંશજ હોવાના આત્મગૌરવ ના અક્ષમ્ય હ્રાસનું દુષ્પરિણામ છે !

હાલમાં જ શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ દ્વારા 'ભગવત્સેવામેં પ્રતિબન્ધ' વિષયપર આયોજિત વિચારગોષ્ઠીમાં આ આલેખપત્ર મેં રજુ કર્યો હતો. સમયના અભાવે ગોષ્ઠીમાં તેના ઉપર અપેક્ષિત ચર્ચા-વિચારણા થઈ શકી ન હતી. ગમે તેમ તોય આ વિષયપર આપણે સહુ પુષ્ટિમાર્ગીઓએ કયારેક ગમ્ભીતાથી વિચાર તો કરવો જ પડશે. તેથી વિચારગોષ્ઠીનું સમ્પૂર્ણ વિવરણ પ્રકાશિત થતા પૂર્વે પણ મારા આલેખનું પ્રકાશન કરવા બદલ ઉક્ત ટ્રસ્ટના પ્રત્યે કૃતજ્ઞતાજ્ઞાપન સહ...

દીપાવલી વિ.સં.૨૦૬૩ — ***ગોસ્વામી શ્યામ મનોહર***

૬૩, સ્વસ્તિક સોસાયટી,
૪થા રસ્તા, જુહુસ્કીમ,
પાર્લે મુંબઇ.

વિષયસૂચિ

૧. આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય

સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ

૧. ઔપક્રમિક પરિભાષા ૧

૨. વિચાર્યવિષયના આધારભૂત પ્રમાણોની પરિધિ ૧

૩. વિચાર્યવિષયની પરિધિ ૩

૪. પ્રસંગોપાત્ત સ્પષ્ટીકરણ ૩

૫. પુષ્ટિમાર્ગીય ઇતિહાસના કાલખણ્ડ ૭

૬. ઐતિહાસિક તથા સામ્પ્રતિક અથડામણનું તુલનાત્મક રૂપ ૯

૭. વર્તમાન-અથડામણના નિવારણના ઉપાય ૪૩

૮. સન્દર્ભસૂચી ૪૫

૨. સિદ્ધાન્તવચનાવલી(પરિશિષ્ટ. ૧) ૭૩

૩. અમૃતવચનાવલી(પરિશિષ્ટ. ૨) ૧૨૧

૪. પુષ્ટિ અસ્મિતા ૧૪૫

૫. પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભાનું સંક્ષિપ્ત વૃત્ત ૧૪૭

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી

ની

પરસ્પર અથડામણ

(ભગવત્સેવામાં પ્રતિબન્ધ હોવાના સન્દર્ભમાં)

ગોસ્વામી શ્યામ મનોહર

૧.ઔપક્રમિક પરિભાષા :

'આધુનિક ન્યાયપ્રણાલી' પદનો પ્રયોગ ભારતવર્ષ અંગ્રેજોનો ઉપનિવેશ બન્યો તેના પછી જે લિખિત ન્યાયપ્રણાલી અંગ્રેજો દ્વારા સાક્ષાત્ પ્રશાસિત પ્રદેશોમાં લાગૂ કરવામાં આવી, તેમજ તે અંગ્રેજોથી પ્રભાવિત દેશી રાજ્યોમાં પણ જે શનૈઃ-શનૈઃ પ્રચલિત બની; અને, સ્વાધીનતા મળ્યા બાદ રાષ્ટ્રના ગણતન્ત્ર ઘોષિત થયા પછી જે બંધારણ દેશમાં માન્ય થયું તેના કારણે જે ન્યાયપ્રણાલી પ્રસ્થાપિત બની, તે અર્થમાં અભિપ્રેત છે. તે મુજબ 'પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી'પદનો પ્રયોગ મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્યચરણદ્વારા કણ્ઠતઃ ઉપદિષ્ટ અને તેમના ઉપદેશો ઉપર પરવર્તી વ્યાખ્યાકારોદ્વારા લખાયેલી વિવેચનાઓમાં પ્રકટ થતી ભગવત્સેવાની પ્રણાલિકા જે સ્વરૂપે પ્રકટ થઈ તે અર્થમાં વિવક્ષિત છે.

૨.વિચાર્યવિષયના આધારભૂત પ્રમાણોની પરિધિ :

આ તો સ્વાભાવિક જ છે કે રાજકીય ન્યાયપ્રણાલી હોય કે ધાર્મિક સાધનાપ્રણાલી, કોઈ પણ પોતાની મૂલ પ્રવર્તનાના વચનોમાં, બંધાઇને હમેશાં રહી શકતી નથી. કેમકે પરવર્તી વિવેચનાકારોની સમઝ, પરમ્પરામાં તેના અનુસરણમાં આવતી સુવિધા/અસુવિધા; તથા અન્તે તત્તદ્ દેશ-કાલની અનુકૂલતા/પ્રતિકૂલતા

આ એવા તથ્યો છે, જેમનો કોઈ પણ ન્યાય કે ધર્મ ની પ્રવર્તમાન કે જીવિત પ્રણાલીના સ્વરૂપને ઘડવામાં મહત્ત્વપૂર્ણ ઘટક ફાળો હોય છે. એટલે એમને પણ નિકષ તો માનવા જ પડે. તોપણ ન્યાયપ્રણાલી હોય કે ધર્મપ્રણાલી કે અન્ય પણ કોઇક જીવિત પ્રણાલી તેમના મૂલ સ્વરૂપ અને પ્રયોજન મુજબ સ્વસ્થરૂપે વિકસિત થવું એક સમ્ભાવના છે. તેમજ બીજી સમ્ભાવના તેના વિકૃત થઈ જવાની તેટલી જ સહજ હોઈ શકે છે.

તેથીજ પ્રસ્તુત પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલીની વિવેચનામાં દેશ-કાલની વિષમ પરિસ્થિતિને કારણે પ્રકટ થયેલ વિકૃત સ્વરૂપને આદર્શ માની લેવા કરતા ગ્રન્થોપદિષ્ટ સ્વરૂપને જ આપણે પ્રામાણિક ગણીને અહિંયાં વિમર્શ માટે પ્રવૃત્ત થયું યોગ્ય ગણાશે. કેમકે ઉપદિષ્ટ સિદ્ધાન્તની બાબતમાં સાવધાની સાથે જે છૂટછાટ પરમ્પરામાં લેવામાં આવી હોય અથવા દેશ-કાલના અવાંછનીય પ્રભાવને કારણે જે વિકૃતિઓ કે સડાઓ સમ્પ્રદાયમાં પેસીને જો પરમ્પરારૂપે માન્ય થઈ ગયા હોય, તેમને ક્યારેક તો પોતાનાં મૂલરૂપમાં સ્વસ્થ બનાવવાનો નૈતિક ઉત્તરદાયિત્વ અનુગામીઓનું હોય છે. આ જો અભીષ્ટ ન હોય તો તેમને મૂલ સ્રોતની સાથે જોડવા કે તેમની સાથે મૂલ સ્રોતનું નામ જોડવું અનીતિપૂર્ણ કૃત્ય બની જતું હોય છે. તેને જો જગતવંચના ન કહેવું હોય તો તેના કરતાંય ગર્હિત આત્મવંચના તે હોય છે. આથી પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલીના ગ્રન્થોપદિષ્ટ સ્વરૂપ જ આ લેખનની તે પ્રામાણ્યપરિધિ છે કે જેની ભીતર રહી જે કાંઈ પ્રસ્તુત કરવાનું હોય તે કરવું જોઇએ.

૩.વિચાર્યવિષયની પરિધિ :

આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી ના મોટા વર્તુલો પૈકી કેટલાક પરિગણિત નાના-નાના વર્તુલો જ અહિંયાં વિચારણીય છે. કેમકે અન્ય પણ અનેક નાના-નાના વર્તુલોની વિવેચના આ અલ્પ પરિમાણના આલેખનમાં શક્ય પણ નથી કે નથી તે અભીષ્ટ.

તેમજ આ બાબતમાં અનપેક્ષિત વિસ્તારથી બચવા સારૂં 'સિદ્ધાન્તવચનાવલી' નામક પુસ્તિકામાં થી વચન ઉદ્ધૃત કરવા માગીશ . આ વચનાવલી સન્ ૧૯૯૨ ની જાનેવરી માસની તારીખ ૧૦થી ૧૩સુધી ચાર દિવસ પર્યન્ત જે વિશ્વકર્માબાગ (પાર્લે-મુંબઇ) માં પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભામાં વિચારણીય મુદ્દાઓની સંકલનારૂપે

રજુ કરવામાં આવી હતી. આમાંથી પણ ફક્ત આ ચાર મુદ્દાઓ જ ઉપલક્ષણવિધિથી અહિંયાં રજુ કરવા અભિલષિત છે : [૧] સેવાસ્થલ [૨] સેવ્યસ્વરૂપ [૩] સેવાધિકારી સેવાકર્તા તથા સેવાપરિચારક [૪] સેવાસ્વરૂપ. કેમકે આ સેવાસ્વરૂપના મુદ્દામાં બીજા ચાર મુદ્દાઓ જેમકે : [૫] સેવોપદેશદીક્ષા [૫] સેવાપ્રદર્શન [૫] સેવાપ્રયોજન તથા [૫] સેવાર્થ-આજીવિકા નો પણ સ્વારસિક અન્તર્ભાવ સિદ્ધ છે જ. તેથી તે-તે મુદ્દાઓની અપેક્ષા મુજબ ઉદ્ધરણોના સન્દર્ભ પણ મોટે ભાગે તે જ સિદ્ધાન્તવચનાવલીમાંથી રજુ કરવામાં આવશે. અસ્તુ.

૪.પ્રાસંગિક સ્પષ્ટીકરણ :

આ વચનાવલીમાં આ વિષયોની બાબતમાં વિચારણીય મૂલવચનોનું સંકલન અને ભાવાનુવાદ પણ ત્યારે પણ રજુ કરવામાં આવ્યા હતા. ત્યારેથી આજ સુધી સૈદ્ધાન્તિક દૃષ્ટિએ કાંઈ પણ ગમ્ભીર ત્રુટિ કે અર્થાન્તર આમાં કોઈ પણ દેખાડી શક્યો નથી. અલબત કેટલીક બાલીશ કુથલીઓ અવશ્ય પ્રકાશિત થયેલ. બીજા કેટલાક આલોચકો દ્વારા ભૂતકાલમાં પોતે ઘોષિત કરેલ વિધાનો સાથે વદ્તોવ્યાઘાત દોષને છતી કરતી આલોચના પણ પ્રકાશિત થયેલ. પરન્તુ તે આલોચકોની પૂર્વમાં ઘોષિત સ્વીકૃતિઓને પ્રામાણિક માનવી કે પહેલા ઘોષિત પોતાની જ માન્યતાઓના ખણ્ડનને પ્રામાણિક માનવો એવો સવાલ ઉભો કરતા *सर्वार्थसाधकं मौनं ! એજ પ્રત્યુત્તર મલ્યો !*

એટલે ના છૂટકે મૂલવચનોના આધારે હવે નિશ્ચિત કરવું પડે છે કે પુષ્ટિસમ્પ્રદાયમાં દ્ર

[૧] ભગવત્સેવાર્થ અપેક્ષિત સ્થલ સેવાકર્તાના પોતાનું નિજ ઘર હોવું જોઇએ, સાર્વજનિક દેવાલય નહીં.

[૨] સેવ્યસ્વરૂપ પણ સેવાકર્તા અને તેના પરિવાર દ્વારા કરવામાં આવતી ભગવત્સેવા માટે સ્વાર્થ-પ્રતિષ્ઠાપિત હોય છે, પરાર્થ નહી. અર્થાત્ પુષ્ટિમાર્ગાનુગામી સાધારણ જનતાનામાટે ધાર્મિક સાધના કે તેના ધાર્મિક હિત કે પ્રયોજનથી પ્રતિષ્ઠાપિત નહી.

એટલે જ નિજગૃહમાં બિરાજમાન પોતાના આરાધ્ય સ્વરૂપના ભજનનો અધિકાર પણ [૩]સેવાકર્તા, અને તેની અનુમતિના આધારે, તેના પારિવારિક કે ઇષ્ટજનોનો જ હોય છે, પુષ્ટિમાર્ગમાં દીક્ષિત હર કોઈ કે દરેક વૈષ્ણવ કે સાધારણ જનતા નો નહીં.

તે મુજબ [૪]ભગવત્સેવાનું સ્વરૂપ પણ ખાનગી હોવાથી સાર્વજનિક હોતું નથી.

અને એટલા માટે જ [૫]બ્રહ્મસમ્બન્ધ કે આત્મનિવેદન ની સામ્પ્રદાયિકી દીક્ષા પણ ખુદ પોતાના કે પોતાના પારિવારિક જનો ના ભગવત્સેવા માટેના અધિકાર મેળવવા લેવામાં આવતી હોય છે, પુષ્ટિસમ્પ્રદાયમાં પ્રવેશમાટે કે સામ્પ્રદાયિક સાર્વજનિક દેવાલયોમાં દર્શનમાટે, બીજી કોઈ વ્યક્તિ દ્વારા કરવામાં આવતી ભગવત્સેવામાટે ધનપ્રદાન કરવાસારૂં કે ભગવત્પ્રસાદ ખરીદવાના અધિકાર મેળવવા સારૂં નહીં.

પરિણામે [૬]પુષ્ટિમાર્ગીય ભગવત્સેવામાં દર્શનાર્થ સમ્મિલિત થવામાટે કર્તવ્ય કે અધિકાર પણ ખાનગી જ હોય છે, સાર્વજનિક નહી.

આજ તથ્ય પુષ્ટિમાર્ગમાં કરવામાં આવતી ભગવત્સેવાના [૭] પ્રયોજનની બાબતમાં પણ કહી શકાય છે : સેવાનું પ્રયોજન ભક્તિરૂપા કે ભક્તિની અભિવૃદ્ધિ માટે કરવામાં આવતી સેવા થકી જાતે નિવેદિત અહન્તા-મમતાસ્પદ પદાર્થોનું પોતાના ઘરમાં બિરાજતા ભગવત્સ્વરૂપની સેવામાં વિનિયોજન હોય છે. જનકલ્યાણ યા જનપ્રશિક્ષણ વિગેરે નહીં.

અન્તે નિષ્કર્ષરૂપે પુષ્ટિમાર્ગમાં [૮]ભગવત્સેવા સેવ્યસ્વરૂપની આરાધના, એટલે કે પ્રસન્નતા, માટે હોય છે નહીં કે સેવાકર્તા કે તેના પરિવાર ની આજીવિકા કમાવવા સારૂં.

(દ્રષ્ટ.સિદ્ધા.વચ.૧-૮ તથા પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભાનું સંક્ષિપ્ત વિવરણ પૃ.૫-૩૮).

આમ સિદ્ધાન્તો જોતાં આ સિદ્ધ થઈ જતું હોવા છતાંય એક નગ્ન સત્ય વળી આ પણ છે જ કે ઉપર જણાવેલ પ્રણાલીથી સર્વથા વિપરીત જ પુષ્ટિમાર્ગીય

ભગવત્સેવાનો વિકૃત પ્રકાર વર્તમાન કાલમાં ચાલી રહ્યો છે. પોતાની આજીવિકા રળવા આત્મવિશ્વાસ ખોઈ બેઠા હોવાથી અમો ધર્મોપદેશકો ક્ષુદ્ર ધનલાલસાને વશીભૂત થઈ જનતાને પણ ભગવત્સેવાની વિકૃત પ્રણાલીને જ અનુસરવા આજે ભોળવી રહ્યા હોવાથી જનતા પણ સિદ્ધાન્તની બાબતમાં ભરમાઈ ગયી છે. આવી રીતે જનતાને બહેકાવનારાઓ ગ્રન્થોમાં ઉપદિષ્ટ સિદ્ધાન્તોને ગૌણ બતાવી પરમ્પરાની દુહાઈ આપતા હોય છે. પરન્તુ પરમ્પરાના સંવાહક તે પૂર્વજોના વચન પણ, એટલામાટે, તે સિદ્ધાન્તવચનાવલીના પરિશિષ્ટમાં 'અમૃતવચનાવલી' શીર્ષક નીચે સંકલિત કરવામાં આવ્યા હતા. જેથી પુષ્ટિમાર્ગની સાચી માન્યતાઓ સાથે પરમ્પરાની દુહાઈ કેટલી વિપરીત છે તે પોતે પણ જેને જોવું હોય તે જોઈ શકે છે.

આ કારણે કોઈ પણ એમ કહી નથી શકતો કે સિદ્ધાન્તદૃષ્ટિએ જે કાંઈ હકીકત રહી હોય, વ્યવહારમાં તેની અમલબજામણી કરવામાં ન આવી હોવાથી, તે સિદ્ધાન્તોની પ્રભાવિતા નિઃશેષ બની ગયી માની લેવી જોઇએ. કેમકે સમાજમાં ચોરી-લૂટ-હત્યા વિ. અપરાધો પણ બધાજ યુગોમાં ચલતા આવ્યા છે, તેથી તેમને અપરાધ ન માની સામાજિક અનુમતિ માની શકાતી નથી. આ મુજબ જ સિદ્ધાન્તવચનાવલી અને અમૃતવચનાવલી થી વિપરીત પુષ્ટિમાર્ગીય ધર્મોપદેશકો કે ધર્માનુયાઇઓ ના આચરણોને અપરાધરૂપ જ માનવા જોઇએ, સામ્પ્રદાયિક અનુમતિ નહી.

આવુ અભિગમ ન દાખવિએ તો સહુ વલ્લભવંશજોને સાક્ષાત્ પુરુષોત્તમ માની લેવાની અન્ધરૂઢિને કારણે પેસેલા ઘણા બધા સડાઓને પણ પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલીના આવશ્યક અંગ માનવા પડશે! આધુનિક ન્યાયપ્રણાલીના પ્રવર્તક અંગ્રેજ ન્યાયાધીશોએ શ્રીયદુનાથજી મહારાજના લાયબલ-કેસ્માં તો આવું કાંઇક સ્વીકારી પણ લીધું હતું!! મારા, પરન્તુ, ખયાલમાં આવતું નથી કે કોઈ પણ પુષ્ટિમાર્ગીય ગોસ્વામી-આચાર્યે ''કાનૂનની સત્તા આગળ શાનપણ કોનુ ચાલી શકે છે?'' એવી વિવશતા દાખવી તે અન્ધરૂઢિરૂપ વિકૃતિઓને *સાર્વજનિક રૂપમાં* પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત કે આદર્શ ના રૂપમાં માન્ય રાખ્યા હોય! કારણ સ્પષ્ટ છે કે નૈતિક રૂપમાં ત્યારે વિક્ટોરિઅન મોરેલિટીનો જોર અધિક હોવાને કારણે પુષ્ટિમાર્ગની સમાજમાં આટલી તીવ્ર નિન્દા થઈ કે કોઈ રીઢો અપરાધી આમ સ્વીકારવા માગતો હશે તો પણ સ્વીકારી નહીં શક્યો હોય! આજે જ્યારે કે ધાર્મિક સાધનાપ્રણાલીને

તેના વિશુદ્ધ રૂપમાં અનુસરવાની નિષ્ઠા પોતે પુષ્ટિમાર્ગની અનુગામી જનતા ખુદ લગભગ ખોઈ બેઠી હોવાથી ઉપદેશકવર્ગ પણ, કાનૂનના બહાના બનાવી, અપસિદ્ધાન્તોનું ખુલ્લમખુલ્લા સમર્થન કરવા મંડ્યા છે ! સર્વપ્રથમ મૌલિક પ્રતિબન્ધ આધુનિક ન્યાયપ્રણાલીને કારણે આ આપણી સાધનાપ્રણાલીમાં પ્રકટ થયો છે.

તોપણ જેઓ પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત કે આદર્શ ને તેના વિશુદ્ધ રૂપમાં જો અનુસરવા માગતા હોય તેમનું ધાર્મિક સ્વતુત્ર્ય હણાવું ન જોઇએ. કેમકે તેમ થતાં તે પોતે ન્યાયપ્રણાલીના અસ્વસ્થ બની જવાની શોકાન્તિકા બીના સિદ્ધ થશે. એટલા માટે મૌલિક સિદ્ધાન્તનો વિમર્શ બધાને માટે અવશ્યમનનીય તથા અવધારણીય લાગે છે.

૫.પુષ્ટિમાર્ગીય ઇતિહાસના કાલખણ્ડો :

સામાન્ય રીતે કોઈ પણ વંશની ચાર પીઢીની અવધિ મોટે ભાગે સૌ વર્ષની માનવામાં આવે છે. તે મુજબ [૧] પુષ્ટિમાર્ગના પ્રથમ સૈકાના મહાપ્રભુ શ્રીવલ્લભ અને તેમના વંશજો ની ત્રણ પીઢીનો ઇતિહાસ, માર્ગના પ્રવર્તન-પ્રસારણ પ્રભાતકાલીન શ્રદ્ધોત્પાદક વૃત્તાન્ત છે. [૨] બીજી ચાર પીઢિઓનું વૃત્તાન્ત મધ્યાકાશમાં ચમકતા માર્તણ્ડના મધ્યાહ્નકાલીન પ્રતાપના જેવો માર્ગમાં શ્રદ્ધાવર્ધક માની શકાય છે. [૩] ત્રીજી ચાર પીઢીનો અર્થાત્ નૌમીથી બારમી પીઢીના વલ્લભવંશજોનું વૃત્તાન્ત શનૈ:-શનૈ: પોતાની ચમક-દમક ખોનાર આથમતા સૂરજની માફક વિવશ પોતાની ધર્મનિષ્ઠાની ચમક-દમક ખોઈ રહેલાઓનું વૃત્તાન્ત પોતાની શ્રદ્ધાને કેમેય કરીને ટકાવી રાખનારઓનો છે. [૪] ચૌથી ચાર પીઢીનું વૃત્તાન્ત અર્થાત્ તેરમીથી સોળમી (કે પ્રવર્તમાન પાંચમા સૈકાની સત્તરમી-અઢારમી પીઢીને પણ ગણી લેવી હોય તો તે પણ) પીઢીઓનું વૃત્તાન્ત, પરિગણિત અપવાદોને છોડીને, ધર્મનિષ્ઠાના સૂરજના અસ્ત થઈ જવાને કારણે નિર્મૂલ પરમ્પરાઓના સર્વમાન્ય બની જવાનો, શ્રદ્ધાના વિલોપનનું વૃત્તાન્ત છે. એટલે તેરમી-ચૌદમી પીઢીઓના સાવધાન ધર્માચાર્યોના આ કલેશપૂર્ણ ઉદ્‌ગાર ખૂબજ મનનીય લાગે છે :

૧.''શ્રીમદાચાર્યચરણની શી ઇચ્છા છે તે જણાતી નથી... જે નિત્યનિયમ હતો તેની ઠેકાણે નિત્ય ભોજન કરીએ છીએ અને નિત્ય ગપ્પા મારવા બેઠા રહીએ છીએ, અને નિત્ય મજામસ્તી માણીએ છીએ.

આવા અમારા ચરિત્ર છે ! તે તો પલંગડીવાળા મહાપ્રભુજી જ પાર લગાડશે !!

૨.''જોકે સો-સવાસો વરસ અગાઉ તો શ્રીગો.બા.ઓને તેમજ વહુજી-બેટીજીઓને પોતાના સ્વરૂપનું જ્ઞાનહતું. હવે વર્તમાનમાં તે મળતું નથી તેનું કારણ અન્નદોષ, દુ:સંગદોષ વિગેરે ઘણું વધી ગયું તેને પરિણામે આવું થાય છે, જે દેવી જીવો હતા તે તો બધા... વૈકુણ્ઠમાં પહોંચી ગયા... અને દેવી જીવોની માફક દેખાદેખી આસુરી જીવોએ પણ બ્રહ્મસમ્બન્ધ લઈ લીધો. તેઓને બ્ર.સ. તો થયો નહીં... પણ તેમનો દુ:સંગ શ્રીગો.બા.ને લાગી ગયો. તેથી તેઓ પોતાનું તેમજ પોતાના પ્રભુનું સ્વરૂપ ભૂલી ગયા. અને લૌકિકમાં આસક્ત બની ગયા... તેથી શોખ-સાહિબીમાં જીવાની ટેવ ગો.બા.ને પણ પડી ગયી છે... ઘરમાં પ્રભુ બિરાજતા હોય તેમની સેવામાં વિનિયોગ કર્યા વિના પોતાના શોખમોજમાં પોતાનું ધન ખરચતાં પોતાનાં સાચા સ્વરૂપની વિસ્મૃતિ થઈ જતી હોય છે... અને શ્રીમહાપ્રભુજીએ જે પ્રમાણે રહેવાની આજ્ઞા કરી તે પ્રમાણે હવે રહી શકાતું નથી. ઘરમાં વૈભવ વધી જવાથી પૈસાવાળાઓનું આશ્રય લેવાથી ભગવદ્‌ભાવની હાનિ થઈ જતી હોય છે.''

(૧૨૦ વચના.૩૦. શ્રીગોવર્ધ.વચના.૨૧)

તેથી વર્ણવેલ રીતે ધર્મગુરુઓ દ્વારા પોષિત નિર્મૂલ પરમ્પરાની દુહાઈ આજની સોળમી કે સત્તરમી પીઢીના અમો ગોસ્વામિવૃન્દ આપી રહ્યા છીએ. આ ઘોર અંધારી રાતમાં કોઈ પણ જાતના દિશાબોધ વિના પુષ્ટિમાર્ગમાં ભટકનારાઓ અમો આધુનિકોની શોકાન્તિકા છે ! આથી અથડામણ માટે પ્રમુખ જવાબદાર આધુનિક ન્યાયપ્રણાલીને ઠરાવવાનું કેટલી હદ સુધી યોગ્ય ગણી શકાય ?

૬.ઐતિહાસિક તથા સામ્પ્રતિક અથડામણોનું તુલનાત્મક રૂપ :

[૧/૫] પુષ્ટિભક્તિસમ્પ્રદાયના પ્રવર્તક મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણના ઇતિવૃત્તમાં પણ ત્યારનાં કાનૂન સાથે અથડામણના કેટલાક પ્રસંગો મળે છે. આ પ્રસંગોપૈકી પ્રસ્તુત સન્દર્ભમાં ઉલ્લેખનીય પ્રસંગ ચૌરાસી વૈષ્ણવોની વાર્તામાં સમ્પન્ન વ્યાપારી શ્રીદામોદરદાસ સંભલવાલેની વાર્તામાં આવે છે. ત્યારે જે હિન્દુ મુસલ્માન બની જતાં તેમને પોતાની વારસાગત સમ્પત્તિપર અબાધિત ઉત્તરાધિકાર મળી જવાનો

કાનૂન હતો. જેઓ પરન્તુ પોતાનો ધર્મ ન્હોતા બદલતા તેમને રાજ્યસરકારથી પોતાના વારદારીના હક્ક માન્ય કરાવા પડતા હતા. તેથી જ સંભલવાળાના પુત્રે ધર્મપરિવર્તન કરી લીધું હતું. શ્રીદામોદરદાસની દેહ છૂટ્યા પછી તેમના પત્નીને પોતાના પતિની મૃત્યુના સમાચાર તેથી જ છોપાવી રાખ્યા હતા. શ્રીદ્વારકાધીશ સ્વરૂપ અને ઘરની બધી ચલસમ્પત્તિ મહાપ્રભુને મોકલાવી આપી હતી. એને આ ન ગમ્યું કે સેવાર્થ સમર્પિત દૈવી સમ્પત્તિ પોતાના મુસલ્માન પુત્રના હાથે ચઢે! પરન્તુ લક્ષ્મીની સાથોસાથ નારાયણના ઘરમાં પધારવાના સમાચાર સાંભળીને મહાપ્રભુએ બધી જ લક્ષ્મીરૂપા ચલસમ્પત્તિ શ્રીયમુનાજલમાં વિસર્જિત કરાવી દીધી. કેવલ નારાયણરૂપ શ્રીદ્વારકાધીશ સ્વરૂપને પોતાના ઘરમાં પધરાવવાની આજ્ઞા આપી દીધી. આમ બધા જ સમ્ભાવિત કાનૂની અડંગાઓ કે ઝગડાઓ ની જડ જ મહાપ્રભુએ તો ત્યારે કાપી નાખી હતી. આ કારણે અથડામણ થઈ શક્યો નહીં (દ્રષ્ટ.૮૪ વૈ.વા.૩।૮). આટલી સામર્થ્ય આજે તેમના અમો વંશજોમાં હોત તો આજે પણ આધુનિક ન્યાયપ્રણાલીની સાથે ઘણા બધા અથડામણોથી બચી શકાયું હોત! અધિકાંશ શ્રીવલ્લભવંશજ ગોસ્વામી ધર્મગુરુઓએ ટેક્સની ચુંગાલથી બચવા અને પોતાના પરિવારમાં ભેગા થયેલ વૈભવ કે સમ્પદા ઉપર [૧] ભોગાધિકાર [૨] વ્યવસ્થાધિકાર [૩] વંશવારસ ઉત્તરાધિકાર આમ ત્રણેય અધિકારોની સુરક્ષાના મોહમાં ખાનગી સ્વામિત્વને નકારી દીધું. જોકે આમ તો ટ્રસ્ટની મૌલિક અવધારણાઓથી આ સર્વથા વિપરીત વાત છે; કેમકે આવું કરતાં ખાનગી સ્વામિત્વ અને જાહેર ટ્રસ્ટની સમ્પદાની વ્યવસ્થાના અધિકાર વચ્ચે ભેદરેખા જ લુપ્ત થઈ જતી હોય છે. તોપણ આધુનિક ન્યાયપ્રણાલીએ અપવાદરૂપે આ વિરોધાભાસને પુષ્ટિમાર્ગીય ધર્માચાર્યોની બાબતમાં માન્ય કરી લીધો છે! દેવોત્તર સાર્વજનિક સ્વામિત્વવાલી સમ્પત્તિમાં પણ ઉપર કહેલ [૧,૨,૩] ત્રણેય અધિકારોને ભોગવાની છૂટ ગોસ્વામિઓને ન્યાસી માની લેવા છતાંય મળી ગયી! આ ચક્કરમાં, પરન્તુ, પોતાના માંથે બિરાજતા નારાયણના સ્વરૂપને તો સાર્વજનિકતાની યમુનામાં પધરાવા પડ્યા. આ તો કોઇક કુમારી કન્યાના પાણીગ્રહણદ્વારા તેને પોતાની વિવાહિતા પત્ની બનાવી લીધા બાદ પરપુરુષને માટે ઘરમાં રાખવા જેવી રસાભાસની કથા છે. આ છે ઉદાહરણ મહાવૈપરીત્યનું. આને ભગવત્સુખનું બહાનું કાઢી યોગ્ય ઠરાવવામાં આવે છે. આમાંય, પરન્તુ, કોઇક સચાઈ હોય તો ન્યાસીએ પોતાના ખાનગી ઉપભોગના સ્વાર્થનો ત્યાગ કરી દેખાડવો જોઇએ. મહાપ્રભુ અને પ્રભુચરણ કે કણ્ઠોક્ત નિષેધ –

''જે શ્રીઠાકુરજીનું દ્રવ્ય ખાશે તે મારો નહીં કહેવાય અને જે મારો સેવક હશે તે ભગવદીય હશે તો ક્યારેય દેવદ્રવ્ય ખાશે નહીં. જે ખાશે તે મહાપતિત થશે.''

(અમૃ.વચ.૧).

''શ્રવણ કીર્તન સ્મરણ વિ. ભક્તિના નવ પ્રકારો પૈકી પણ... આજીવિકા રળવા માટે કરવામાં આવતા હોય તો તેમને ખેતીવાડીની માફક લૌકિક ક્રિયા જ છે; અને જાજરૂની સફાઇમાટે ગંગાજળને ઉપયોગમાં લાવવાની માફક હોય છે. મલની સફાઈ સિવાય આવી ક્રિયાથી અધિક બીજો કયો ધર્મ આને કારણે સિદ્ધ થઈ શકે બલ્કે નિષિદ્ધાચરણને કારણ પાપ જ લાગતું હોય છે.''

(ભક્તિહંસ).

[૧/૫] પુષ્ટિમાર્ગના પ્રભાતકાલની બીજી પીઢી ઉપર અવસ્થિત ગોસ્વામી શ્રીર્વિલનાથ પ્રભુચરણના ઇતિવૃત્તમાં પણ જ્યેષ્ઠ પુત્રના ઉત્તરાધિકારવાદનો ઝંઝાવાતી કાનૂની મુદ્દો ઉઠ્યો હતો. પોતે મહાપ્રભુના શિષ્ય અષ્ટછાપ શ્રીકૃષ્ણદાસજીએ આ કલહ ઉભો કર્યો હતો. જતિપુરામાં શ્રીનાથજીની સેવા કરવાના પ્રભુચરણના અધિકાર ઉપર ત્યારે પ્રતિબન્ધ લગાડવામાં આવ્યો હતો! જોકે ત્યારે આ દેવાલય સાર્વજનિક હતો આ હકીકતને તો નકારી શકાતી નથી પરન્તુ પાછળથી આને ખાનગી બનાવવામાં આવ્યું, આ પણ એક ઐતિહાસિક તથ્ય મોટે ભાગે ભુલાવી દેવામાં આવે છે.

તે ઐતિહાસિક દૃષ્ટિથી જોતાં આમ તો શ્રીનાથજીના સ્વરૂપની સેવા સ્વયં મહાપ્રભુ તો પોતાના સિદ્ધાન્તને અનુરૂપ કોઇક સેવાકર્તાના ઘરમાં જ નન્દાલયની ભાવના રાખી કરાવવા માગતા હતા. તેઓ પોતે તો, ત્યારે, ગૃહસ્થ ન હોઈ પર્યટનશીલ બ્રહ્મચારી હતા. તેથી આટલા મોટા સ્વરૂપને સાથે પધરાવીને યાત્રા કરવી શક્ય ન હોવાથી, વ્રજના પોતાના અનુગામીઓને માંથે શ્રીનાથજીના સ્વરૂપને પધરાવવા માગતા હતા. તે અનુગામીઓ પૈકી કોઈ પણ તૈયાર ન હોવાથી અન્તે સદુ પાંડેએ સુઝાડવામાં આવ્યું કે ''રાધાકૃષ્ણકુંડઉપર દેવીભક્ત બંગાલી બ્રાહ્મણોનો વસવાટ છે તેઓને શ્રીનાથજીની સેવા સોંપ દેવી જોઇએ.'' એટલે મહાપ્રભુએ પણ ત્યારે પોતાની અનુમતિ આપી દીધી'' (દ્ર.૮૪ વૈ.વા.૪૮।૨). શ્રીનાથજીના આ

બંગાલી અર્ચકોને ન તો બ્રહ્મસમ્બન્ધ મન્ત્ર આપીને પુષ્ટિસમ્પ્રદાયમાં દીક્ષિત કરવામાં આવ્યા હતા કે ન પુષ્ટિભક્તિના સિદ્ધાન્ત મુજબ પોતે શ્રીનાથજી કોઈ સેવાકર્તાના ઘરમાં નન્દાલયની ભાવના મુજબ ત્યારે બિરાજી શક્યા હતા. જોકે પોતે મહાપ્રભુએ પણ પુષ્ટિભક્તિ જો શક્ય હોય તો મર્યાદાભક્તિના અનુસરણ કરવાની આવશ્યકતા સિદ્ધાન્ત મુજબ માન્ય રાખી જ હતી (દ્રષ્ટ.ભ.વ.૮,ત.દી.નિ.૨।૨૫૫, સા.દી.૩૬). તેથી જ પ્રથમ તો શ્રીનાથજી મર્યાદામાર્ગીય પ્રણાલી મુજબ સાર્વજનિક દેવાલયમાં જ બિરાજ્યા. સાર્વજનિક દેવાલયના નિર્માણાર્થ અર્થરાશિ પ્રદાન કરનાર બ્રાહ્મણેતર શ્રીપૂરણ મલ ક્ષત્રિયને આથીજ સાક્ષાત્ સ્વરૂપસેવાની પણ અનુમતિ મહાપ્રભુએ પ્રદાન કરી હતી(૮૪વૈ.વા.૨૪।૧). ગામમાંથી ભેગી કરવામાં આવેલી ભગવાન્ની ભોગસામગ્રીની સેવામાટે પણ ક્ષત્રિય રામદાસ ચૌહાણની નિમણુક કરવામાં આવી હતી (૮૪વૈ.વા.૪૮।૨). આવું બધું મહાપ્રભુના ઘરે કરવામાં આવતી ભગવત્સેવામાં બિરાજતા સ્વરૂપ શ્રીમદનમોહનજી શ્રીગોકુલનાથજી યા શ્રીર્વિલનાથજી વિ.ની પુષ્ટિમાર્ગીય રીતિ મુજબ કરવામાં આવતી સેવામાં પ્રચલિત ન્હોતું. તેમજ શ્રીનાથજીની સેવામાટે અપેક્ષિત સામગ્રી આસપાસના ગામોની ભક્તજનતા પાસેથી ભેગી કરવાની વ્યવસ્થાનો કારભાર ઉક્ત શ્રીકૃષ્ણદાસજીને સોંપવામાં આવ્યો હતો. તેથી જ રુષ્ટ થતાં તેઓએ પ્રભુચરણ ઉપર જ શ્રીનાથજીની સેવામાં પ્રતિબન્ધ લાગૂ કરી દીધો. જોકે પ્રભુચરણે તો આને નિષ્પ્રતિવાદ માન્ય જ રાખ્યો. તોપણ તત્કાલીન મુગલ રાજ્યના પ્રમુખ મન્ત્રી બીરબલે શ્રીકૃષ્ણદાસજીને કારાગૃહમાં ઘાલી દીધાં. આમ સરકારી અનુજ્ઞા મેળવીને શ્રીનાથજીની સેવાને ઉચિત ન માનવાને કારણે પ્રભુચરણે પોતે મહાપ્રભુદ્વારા અધિકૃત શ્રીકૃષ્ણદાસજી દ્વારા છૂટ મળે ત્યારે જ સેવા કરવી ઉચિત માની હતી (દ્રષ્ટ. : ૮૪ વૈ.વા.૮૪।૭). આથી સિદ્ધ થાય છે કે પ્રભુચરણે ધાર્મિક વિષયમાં રાજ્યાજ્ઞાના સ્થાને પોતાના પિતા મહાપ્રભુ અર્થાત્ ધર્માચાર્યની આજ્ઞાના પાલનને આદર્શ માન્યો **''તેમ ગુસાંઇજી તો સેવા-સિંગાર કરિ જાય પણ કોઇને કાંઈ પણ કહે નહી. કોઇક સેવક શ્રીગુસાંઇજીને કાંઇક પૂછે તો ત્યારે શ્રીગુસાંઇજી કહી દેતા કે કૃષ્ણદાસ અધિકારીની પાસે જાવો - અમેં કાંઈ જાણીએ નહીં''** (૮૪ વૈ.વા.૮૪।૨). પોતે ધર્માચાર્ય જ્યારે ધર્મની બાબતમાં પણ ધર્મગ્રન્થોની આજ્ઞા કરતા અધિક પ્રમુખતા કાનૂનની સ્વીકારી લે ત્યારે તે પોતે જ કાનૂની અધિકારીઓની પોતાની સરખામણીમાં વધુ પડતી શ્રેષ્ઠતાને છદ્મ રીતે સ્વીકારી લેતો હોય છે. કાનૂન ધર્મેતર વિષયમાં સમાજમાં સર્વોપરિ હોઈ શકે. અન્તે તો ધર્મ અને કાનૂન ની પોતપોતાની ક્ષેત્રમર્યાદાઓ તો હોય જ છે. આધુનિક

અમો વલ્લભવંશજ ધર્માચાર્યોએ આ બાબતમાં પોતાનો આત્મવિશ્વાસ ખોઈ દીધો લાગે છે. તેથી પોતાની સાધનાપ્રણાલીમાં ન્યાયપ્રણાલીના હસ્તક્ષેપને આપણે પોતે જ આમંત્રિત કર્યો છે. સ્વધર્મથી વિપરીત આચરણોને કારણે આપણા પુષ્ટિસમ્પ્રદાયનાં ભગવત્સેવાસ્થલ અને સેવ્યસ્વરૂપ કાનૂની દાયરાની ભીતર ભરાઈ ગયા. કાનૂની દાયરાને ભીતર આવતી વાત - *જનતામાટે, જનતાના દ્રવ્યથી અને જનતાના પ્રતિનિધિ રૂપે* - ભગવત્સેવારૂપ સ્વધર્મના અનુષ્ઠાનને આજે આપણે આપણો પરમધર્મ તરીકે હવે માન્ય કરી રાખ્યો હોવાથી !

૧/ગ પુષ્ટિમાર્ગના પ્રભાતકાલની ત્રીજી પીઢીઉપર અવસ્થિત શ્રીર્વિલનાથ પ્રભુચરણના ચતુર્થાત્મજ શ્રીગોકુલનાથજીના ઇતિવૃત્તમાં પણ એક મોટો ઝંઝાવાતી અથડામણ કાનૂન સાથે થયો હતો. ઉજ્જયિનીના ચિદ્રૂપ સંન્યાસીના પ્રભાવમાં આવીને જ્યારે બાદશાહ જહાંગીરે આપણામાટે ભગવત્સેવામાં અવશ્યધારણીય તુલસીમાલા અને ઊર્ધ્વપુણ્ડ્રતિલક ઉપર પ્રતિબન્ધ લગાડવામાં આવ્યો હતો. ત્યારે તે પ્રતિબન્ધથી ડર્યા વિના પોતાના મુદ્દા બાદશાહની સામે શ્રીગોકુલેશે રજુ કર્યા. ''તિલક-તુલસીમાલા કેમ કાઢી નથી ?'' આવા સવાલના જવાબરૂપે ''અમારી ગરદન ધડઉપરથી વાઢી નાખવામાં આવે તો કાઢી શકાય'' આવી નિર્ભીક વાણીમાં તડફડ વાત કહી દેવાનો સાહસ પ્રકટ કરી દેખડ્યો. ત્યારે બાદશાહે માલા-તિલક ન છોડવા હોય તો ગોકુલમાં પોતાનું ઘર છોડવું પડશે ! આવો વિકલ્પ સામે રજુ કરતાં પોતાની ભવનસમ્પત્તિના સ્થાને ભગવત્સેવાર્થ ધારણીય પોતાના તિલક-તુલસીમાલાના ચિહ્નોની ઉપાદેયતા અધિક સ્વીકારનાર શ્રીગોકુલનાથજી સોરમ જઇને વસી ગયા (દ્રષ્ટ. : માલોદ્ધા.માંગ.૫-૬). આવી સ્વધર્મનિષ્ઠા આજે આપણી ભીતર ક્યાં બચી છે !

આપણી સાધનાપ્રણાલી અને ન્યાયપ્રણાલી ના પારસ્પરિક અથડામણની પુષ્ટિમાર્ગકે પ્રભાતકાલના ઇતિહાસની કથા !

૨/ખ-ગ-ઘ પ્રથમ ચાર પીઢીઓમાંથી ત્રણ પીઢીના ઉપર જણાવેલ ઇતિહાસ પછી બીજી ચાર પીઢીઓમાં અર્થાત્ પાંચમી છૌ સાતમી અને આઠમી પીઢીઓમાં થયેલ કેટલાક અથડામણોમાં એક ઉલ્લેખનીય અથડામણનો વૃત્તાન્ત ૧૨૦ વચનામૃતકાર શ્રીગિરધરલાલજીએ વિસ્તારપૂર્વક ૬૦માં વચનામૃતમાં આપ્યો છે.

વિવાદનો મુદ્દો હતો : મોટા ભાઈના ઘરમાં ઉત્તરાધિકારી ન રહી જતાં નાના ભાઈના ઘરોમાંથી ઉત્તરોત્તર [૧]કનિષ્ઠ ઘરોના ક્રમમાં જે જ્યેષ્ઠ હોય તેને ગોદ લેવો કે જે [૨]વયઃક્રમમાં જ્યેષ્ઠ હોય તે મુજબ ઉત્તરાધિકારીની પસંદગી કરવી. આ બાબતમાં [૧]દિવંગત ભાઈની વિધવા પત્નીનું નિર્બાધ સ્વાતુત્ર્ય હોય છે કે [૧]કુલ-પરિવારની કોઈ જાતની રૂઢિ પ્રબલ આમાં હોય છે . આ વિવાદમાં કુલ-પરિવારનાં સદસ્યોનો નિર્ણય [૧+૧]કલ્પની તરફેણમાં હતો. આગ્રામાં મુગલ બાદશાહના સામે કરવામાં આવલી ફરિયાદમાં પણ પ્રથમ તો આજ કલ્પ માની લેવામાં આવ્યો હતો. પાછળથી, પરન્તુ, બાદશાહને કેમેય કરીને ખુશ કરીને આ નિર્ણય બદલાવી નાખવામાં આવ્યો હતો. અને તદનુસાર પરિવારમાં સેવ્યસ્વરૂપની વહેંચણી કરવામાં આવી હતી. તેથી ફરીથી ક્યારેક બાદશાહી નિર્ણય બદલાઈ ન જાય તેની ભીતિએ બન્ને વિવાદશીલ પરિવારના સદસ્યો બાદશાહી પ્રદેશને છોડીને એક હિન્દુરાજ્ય મેવાડમાં જઈ વસ્યા અને બીજો અંગ્રેજોને પ્રશાસનાર્થ પ્રદત્ત સુરત શહરમાં જઈ વસ્યા. ત્યારથી શરુ થયેલ આ વિવાદ આજ દી સુધી સ્વતન્ત્ર ભારતના ન્યાયાલયોમાં ચાલી રહ્યો છે !

મૂળમાં તો આ ભગવાન્‌ના સેવ્ય સ્વરૂપને પરમનિધિ માનનારાઓની વચ્ચે ભગવત્સેવાના ઉત્તરાધિકારની બાબતમાં વિવાદ હતો. ભવન સમ્પદા પદ કે પદવી ની બાબતમાં ઉત્તરાધિકારનો વિવાદ નહીં ! પરન્તુ વચગાળાના કાલમાં આ વિવાદે બીજો જ કોઈ રૂપ લઈ લીધો છે. હવે આ સેવ્યસ્વરૂપના આધારે ગૃહ/પીઠનો ક્રમ નિર્ધારિત કરવો કે સેવાકર્તાના પરિવારના ગૃહ/પીઠના આધારે સેવ્યસ્વરૂપોના ક્રમમાં જ્યેષ્ઠત્વ કે વરીયસ્ત્વ ક્રમ માન્ય રાખવો, આમ પદવીની બાબતમાં વિવાદનો રૂપ લઈ બેઠો છે. આ બાબતમાં 'પુષ્ટિમાર્ગીય પીઠાધીશ સ્વરૂપ ઔર કર્તવ્ય' શીર્ષકના હેઠલ પહેલા પણ એક લઘુગ્રન્થનો પ્રથમ પ્રકરણ મેં લખીને પ્રકાશિત પણ કર્યો છે. આ બાબતમાં મારા વિચારો તેમાંથી જાણી શકાય છે.

જે આ બાબતમાં સામ્પ્રદાયિક ચિન્તાનો વિષય છે તે તો બીજો જ છે. કેમકે મની લ્યો કે આધુનિક ન્યાયાલય આ વિકલ્પમાં સેવ્યસ્વરૂપની કોઇક તથાકથિત વરીયતાના આધારે જ ગૃહ/પીઠની વરીયતા નિર્ધારિત કરે તો તેની સીધી અસર મારેદ્વારા ઉપસ્થાપિત વિચારણીય મુદ્દાઓ પૈકી બીજા-ત્રીજા મુદ્દઓઉપર પડશે. જેમકે -

[૨]સેવ્યસ્વરૂપ પણ સેવાકર્તા અને તેના પરિવાર દ્વારા કરવામાં આસતી ભગવત્સેવાને માટે સ્વાર્થ-પ્રતિષ્ઠાપિત હોય છે, પરાર્થ નહીં. અર્થાત્ પુષ્ટિમાર્ગાનુગામી જનસાધારણકી ધાર્મિક સાધનામાટે પ્રતિષ્ઠાપિત નહીં. આથીજ પોતાનાં ઘરમાં બિરાજમાન પોતાના આરાધ્ય સ્વરૂપના ભજનમાટે અધિકાર પણ [૩]સેવાકર્તા, અને તેની અનુમતિના આધારે, તેના પારિવારિક જનોનો જ હોય છે, પુષ્ટિમાર્ગમાં દીક્ષિત હર કોઈ વૈષ્ણવ કે જનસાધારણ નો નહીં.

આપણા સિદ્ધાન્ત સાથે લાગતાં-વળગતાં આ મુદ્દાઓ હવે સર્વનાશી કાનૂનકે સાથ અથડાશે જ. આ સવિશેષમાં એટલામાટે કે પણ કેમકે આ વિવાદ દેશના ઉચ્ચતમ ન્યાયાલયમાં નિર્ણયાર્થ પ્રસ્તુત થવા જઈ રહ્યો છે. આથી તેનો નિર્ણય આખા દેશમાં કાનૂનની હેસિયત રાખતો હોવાથી જે પુષ્ટિમાર્ગીય ઘરોમાં આવો વિવાદ નથી તેમનાઉપર પણ સાર્વભૌમિક કાનૂનની માફક લદાઈ જશે ! કેમકે નીચલી અદાલતોમાં આ મુકદમો પોતે પીઠાધીશ હોવાના દાવાદારોદ્વારા દાયર નથી થયો બલ્કે પોતાના અનુગામીઓ દ્વારા દાયર કરાવવામાં આવ્યો છે. આથી જાણે-અજાણે પોતાના સેવ્યસ્વરૂપની પરાર્થ-પ્રતિષ્ઠાનો આત્મઘાતી સિદ્ધાન્ત ફરજિયાત માની લેવાના દુષ્પરિણામોથી આ વિવાદ ગ્રસ્ત થશેજ. જોકે મુકદમાના સમ્ભાવિત જય/પરાજયથી પોતાને અપ્રભાવિત રાખવાની અવિચારિત લાલસાને વશ આવું પગલું લેવામાં આવ્યું છે. તોપણ જય કે પરાજય કોઈ પણ સ્થિતિમાં આ આપણા સેવ્યસ્વરૂપની સ્વાર્થપ્રતિષ્ઠાની હેસિયતને પ્રભાવિત તો કરશે જ. આમ સૈદ્ધાન્તિક વિકૃતિને કાનૂની જામા પહેરાવી દેવાની દુર્ઘટના આ સિદ્ધ થશે.

[૩-૪/ક-ખ-ગ-ઘ]ત્રીજા-ચોથા સૈકાઓના નવમીથી સોળમી પીઢીઓમાં થયેલ અથડામણોનાં ઇતિવૃત્તોની આટલી બધી ભરમાર છે કે ન તો બધાની વિવેચના કે ન પરિગણના પણ આ લઘુકાય આલેખમાં રજુ થઈ શકે છે. તો પણ કેટલાક અવશ્ય ઉદાહરણીય વૃત્તાન્તોની ચર્ચા વિચાર્ય વિષયની ગમ્ભીરતાને સરખી રીતે સમજવામાં અતીવ ઉપકારક હોવાથી કરવી પડશે.

મુગલ બાદશાહ ઓરંગઝેબની બર્બર નીતિઓથી બચવા માટે મેવાડમાં આશ્રય લીધા પછી પણ વાલ્લભ સમ્પ્રદાયના પ્રધાનપીઠાધીશ, મોટે ભાગે બધા

ગોસ્વામિતિલકાયિત મહારાજો હમેશા, પોતાના વ્યક્તિગત ઠાકુરજી શ્રીનવનીતપ્રિયજી તથા શ્રીવલ્લભવંશજ ગોસ્વામિપરિવારના અવિભક્ત સ્વત્વવાળા શ્રીગોવર્ધનાથજી ને, ફરીથી પોતાના સ્વામિત્વવાળા ગોકુલ-જતિપુરા ગામોમાં પધરાવીને લઈ જવાના (૧) મનોરથો મનમાંથી દૂર કરી શક્યા નહીં! મેવાડના રાણાઓના, પરન્તુ, ક્યારેક ભક્તિભાવને વશ તો ક્યારેક રાજાજ્ઞાના બન્ધનમાં બંધાયેલા હોવાને કારણે આ સ્વપ્ન કદી પૂર્ણ ન થઈ શક્યો!! અંગ્રેજોની સાથે મેવાડ રાજ્યના મૈત્રીના કરારનામામાં કેટલાક અનુબન્ધોમાં એક અનુબન્ધ આ પણ હતો કે મેવાડ રાજ્યના તત્કાલીન કાનૂનની માફક અંગ્રેજોદ્વારા પ્રશાસિત પ્રદેશોમાં ગોસ્વામિતિલકાયિત મહારાજશ્રીનો ગૌરવ જેવો ઉદયપુર રાજ્યમાં નભાવવામાં આવતો હતો તેવો ત્યાં પણ નભાવવામાં આવશે(૨). આવી જ રીતે મેવાડ રાજ્યે પણ અંગ્રેજોના હિતને વિપરીત જનારા લોકોને પોતાના રાજ્યમાં પ્રશ્રય ન આપવાનો અનુબન્ધ સ્વીકારેલ હતો. તોપણ સન્ ૧૧ ફરવરી ૧૮૫૯માં સ્વાતુત્ર્ય સેનાની શ્રીતાત્યા ટોપે ભાગીને મેવાડ પ્રદેશમાં આવી જતાં, કદાચ આ લોકો વિજયી થાય તો રાણાના બન્ધનથી પોતાને પણ મુક્તિ અપાવી દેશે, આવી મહત્ત્વાંકાક્ષાને વશ તત્કાલીન ગોસ્વામિતિલકાયિત મહારાજશ્રીએ સ્વતન્ત્રતાના સેનાનીઓની પૂરેપૂરી ત્રણ દિવસ સુધી નાથદ્વારામાં ખાતિરદારી કરી હતી. ત્યારથી મેવાડ રાજ્ય અને ગો.તિ.મ.ના સમ્બન્ધો કટુ બનતા ગયા. તે આ હદ સુધી કે સ્વાતુત્ર્ય સંગ્રામ શાન્ત થયા પછી અંગ્રેજી રાજના સ્થિર થતાં ગો.તિ.મ.શ્રીએ ગવર્નરજનરલના એજેંટ રિચર્ડ કેંડ્વિશ્ની પાસે પોતાના પ્રતિનિધિ મોકળવા શુરુ કર્યા કે અંગ્રેજો તેમને સ્વતન્ત્રતા પ્રદાન કરે (વીરવિનો.પૃ.૧૭૯૩-૯૫). પછી તો સમ્બન્ધો બધી રીતે બગડી જતાં ૧૮૭૫માં મે મહિનાની ૨૧ મી તારીખે રાજદ્રોહના આરોપમાં ગો.તિ.મ.શ્રીને કૈદ કરીને દેશવટો આપવામાં આવ્યો **''આ દિવસોમાં નાથદ્વારાનો ગોસ્વામી ગિરધરલાલ પોતાની જૂની પરંપરાને છોડીને રઇસોની જેમ મગરૂરીને કારણે રિયાસતી હુકૂમતથી બાહેર નિકલી જવાની ચેષ્ટા કરવા લાગ્યો... આ સમયે ઘણા બધાં બખડજંતર થયાં. શ્રીગોવર્ધનાથજીની જે ભેંટ કોટા ગુજરાત વિગેરે સ્થલોથી આવતી હતી તેમાં પણ... એણે ખલેલ પાડવી ચાહી.''** (વીરવિનો.પૃ.૨૧૫૩-૫૭).

અહિંયાં ઉલ્લેખનીય વાત આ છે કે વાલ્લભ સમ્પ્રદાય ન તો મેવાડમાં રાજાજ્ઞાથી પ્રવર્તિત કોઇ ધર્મ હતો, ન રાજ્યાશ્રિત ધર્મ હતો કે ન તે રાજ્યની

સીમાડાઓમાં ઘેરાયેલો જ કોઇ ધર્મસમ્પ્રદાય(૩) હતો. હા મુગલ બાદશાહ ઓરંગઝેબની બર્બરતાથી બચવા પુષ્ટિમાર્ગની પ્રધાનપીઠે મેવાડમાં સ્થલાન્તરણ અવશ્ય કર્યું હતું. તેથી મેવાડરાજ્યમાં આવતી ચલાચલ સમ્પત્તિપર ગો.તિ.ના સ્વામિત્વને માન્ય રાખવો કે તેમનાથી ઝૂટવી લેવું, આ તો રાજ્યની સાર્વભૌમિક ઇચ્છા કે નિયમ નો વિષય નિશ્ચિત હતો જ. પરન્તુ સમ્પ્રદાયવિશેષના પ્રધાનપીઠાધીશ હોવાના અધિકારોને નિરસ્ત કરવો મેવાડરાજ્યના નરેશોના પણ અધિકારથી બાહ્ય વિષય હતો. તેથી શ્રીગિરિધરલાલજીને ગોસ્વામિતિલકાયિતના પદથી ચ્યુત કરીને નાથદ્વારાથી નિષ્કાસિત કરીને તે પદ તેમના પુત્ર શ્રીગોવર્ધનલાલજીને બક્ષવું તે રાજ્યના હિતમાં હોવા છતાંય એક અન્યાય જ હતો. આજ કારણ હતો કે મેવાડરાજ્યથી શ્રીગિરિધારીજી મહારાજના નિષ્કાસન ઉપરાંત દેશના અન્યાન્ય પ્રદેશોમાં રહેલ તેમની સમ્પત્તિપર ગો.તિ.શ્રીગિરિધરલાલજીના સ્વામિત્વને દેશના જુદી-જુદી રિયાસતોએ , નામશઃ, હેદરાબાદ કોટા વિ. રાજ્યોએ તેને માન્ય ન્હોતો કીધો . પોતે અંગ્રેજોદ્વારા પ્રશાસિત પ્રદેશોના ન્યાયાલયોમાં પણ માન્ય ન્હોતો કરવામાં આવ્યો. આ બાબતમાં કેટલાક દસ્તાવેજો પણ ઉચ્ચતમ ન્યાયાલયમાં ગો.તિ.મ.શ્રીએ પ્રસ્તુત કર્યાં હતાં પણ દલીલોની સુનાવણીના સમયે તેમના ઉપર ન્યાયાધીશનું ધ્યાન ખેંચવામાં આવ્યું હોય તેમ જડ્જમેંટની શબ્દાવલી જોતાં તો લાગતું નથી.

આ બાબતમાં ધ્યાનમાં રાખવા જેવી વાત આ છે કે ગોસ્વામિતિલકાયિત હોવાનું પદ જે શ્રીનાથજીની મૂર્તિનો પ્રધાન પુજારી હોય તેવી શરત ઉપર નિર્ભર નહતો. કેમકે તેમ જો હોતા તો સમ્પ્રદાયના આરમ્ભકાલમાં પણ જ્યારે વિસામ્પ્રદાયિક બંગાલી પુજારીઓને સેવાધિકારી બનાવવામાં આવ્યા હતાં ત્યારે તો, પોતે મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય, પ્રભુચરણ ગોસ્વામી શ્રીગોપીનાથજી તથા શ્રીર્વિલનાથજી પણ વિદ્યમાન હતા જ, તેથી ત્યારે પણ વાલ્લભ સમ્પ્રદાયમાં બંગાલી પુજારિઓને પ્રધાન ધર્માચાર્ય માનવા પડશે, જો શ્રીનાથજીના પ્રમુખ પૂજારીને તિલકાયત મહારાજ માનવાનો કોઇક નિયમ હોત તો! હકીકતમાં તો શ્રીર્વિલનાથ પ્રભુચરણના સમયે તેઓ અને તેમના પુત્રો વચ્ચે થયેલ ગૃહવિભાજનમાં પ્રમુખ ઘર પિતાનું અને શેષ સાત ઘર પુત્રોના, આમ એક પ્રધાનપીઠાધીશ અને સાત ઉપપીઠાધીશ, આવો વરિષ્ઠતાક્રમ નિર્ધારિત થયો હતો. આંશિક રીતે વિભક્ત પણ શ્રીનાથજીની બાબતમાં અવિભક્ત પરિવારના કર્તા હોવાને કારણે ગો.તિ.મ.શ્રીને પરિવારના

અવિભક્ત નિધિસ્વરૂપ શ્રીનાથજીની સેવાનો વિશેષાધિકાર સોંપવામાં આવ્યો હતો. તે પણ વર્ષના ફક્ત ૬૦ દિવસ પૂરતો જ હતો. આની સરખામણીમાં તિલકાયતેતર વલ્લભવંશજ ગોસ્વામી વ્યક્તિઓનો શ્રીનાથજીની સેવા કરવાનો અધિકાર ફક્ત ત્રણ દિવસ પૂરતો મર્યાદિત હોવા છતાંય તેનામાટે ત્રણસો દિવસ છૂટા રાખવામાં આવ્યા હતાં. એટલે શેષ વલ્લભકુલના ગોસ્વામીઓના ભાગમાં ૩૦૦ દિવસો આરક્ષિત હતા. ગો.તિ.મ.શ્રીના પ્રમુખ સેવ્યસ્વરૂપ તો શ્રીનવનીતપ્રિયજી જ હતા. તેથી આજની તારીખ સુધી તેમની સેવા શ્રીનાથજીના સ્વરૂપથી પૃથક્ ભવનમાં, પૃથક્ નેગ ભોગ રાગ ના મંડાણ ; તથા , પૃથક્ કર્મચારી વૃન્દની વ્યવસ્થાને અન્તર્ગત રાખવામાં આવી છે. આટલું જ નહિં બલ્કે શ્રીનવનીતપ્રિય ઠાકુરજીને રાજભોગ ધરતી વખતે શ્રીનાથજીને પણ ભોગ ધરવાની ભાવના રાખીને બે થાળ પધરાવવામાં આવે છે. આ પૃથક્ વ્યવસ્થા પણ આ તથ્યને પ્રમાણિત કરે છે (દ્ર.૧૨૦વચના.૬,૪૬,૫૧,૬૮). તે શિવાય આવા ખુલાસાઓ પણ મળે છે કે **''તેથી સાત સ્વરૂપ અને શ્રીનાથજી આમ તો એકજ છે, આમાં કોઇ સન્દેહ કરવો નહિં. પણ શ્રીનાથજીનું ઘર તે તો શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઇજીએ દેવદ્વાર રાખ્યો છે; અને, બીજા સ્વરૂપો તો પોતપોતાના ઘરમાં બિરાજે છે''** (ત્યાંજ.વચના.૮૧). પહેલા આ દેવાલય સાર્વજનિક હતો પરન્તુ પ્રભુચરણના સતધરામાં શ્રીનાથજીને પધરાવવામાં આવ્યા પછી અર્થાત્ પુનઃપ્રતિષ્ઠા પછી જતિપુરાના દેવાલયની ચોમેર ભૂમિ પોતાના નિજ સ્વામિત્વની રૂએ ખરીદી કરી તેની બાદશાહ અકબર પાસે સમ્પુષ્ટિ કરવવામાં આવી હતી. આ બાદશાહ અકબરના ફરમાન (૪)ને જોતાં સ્પષ્ટ થઇ જાય છે. તેથી આના પછી તે પારિવારિક ખાનગી દેવાલય બની ગયો હતો. પરિવારમાં સમ્પત્તિના વિભાજન વખતે આ દેવાલયને અવિભક્ત કે સંયુક્ત પારિવારિક સ્વત્વવાલો બનાવી દેવામાં આવ્યો હતો.

તેમ છતાંય મેવાડ રાજ્યે અન્યાયપૂર્ણ રીતે ગો.તિ.ના આત્મજને ત્યારે અલ્પવયસ્ક હોવાને કારણે વાલ્લભ સમ્પ્રદ્રાયની પ્રધાનપીઠને મેવાડ રાજ્યને આધીન વૈષ્ણવોનું મન્દિર ઘોષિત કર્યું. આમાં પણ એક આ હકીકત ઉલ્લેખનીય બની જાય છે કે ગો.તિ.શ્રીગોવર્ધનલાલ મહારાજશ્રીએ પોતાની આયુના ઉત્તરાર્ધમાં ઉદયપુરનરેશને પ્રેષિત એક સૂચનાપત્રમાં મેવાડ રાજયદ્વારા નિયુકત પ્રબન્ધસમિતિદ્વારા જાળવવામાં આવતી વ્યવસ્થા પ્રમાણે આ સંસ્થાનના પ્રબન્ધને સમ્પ્રદાયાભિમત સિદ્ધાન્ત અને પરમ્પરા થી અવિપરીત હોવાની શરતે જ માન્ય

રાખવાનો અભિગમ સૂચવ્યો હતો. એટલે કે સશર્ત આશ્વાસનની સાથોસાથ પોતાના સંસ્થાનથી જોડાયેલ યચ્ચ-યાવત્ ચલાચલ સમ્પત્તિ ઉપર પોતાના પૂર્ણ સ્વામિત્વની ઘોષણા પણ કરી હતી. તે પણ આ સ્પષ્ટીકરણની સાથે કે દેવોત્તર સમ્પત્તિ તેમના વ્યક્તિગત ઉપભોગમાં લેવાની ન તો પરમ્પરા છે કે ન આવું કાર્ય તેઓશ્રી ક્યારેય કરવા માગે છે (દ્ર.અમૃ.વચ.૮). આ ઘોષણાપત્રમાં કરવામાં આવેલ વિધાનોને તત્કાલીન મેવાડરાજ્યના નરેશે ના તો અમાન્ય કર્યો હતો કે ન કોઇક અનધિકારચેષ્ટા કરવાના અપરાધી ગો.તિ.મહારાજશ્રીને ઠરાવ્યા હતા. આ વચગાળામાં એઓશ્રીના પુત્ર ગો.શ્રીદ્વારકાધીશલાલજીનું અવાંછનીય પ્રકરણ છેડાઇ જવાથી પોતે પિતાશ્રીએ પોતાના પુત્રને ગો.તિ.ના પદમાટે અયોગ્ય ઘોષિત કરી પોતાના પૌત્ર ગો.શ્રીગોવિન્દલાલજીને ઉત્તરાધિકારી ઘોષિત કર્યા હતા. આની સમ્પુષ્ટિ મેવાડરાજ્યના નરેશદ્વારા પણ કરવામાં આવી હતી(૫). ત્યાર બાદ દેશના સ્વતન્ત્ર થયા બાદ ૬૦ના દાયકામાં પોતે ગો.તિ.શ્રીગોવિન્દલાલ મહારાજશ્રી શ્રીનાથદ્વારાનો પ્રબન્ધાધિકાર સ્વેચ્છયા સરકારને સોંપી દેવા ઉદ્યત(૬) થયા. ત્યારે રાજસ્થાનના ઉચ્ચ ન્યાયાલયમાં બધાજ ગોસ્વામીઓકે પ્રતિનિધિઓએ મળીને પોતે ગો.તિ.મહારાજશ્રી તથા સરકાર બેઉ ઉપર પોતાના અધિકાર અને હિત ની વિરુદ્ધ કામ કરી રહ્યા હોવાનો દાવો માંડીને તે મુકદમો જીતી લીધો હતો. આથી રોષે ભરાઇને ભારતસરકારે રાષ્ટ્રપતિના અધ્યાદેશદ્વારા શ્રીનાથદ્વારામન્દિરને સરકારના તાબામાં લઇ લીધો. તે પછી તો જુદા-જુદા કારણોસર ગો.તિ.મહારાજશ્રીએ પણ સરકારપર દાવો કર્યો કે સરકારના આવા પગલાથી તેમના મૌલિક અધિકારોનું હનન થાય છે. ત્યારે રાજસ્થાનના ઉચ્ચન્યાયાલયમાં તો આંશિક રીતે તેઓશ્રી જીતી પણ ગયા. અન્તે દેશની ઉચ્ચતમ અદાલતમાં તેમને પરાજિત થવું પડ્યું. કેમકે ઉચ્ચતમ ન્યાયાલયનો ખયાલ આ બાબતમાં આમ બંધાઇ ગયો કે સરકાર જો અધિગૃહીત ન કરી શકતી હોય તો ગો.તિ.મ.શ્રી પોતે (દ્રષ્ટ.૬) તેને સોંપવા કેમ ગયા ?

આવો છે ઇતિહાસ વાલ્લભ સમ્પ્રદાયની પ્રધાનપીઠની આધુનિક ન્યાયપ્રણાલીને સાથે થયેલ અથડામણ અને તેમાં સાંપડેલ પરાજય ની કથાનો. આ કથા છે સમ્પ્રદાયના પ્રધાન ધર્માચાર્યને નાથદ્વારાના મન્દિરમાં કાનૂની રીતે હઠાત્ જનતાના પ્રતિનિધિ હોવાની રૂએ શ્રીનાથજીની સેવાપૂજા કરનાર પ્રધાન પુજારી તેમજ આનુવંશિક વ્યવસ્થાપક ન્યાસી(૭) બનાવી દેવાની !

આ અથડામણનો પ્રમુખ ઉલ્લેખનીય પાસો આ છે કે ગો.તિ.મહારાજશ્રીના વકીલોએ તેમના સમ્પત્તિના ઉપભોગ અને વ્યવસ્થા ના મૌલિક અધિકારના હનનનો દાવો કર્યો હતો, ધાર્મિક સ્વાતુત્ર્ય કે ધાર્મિક પદાધિકાર ના ધાર્મિક હિતના મૌલિક અધિકારોના હનનનો નહીં. તેમજ સમ્પ્રદાયના સિદ્ધાન્ત પણ પોતે સમ્પ્રદાયપ્રવર્તક આચાર્યચરણ-પ્રભુચરણ આદિના ગ્રન્થોપદિષ્ટ સિદ્ધાન્તવચનોના ઉદ્ધરણ ન્યાયાલયની સમક્ષ વિચારાર્થ પ્રસ્તુત કરવામાં આવ્યા નહોતાં. સર્વપલ્લી શ્રીરાધાકૃષ્ણનનો 'ભારતીય દર્શનનો ઇતિહાસ' અને શ્રીઆર્.જી.ભાણ્ડારકરનો 'શૈવિસમ્ એંડ્ વૈષ્ણવિસમ્...' વિ. વિસમ્પ્રદાયી લેખકોના વચનોને પ્રસ્તુત કરવામાં આવ્યા હતાં. આ ગ્રન્થકારો પૈકી પ્રથમ લેખકે તો પોતાના લેખનમાં ક્યાંય પણ ભગવત્સેવાના ખાનગી કે જાહેર હોવાની ચર્ચા જ ન્હોતી કરી. બીજાએ જોકે ખાનગી ઘરો તથા સેવારીતિ નો ઉલ્લેખમાત્ર તો હતો પણ તે ન તો આ બાબતમાં મૂલગ્રન્થોમાં ઉપલબ્ધ થતાં સિદ્ધાન્તોની રજુઆત સાથે કે ન તેવા ગ્રન્થોનો નામોલ્લેખ પણ કરવાની કોઇ જાતની કાળજી સાથે કે પોતાની માન્યતા કયા ગ્રન્થોઉપર આધાર રાખીને પ્રકટ કરવામાં આવી છે. સેવાસ્થલ સેવ્યસ્વરૂપ સેવાધિકાર તથા સેવાપ્રયોજન ને અકાટ્ય રૂપમાં ખાનગી સિદ્ધ કરવાવાલા જે તથ્યદર્શી દસ્તાવેજોનો અંબાર ન્યાયાલયમાં પ્રસ્તુત કરવામાં આવ્યો, તેમનાઉપર પણ દલીલ વખતે ન્યાયાધીશોનું ધ્યાન ખેંચવામાં આવ્યું નહિં ! તેથી ઉચ્ચતમ ન્યાયાધીશોના જોવા જેવા આ ઉદ્ગારો છે -

''આ સમ્પ્રદાયના કેટલાક મન્દિરો ભૂતકાળમાં ખાનગી હશે, કેટલાક વર્તમાન કાળમાં પણ ખાનગી હોઇ શકે છે. કોઇ મન્દિર ખાનગી છે કે નહિં આ બાબતનો નિર્ણય તે મન્દિર સાથે જોડાયેલા તથ્યોઉપર આધારિત હોવું જોઇએ. આવો કોઇ સામાન્ય નિયમ નથી કે વાલ્લભ સમ્પ્રદાયમાં જાહેર મન્દિર નિષિદ્ધ હોય અને તેથી નાથદ્વારાને જાહેર ન ગણી શકાય.''

(અનુ.૨૨।એસ્.સી.આર્.૪૩૯/૧૯૬૮. ગો.તિ. શ્રીગોવિન્દલાલ વિરુ. રાજસ્થાન સરકાર).

''જો આ મન્દિર ખાનગી હોત અને મન્દિરની સમ્પત્તિ તિલકાયતની હોત તો વાત અલેદા હોત પરન્તુ એક વખત આમ સ્વીકારી લીધા પછી

કે આ મન્દિર જાહેર છે આ તર્ક ગળે ઉતરી શકતો નથી કે સમ્પત્તિની વ્યવસ્થા તિલકાયતદ્વારા થવી આ સમ્પ્રદાયના સિદ્ધાન્તમુજબ એક ધાર્મિક વિષય છે. હકીકતમાં આવા કોઇ પણ સિદ્ધાન્ત અમારી સામે રજુ જ કરવામાં આવ્યા નથી.''

(ત્યાંજ અનુ.૬૯)

આપણે જોઇ શકીએ છીએ કે ન કેવલ સૈદ્ધાન્તિક વાસ્તવિકતા સર્વથા જ વિપરીત છે પ્રત્યુત રાણાઓ દ્વારા જારી કરાયેલા વિભિન્ન ફરમાનોમાં પણ ફકત ઉક્ત સંસ્થાનની ચલાચલ સમ્પત્તિઉપર જ નહિં બલ્કે નાથદ્વારા ગાંવ અને ત્યાં બિરાજમાન શ્રીનાથજીની મૂર્તિ ઉપર પણ ગો.તિ.મ.શ્રીનું સ્વામિત્વ અને સ્વત્વ ભૂતકાલમાં સ્વીકારાવામાં આવ્યું જ હતું (૮). તો પણ ન્યાયાધીશોએ આમ કહી દીધું કે મન્દિરનું બાહરી રૂપ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યે અને પ્રભુચરણ શ્રીર્વિલનાથજીએ ઓરંગઝેબ મન્દિરોને તોડી ન નાખે તેવી ભીતિને કારણે જાણી-જોઇને ઘર જેવું રાખ્યું હશે, કોઇક તોડી ન નાખે તેના બચાવની અગમચેતી સાથે(૯). હકીકતમાં તો જ્યારે કે ઓરંગઝેબનો પૂર્વજ શાહજહાં, તેનો જહાંગીર, તેનો અકબર, તેનો હુમાયુ અને તેનો બાબર અને એના પણ દેશમાં આગમનથી પહેલા સિકન્દર લોદીના કાલમાં મહાપ્રભુએ તો પોતાના સૈદ્ધાન્તિક મુખ્ય કલ્પ કે નિજગૃહમાં સેવા કરવી જોઇએ પણ તે જો શક્ય ન હોય તો અનુકલ્પ તરીકે જાહેર મન્દિરોમાં પણ કૃષ્ણસેવા જ કરવાના આગ્રહને અનુરૂપ જાહેર દેવાલય બનાવ્યો હતો. જેણે પાછળથી બાદશાહ અકબરના પૂર્ણ સદ્ભાવ અને આદરભાવ રખવાના કાલમાં મહાપ્રભુના આત્મજ પ્રભુચરણે ખાનગી બનાવી લેવાનો મુખ્યકલ્પનો રૂપ આપ્યો હતો. આ મોટુ કાર્ય મન્દિરની ચોમેર ભૂમિની ખાનગી સ્વામિત્વની રૂએ ખરીદ કરીને અંજામ આપવામાં આવ્યું હતું. તેથી જ મહાપ્રભુના સમયની ભગવત્સ્વરૂપની પ્રતિષ્ઠા કે પાટોત્સવ અક્ષયતૃતીયાને દિવસે જાહેર દેવાલયમાં કરવામાં આવી હતી. તેના ઠેકાણે હવે પોતાના ખાનગી નિવાસ સતઘરામાં ફાગણ વદ સપ્તમી(૧૦)ના દિવસે જે પુનઃપ્રતિષ્ઠા થઇ તે ઉત્સવના પ્રવર્તનદ્વારા પણ પ્રકટ કરવામાં આવ્યું. જોકે આજ દિવસ સુધી આ પરમ્પરા પોતાના આત્માને ખોઇને પણ પ્રવર્તમાન તો છે જ.

આમ સમ્પ્રદાયની પ્રધાનપીઠની બાબતમાં સામ્પ્રદાયિક સિદ્ધાન્ત પરમ્પરા અને દસ્તાવેજો ના આધુનિક ન્યાયપ્રણાલી દ્વારા પરિવર્તિત વિપરીત સ્વરૂપના ચિત્રને જોઇ લીધા બાદ તેમની સાથે અથડાતી ન્યાયપ્રણાલીના પણ કેટલાક પાસાઓની બાબતમાં દષ્ટિપાત કરી લેવો જરૂરી લાગે છે.

પ્રસ્તુત નિબન્ધકારના પિતામહે પોતાની અન્તિમ અવસ્થામાં પોતાની અડધી સમ્પત્તિ પોતાના સાત પુત્રોની વચ્ચે સમાન ભાગલા પાડીને વહેંચણી કરી આપી અને અવશિષ્ટ અડધી સમ્પત્તિ અવિભક્ત પરિવારના ન્યાસના રૂપમાં રાખી હતી. પોતાના સેવ્ય ભગવત્સ્વરૂપોને આ જ અવિભક્ત પારિવારિક ન્યાસના અન્તર્ગત જ પુત્રોને સોંપ્યા હતા. તેમના દેહાવસાન પછી જ્યેષ્ઠપુત્ર અને નાના અન્ય છહ ભાઇઓ વચ્ચે જ્યેષ્ઠપુત્રના એકાધિકારની બાબતમાં વિવાદ વધીને ન્યાયાલય સુધી પહોંચી ગયો. પરિવારની પ્રમુખ સેવ્યમૂર્તિની સેવાનો અધિકાર જ્યેષ્ઠપુત્રનો ન માનવામાં આવે તો ચેરીટી-કમિશનરની સામે ટ્રસ્ટમાં અવ્યવસ્થાની ફરિયાદ લઇને મોટા ભાઇ જ્યારે પહોંચ્યા ત્યારે પરિવારના શેષ નાના ભાઇઓએ પોતાના મોટા ભાઇને આપવા કરતા બધી જ ભગવન્મૂર્તિઓને અને ભગવન્મન્દિરની ચલાચલ સમ્પત્તિને જાહેર ન્યાસ માન લેવાનું મન બનાયી લીધું. આના સમર્થન માટે એક આ યુક્તિ ઉપજાવી કાઢવામાં આવી કે વૈષ્ણવ જનતાને જ્યારે બ્રહ્મસમ્બન્ધદીક્ષા આપવામાં આવે છે ત્યારે તે ભગવન્મૂર્તિની સામે આપવામાં આવતો તે મૂર્તિની સેવા કરવાનો ધાર્મિક અધિકાર જ વૈષ્ણવ જનતાને આપવામાં આવે છે. આ શિવાય મન્દિરના સંસ્થાપક ગો.શ્રીગોવર્ધનેશજી મહારાજે પોતાની અન્તિમ અવસ્થામાં ઉત્તરાધિકારી સન્તતી ન રહી જવાને કારણે, યોગ્ય ઉત્તરાધિકારી ન મળે ત્યાં સુધી, પોતાના વિશ્વસ્ત વૈષ્ણવોની ન્યાસસમિતિ સુચારુ પ્રબન્ધના માટે બનાવી હતી. તે વૈષ્ણવોની ન્યાસસમિતિ મહારાજશ્રીની વિધવા પત્ની દ્વારા ગો.શ્રીજીવનલાલજીને ધર્મપુત્ર તરીકે ગોદ લેતાં પોતે જ વિસર્જિત થઇ ગયી હતી. પરન્તુ ગો.શ્રીજીવનલાલજીની પણ અન્તિમ અવસ્થામાં ઉત્તરાધિકારી સન્તતીના અભાવને કારણ પુનઃ તેઓને પણ પ્રબન્ધક-ન્યાસસમિતિ બનાવી પડી. આ ન્યાસસમિતિ પણ મહારાજશ્રીની વિધવા પત્નીદ્વારા ઉક્ત ગો.શ્રીગોકુલનાથજીને ધર્મપુત્ર તરીકે ગોદ લેતાં સ્વતોવિસર્જિત થઇ ગયી હતી. તો પણ ન્યાયાલયે પૂર્વકાલમાં ગઠિત આ પ્રબન્ધક ન્યાસસમિતિઓને જાહેર ન્યાસના પ્રમાણ તરીકે સ્વીકાર લીધી. અને ગો.શ્રીગોકુલનાથજીના ઉક્ત સમ્પત્તિના અર્ધાંશ અવિભક્ત

સંયુક્ત પારિવારિક ન્યાસને જાહેર ન્યાસ માની લીધો. આમાં ધ્યાન રાખવા જેવી વાત આ છે કે હવેલીના સંસ્થાપક ગો.શ્રીગોવર્ધનેશજીના ન્યાસપ્રલેખનો યદિ કોઇ દસ્તાવેજી મહત્ત્વ હકીકતમાં હોય તો સમ્પૂર્ણ સમ્પત્તિને જાહેર માનવું વધારે તર્કસંગત હોત, કેમકે અર્ધાંશનો પોતાના સાત પુત્રો વચ્ચે વહેંચણી કરવાનો અને અર્ધાંશનો અવિભક્ત પારિવારિક ન્યાસનો દસ્તાવેજ લખવું તે અનધિકારચેષ્ટા માનવી ઉચિત ગણાત. આ મુદ્દો વાદી-પ્રતિવાદી બેઉમાંથી કોઇએ છેડ્યો નહિં તેથી ન્યાયાલયના પણ ધ્યાનબાહેર રહી ગયો ! આ સન્ સાઠના દાયકાની કથા છે. તીસમાં દાયકામાં એક મુકદમો અંગ્રેજોને આધીન ભારતમાં, ધરણગાંવમાં જે ગો.શ્રીજીવનલાલજીની એક પોતાની હવેલી હતી તે તેઓના અવસાન બાદ પ્રબન્ધક-ન્યાસસમિતિની દેખરેખમાં હતી, તેની બાબતમાં ચાલ્યો હતો. તે ધરણગાંવની પ્રબન્ધક ન્યાસસમિતિને ધર્મપુત્ર ગો.શ્રીગોકુલનાથજીનો ઉત્તરાધિકાર માન્ય નહતો. પરન્તુ તે વખતના ન્યાયાધીશનો નિર્ણય કાંઇક આમ હતો-

> **પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તો તદ્દન અવિચારિત લાગે છે કે આ સમ્પ્રદાયમાં પોતાના અનુગામીઓનો અધિકાર સમ્પ્રદાયના જ મન્દિરોમાં સ્વીકારવામાં આવતો નથી. આશા રાખવી જોઇએ કે વૈષ્ણવ જનતા જ્યારે ભણેલી-ગણેલી થઇ જશે ત્યારે આવા સમ્પ્રદાયનો ત્યાગ કરીને અન્ય યોગ્ય સમ્પ્રદાયની અનુગામી બની જશે ! પરન્તુ આ સમ્પ્રદાયના સિદ્ધાન્તોને જોતાં જાહેર મન્દિર આ સમ્પ્રદાયમાં માની શકાતું નથી.(૧૧).**

આ ખ્રિસ્તી ચર્ચ જેવો સ્વરૂપ હિન્દુ-મન્દિરોનો હોવો જોઇએ તેવી પૂર્વધારણાથી ગ્રસ્ત વિચારસરણીવાલી વિદેશી ન્યાયપ્રણાલીનો નિર્ણય હતો. આને પરન્તુ મુંબઇના ઉચ્ચ ન્યાયાધીશની સામે કાં તો વિમર્શ માટે પ્રસ્તુત નહિં કરવામાં આવ્યું હોય અથવા તો તેઓએ ધ્યાન નહિં આપ્યું હોય. તેથી ત્યારે મુંબઇ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ સમ્માન્ય ગજેન્દ્ર ગડકરે મુંબઇસ્થિત ગોસ્વામીઓના ભગવત્સેવોપયોગી નિવાસસંકુલને જાહેર મન્દિર ઘોષિત કર દીધો.

મારા જનમ પહેલાં અમારા નિવાસસ્થલને 'મોટી હવેલી' કહેવામાં આવતું હતું તે કોણ જાણે ક્યારે અને કેમ 'મોટું મન્દિર' મારા બાલ્યકાલમાં બની ગયું.

પછી તો મહાત્મા ગાંધીએ છેડેલા 'હરિજન-મન્દિર-પ્રવેશ' આન્દોલન વખતે ભગવદ્-દર્શન બંદ કરી દેવાના પ્રયોજનવશ ફરીથી એને ખાનગી આવાસમાં પરિવર્તિત કરવા માટે મારા પિતામહ ગો.શ્રીગોકુલનાથજીનું જન્મનામ સાથે જોડીને તેને 'ગોવિન્દભવન' બનાવી દેવાયું. આ પારિવારિક નિર્ણય લેવા ત્યારે બધા પરિવારજનો ભેગા થયા ત્યારે હું પણ બધા સદસ્યો સાથે એક અબોધ મૂક દ્રષ્ટા બની ત્યાં ઉપસ્થિત હતો તે આજે પણ મારા સ્મૃતિપટલ અંકિત છે. તેના પછી હરિજન મન્દિરપ્રવેશ આન્દોલન ધીમું પડતાં તે બન્દ થયેલ ભગવત્સેવાના પ્રદર્શનનો પ્રકાર મારા પિતરાઇ ભાઇના જન્મની ખુશીમાં ફરીથી ટેરા ખોલીને શરુ કરવામાં આવ્યો. અને અન્તમાં તે ગોવિન્દભવન આજે તો 'બડા મન્દિર-પબ્લિક ટ્રસ્ટ' બની ગયું. હવે અમારા પરિવારે પોતાના સેવ્ય ભગવત્સ્વરૂપની સેવામાટે ન્યાસી બની બેઠેલા વૈષ્ણવ ધનિકોને આવેદન કરતાં તે માન્ય થાય તો સેવાની છૂટ મળે છે ! જ્યારેકે ન્યાયાલયોમાં કહેવાતું હોય છે કે ગોસ્વામી મહારાજોની અનુજ્ઞા અને માધ્યમ વિના વૈષ્ણવ અનુયાયીઓને ભગવત્સેવા કરવાની માર્ગરીતિ નથી ! કિમ્ આશ્ચર્યમ્ અતઃ પરમ્ !

અસ્તુ. આવો ન્યાયનિર્ણય આપીને જ્યારે સમ્માન્ય ગજેન્દ્ર ગડકર દેશના ઉચ્ચતમ ન્યાયાલયમાં ન્યાયાધીશ બનીને પહોંચ્યા ત્યારે ગો.તિ.મ.શ્રીનો મુકદમો રાજસ્થાનના ઉચ્ચ ન્યાયાલયમાં ચાલી રહ્યો હતો. ત્યાં આ મુંબઇના ઉચ્ચ ન્યાયાલયના નિર્ણયને અનુસરીને ગો.તિ.મ.શ્રીના દાવાના ન્યાયનિર્ણયમાં આંશિક વિજય મળ્યો હતો. પરન્તુ જ્યારે ગો.તિ.મ.શ્રી દેશના ઉચ્ચતમ ન્યાયાલયમાં આ આંશિક જયના વિરોધમાં આવેદક બનીને ગયા ત્યારે ત્યાં પ્રમુખ ન્યાયાધીશ પોતે શ્રીગજેન્દ્ર ગડકર જ હતા. અને એમને એમના જ નિર્ણયને આધાર બનાવીને આપવામાં આવેલ નિર્ણય ઉપર જ્યારે દેશના ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશની હેસિયતમાં નિર્ણય આપવાનો હતો ત્યારે બીજા કોઇ જાતના નિર્ણયની સમ્ભાવના આમેય ક્ષીણ બની જવી સ્વાભાવિક બાબત હતી. તેથી પ્રધાનપીઠાધીશને ત્યાં પરાજિત થવું પડ્યું ! આ આશ્વાસનની સાથે કે સરકારદ્વારા અધિગૃહીત કરી લેવાને કારણે જે આર્થિક હાનિ ગો.તિ.મ.શ્રીને થતી હોય તે નાથદ્વારાના મન્દિરના પ્રસાદવિક્રયના વીસ ટકા ચુકવણી દ્વારા ભરપાઇ કરવાની જોગવાઇ કરવામાં આવશે. સિદ્ધાન્ततઃ નાથદ્વારાની આય-સમ્પત્તિ યદિ દેવસ્વામિક હોય તો તેનો ઉપભોગ ગો.તિ.મ.શ્રીને વાલ્લભ સમ્પ્રદાયના અનુગામી માનવામાં પણ આડે આવવું જોઇએ,

પ્રધાનપીઠાધીશ હોવાની તો કલ્પના પણ અશક્ય છે. દેવદ્રવ્યનો ઉપભોગ તો અતિશય વર્જિત હોવાને કારણે (દ્ર.''દાને ન સ્વવિનિયોગો નતુ નિવેદને'' નવ.૨.પ્રકા.૧ અમૃ.વચ.૧,૪,૮,૧૬,૧૭,૧૮). અને જો આ સમ્પત્તિને અંશતઃ ઉપભોગ કરવાનો ગો.તિ.મ.શ્રીકા કાનૂની અધિકાર હોય તો નાથદ્વારાની આય-સમ્પદા દેવોત્તર-સમ્પદા હોવી જોઇએ નહિં, જો આ સંસ્થાન પુષ્ટિસમ્પ્રદાયનું પ્રમુખ સ્થાન હોય તો ! પણ આ સિદ્ધાન્તને હવે કેમ ન્યાયાલયના કે અનુગામી જનતાના ગળે ઉતારવો ?

વાલ્લભ સમ્પ્રદાયની પ્રધાનપીઠમાં જ જે સિદ્ધાન્તની નિષ્ઠુર અવહેલના થતી હોય ત્યારે અન્ય સ્થાનોના બચી શકવાનો કોઇ ન્યાયપૂર્ણ આધાર પણ બચી જાતો નથી.

આ ન્યાયનિર્ણયને આદર્શ નિકષ માનીને પાછળથી નડિયાદની હવેલીને પણ જાહેર મન્દિર માની લેવામાં આવી. જ્યારે તે પોતાનો વિવાદ લઇને દેશના ઉચ્ચતમ ન્યાયાલયમાં પહોંચી. તે મુજબ જ કચ્છ-માંડવીના ઘરને જાહેર મન્દિર હોવાનો દાવો ત્યાંના કેટલાક વૈષ્ણવોએ કર્યો. ત્યાં નીચલા ન્યાયાલયમાં આ વિવાદમાં, મુંબઇના ઉચ્ચ ન્યાયાલયમાં ચાલેલા વિવાદને અન્તર્ગત બ્રહ્મસમ્બન્ધદીક્ષાને જે જનતાને આપવામાં આવતા સેવાધિકારના રૂપમાં માની લેવામાં આવ્યું હતું, તેમ પ્રમુખ નિકષ માની લેવાણું. સૌભાગ્યવશ આ વિવાદમાં ઉચ્ચ ન્યાયાલયમાં વિવાદશીલ વાદી-પ્રતિવાદીઓ આપસી મતભેદનો ત્યાગ કરી ચેરીટીકમિશનરની પાસે સિદ્ધાન્તથી અવિપરીત ઘડવામાં આવેલી પ્રબન્ધયોજના થકી અપસિદ્ધાન્તના ખાડામાં પડવા જઇ રહ્યા હતા તે પતનથી પોતાને બચાવી લીધું.

આધુનિક ન્યાયપ્રણાલી અને આપણી સાધનાપ્રણાલી ના આપસી અથડામણ ઉપરાંત પણ પુષ્ટિસમ્પ્રદાયના ઇતિહાસમાં બીજી ઉલ્લેખનીય ઘટના બની છે. પહેલી આદર્શ ઘટના આ સમ્પ્રદાયની ચતુર્થપીઠની પણ ન્યાયલયમાં પરાજય થવા ઉપરાંત પ્રબન્ધયોજનામાં સિદ્ધાન્તોચિત સુધાર કરી લેવાની નિષ્ઠા દાખવવાથી અપસિદ્ધાન્ત ઉપર વિજય મેળવવાની પ્રકટ થઇ છે !

જ્યાં સુધી દીક્ષાદ્વારા સેવાધિકાર મળવાના સૈદ્ધાન્તિક તથ્યનો પ્રશ્ન છે તો સ્વયં 'અધિકાર' શબ્દ સંસ્કૃતભાષામાં [૧] આરમ્ભ [૨] કર્તૃત્વોપભોગી ભોક્તૃત્વોપભોગી અને વ્યવસ્થોપભોગી સ્વામિત્વ [૩] યોગ્યતા [૪] કર્તવ્ય યા [૫] અનુવૃત્તિ આદિ અનેક અર્થોમાં પ્રયુક્ત થાય છે. આ બાબતમાં ધ્યાન ન આપવાને કારણે જ આ મુદ્દો વકરી ગયો. સિદ્ધાન્ત મુજબ બ્રહ્મસમ્બન્ધદીક્ષા દ્વારા આપવામાં આવતો 'સેવાધિકાર' પદ, ઉપભોગ યા વ્યવસ્થા આદિ કરવાના અધિકારના અર્થમાં, નહિં બલ્કે યોગ્યતા યા કર્તવ્ય ના અર્થમાં જ પ્રયુક્ત થયો છે. અન્યથા ગોસ્વામીઓના ઘરોમાં સાક્ષાત્ ભગવન્મૂર્તિનો સ્પર્શ કરીને કરવામાં આવતી સેવામાં જનતાનો નિર્બાધ પ્રવેશાધિકાર અને આવી સેવા પ્રમુખ કર્તવ્ય હોવી જોઇતી હતી (દ્ર.''...નિવેદનં... સાક્ષાદ્ ગોકુલેશભજનાધિકારરૂપત્વાત્'' નવ.૨.પ્રકા.૧). અતિશય આત્મગ્લાનિ સાથે સ્વીકાર કર્યા શિવાય છૂટકો જ નથી કે પોતે અમો ગોસ્વામી મહાનુભાવોએ પોતાની આજીવિકા રળવાના લોભને વશ થઇને અમારી ભગવત્સેવામાં દર્શન-ભેંટ-પ્રસાદ-મનોરથ માટે વૈષ્ણવ જનતાને ભેગા થવા લોભાવ્યા. આનો પરિણામ આ થયો કે અનુગામી જનતા અને ન્યાયપ્રક્રિયા બન્ને આ અપસિદ્ધાન્તને જ પુષ્ટિમાર્ગીય ધર્મ(૧૨) માની બેઠા છે ! જ્યારેકે હકીકતમાં તો આપણી ભગવદારાધનામાં પોતાના ખાનગી ભક્તજનો શિવાય બીજાને દર્શન કરાવવું સર્વથા વર્જિત માનવામાં આવ્યું હતું (દ્ર.સિ.વ.૩) કોઇકને ભગવત્સેવામાટે પોતે ધન આપવું કે પોતાની ભગવત્સેવા માટે બીજાનું ધન લેવું તે બન્ને જ અતિશય ગર્હિત વાત માનવામાં આવી છે. બીજાની ભગત્સેવામાં ધનપ્રદાન કરીને પ્રસાદ લેવું કે તેમ વેચવું તો ભક્તિમાર્ગીય સીમાની બાહેર જઇને ભક્તિની ઘોર ખોદવા જેવું પાર વિનાનું ગર્હિત કૃત્ય છે (દ્ર.સિ.વ.૨,૪,૭,૧૧ તથા અમૃ.વચ.૨,૩,૪,૫,૭,૯,૧૧,૧૩,૧૫,૧૭,૧૮). આવા સ્પષ્ટીકરણ કાં તો મુંબઇના ઉચ્ચ ન્યાયાલયમાં સુનાવણી વખતે રજુ કરવામાં નહિં આવ્યું હોય અથવા તો ન્યાયાધીશોએ તેના ઉપર કાળજી પૂર્વક ધ્યાન નહિં આપ્યું હોય. ગોસ્વામીઓના ઘરોમાં ભગવત્સેવા કરવાના જનતાના અધિકારની વાત સિદ્ધાન્તતઃ સર્વથા અપ્રસક્ત હોવી જોઇતી હતી; કેમકે બ્રહ્મસમ્બન્ધદીક્ષા તો વૈષ્ણવોને તેઓના પોતાના ઘરોમાં જ જાતે જ ભગવાન્ના સ્વરૂપની સેવાને એક અવશ્યકર્તવ્ય રૂપે નભાવવા માટે અનુબંધિત કરતી હતી(સિદ્ધા.વચ.૫, અમૃ.વચ.૩,૫,૬,૧૧,૧૨,૧૯,૨૧). પરન્તુ વ્યવહારની વિપરીતતાએ સિદ્ધાન્તનું ચિત્ર જ વિકૃત બનાવી દીધું.

ઉદાહરણ રૂપે ઉપનયન-સંસ્કાર પછી જ બ્રાહ્મણ ક્ષત્રિય કે વૈશ્ય ના પુત્રોને વિવાહ કરવાનો અધિકારી માનવામાં આવતો હતો. આ અધિકાર યોગ્યતા કે કર્તવ્ય ના અર્થમાં પ્રયુક્ત 'અધિકાર' શબ્દ છે, કોઇકની કન્યા ઉપર પોતાને પરણવા કે હઠાત્ પત્ની બનાવી લેવાના હક્ક જણાવી ન્યાયાલયમાં દાવા રજુ કરવાના અર્થમાં નહિં. આથી વિપરીત પુત્રનો પોતાના પિતામહની સમ્પત્તિમાં દાયાધિકાર કેવલ યોગ્યતાના અર્થમાં ન હોઇ વયસ્ક થતાં ઉપભોગાનુકૂલ સ્વામિત્વના અર્થમાં હોય છે. આમ સેવાના અધિકાર સ્વરૂપ અને પ્રયોજન ની બાબતમાં સિદ્ધાન્તાભિમત રૂપ અને પ્રવર્તમાન ન્યાયનિર્ણયો સાથે સીધી અથડામણની સ્થિતિમાં આવી પડ્યા છે.

આનાથી પણ અધિક ભયંકર પરિસ્થિતિ આ મુકદ્દમાઓ પછી, અસ્સી પ્રતિશત ગુરુની ચરણભેટથી જે મન્દિરનો ખર્ચો ચાલતો હતો તેવી, જુનાગઢની હવેલીની બાબતમાં આપવામાં આવેલ ન્યાયનિર્ણયના કારણે સરજાણી. નાથદ્વારા નડિયાદ મુંબઇ ના મુકદ્દમાઓમાં આમ કહેવામાં આવ્યું હતું કે વૈષ્ણવ સાક્ષાત્ ભગવત્સેવા નથી કરતી પરન્તુ પુષ્ટિમાર્ગીય હવેલીઓમાં રહેનાર ગોસ્વામીઓ દ્વારા પોતે પોતાના મનોરથને અનુસાર દ્રવ્ય પ્રદાન કરી ભગવત્સેવા કરાવતી હોય છે. તેથી ગુજરાતના ઉચ્ચ ન્યાયાલયે હવેલીઓના ગોસ્વામીઓને દેવમૂર્તિની સાક્ષાત્ સેવા દ્વારા જનતાની ધનરાશિને દેવમૂર્તિ સુધી પહોંચાડનારી મોરી (કૉનડ્યૂઇટ્ પાઇપ્) ના રૂપમાં બિરદાવી દીધાં. અને તેથી ધર્મગુરુની હેસિયતમાં તેઓને મળતી ચરણભેંટને પણ દેવોત્તર સમ્પત્તિના રૂપમાં જાહેર ઘોષિત કરી દીધી. કેમકે બ્રહ્મસમ્બન્ધની દીક્ષામાં બધું જ ભગવાન્ને સમર્પિત કરી દેવાની ભાવના દેખાડવામાં આવી છે(૧૩).

આ 'સમર્પણ'='નિવેદન', 'દાન' અને 'ત્યાગ' ની વચ્ચે રહેલ પ્રભેદને સમજ્યા વિના કરવામાં આવેલ વિધાન છે. સમર્પણની પ્રક્રિયાદ્વારા કાંઇક કોઇકને કેવલ ઉપભોગાર્થ જ આપવામાં આવતું હોય છે, આમાં આપનારના સ્વામિત્વનું ન તો ત્યાગ કે ન હસ્તાન્તરણ જ અભિલષિત હોય છે. આથી વિપરીત દાનની પ્રક્રિયાદ્વારા કાંઇક કોઇકને આપવામાં આવે તો આપનાર પોતાનું અપાતી વસ્તુ ઉપર સ્વામિત્વને નિરસ્ત કરીને લેનારના હકમાં તેને હસ્તાન્તરિત કરતો હોય છે (સિદ્ધા.વચ.૧૧). ત્યાગની પ્રક્રિયાદ્વારા ત્યાગ કરનાર છોડવામાં આવતી વસ્તુ

ઉપર પોતાનું સ્વત્વ કે સ્વામિત્વ નિરસ્ત તો કરતો હોય છે પણ અન્ય કોઇકને તે હસ્તાન્તરિત નથી કરતો. કેમકે સમર્પણ, દાન અને ત્યાગ ની વચ્ચે રહેલ આ સૂક્ષ્મ તારતમ્યને ન માનવામાં આવે તો બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેનાર વૈષ્ણવ જનતાના ગૃહ-સમ્પદા-આય સહુ ઉપર સ્વામિત્વ જે હવેલીમાં જેણે બ્રહ્મસમ્બન્ધ લીધું હોય ત્યાં બિરાજતી ભગવન્મૂર્તિનો માન્ય રાખવો જોઇએ! આમ કરતા તો નિરપવાદ પુષ્ટિસમ્પ્રદાયના અનુગામીઓની સમ્પત્તિ કે આય દેવોત્તર બની જતી હોવાથી જાહેર ન્યાસ ઘોષિત થવી જોઈતી હતી!!

હજી સુધી જાહેર દેવાલયોમાં સેવાધિકારી (શેબાઇટ્) ની તેમજ આનુવંશિક ઉત્તરાધિકાર દ્વારા પ્રાપ્ત થતાં વ્યવસ્થાપક હોવાના અધિકારની હેસિયતમાં દેવોત્તર સમ્પત્તિમાં ન્યાયાલયદ્વારા મેળવેલ ભોગાધિકાર વ્યવસ્થાધિકાર અને દાયાધિકાર ને ભોગનાર અમો ગોસ્વામી મહારાજોએ, ખાનગી ન હોય તો વાંધો નહિં પણ ન્યાસીના રૂપમાં તો સમ્પત્તિના ઉપભોગ કરવાની મળેલ છૂટને કારણે સન્તુષ્ટ હતા. આ ચક્કરમાં પરન્તુ ખાનગી ચરણભેંટ પણ ખોવાનો વારો આવતા બધા જ ઉદ્વિગ્ન થઇ ગયા! તેથી મોટે ભાગે બધા જ ગોસ્વામી મહાનુભાવોએ ભયસ્થાન સૂચવવામાં આવતાં પ્રસ્તુત નિબંધકારને આ જુનાગઢના મુકદમામાં, વાદી કે પ્રતિવાદી ન હોવા છતાંય, પ્રસ્તુત મુદ્દાઓ સંકલાયેજ નિજ હિતવાલી ત્રાહિત વ્યક્તિના રૂપે આવેદનકર્તાના રૂપમાં ઉચ્ચતમ ન્યાયાલયમાં ઉપસ્થિત થવા રજામંદીનો અધિકારલેખ લખી આપ્યો. ત્યારે મેં ઉચ્ચ ન્યાયાલયમાં પ્રસ્તુત તે આવેદનમાં ન કેવલ જુનાગઢ બલ્કે નાથદ્વારા-નડિયાદના મુકદમાઓની પણ સૈદ્ધાન્તિક સમીક્ષા રજુ કરી હતી, પ્રકાશિત થતાં તેને જોઇ શકાશે. મુકદમાની સુનવણી વખતે વાદી-પ્રતિવાદી બેઉની વચ્ચે સમગ્ર વિવાદ સમ્પત્તિને જાહેર કે ખાનગી હોવાની બાબતમાં જ ન્યાયાલયમાં ચર્ચાતો રહ્યો. તેથી ન્યાયાધીશોએ પ્રસ્તુત નિબંધકારને ન્યાયાલયના બરખાસ્ત થવાના પહેલા ફકત દસ મિનિટ આપ્યા. ભાર આપી-આપીને ઘણી વખતે જણાવવા છતાંય સૈદ્ધાન્તિક મુદ્દાઓ ઉપર કાંઇક સાંભળવું ન્યાયાધીશોને આવશ્યક નહિ લાગ્યું. તો પણ ગોસ્વામી મહારાજોની ચરણભેંટને જાહેર માનવાના ગુજરાત-ન્યાયાલયના નિર્ણયને અમાન્ય ઠરાવવા શિવાય અન્ય કોઇ પણ બાબતમાં સૈદ્ધાન્તિક મુદ્દાઓ ધ્યાન આપ્યો નહિં. પરિણામસ્વરૂપે જે ગોસ્વામી મહારાજો પ્રસ્તુત નિબંધકારની તરફેણમાં હતા તે પણ આગળ કાંઇ પણ ઝગડો વધારીને આ મુદ્દાને ન ભડકાવવાના મતના થઇ ગયા!!!

આ માટે પુષ્ટિમાર્ગીય ધર્માચાર્યોનું એક સંયુકતઘોષણાપત્ર પ્રકટ કરવાની વાત રજુ કરવામાટે તૈયાર કરવાની યોજનામાં પણ ઘોષણાપત્ર ઉપર હસ્તાક્ષર કર્યા પછી પણ મુકરી જવું આદિ અનેકવિધ રાજકારણ રમાયા. પછી તો પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભામાં પણ તેવી જ ગંદી રાજરમત રમીને તે ચર્ચાને અનિર્ણીત રખાવી દીધી. સાથોસાથ અપસિદ્ધાન્તોના પક્ષને સાચા સિદ્ધાન્તોની રજુઆત કરવાનું નિજ હસ્તાક્ષરો સાથે પ્રમાણપત્ર બક્ષવામાં આવ્યું. તે પણ તે મહાનુભાવો દ્વારા કે જેઓ પોતે ચર્ચાસભામાં અનુપસ્થિત હતા! જ્યારેકે વાસ્તવિકતા એવી હતી કે ઉકત ઘોષણાપત્ર કે ચર્ચાસભા માં વિચારાર્થ રજુ થયેલ સિદ્ધાન્તવચનાવલીના ભાવાનુવાદમાં જે કાંઈ આ નિબંધકારે રજુ કરેલ તેને બધા જ વિરોધી બની ગયેલાઓએ પહેલા સ્વીકૃતિ આપીજ ચુક્યા હતા. નાથદ્વારાના મુકદમામાં પરાજય પછી દિવંગત શ્રીઆર.કે.ભટ્ટ દ્વારા લિખિત 'શ્રીવલ્લભાચાર્યકે દાર્શનિક આચારની પરમ્પરા' નામક પુસ્તિકા જે નાથદ્વારામન્દિરની પ્રબન્ધયોજનાના મસૂદાના રૂપમાં પ્રસ્તાવિત હતી તેની પ્રશંસા-સ્તુતિમાં આજ મહાનુભાવ ઘણું બધું સ્વીકારી જ ચુક્યા હતા (આને વિસ્તારથી જોવું હોય તો પ્રસ્તુત નિબંધકારદ્વારા લિખિત 'વિશોધનિકા' ના ત્રણ ભાગોમાં જોઈ શકાય છે).

મુદ્દો આ નથી કે હું સાચો કે મારો વિરોધ કરનારાઓ સાચા. પરન્તુ [૧] ન્યાયાલયોમાં સિદ્ધાન્તની અપ્રસ્તુતિ [૨] જનતાની સમક્ષ પણ પૂર્વસ્વીકૃત ધારણાઓનો અસ્વીકાર, [૩] વ્યવહારમાં તે જ સિદ્ધાન્તવિપરીત આચારણોના ઉદાહરણોને પ્રોત્સાહિત કરવાની રીતિનીતિ, આ બધી એવી વાતો છે કે જે વર્તમાનમાં પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તોની આધુનિક ન્યાયપ્રણાલીની સાથે અથડામણને માર્ગની ધ્રુવનિયતિ બનાવી નાખતી હોય છે. ખુદ પોતે ઘણા વર્ષો પહેલા સિંહગર્જના સાથે **''...બ્રહ્મસમ્બન્ધ લઇને સેવા કરવાથી પ્રત્યેક ઇન્દ્રિયોનો ભગવાન્માં વિનિયોગ થતો હોય છે... મન્દિર=ગુરુઘર તો ફકત ઉપદેશગ્રહણ કરવા માટે હોય છે. સેવા તો સહુએ પોતપોતાના ઘરોમાં જ કરવાની હોય''** કહેનારા મહાનુભાવ ઉકત સિદ્ધાન્તચર્ચાસભામાં પોતાનો મત મારા વિરોધમાં આપીને એટલે કે ત્યારે વિચારાર્થ પ્રસ્તુત સિદ્ધાન્તવચનાવલીના ભાવાનુવાદના વિરોધમાં આપીને પાછળથી એક દિવસ, મને મળવા પધાર્યા. દબી જબાનમાં મારી સામે સફાઈ આપવા મડ્યા કે વાત તો આપની બધી સાચી જ છે પણ જેઓએ પોતાના ઘરોને જાહેર મન્દિર

ન્યાસના રૂપમાં સરકારી ખાતાઓમાં નોંધાવી લીધા હોય તેઓ ક્યાં જાય? માં કહ્યું ''તેઓ પણ, જ્યાં સુધી કોઈ કાનૂની ઉપાય જડી નથી જતો ત્યાં સુધી, સ્વમાર્ગીય સિદ્ધાન્ત તો ખુલી રીતે જાહેરમાં ઉપદેશ રૂપે કહી તો શકે જ છે ન!''. મારી આ વાત સાંભળીને પ્રસન્ન થઈ ગયા અને બોલ્યા કે *''અચ્છા સિદ્ધાન્ત ફક્ત જનતાની સામે કહેવા સારૂં કહેવાનું આપ કહી રહ્યા છો! અમે તો એમ સમજી બેઠા કે તે મુજબ આચરણ કરવા ઉપર આપ ભાર આપી રહ્યા છો! મારૂં તો હૃદય જ કબૂલ નહોતું કરતું કે શ્યામ મનોહરજી આવી અવ્યાવહારિક વાત કરી કેમ શકે !!''* આવી મારી પ્રશંસા સાંભળીને હું તો સાવ હતપ્રભ બની ગયો! પહેલા પણ કેટલાક પ્રસંગોમાં મારી ક્ષતિઓની નિન્દા સાંભળીને પણ જીવનમાં કદી આટલો લજ્જિત હું નહોતો થયો!

આ કાંઈ વ્યક્તિનિંદાના રૂપમાં પ્રકટ નથી કરી રહ્યો પરન્તુ મોટા ભાગના અમો ગોસ્વામીઓની સ્વસિદ્ધાંતમાં અસ્થિર આસ્થા અને તત્કાલિક લૌકિક સ્વાર્થપૂર્ણ હિતોની સરખામણીમાં સનાતન આત્મિક હિતોની અવહેલના ની બાલિશ મનોવૃત્તિના નિદર્શનાર્થ જ છે. કેમકે આ કારણે અપના વાસ્તવિક દૂરંગામી હિત આપણને બહુધા બુદ્ધિંગત થતાં નથી અને માર ખાતા રહીએ છીએ. સ્વાતંત્ર્ય મળ્યા પહેલા દેશમાં અમરેલીની હવેલીની બાબતમાં તે સાર્વજનિક દેવાલય છે કે ખાનગી, આ બાબતમાં એક મુકદ્દમા ગાયકવાડી રાજ્યમાં ચાલ્યો હતો, તે દુર્નિયતિ જોતાં સમજી શકાય એવી ઘટના છે. તે વખતે સિદ્ધાંતના જાણકાર શાસ્ત્રીઓ અને સુવિજ્ઞ વૈષ્ણવ પ્રતિનિધિઓ ની જુબાની સાંભળીને રિયાસતી અદાલતે અમરેલીની હવેલીને ખાનગી ઠરાવી હતી. જુનાગઢ મુકદ્દમામાં આ ન્યાયનિર્ણયને ઉદ્ધૃત પણ કર્યો હતો, દલીલ વખતે; અને તેના ઉપર ન્યાયાધીશોનું ધ્યાન ખેચવામાં આવ્યું હતું. ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશોએ પરન્તુ તેને એટલા માટે મહત્ત્વપૂર્ણ પ્રમાણ નહિં માન્યું; કેમકે, પોતાના પક્ષમાં આવેલ ચુકાદા મેળવીને પણ ત્યાનાં મહારાજશ્રીએ પોતે જ થોડાક વર્ષો પછી જાહેર દેવાલય ન્યાસ તરીકે સાર્વજનિક ન્યાસ રૂપે નોંધાવી લીધી! સિદ્ધાંતોની બાબતમાં આપણી આવી અસ્થિર નિષ્ઠા આપણી સેવાના નિર્બાધ સિદ્ધાંતાનુરૂપ અનુસરણમાં સહુથી મોટો પ્રતિબંધ છે. કાનૂની પ્રતિબંધ તો બહુધા આ અસ્થિરનિષ્ઠાને કારણે જ આપણી ઉપર લદાઈ જતાં હોય છે.

હાલમાં દ્વારકાધામના મન્દિરોમાં જે ગુગુલી બ્રાહ્મણોનો પૂજાધિકાર છે તેમાં કોઇકના પુત્રહીન હોવાને પિતાનો અધિકાર પુત્રીને મળવો જોઇએ કેમકે આર્થિક લાભના પદનો વારસો પુત્રી અને પુત્ર નો સમાન હોવાનો કાનૂન છે. આવી સ્થિતિમાં આપણાં સેવ્ય ભગવદ્‌વિગ્રહની સેવાનો અધિકાર પણ જો આર્થિક લાભવાલો પદ હોય તો આવી રજુઆત ન્યાયાલયમાં કોઇક કરશે તો ગોસ્વામીતર પરિવારોમાં પરિણીત બેટીજીઓનો, તે પછી આજે પ્રવર્તમાન યુગ મુજબ વર્ણાન્તર કે ધર્માન્તર માં તે વિવાહિત કેમ ન હોય સ્વીકારવો પડશે. આરક્ષણનીતિને નેજા હેઠલ અનુસૂચિત જ્ઞાતિજનોનો પણ આપણી ભગવત્સેવામાં સેવાકર્તાની બટાલિયનમાં કાંઇક ને કાંઇક આનુપાતિક અધિકાર સ્વીકારવો પડશે. પછી તો પદોન્નતિની પ્રક્રિયામાં આરક્ષણનો મુદ્દો ઉઠતા તેમને પણ ગોસ્વામીતર પુત્રીવંશજોના અધિકારની માફક પુષ્ટિમાર્ગીય હવેલિઓમાં ગોસ્વામિપદઉપર પણ કાંઇક ન કાંઇક તો ઉન્નતિ આપવી પડશે. કેમકે હવે આપણી ભગવત્સેવાને અમો ગોસ્વામી મહાનુભાવાઓએ પોતે ચલાવીને સાર્વજનિક અનુષ્ઠાન હોવાનું કાનૂની રીતે સ્વીકારી લીધો છે. આવી પરિસ્થિતિમાં હાલમાં કથાવાચક કિરીટ ભાઈફટાણિયાને બ્રહ્મસમ્બન્ધ દીક્ષા પ્રદાન કરવાનો અધિકાર છે કે નથી આ બાબતમાં જે વિવાદ સમ્પ્રદાયમાં ચર્ચાઈ રહ્યો છે, તેમાં સ્વમાર્ગીય પરંપરાના ભારવાહી અમો વલ્લભવંશજોને પરંપરાના ભારની સાથોસાથ કિરીટભાઈ જેવાઓનો પણ દીક્ષાધિકાર વોહરવો જ પડશે!

અન્તમાં પુષ્ટિમાર્ગની સનાતન બદનામીનો સનાતન ઠપ્પા(!) જેવો 'શ્રીયદુનાથજી મહારાજ લાયબલકેસ' ની બાબતમાં કાંઇક જોઈ લેવું ઉચિત લાગે છે. આ કેસના મૂલમાં બે વિવાદ હતા : [૧]અપુષ્ટિમાર્ગીય મહાદેવમન્દિરમાં છપ્પનભોગનો મનોરથ થઈ શકે કે નહિં? [૨]વિધવા સ્ત્રીનો પુનર્વિવાહ થઈ શકે કે નહિં?

આ બન્ને બાબતોમાં પુષ્ટિમાર્ગના ધર્મગુરુઓએ ત્યારે મોટું તોફાન મચાવ્યું હતું કે સનાતનધર્મના શાસ્ત્રોના આધારે આમ થઈ શકતું નથી.

તે વખતે [ક]શિવજીના ભક્તોની, [ખ]સુધારવાદીઓની અને મુંબઇમાં હવે 'વી.પી.રોડ' તરીકે ઓળખાતા માર્ગઉપર ત્યારે ખુલેલા [ગ]ખ્રિસ્તી ચર્ચના પાદરી

વિલ્સન ની એક સંયુક્ત ધરી પુષ્ટિમાર્ગના વિરોધમાં સામે આવીને ઉભી થઈ ગયી હતી.

[ક]આ શિવભક્ત બ્રાહ્મણો અને વલ્લભવંશજ ગોસ્વામી મહાનુભાવો નો ત્યારે પારસ્પરિક સામ્પ્રદાયિક વૈમનસ્ય કામ કરી રહ્યું હતું. ડોઢ સો વર્ષપૂર્વ મુંબઇના ભુલેશ્વર મહાદેવ મન્દિરમાં કેટલાક લોગોએ છપ્પનભોગના મનોરથનું આયોજન કર્યું હતું. ત્યારે છપ્પનભોગની આયોજનોની પ્રતિસ્પર્ધામાં પુષ્ટિમાર્ગ કરતા મહાદેવમન્દિર આગળ વધીને જનતામાં આકર્ષણ ક્યાંક ઉભું ન કરે આ ભીતિને કારણે તેના વિરુદ્ધ પુષ્ટિમાર્ગીય ધર્મગુરુઓએ ઝગડો છેડ્યો. કેમકે તેઓના વિચાર મુજબ આ તો ફક્ત પુષ્ટિમાર્ગીય હવેલિઓમાં જ થઈ શકતું હતું. સૈદ્ધાન્તિક વાસ્તવિકતા જ્યારેકે આ છે કે પોતે પોતાના દ્રવ્યથી, મોટી-મોટી છાબડીઓમાં ભરાય તેવી સામગ્રી કે માટલા જેવા મોટા બુંદીના લાડવાની જરૂરત નથી નાની-નાની કટોરી પણ ચાલી શકે, પોતાને ઘરે બિરાજતા પ્રભુની સેવામાં આવી લીલાભાવનાના મનોરથરૂપે આવો મનોરથ કરવો હોય તો ''નન્દગાંવના વડા ગોપ શ્રીનન્દરાયજીએ બરસાનાના વડા ગોપ શ્રીવૃષભાનજીને તેમના ગામના બીજા પણ ગોપજનો સમેત ગોઠમાં શામેલ થવા આમન્ત્રિત કર્યા'' તે મનોરથ કરી શકાય છે. કોઈ પણ પુષ્ટિમાર્ગીય શામાટે છપ્પનભોગ ન કરી શકે ? અને જો આ રીતની લીલાભાવના વિના ફક્ત જાહેર પ્રદર્શન જ ફક્ત સામગ્રીનું કરવું હોય તો કોઈ પણ સમ્પ્રદાય પોતાના આરાધ્યને છપ્પન કે ત્રણ ગણી એક સૌ અડસઠ જાતની ભોગસામગ્રી શામાટે ધરી નથી શકતો ?

અહિં આ ઉલ્લેખ અસ્થાને નહિં ગણાય કે હકીકતમાં તો ૫૬ x ૩ = ૧૬૮ થી પણ વધારે ખાદ્યસામગ્રી આપણે ત્યાં ભગવાન્ને ભોગમાં ધરાતી હશે. તોપણ સાધારણ જનતાની સામે આ લોભામણું રજુ કરવામાં આવતુ હોય છે કે ૮૪,૦૦૦૦૦ યોનિઓ પછી મળતી અન્તિમ માનવયોનિ મળતાં ફરીથી બીજી ૮૩,૯૯૯૯૯ યોનિઓનો ચક્કર ચાલુ ન થાય તેનામાટે છપ્પનભોગમાં સામગ્રીની ભેંટ જમા કરાવવી અને દર્શન કરવા આવવું જોઇએ. કેમકે ''૮૪+૩+૯+૯+૯+૯+૯ (યોનિઓ) ન=૫૬'' યોગ થતો હોય છે. તો છપ્પનભોગના ઉત્સવમાં ભેંટ-દર્શન-પ્રસાદગ્રહણ દ્વારા મુક્ત થઈ શકાય છે ! સવાલ આ નથી કે ખરેખર આવા કુરુચિપૂર્ણ હાસ્યાસ્પદ વ્યાવસાયિક સામગ્રીપ્રદર્શનોત્સવમાં શામેલ થવાથી ચૌરાસી લાખ યોનિઓનો

ચક્કર ખતમ થાય છે કે નહિં ! ભીષણ સમસ્યા તો આ છે કે જ્યારે આપણે આરાધ્ય સ્વરૂપની સામે છપ્પનભોગની સજાવટના પ્રદર્શનનું પ્રયોજન કે આયોજન સેવ્યસ્વરૂપની સેવાને ઠેકાણે જનતાના ઉદ્ધારના જાહેર પ્રયોજનાર્થે કરતા હોઇએ તો, તે ભક્તિભાવરૂપ ન હોઈ એક ફોકટ કર્મકાણ્ડ બની જતો હોય છે. આ તો ભુલેશ્વરના મહાદેવજીના મન્દિરની માફક ખ્રિસ્તી ચર્ચ કે મુસલ્માની દરગાહ કે પંચતારક હોટલ કે ફ્લબહૉલ માં પણ શામાટે થઈ શકતો નથી ? તેથી યા તો ભક્તિના આવા વ્યાવસાયિક પ્રદર્શનોમાં ભોગસામગ્રીની સંખ્યા સર્વથા ૫૬ જ રાખવી જોઇએ અન્યથા ''(૮૪,૦૦૦૦૦-૧)=(૮+૩+૯+૯ +૯+૯+૯)=૫૬ ભોગ'' સમીકરણ ત્રુટિપૂર્ણ લાગ્યા વિના રહેતો નથી ! ખૈર આ તો હાસ્યાસ્પદ બાલિશ લોભામણાનું કાંઈ પણ સૈદ્ધાન્તિક કે વૈચારિક અથવા ભાવનાત્મક મહત્ત્વ તો હોતું નથી. તો પણ આ કારણે આપણા સમ્પ્રદાયમાં કરવામાં આવતી ભગવત્સેવા ન તો પુષ્ટિભક્તિરૂપ ન પુષ્ટિભક્ત્યર્થ ન આત્મોદ્ધારાર્થ હી પરન્તુ કાનૂની રીતે જનતાના દ્રવ્યથકી જનતામાટે જનતાના પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવતું તથાકથિત ધાર્મિક કર્મકાણ્ડ હોવાથી આપણા સેવ્યસ્વરૂપ સેવાસ્થલ સેવાપ્રયોજન અને સેવાસ્વરૂપ ને સાર્વજનિક સિદ્ધ કરવાના પ્રબળ હેતુ સિદ્ધ થઈ જાય છે. વિસ્મયજનક વાત આ છે કે આ મુદ્દા ઉપર પણ આપણે કાયમ ન રહ્યા અને હવે અપુષ્ટિમાર્ગીય મન્દિરોમાં પોતે ગોસ્વામી મહારાજશ્રીઓ સમ્મિલિત થવા લાગ્યા ! ખૈર (૧૪).

[ખ]હિન્દુ-સુધારાવાદી કવિ નર્મદ પોતે કોઇક વિધવા સ્ત્રીના પ્રત્યે આસક્ત હોવાને કારણે ત્યારે વિધવાવિવાહની પૈરવી કરી રહ્યો હતો (૧૫). તેણે ગોસ્વામી શ્રીયદુનાથજીને આ બાબતમાં સહમત કરવાનું ચાહ્યું. આમ તો પુષ્ટિભક્તિના સિદ્ધાન્તની દૃષ્ટિએ જોતાં પોતે મહાપ્રભુ તો **''વર્ણાશ્રમને અનુસરવા માગતા અધિકારીઓમાટે મુખ્ય ધર્મ તો નષ્ટ થયો હોવા છતાંય છલથી તેને કરવા કે અનુસરવા જતાં કોઈ જાતનો નો ધર્મ તો સિદ્ધ થતો નથી કે ન તે મોક્ષદાયક નીવડી શકે છે''** - **''તો પણ ધર્મમાર્ગમાં રહીને બુદ્ધિમાન પુરુષે શ્રીકૃષ્ણને ભજવા જોઇએ''** (ત.દી.નિ.૨।૨૨૩-૨૧૫) ખુલાસો આપી ચુક્યા છે. તો પણ વિધવાવિવાહના સનાતન વર્ણાશ્રમધર્મથી વિરુદ્ધ હોવાનો વિવાદ ચગાવીને વ્યર્થમાં પુષ્ટિસમ્પ્રદાયને બદનામ કરવાનો આપણે પુરુષાર્થ આદર્યો. જ્યારેકે આજીવિકા રળવા દેવમૂર્તિની આરાધના કરનારાઓ પોતે અસત્ શૂદ્રથી વધૂ જઘન્યકોટિના પતિત બની જતા

હોય છે, પક્વાન્નરૂપ પ્રસાદ વિક્રય કરનારાઓ તો સદ્યઃપતિત બની જતા હોય છે, આવી વર્ણાશ્રમશાસ્ત્રોની વ્યવસ્થા આપણા ભજનની રીતભાત સામે વિરોધમાં મુખરિત હતી જ. આવી સ્થિતિમાં કોઈ વિધવા સ્ત્રી; કે તેની સાથે વિવાહ કરનાર પુરુષ, આથી વધારે કેટલો જઘન્ય અધઃપતિત થવાનો હતો ? અને કદાચ થવાનો હોત તો થઈ જાત ! વર્ણાશ્રમશાસ્ત્રોના પાબંદ બીજા પણ સનાતનીઓ હતા તેઓ આપણને માર ખાઈ રહ્યા ત્યારે બચાવવા આવ્યા નહિં ! તો પણ નાહકમાં સનાતનધર્મના ઠેકેદાર બની આપણે 'મહારાજ-લાયબલ' કેસની દુર્ઘટના પોતે આમન્ત્રિત કરી હતી. હેતુ ફકત એક જ : ન તો વર્ણાશ્રમધર્મમાં આપણી નિષ્ઠા સ્થિર કે પાકી હતી કે ન વર્ણાશ્રમધર્મના વિરોધકે સુધારામાં જ. બીજું તો બધું જવા દઇએ વર્ણાશ્રમધર્મમાં ન બંધનારી પુષ્ટિભક્તિમાં પણ આપણી નિષ્ઠા સ્થિર નહોતી કે આજે પણ નથી ! આજે પણ વર્ણાશ્રમધર્મ પ્રમાણે નિષિદ્ધ હોવા છતાંય આપણે છૂટથી યૂરોપ-અમરીકાની યાત્રા ડૉલર વિ. મોઘી મુદ્રાઓના લાભને કારણે લોભામણી લાગતી હોય છે. તે દેશોની યાત્રા કર્યા પછી યાત્રાએ જવાથી અપવિત્રતાને દૂર કરવા પ્રાયશ્ચિત્ત ઔર નિયત કરી રાખવામાં આવ્યું છે. તે પણ ૧૨,૦૦૦ ગાયોનું દાન કાશીના પણ્ડિતોએ બતાવ્યું હતું, જેના નિમિત્તરૂપે હવે કુલ પાંચ હજાર રુપયા ઠરાવવામાં આવ્યા છે ! આટલી ક્ષુદ્ર ધનરાશિમાં તો પ્લાસ્ટિકની પણ ૧૨૦૦૦ ગાયો ખરીદી કે દાન માં આપી નથી શકાતી ! આ છે આપણી અસ્થિર ધર્મનિષ્ઠાનું અકાણ્ડ તાણ્ડવ ! હવે તો તો પોતે મહારાજોને પણ પુનર્વિવાહ કે વિધવાવિવાહ માં કોઈ ગમ્ભીર આપત્તિ નથી લાગતી !

[૧૭] હિન્દુધર્મના ગ્રન્થોના અધ્યયન કરનાર યુરોપના વિદ્વાનોને ત્યારે લાગતું હતું કે ઋગ્વેદ વિ. સંહિતાઓમાં વર્ણિત ધર્મ તો એમેય પ્રભાવહીન બની ગયો છે. ભારતમાં જે કાંઈ ચાલી રહ્યું છે તે તો શૈવ વૈષ્ણવ શાક્ત વિ. પૌરાણિક ધર્મ જ. તેથી તેઓને જો સમાપ્ત કરી શકાતું હોય તો ખ્રિસ્તી ધર્મના પ્રચારને મુક્ત વાતાવરણ મળી રહેશે. તેથી મેક્સમૂલર (૧૬), મોનિયર વિલિયમ (૧૭), ઉપર જણાવાયેલ ચર્ચના પાદરી વિલ્સન વિ. અનેક ભારતીયવિદ્યાવિદો આ દિશામાં પુરુષાર્થ પ્રારમ્ભ્યો હતો. સાથોસાથ પોતે હિન્દુઓમાં ભીતરથી સુધારાની હવા ચલાવવા નવા-નવા પન્થો પણ શરુ કરાવવામાં આવ્યા હતા. આવો હતો સિનારિયો ત્યારનો (૧૮). હવે તો પોતે યૂરોપ-અમરીકાના લોકો આપણાં પૌરાણિક ધર્મના વિવિધ સમ્પ્રદાયોમાં દીક્ષિત અનુયાયી બની તેમનું અનુસરણ કરવા લાગ્યા છે.

ત્યારે છપ્પનભોગ કુંડવારા વિગેરે વ્યાવસાયિક પ્રદર્શનો સાથોસાથ આપણે પ્રાચીન યજ્ઞયાગાદિ અને ખેચરીયોગ જેવી સાધનાઓ પોતાના પ્રભાવવૃદ્ધિ અને આર્થિક લાભકારી હોવાથી તેના માર્ગદર્શન આપવાના મનસૂબા બાંધવા મંડ્યા છીએ. આમ ફરી એક વખત આપણી અધૂરી નિષ્ઠા આપણને અન્તરરાષ્ટ્રિય સ્તર ઉપર ફ્યાંક લઇ ન ડૂબે !

આ હતા મૂલ હેતુ આપણને લાયબલ કેસનો દાવા માંડવા મજબૂર કરનારા. તેના પછી તો તે દાવામાં આપણે ત્યાંનો ભગવત્સમર્પણનો દિવ્ય સિદ્ધાન્તની અનૈતિક વ્યભિચારને પ્રોત્સાહિત કરનાર સિદ્ધાન્ત અને સમ્પ્રદાયની દીક્ષાના રૂપે વિકૃત વ્યાખ્યા કરી નાખવામાં આવી, અંગ્રેજ ન્યાયાધીશોએ, લાયબલ કેસનો મુકદમો દાયર કરનાર શ્રીયદુનાથજી ઉપર જે અપમાનજનક આરોપ હતા તેમને શંકારહિત સિદ્ધ ન હોવાને કારણે મહારાજશ્રીની પ્રતિષ્ઠા અભિયાચિત પચાસ હજારને ઠેકાણે પચાસ પૈસા માની એમને આરોપમુક્ત કર્યા પણ માર્ગના સિદ્ધાન્તો જે રીતે વગોવાયા તે ચૂંથણી કોઇક ને કોઇક બહાને અવારનવાર છાપામાં લખાતા લેખો કે ગ્રન્થો માં પ્રકટ થતીજ રહે છે !

૭.વર્તમાન અથડામણના નિવારણના ઉપાય :

નિષ્કર્ષરૂપે કહેવા માગીશ કે પોતાની ભીતર ભરેલા પુષ્ટિભક્તિના બીજભાવથી આશ્વસ્ત અને પ્રતિબદ્ધ પુષ્ટિજીવમાટે સાધારણ કે અસાધારણ, સહ્ય કે અસહ્ય, બધી જાતના પ્રતિબન્ધો પુષ્ટિપ્રભુની કોઈ અકળ લીલાના અનુભાવો તરીકે માણી ન પણ શકાતા હોય તોય માની તો શકાય જ છે. પરન્તુ ભગવત્સેવા કે ભગવદ્ભક્તિ માં નડતા પ્રતિબન્ધોના જ આપણે બંધાણી બની રહેવા માગતા હોઇશું તો આપણાં પ્રતિબંધોને ભગવલ્લીલાના રૂપે જોવાનો કે માણવાનો આપણો ભાવ જ ભગવત્સેવામાં સહુથી મોટો પ્રતિબન્ધ બની જતો હોય ! આમાં શંકાને કોઈ અવકાશ નથી. પુષ્ટિસૃષ્ટિના જીવોની ભીતર પુષ્ટિબીજ પુષ્ટિપ્રભુએ ક્યા પ્રયોજનથી વાવ્યું છે તે સભાનતા જો પુષ્ટિજીવોમાં જળવાઈ રહે અત્યન્ત વિરોધી વાતાવરણમાં પુષ્ટિભાવને કેવી રીતે સાચવી રાખવો તેનો પ્રકાર વગર કહે પણ પોતે સ્ફુરાયમાણ થઈ જશે. પણ પુષ્ટિજીવે કેવા પ્રતિબન્ધનો પ્રતીકાર કેવા પ્રકારે કરવો તે સમ્ભાવનાની વિસ્તૃત સૂચિ આપતાં કે મેળવી લીધા પછી પણ પોતાના સ્વરૂપના પ્રયોજનની બાબતમાં સભાનતા ખોઈ નાખનારને બચાવવું સહેલું હોતું નથી. તેથી હજી પણ

સમય રહેતા આપણે આપણાં આચાર્યચરણની વાણીમાં હાર્દિક નિષ્ઠા આપણે ખીલવી શકીએ તે મુજબ વૈષ્ણવ જનતાને પણ પ્રેરિત કરીને આચાર્યોચિત નિર્ભીકતા અને જવાબદારી સ્વીકારીએ તો માર્ગનો વાસ્તવિક ઉત્કર્ષ કેમ ન સાધી શકાય !, આવશ્યકતા છે સાચા હૃદયથી ભગવદાશ્રયની, વાકપતિની વાણીની સાથે પોતાની પ્રતિબદ્ધતાની અને આપણી ચાર્વાકો જેવી મનોગ્રન્થિના છેદનની કે ''આગે ભી જાને ન તૂ પીછે ભી જાને ન તૂ જો ભી છે બસ યહી એક પલ હૈ !''

અન્તમાં શ્રીહરિરાય મહાપ્રભુના શબ્દોમાં કાંઇક કહેવાનું હોય તો કહેવા માગીશ કે –

''પુનઃ ક્વ ત્રિદશં જન્મ ? ક્વ આચાર્યચરણાશ્રયઃ ? ક્વ સાધનસમ્પત્તિઃ, સામગ્રી દુર્લભા અખિલા ?

દયાલો ! દીનસૌહાર્દ !!, સ્વસેવાવિમુખં જનં સેવાયાં સતતં પ્રવર્તય, પરાત્પર !!!''

(સ્વપ્રભુવિજ્ઞપ્તિ : ૧૧-૧૨).

સકલાન્તરાત્મા શ્રીહરિઃ પ્રસન્નો ભવતુ !

::સન્દર્ભસૂચી::

(૧)શ્રીનાથજીને ઉદયપુરરાજ્યના સિંહાડ ગામમાં બિરાજવાની સુવિધાપ્રદાન કરતી વખતે ગોસ્વામિતિલકાયિતની માફક મહારાણા ઉદયપુરની પણ સમજ આજ હતી કે પરિસ્થિતિ સુધરતાં શ્રીનાથજી પુનઃ વ્રજ પધારી જવાના છે :

""Maharajadhiraj Maharana Shri Rajsinghji commands from the auspicious Udaipur the Jagirdar of Sinhad and Brahmans and all inhabitants. Be it known that Shrinathji residing at Sinhad let uncultivated land as may desire be cultivated till such time, when Shrinathji goes back to Brij the land of those to whom it belong will... in fact. If any one then obstructs in any way he will be rebuked. Grant masani loghs in smt.1729 on Asoj sudi 15 Thursday.'', ""Maharana Maharajadhiraj Shri Rajsinghji commands from the auspisious place of victory. Brahman Joshi Krisna Khemia Mohan Hari Jagha and Hava Pitha and all inhabitants of the Kheda of Sinhad. Be it known that when Shrinathji goes to Brij from Sinhad Brahmins will get the land which is of the Brahmins. They will get the land as is entered in previous records. So long as Shrinathji... Loghu in smt.1736 on Bhadwa sudi 6 Monday.''

(As an Annexture No.5/13, 5/13A along with appppeal in Supreme Court

case no.652 and 757 in the year 1962 by T.G. against State of Rajsthan)

(૨-૩)મહારાણા ઉદયપુર દ્વારા ભારતના અંગ્રેજ ગવર્નર જનરલને તા. ૧૭ જનવરી ૧૮૨૫ ના દિવસે મોકલાવેલ પત્ર :

""In time of Maharana Rajsingji the God Shri Govaerdhannathji and the ancestors of Gosainji or the High Priest of the Vaishnavas came from Brij to Mewar in the month of Falgun Samvat 1735. Our ancestors kept the Thakurji Maharaj and the Gosainji Maharaj at the village of Sinhad... After this our ancestors and all other Rajas great or little i.e. Jaipur Jodhpur Bundi Kota etc. became followers of that religion and agreed to obey orders... These are the practices and usages confirmed from old times of our ancestors. All the former Rajas and chiefs of Hindosthan did obey and the present to obey the orders of Sri Thakurji and Sri Gusainji Maharaj. The orders will not be departed in any way... As a friend I earnestly request Government to issue orders to the several Agents of Government, accredited at the courts of the different Rajas to see that in any case in which the Maharaj is concerned, no agent is to raise any dispute with regard to the above-

mentioned matters '' (As an Annexture No.13 along with appppeal in Supreme Court case no.652 and 757 in the year 1962 by T.G. against State of Rajsthan).

(૪)ફરમાન બ-આલાશાન અતિએ જલાલુદ્દિન મોહમ્મદ અકબર બાદશાહે ગાઝી :

''ઇસમુબારિકવખત્તમેં ફરમાન જારીહુવાકિગુસાંઈ વિઁલરાય સાકિન ગોકુલ મોજા જતિપુરા મુત્તસિલ પરગને ગોરધન માં જમીંદ્દારોંકો રુપયા દે કર જમીન ખરીદ કર મકાનાત વ બાગાત વ ગાયોં કે ખિડક વ મંદ્દિર ગોરધનનાથ કે કારખાને તૈયાર કરા કર રહતા હૈ. ઇસલિયે હુકમ જારી હુવા કિ ઊપર લિખે મોઝેકો ગુસાંઈ મજકૂર કે કબ્જેમેં નસલન બાદ નસલ માફ વા બાગુજાશ્ત છોડા ગયા હૈ. ઇસલિયે મોજૂદા વ આઇન્દા હોનેવાલે હાકિમ, આમિલ, મુહિમ્મો યા મુતસદ્દી ક્રોડી, જાગીરદાર વ જમીંદ્દાર ઇસ બડે હુકમકી તામીલ કર મોઝે મઝકૂરકો કો મય ઝમીન ઝર ખરીદ કે ઉસકે કબ્જેમેં નસલન બાદ નસલ રહને દેવેં. ઔર અબવાબ મમનૂઆ તકાલીફ દીવાની વ મતાલબાત સુલતાની વ માલ વજહાત વ કુલ અવારિઝાત વ સરદરખતી વહાં કે બાબત મુઝાહમ ન હો કર એતરાઝ ન કરેં. ઔર હર સાલ નયા ફરમાન વ પરવાના ન માંગે વ ઇસકે ખિલાફ ન કરેં. તાકે મારિફત આગાહ ગુસાંઈ બાદશાહી મહરબાનિયોં સે મશકૂર હો કર ઇસ સલ્તનત કે હમેંશા કાયામ કી દુઆ કરતા રહે. તહરીર તારીખ ૯ ખુરદાદ માહ ઇલાહી ૩૯ જલૂસી (મુતાબિક ૧૫૯૪ ઇસ્વી).

(૫)નાથદ્વારાની ગાદીના ઉત્તરાધિકારના વિવાદમાં ઉદયપુરરાજ્યના ત્રણ મહારાણાઓ (A)ભીમસિંહજી દ્વારા તા. ૨૫/૯/૧૮૨૬ ના દિવસે, (B)સજ્જનસિંહજી દ્વારા દિ.૨૫/૩/૧૮૭૩ તથા (C)ઉદયપુરરાજ્યના મહારાણાના કાર્યાલયથી જારી કરવામાં આવેલ તા..૧૦/૧૦/૧૯૩૩ તથા દિ.૨૩/૩/૧૯૪૮ ના દિવસે રાજ્ઞાપત્ર :

(A)""Father Gosain Shri Damodarji Maharaj has departed this life, after

which Gosain Gopeshwarji and Shri Krishnraiji having raised despute... you were found to be in the right. No one else has therefore heritable right to your house(estste), you are Malik (owner) of the Shriji's sewa...''. ""Our salutation be known... to Shri Shri Shri Dadi Kamala Bahuji Maharaj... Moreover you may do service and worship of Shriji(God) in accordance with your wishes. It is your house. You are the owner. You live with pleasure.''

(ibid.Annexture 5/4-5).

(B)""... on 8th may 1876 A.D.... Shri Maharajadhiraj Shri Sajjansinghji... and the politica agent... Bahadur of Mewar enthroned on the seat of divine estate of Nathdwara Shri lalbaba Shrigovardhanlalji Maharaj after reminding him for the said seat... Goswami Maharajshri Govardhanlalji Maharaj will enjoy the whole income movable and immovable concerned with the temple of Nathdwara. Now the owner of the said Devasthan Nathdwara and the properties of all kinds movable and immovaaable connected with it will be of the said Tilkayat Goswami Maharajshri Govardhanlalji alone . The said removed Maharajshri Giridharilalji

has no connection what so ever with the said Devasthan Nathdwara. Dt.25th March 1878 A.D...

(ibid. Annexture 15)

(C)""Nathdwara estate [Note: like the other 16 estates of jagirdars of the then Mewar State. But nay, never, the main religious seat of Shri Vallabha's sect] has been established by kingdom of Mewar and is dependent on it, in continuity Tilkayt Goswami Govardhanlalji Maharaj absented himself. The immoral character and the conduct against the eternal usage of his son Damodarlalji has not left him a fit person so that he can be appointed in the place of his father as Tilkayat Goswami of Nathdwara... Beside this on the very day Goswami Govardhalalji also after getting consent with the written letter of Damodarlalji presented the following in writing "if the character of Damodarlalji be not good then he should remain aloof from the office of Tilkayat and the seat, and my grandson Govindlalji will be the owner of the seat' .'' ""Government of Mewar order no.7676 of 1948Š:ŠGovernment are pleased to order that the management of Thikana Nathdwara may be withdrawn with effect

from 1st April 1948. The advisory committee appointed during the period of minority of Tilkayat Goswami Shri Govindlalji Maharaj is also dissolved. Sd. S.V.Rammurty Prime Minister''.

(ibid. Annexture 30)

(6)

""The Tilkayat also expressed his concurrence with the proposal made in this report and signed in token of his agreement. It appears that after orders were issued in accordance with the decision of the Tilkayat, the two templs were treated as part of the bigger temple of Srinathji. This is evident by the resolution which was passed at the meeting of the Power of Attorney Holders of the Tilkayat on the same day i.e. 15 October 1956. One of the resolution passed at the said meeting shows that the proposal regareing the Temple and Baithaks owned by His Holiness stating therein that His Holiness had been pleased to transfer the ownership theirof to Srinathji was considered. That proposal along with the list of temples and Baithaks was produced before the Committee. The Tilkayat was present at the meeting and he confirmed the proposal and put his signatuer thereon

before the Committee. Thereupon, the Committee accepted the proposal with thanks and instructed the Exicutive Officer to the needful in that behalf. Thus, the Tilkayat propossed to the committee of his Power Of Attorney Holders that the two idols and their Baithaks should be transferred from his private estate to the pincipal temple of Srinathji and that proposal was accepted and therafter the two idols were treated as part of the principal temple. After this transfer was thus formally completed it appears that the Tilkayat was inclined to change his mind and so, in submitting to the committee a list of temples and Baithaks transferred by him to the principal temple of Srinathji he put a heading to the list which showed that the said transfer had been made for management and administration only and was not intended to be an absolute transfer. This was done on or about 23 November 1956.''

(T.G.Vs. State of Raj. A.I.R.1963 SC 1638)

(૭)

""The Firman then clearly provides that the Tilkayat Maharaj is merely a Custodian, Manager and Trustee of the

said property and finally determines the nature of the office held by Tilkayat Maharaj. He can claim no better and no higher rights after the Firman was issued [Note:1.Even after the Firman ex-Tilkayat in his declaration of the successor clearly intimated to the State of Mewar that his grandson would be owner of the estat Nathdwara which the State had also taken care to mention without any rebuke 2.If the Tilkayats, were not de facto as well as de jure owners of the Nathdwara estat, where the temple of Shri Nathji was happen to be situated due historical and accidental condition, why the committee was dissolved].

(T.G. Vs. State of Raj. A.I.R.1963 SC 1638 para 34)

(૮)

""If Shri Lal Baba of Goswami (Girdharlalji) Maharaj intends to come here, then it is proper now also that permission be got issued from Shriman Goswami Sri Tilkayat Govindlalji Maharaj for touching of feet and toilet (of deity)... Therefore according to old custom, the independence of Sriaman

Tilkayat Maharaj should be maintained... In this State, the owner is minor..."

(ibid. The Annexture no.10)

(૯)

""(Havelies)... though they are grand and majestik inside, the outside appearance is always attempted to resemble that of a private house. This feature can, however, be easily explained if we recall the fact that during the time when Vitthalnathji with his greate missionary zeal spread the doctrine of Vallabh, Hindu temples were constantly faced with the danger of attack from Aurangzeb... Faced with this immediate problem Vitthalnathji may have started building the temples in the form of Havelies so that outside nobody should knwo that there is temple within".(

T.G.Vs.State of Raj.A. I. R.1962 para 21).

(૧૦)જતિપુરામાં અક્ષયતૃતીયાના દિવસે શ્રીનાથજીના પાટોત્સવ પછી ફાગણ વદ સપ્તમીના દિવસે શ્રીવિઠલનાથ પ્રભુચરણના ઘરમાં પુનઃપાટોત્સવ થયાના પ્રમાણો :

""When the big temple was completed, at that time Sri Acharyji Mahaprabhu came to vraj... And Srinathji was installed

in the newly constructed and big temple by Sri Acharya Mahaprabhu in Smt.1579 on Vashakh Sudi 3 Akshay Tritiya".

(ibid. the Annexture no.54).

''अथ फाल्गुनोत्सवाः अथ श्रीगोवर्धननाथप्रभुप्राकट्योत्सवः : अथ उत्सवाः निरूप्यन्ते मासि फाल्गुनसंज्ञके फाल्गुन्यसितसप्तम्यां श्रीमद्गोवर्धनाधिपः प्रेमातिषंगबोधार्थं प्रेमातिशयवत्सलः व्याजं लौकिकम् आश्रित्य श्रीविट्ठलगृहे अगमत्. उत्सवस्तु महान् आसीत्. स न शक्यो अस्ति वर्णने तदागमनसञ्जातः श्रीविट्ठलकुले तदा...''

''अथ फाल्गुनोत्सवविधिः अथ फाल्गुनके मासि सप्तम्यां कृष्णपक्षके श्रीगोवर्धननाथस्य प्रभोः पट्टमहोत्सवः.''

(उत्सवप्रतान : श्रीव्रजरायकृत संवत्सरोत्सवकल्पलता मठेशश्रीइन्दिरेशकृत संवत्सरोत्सवविधिप्रकाश प्रकाशनवर्ष–१९४९).

(११)

""This conclusion that a temple, which is managed out of the funds collected from the public, is the Maharaja's property may seem startling, but it is non the less inevitable by reason of the peculiar tenets of the sect and the blind faith with which they were adhered to by its followers. The Maharaja having already acquired proprietary rights by what was done by himself and his devotees at the time of, and subsequent to, the construction of the temple, he can not be deprived of them by the mere modern change in the angle of the vision

of some of his present devotees. The latter may disallow the tenets if they deem hard or unjust, refuse to pay contribution and even establish an independent public place of worship. But so far as the existing tempel and its property are concerned, they are not at liberty to question the Maharaja's title to them''^(The Judgement given on the date 1st June 1927 in the court of the District Judge, East Khandesh, at Jalgaon. In the Civil Suit no.2 of 1927 by The Distruct Judge N.S.Lokur).

(12)

""The participation of the member of the public in the Darshan in temple and in the acts of worship or in celebration of festival occasions may be a very important factor to concider in determining, the character of the temple.'' (T.G. Vs. State of Rajasthan para.23).

(B)""There is nothing on record to indicate...that in the long past in Patadi, any ruler had put any restriction on the use of temples for Darshan over a fairly long period during which public visited the temples, as if they were thier temples and this establishes thier right...

Although there was a sort of private passage running from Darbargadh to the public road, presumably meant for the use of "pardanashin' ladies of royal family, this would not indicate that that the temples were attached to the Darbargadh... The general public and particularly the members of the vaishanva sect had unrestricted right of worship at temples as a matter of course and participated in the the festivals of Hindola and Annakut functions and seva" (Pratapsinji Vs. Deputy Charity Commissioner Gujrat SC.1987)

(૧૩)દ્રષ્ટવ્ય : જુનાગઢ હવેલી મુકદમાના ફૈસલાના પૃષ્ઠ : ૧૩૮-૧૩૯, ૧૪૩-૧૪૬, ૧૫૬-૧૫૮, ૧૬૧-૧૬૨ તથા ૩૦૬. આ પૃષ્ઠો ઉપર આ ભારપૂર્વક કહેવાયું છે કે ભગવન્મૂર્તિના સામે બ્રહ્મસમ્બન્ધદીક્ષા લઈ સર્વસમર્પણ કર્યા બાદ ભવન કે સમ્પત્તિ ઉપર સમર્પણકર્તાના સ્વામી હોવાનો દાવો માન્ય નથી થઇ શકતો. આ જો પરન્તુ સૈદ્ધાન્તિક દષ્ટિએ સત્ય હોય તો પુષ્ટિમાર્ગની અનુગામી જનતા પણ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેતી હોવાથી તેમના પણ પોતપોતાના ભવન ઉદ્યોગ કે સમ્પત્તિ ઉપર સ્વામિત્વ નિરસ્ત થઇને મન્દિરની મૂર્તિનુ સ્વામિત્વ પ્રસ્થાપિત થવું જોઇતું હતું. ફકત પુષ્ટિમાર્ગીય ગોસ્વામી મહારાજ જ બ્રહ્મસમ્બન્ધદીક્ષા લેતા હોય એવું નથી. પોતાના ઘરમાં ભગવત્સેવા કરવામાં સક્ષમ બધાજ સ્ત્રી-પુરુષ બાલ-વૃદ્ધ ધનવાન્-નિર્ધ બધાંજ વર્ણજાતિના લોકો લઇ શકે છે અને લેતા પણ હોય છે જ.

(૧૪)

[ક]પુષ્ટિમાર્ગ અથવા મહારાજોનો પંથ પૃ.૪૧૬-૪૧૭ : ''આસરે સંવત્ ૧૯૧૪ કે ૧૫ માં સાલમાં મુંબઇમાં ભુલેશ્વર માહાદેવનો છપ્પનભોગ

કેટલાક બ્રાહ્મણો તરફથી કરવામાં આવ્યો હતો. તે વખતે તે વખતે એ લોકોએ માહાદેવનું છપ્પનભોગ થાય નહી એવી બાબત લાવી બ્રાહ્મણોપર ભારે જુલમ ગુજારાવા પ્રયત્ન કર્યો. તેથી બ્રાહ્મણોએ ચોરાશી નાત એકઠી કરી અને પોતાની હકીકત નિવેદન કરી. તે ઉપરથી ચોરાશીનાતવાળાઓએ કરી ઘણાંક શ્રીમંતોને સમજાવી એ લોકોનો જૂઠો દોર તોડી નાખ્યો. તે વખતે એક શિવભક્તે એઓની ઉત્પત્તિ વિષે વાત લખી તે આ પ્રમાણે છે : ... તે ત્રિશૂલ વડે દેવીએ મહિષાસુર... સ્વર્ગમાંથી નસાડી મુક્યા... પછી પૃથ્વી ઉપર લોકોને સિદ્ધાઇ દેખાડવા પોતાની માયાવડે અગ્નિ કરીને વચ્ચે બાળક થઇને રહ્યો તેને લક્ષ્મણભટ્ટ લઇ ગયો ત્યાં મહોટો થવા પૂર્વે પશુ હતો માટે તેને પશુમાર્ગ, પુષ્ટિમાર્ગ કે જેમાં કોઇની મર્યાદા નહીં તે ચલાવ્યો.

(૧૫)

[ખ] ''(...) તથાકરેલાંકૃત્યો સંબંધીઅને મારા સ્વાભાવિકગુણવિષે મારાં જકરેલાંવિવેચન સંબંધીહાલ લખવાથીમનેથોડું; પણમારા સંબંધીઓનેઘણું જનુકસાનથાય અનેતેવીહો-હોથઇરેહેમાટે તે વાતોઘટતેપ્રસંગેઘટતીરીતેલખાયતેમલખવાનેમુલતવીરાખું છું'' (મારી હકીકતપૃ.૯૪)''આબધી નબળાઈઓમાંહજીએકઉમેરોથઇશકેતેમછે.એછે નર્મદની સ્ત્રીઓસંબંધીનીનબળાઈ.સ્ત્રીઓ સાથેના પોતાના સંબંધો બાબતમાં નર્મદનેનૈતિકબંધનો બહુથોડાનડતાં(...) વિધવાનર્મદાગૌરીને પરણવાનોતેણેજેનિર્ણયકર્યો. તેમાંપણ આવીજાતનીહિંમતની જરૂરહતી.એક પત્નીજીવતીહોવા છતાંઅનેતે પણ વળીશાંતઅનેસુશીલ હોવાછતાંતેણે જેઆપગલુંભર્યુંતેસાચુંહતુંતેમ તોકોઇક જકહે(...) આપણેસત્યને સાક્ષીરાખીને નર્મદવિષેપણકહીશકીએકેતેણેપણ વ્યભિચારકર્યોજહતો...('નર્મદ' પૃ.૮૭-૮૮. લે. ગુલાબદાસબ્રોકર).

(૧૬)

(A)""India is much riper for Cristianity than Rome and Greece were at the time of St.Paul. The rotten tree has for some

time had artificial supports, because its fall have been inconvient for the government... I would like to live for ten years quietly and learn language, try to make friends, and then see whether I was fit to take part in work by means of which the old mischief of Indian priestcraft could be overthrown and way opened for the entrance of simple Cristian teaching, that entrance which finds into every human heart, which is freed from ensnaring powers of priests and from the obscuring influence of philosophers.

(B)""... the ancient Indian relgion of India is doomed<{<and if Cristianity does not step in whose fault will it be ?''

(C)""That religion is still professed by at least a hundred and ten million of human souls... and yet I do not shrink from saying that the religion is dying or dead''.("Max Muller and his contemporaries' Papers read at seminar held at the RKmission Kolkta 15-15/12/ 2000 p.207-8).

(૧૭)

""...I must draw attention to the fact that I am only second occupant of the Boden Chair, and that its Founder,

Colonel Boden, stated most explcitly in his will (dated August 15, 1811) that the special object of his munificent bequest was to promote the translation of the Scripture into Sanskrt, so as "to enable his countrymen to proceed in the coversion of the natives of India to Cristian Religion.'... I have made it the chief aim of my professorial life to provide facilities for the translation of our sacred Scripture into Sanskrit... ''

(In Preface to "A Sanskrit–English Dictionary' by Sir Moneir William p.ix–x).

(૧૮)

આ બાબતમાં કેટલાક સાવધાનતયા અવધેય તથ્ય વીર નર્મદે પોતાની ઉત્તરાવસ્થામાં પ્રકટકર્યા હતા જે તેણે 'ધર્મવિચાર'નામકગ્રન્થમાં ખેલદિલી સાથે સ્વીકાર્યા છે :

''સમ્પ્રદાયનાદેવોને નમાનવાપણએક પરમેશ્વરનેમાનવો(...)એવોતે કાળનો વાહતો(...)એધર્મેવલ્લભી સમ્પ્રદાય ઉપર કોરટમાં જય મેળવ્યો. સુધારાવાળાનુંઐક્યપ્રકાસ્યું ;અનેકૃષ્ણદાસનીકીર્તિ થઇ- ખ્રિસ્તીઓએમોટી વખાણી (પાદટિપ્પણી : બીજાવૈષ્ણવ ધર્મવાળારાજીથઇ ગયાવલ્લભમાર્ગ પીંખાયોજોઇ;(...) હિંદુધર્મનીપીંખણમાંખ્રિસ્તીપાદરીઉમંગીહોયજ ને ડાક્ટરવિલસનતેકૃષ્ણદાસનેસારીપેઠે સહાયથયાહતા, કોરટમાંપણ અનેતે પછીપણ (... પૃ.૨૮ ...) અમેનથીસમજતાં કેસુધારોમહારાજોનો પીછાંશામાટે નથીમુકતા ? (...)સ્વામીદયાનંદપણતેનાઉપરઉલટ્યોહતો.શુંબીજાપંથોનથીસુધારાની સળવળતીજીભનેચળવળતીલેખણીનેમાટે(...) ? (શું બીજાપંથોમાંદુરાચાર અનાચારછળપ્રપંચનથી ? નેએનું પાપવિશેષકેવલ્લભપંથનાજારકર્મનું ?

યમરાજા કેતેનોચિત્રગુપ્તજાણે (૩૫...) ! (સુધારાવાળા)સઘળાએ સ્વધર્મથીઅજાણ,સઘળાએ પરલોકવિષયની પરંપરાનો અનાદરકરવાવાળાનેસઘળાએસ્વદેશી બંધુઓનુંસંસારીકલ્યાણ કરવા કોડીલા હતા.ખ્રિસ્તીબૈબલનીનીતિઉપરમોહિત(... પૃ.૪૯...)પંડિતદયાનંદજે ઉચ્છેદકસુધારાને વેદધર્મનું,વેદનાદેવતાને ન માને,અધિકારપરત્વે ધર્મબોધનેનમાને તેમૂર્તિનેકેમમાને ?પણપૃચ્છા નિકળેકેપદાર્થવિદ્યાના શોધકાર્ય અમણાંજે બધાછે બધાવેદમાંકહેલાછે તેમ તે કહેછે તો મૂર્તિપૂજાનોવિષયવેદમાંકેમ નહિ ?પછીખંડનેકે મંડને ?વળીમૂર્તિપૂજાનહિત્યારેબીજાકર્મનીચેષ્ટાશામાટે ?ગ્યાસ- પાણી-બરફએત્રણ સ્થિતિજળ;માનસિક વાચિકકાયિકએત્રણ પ્રકાર કર્મના;તેમસંકલ્પસ્ફુરણછાયાસ્વરૂપનેપ્રકટસ્વરૂપકેમનહિ ? (...)ઈશ્વરનું સર્વવ્યાપીપણું મંત્રદેવતને પ્રાણપ્રતિષ્ઠા,ભક્તિભાવનાનીસિદ્ધિ માનેતેમૂર્તિપૂજાને ખોટીનહિકહે(...)પવિત્રાઈ તથાસ્વચ્છતાથીઆરોગ્યસંબંધી મોટોસુધારો આર્યપોતાને રાખીરહ્યો છેજ(...)કેટલાકફેરફારથવાજોઇએ; પણવળી પરધર્મીનાસહવાસથીકેટલો બગાડથાયછે (પાદટિપ્પણી : એઆપણેસારીપેઠે જાણ્યું છે કે,હવે સુધારાવાળાપરધર્મીવિચારથીકેટલો બગાડથયો છેતે.પરાયા વિચારેલોકનેસંશયીભ્રમિષ્ઠ કીધા છેતેને ઠેકાણે આણવાનેકેટલો શ્રમપહોંચે છે અનેમોહને ઠામેધિક્કારઆણાવતા કેટલીવાર લાગશે ? -એમ થયા વિનાસ્વધર્મનુંતેજબળ વધનારું નથી એ વિષયમાં પૂર્વજોનીકેવીપુખ્ત બુદ્ધિ ! પૃ.૬૪).

॥શ્રીહરિઃ॥

॥ પાકકથન ॥

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યદ્વારા પ્રવર્તિત પુષ્ટિસમ્પ્રદાયમાં અમારી - ઉપદેશક તથા અનુગામી જનોની - આજે સહુથી મોટી જો કોઈ સમસ્યા છે તો તે એ જ કે જો અમે આપણા સંપ્રદાયના પ્રવર્તક-પ્રસારક પૂર્વાચાર્યો દ્વારા લિખિત ગ્રન્થોને પ્રમાણ માનીએ છીએ તો જે કંઇ આજે મહાપ્રભુના નામે ચાલી રહ્યું છે તે બધું તદ્દન સિદ્ધાન્તોથી ઊંધું જ છે; અને જો જે કંઇ ચાલી રહ્યું છે તેને જ આદર્શ માની લેવાના મોહને કારણે અમે તેને છોડવા ન ચાહતા હોઇએ તો ગ્રન્થોપદિષ્ટ સિદ્ધાન્ત સર્વથા નિરર્થક, અસંગત અને અનુયાયિજનોની સામે અનુચ્ચારણીય બની જઇ રહ્યા છે. આ દુવિધાને દૂર કરવા માટે જે સ્પષ્ટીકરણ આપવામાં આવે છે તેમાંના પરિગણિત મુદ્દાઓ પ્રાયઃ અધોનિર્દિષ્ટ છે :

(૧) મહાપ્રભુના સિદ્ધાન્તો શું અમે નથી જાણતા - અમારા પૂર્વજોને શું મહાપ્રભુના વાસ્તવિક સિદ્ધાન્તોનું જ્ઞાન ન હતું ?

(૨)આજથી પાંચસો વર્ષ પૂર્વેના સમાજ દેશ અને કાલ ને જોઈને મહાપ્રભુએ પોતાના સિદ્ધાન્તો સ્થાપિત કર્યા હતા. આજે તો તે સ્થિતિ જ રહી નથી; વળી અનેક નવી સમસ્યાઓ પણ આજે આપણા સામે ઉભી થઈ છે. સમાજ-દેશ-કાલના પરિવર્તિત પરિપ્રેક્ષ્યમાં આજે ઉભી થયેલ સમસ્યાઓનું વ્યાવહારિક નિરાકરણ કર્યા વિના કેવળ સૈદ્ધાન્તિક જડાગ્રહ રાખવો એ તો આખા સમ્પ્રદાયને ઉચ્છિન્ન કરી નાખવાની બાલિશતા ગણાશે !

(૩) સ્વમાર્ગીય સિદ્ધાન્ત તો સમ્પ્રદાયના દરેક લોકોને માન્ય હોવા જ જોઈએ. પરન્તુ ભારત દેશના ધર્મનિરપેક્ષ બંધારણ તથા કરવેરા ના ભીષણ પ્રાવધાનોથી બચવામાટે કેટલીક સ્વસિદ્ધાન્તોથી વિપરીત બાબતોને પણ આપનાવવી પડી છે. આ મજબુરીનો સિદ્ધાન્તના જડાગ્રહિઓની પાસે પણ શું સમાધાન છે ?

(૪) જે લોકો સિદ્ધાન્તવચનોના નામે હોબાળો મચાવી રહ્યા છે તેઓ પોતે પણ તો સોએ સો ટકા સિદ્ધાન્તોનું પાલન ક્યાં કરી રહ્યા છે ?

(૫) સદિઓથી જન-જનમાં વ્યાપ્ત કોઈ પણ સમ્પ્રદાય સમ્બન્ધી બધા ધાર્મિક નિર્ણયો કેવળ લિખિત ગ્રન્થોના આધારે લઈ શકાતા નથી, જીવિત પરમ્પરાઓનું પણ પોતાનું કાંઈક મહત્ત્વ હોય જ છે.

(૬) સ્વમાર્ગીય સિદ્ધાન્ત તો બધાને હંમેશા માન્ય હોવા જ જોઈએ. પરન્તુ ગ્રન્થોક્ત કેટલાયે સિદ્ધાન્તો ઉચ્ચકક્ષાના અધિકારિઓમાટે પ્રકટ કરવામાં આવ્યા છે. આજે એવી ઉચ્ચ કક્ષાના અધિકારી જીવો છે જ ક્યાં! અધમ કક્ષાના જેવા અધિકારી આજે જોવા મળે છે. એવા લોકો માટે પરમ્પરાથી જે પ્રકાર ચાલી રહ્યો છે તે ઠીક જ છે.

(૭) આજની પ્રાથમિક જરૂરિયાત સમ્પ્રદાયમાં રચનાત્મક કાર્યક્રમો અપનાવવાની છે, નહિ કે કલહપૂર્ણ સૈદ્ધાન્તિક વિવાદોમાં સમ્પ્રદાયને સંડોવવાની.

(૮) આપણો માર્ગ તો પ્રમાણમૂલક સિદ્ધાન્તોપર અવલમ્બિત નથી. આ માર્ગ તો પરમાત્માની પ્રમાણાતીત પુષ્ટિશક્તિપર અવલમ્બિત છે. સાર્વજનિક મન્દિર, તેથી, જો બંદ કરી નાખવામાં આવે છે તો ભોગ-રાગ-શૃંગારદ્વારા પુષ્ટિપુરુષોત્તમને લાડ લડાવાની સેવાપ્રણાલિકા જ લુપ્ત થઈ જશે. સાર્વજનિક મન્દિર જો બંદ કરી દેવામાં આવશે તો આપણા માર્ગના વૈષ્ણવો ઇતર માર્ગમાં ચાલ્યા જશે.

(૯) સિદ્ધાન્તાપસિદ્ધાન્તની ચર્ચા સાર્વજનિક રૂપે કરવી ન જોઈએ. અન્યથા મૂર્ખ અનુગામિજનતા સ્વમાર્ગીય આચાર્યોના પ્રત્યે આદરવિહીન થઈ જશે. તેથી આવી ચર્ચા ગોસ્વામી આચાર્યોએ બંધ બારણે જ કરવી જોઈએ.

(૧૦) સિદ્ધાન્ત તો બધા માન્ય હોવા જ જોઈએ પરંતુ આજીવિકાનો બીજો કોઈ સુલભ ઉપાય જ્યાં સુધી મળી ન જાય ત્યાં સુધી સાર્વજનિક મન્દિરોમાં ભગવત્સેવાના આજીવિકાર્થ પ્રદર્શનને રોકવાનો દુરાગ્રહ વ્યાવહારિક કેમ માની શકાય ?

(૧૧) અમને જે કરવું હશે તે કરીશું, કોઈને પણ અમારી ટીકા કરવાનો શું અધિકાર છે!

દેવતાશાસ્ત્રમાં રુદ્રની સંખ્યા અગ્યાર મનાય છે. અને અમને લાગે છે કે આ એકાદશ રુદ્ર જ આજની તારીખમાં વાલ્લભસમ્પ્રદાયના સંહરણની રૌદ્રલીલા પ્રકટ કરી રહ્યા છે.

આ રૌદ્ર વિધાનોના સંક્ષિપ્ત અને શાન્ત સમાધાન આપણને શોધવા પડશે. અમે એવો તો દાવો કરી નથી શકતા કે અમારો આ પ્રયાસ બધાના માટે સન્તોષકારક જ હશે. આમ છતાં આ રૌદ્ર વિધાનો પ્રત્યે અમારી શાન્ત વૈચારિક પ્રતિક્રિયાને શબ્દોમાં અભિવ્યક્ત કરવી એ જ આ પ્રાક્કથનનું મુખ્ય પ્રયોજન છે.

(૧) અમારા પૂર્વજ-બાપદાદા મહાપ્રભુના સિદ્ધાન્તોને જાણતા હતા કે નહીં એ, તેમના દિવંગત થઈ ગયા બાદ, કેવળ એમના દ્વારા લિખિત ગ્રન્થોના આધારે જ જાણી શકાય છે. વળી, કોઈ એવું કાંઈ જરૂરી નથી નથી કે 'પૂર્વજ'નો મતલબ ફક્ત પિતા કે દાદા જ કરવો અને તેથી ઊપર નહીં. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યથી લઈને પરવર્તી ગ્રન્થકારોના વચનો પ્રસ્તુત વચનાવલીમાં સંકલિત છે જ.

(૨) શાસ્ત્રતઃ પ્રામાણિક કેટલિક બાબતોનું અનુસરણ દેશકાલાદિના પરિવર્તનને કારણે ઘણી વખતે અશક્ય બની જતું હોય છે. પરિવર્તિત દેશ-કાળમાં ઉભી થતી નવી સમસ્યાઓને સુલટાવવામાટે નવા સમાધાનો પણ શોધવા જ પડે છે. તે સમાધાનોને, પરન્તુ, કોઈ બીજાના નામે ચઢાવી દેવા નીતિમત્તા ન ગણાય. મહાપ્રભુના સિદ્ધાન્તોનું અનુસરણ જો અશક્ય બની ગયું હોય તો નવો માર્ગ ચોક્કસ ચલાવી શકાય છે. તે નવા માર્ગને, પરન્તુ, મહાપ્રભુના નામ ઉપર જબરદસ્તી ચઢાવી ન દેવો જોઈએ.

(૩) હાલમાં જ રાજસ્થાનના ઉચ્ચન્યાયાલયે વાલ્લભ સમ્પ્રદાયના સિદ્ધાન્તોની સુવિશદ સમીક્ષા કરતા, એક પુષ્ટિમાર્ગીય મન્દિરને 'સાર્વજનિક-ટ્રસ્ટ' ઠેરાવવાની બધી જ સરકારી કાર્યવાહીઓને રદબાતલ કરી દીધી છે. તેથી હવે લાચારીના

બહાનામાં હવે કોઈ દમ રહ્યો નથી. જે સેવાસ્થળો સાર્વજનિક ટ્રસ્ટ જાહેર થઈ ચુક્યા છે ત્યાં પણ અપસિદ્ધાન્તના મોહને છોડીને તનુવિત્તજા સેવાના વ્યાવસાયિક વિભાજન ઉપર; અને નિત્યસેવા-મનોરથોના સાર્વજનિક વ્યાવસાયિક પ્રદર્શન ઊપર, યથાસમ્ભવ તત્કાલ અથવા ધીમે-ધીમે, અંકુશ લગાવવો જ જોઈએ. આ પ્રકારની કાર્યવાહીમાં જો કોઈ કનડગત કરે તો સિદ્ધાન્તોના પ્રકાશમાં ન્યાયાલયોદ્વારા પુનર્વિચાર પણ કરાવી શકાય છે. આ દેશમેં કેટલાય કરોડપતિ ધનિકો છે. કરાવેરાના ભીષણ પ્રાવધાનોથી બચવાના કોઈ ને કોઈ ઉપાય તેઓ પણ તો અપનાવતા જ હશે! કરવેરાના ભયથી કોઈ કરોડપતિએ પોતાનું ઘર સાર્વજનિક ધર્મશાળા તરીકે જાહેર કરી દીધું હોય એવું ક્યાંય સાંભળવા નથી મળ્યું. ત્યારે ભગવત્સેવા કરવામાટે ધાર્મિક દૃષ્ટિમાં અનિવાર્ય હોય તેવા ખાનગી ઘરને સાર્વજનિક મન્દિરના રૂપે શા માટે વિકૃત કરવામાં આવે છે?

(૪) અમારો દાવો ન તો એવો છે કે આ સમ્પ્રદાયમાં કેવળ અમે જ બધા સિદ્ધાન્તોનું પાલન કરી રહ્યા છીએ અને ન અમે કોઈ વ્યક્તિવિશેષ ઊપર એવો આરોપ મૂકવા માગીએ છીએ કે તે સિદ્ધાન્તોને તોડી રહ્યો છે. અમારો અભિપ્રાય તો કેવળ એટલો જ છે કે અમારાથી કે અન્ય કોઈથી નિજસૌભાગ્યવશ સ્વસિદ્ધાન્ત પાળી શકાતા હોય તો પણ વાલ્લભ સંપ્રદાયના સિદ્ધાન્તો તે જ રહેશે કે જે મહાપ્રભુ વગેરે પૂર્વાચાર્યોએ નિર્ધારિત કરેલા છે. તે જ પ્રમાણે અમારાથી કે અન્ય કોઈથી નિજદૌર્ભાગ્યવશ જો સિદ્ધાન્તો પાળી ન શકાતા હોય તો પણ સિદ્ધાન્ત તો તે જ રહેશે કે પૂર્વાચાર્યોએ નિર્ધારિત કરી રાખ્યા છે. નિજસામર્થ્યના આધારે ન તો સિદ્ધાન્ત પ્રસ્થાપિત કરી શકાય છે અને ન નિજ-અસામર્થ્યના આધારપર પ્રસ્થાપિત સિદ્ધાન્તોને વિસ્થાપિત કરી શકાય છે.

(૫) અમે પણ જીવિત પરંપરાના મહત્ત્વનો અસ્વીકાર નથી કરતા. પણ શરત તેમાં એક જ છે કે કોઈ પણ પરંપરા મૂલાચાર્યોના વચનોથી વિરુદ્ધ ન હોવી જોઈએ. પત્થર કે ધાતુ થી બનેલી જડ માનવમૂર્તિ એટલી સરળતાથી રુગ્ણ નથી થઈ શકતી જેટલો કે જીવિત માનવ-દેહ. તેથી જે કંઈ જીવિત છે તેનું સ્વસ્થ હોવું પણ આવશ્યક છે જ.

(૬) ઉચ્ચાધિકાર કે નિમ્નાધિકાર ને પરખવાની શાસ્ત્રીય વાચનિકી વ્યવસ્થા જો ઉપલબ્ધ ન હોત તો પોતાની કલ્પનાને કે સ્વાર્થપ્રેરિત સુવિધાને આ બાબતમાં પ્રમાણ માની શકાઈ હોત. સેવા-કથા-પ્રપત્તિના ભેદથી જ્યારે વાચનિકી અધિકારવ્યવસ્થા ઉપલબ્ધ છે જ ત્યારે અપસિદ્ધાન્તનું અનુકરણ કરવાની જરૂર જ શું છે?

(૭) કોઈ પણ રચનાત્મક કાર્યક્રમને એક ધાર્મિક કાર્યક્રમના રૂપમાં સમાજમાં પ્રસ્તુત કરવો હોય તો તેનું ધર્મશાસ્ત્રના અનુકૂળ હોવું અનિવાર્ય છે જ. નહિતો રચનાત્મક કાર્યક્રમના નામે દારુ કે જુગાર ના અડ્ડા તો ખોલી ન જ શકાય ને!

(૮) આપણો માર્ગ જો પ્રમાણમૂલક સિદ્ધાન્તોની અપેક્ષા રખતો જ ન હોય તો પુષ્ટિમાર્ગીય મન્દિરોમાં નમાજ કેમ પઢી નથી શકાતી કે બકરાની બલી કેમ ચઢાવી નથી શકાતી? જો કોઈ સૈદ્ધાન્તિક ભેદના કારણે આ શક્ય ન હોય તો સાબિત થઈ જાય છે કે સકલ પ્રમાણાતીત પુષ્ટિશક્તિ જ કેવળ નિયામિકા નથી. નહિતો અનેકવિધ અકાણ્ડતાણ્ડવોને પણ અનુમતિ આપવી જ પડશે. ભોગ-રાગ-શૃંગારનો સેવામાં વિનિયોગ ભાવાત્મક હોવો જોઈએ કે ભાવાડમ્બરાત્મક એ પણ નિર્ધારિત કરવું જોઈએ. જો જનતા ધર્મ ન ઇચ્છતી હોય અને આડમ્બર જ ઇચ્છતી હોય તો તેવી જનતા પુષ્ટિમાર્ગને છોડીને અન્ય માર્ગમાં ચાલી જાય તેમાં પુષ્ટિમાર્ગનું ભલું જ માનવું જોઈએ.

(૯) સિદ્ધાન્ત-વૈપરીત્યનું અનુષ્ઠાન જ્યારે જગ-જાહેરમાં નિઃશંક થઈ રહ્યું છે ત્યારે સિદ્ધાન્તચર્ચાને બંધ દરવાજે કરવામાં શો હેતુ? અનુગામી જનતાનું મૂર્ખ હોવું એ ઉપદેશક મહાનુભાવોનો ઉત્તરદાયિત્વવિહીન અધિકારોપભોગ અથવા અસામર્થ્ય નું દ્યોતક છે.

(૧૦) સ્વમાર્ગીય સિદ્ધાન્તો પ્રત્યે પોતાની નિષ્ઠાપૂર્ણ સ્વીકૃતિ આજે જનતાના સમક્ષ ઘોષિત કરી દેવી જોઈએ. કાલે સ્વધર્મથી અવિરુદ્ધ આજીવિકાના ઉપાયોને શોધવા કઠિન કાર્ય નહીં રહી જાયે.

(૧૧) જેને જે કરવું હોય તે વિના સંકોચે અને રાજી-ખુશીથી કરતા રહે- અમને તો જે કરવાનું છે તે તો સ્વમાર્ગીય સિદ્ધાન્તોનો કેવળ ઉદ્‌ઘોષ જ. કોઈને ટોકવાનો ન અમે અમારો અધિકાર માનીએ છીએ; અને ન અમને ટોકવાનો અન્ય કોઈનો અધિકાર અમે સ્વીકારવા તૈયાર છીએ.

વ્યક્તિ- ચાહે ચિકિત્સાર્થી હોય કે ચિકિત્સક- ના બીમાર થવાપર ચિકિત્સાલયમાં તેની ચિકિત્સા શક્ય છે. ચિકિત્સાલય જ, પરન્તુ ક્યારેક, રોગી બની જાય તો પછી ક્યાં જવું! તે જ પ્રમાણે ઉપદેશક કે અનુગામી વ્યક્તિનું ધર્મમાર્ગથી વિચલિત થઈ જવું એક વૈયક્તિક સ્ખલન માની શકાય છે. પરન્તુ એક ધર્મસમ્પ્રદાયમાં તેના પોતાના ધાર્મિક સિદ્ધાન્તોથી વિરુદ્ધ પ્રકારનું સાર્વજનિક ધર્માનુષ્ઠાન(!) કદિ પણ વૈયક્તિક સ્ખલન માની ન શકાય. અમે કેવળ એ જ સન્દર્ભમાં સિદ્ધાન્તોનો ઉદ્‌ઘોષ કરવા માગીએ છીએ.

આ સાથે એક સ્પષ્ટીકરણ એ પણ આવશ્યક છે કે પ્રસ્તુત વચનાવલીના અનુવાદને વિચારાર્થ પ્રકાશિત કરવામાં સહયોગ પ્રદાન કરનારા બધા મહાનુભાવોનું અમારા દ્વારા પ્રસ્તુત ભાવાનુવાદથી સર્વાંશમાં સહમત હોવું અનિવાર્ય નથી, તેમ છતાં સમ્પ્રદાયમાં વ્યાપ્ત અજ્ઞાન અને અવિચાર ની મોહનિદ્રાને તોડવામાં પૂર્વાચાર્યોના વચનોનો પ્રકાશ જો સફળ થતો હોય તો થઈ જાય, બસ એ જ સદાશયથી અમને બધાનો સહયોગ પ્રાપ્ત થયો છે. એતદર્થ અમે બધા સહયોગી પ્રકાશક મહાનુભાવોના આભારી છીએ.

ગોસ્વામી શ્યામ મનોહર
૨૬।૧૨।૯૧
મુંબઈ
સંયુક્તપ્રકાશન

॥ શ્રીહરિઃ ॥

ચિ.ગો શ્રીવ્રજપ્રિયજી, શ્રીનીરજકુમારજી, શ્રીમનોજજી, શ્રીયોગેશજી, શ્રીશરદજી, શ્રીપીયૂષજી, શ્રીપંકજજી, શ્રીમિલનજી, શ્રીવિઠ્ઠલજી, શ્રીગોપેશજી, શ્રીભૂષણજી, શ્રીશરદજી મહોદય,

આપ સભી સ્વમાર્ગહિતૈષીનકે દ્વારા પ્રેષિત પત્ર મિલ્યો; તથા જો સિદ્ધાન્તવચનાવલી મેને આપ લોગનકૂં દી હતી વો ભી પ્રત્રકે સાથ સંલગ્નતયા પ્રાપ્ત ભઈ. સ્વધર્મનિષ્ઠારૂપ સાહસકે સાથ આપને યે વચનાવલી સભી ગોસ્વામીનકૂં ભેજી યાકેલિયે, યા પત્રમેં ઔર કોઈ ભી બાત લિખવેકે પહલે, મૈં હૃદયસૂં ભૂરિશઃ અભિનન્દન આપ સભીનકૂં દેનો ચાહુંગો! આપ સભીનકી યા ચિરસ્પૃહણીય પહલકેલિયે અપનો સમ્પ્રદાય આપ સભી નવયુવકનકો ચિરકૃતજ્ઞ રહેગો!!

યદિ અપને ભીતર શ્રીમહાપ્રભૂનકે વંશજ હોવેકો લેશમાત્ર ભી આત્મગૌરવ શેષ હોય તો; ઔર યદિ અપને ભીતર યા સમ્પ્રદાયમેં પ્રામાણિક સ્વધર્મોપદેશ પ્રદાન કરવેકે અપને ઉત્તરદાયિત્વકો લેશમાત્ર ભી સદ્‌ભાવ શેષ હોય તો, વચનાવલીમેં સંકલિત વચનનકો અર્થ; કોઈ ભી તરહકી આંખમિચૌનીકી બાલલીલા કરે બિના સચ્ચી સ્વધર્મનિષ્ઠા એવં સત્યનિષ્ઠા સૂ, અપનેકૂં સ્વમાર્ગાનુગામીનકે સામને પ્રકટતયા સ્વીકારનો હી પડેગો. યાસૂ મોકૂ નહીં લગે હૈ કિ કોઈ ભી તરહકે શાસ્ત્રાર્થ યા વાદ-જલ્પ-વિતણ્ડા કી યા બારેમેં કોઈ ભી આવશ્યકતા હૈ.

યથાસંભવ ઘોષિત કાર્યક્રમસૂં પૂર્વ હી યા વચનાવલીમેં ઉદ્ધૃત વચનનકે હિન્દી-ગુજરાતીમેં પ્રકાશિત ભાવાનુવાદકો વિતરણ, સમીક્ષાર્થ, મૈં સભી સમ્બદ્ધ જનનકે બીચ કરવે જા રહ્યો હું. વા અનુવાદમેં મેરી ત્રુટી ક્યા હૈ યે યદિ કોઈ મોકૂં સમઝાવેગો તો સચમુચમેં મોકૂં નિરતિશય પ્રસન્નતા હોયગી. યદિ ત્રુટિનિર્દેશ કરનો કોઈકૂ અભિપ્રેત નહીં હોય તો ઇન વચનનકો વા મહાશયકે અનુસાર સચ્ચો ભાવાર્થ ક્યા હે યે વાકૂ દિ.૧૦,૧૧,૧૨ જનવરી, ૯૨ કે દિન હોયવેવાલી સભામેં વિતરણકે લિયે લિખિત યા વીડિઓ-ઓડિઓ રિકૉર્ડિંગકે લિયે મૌખિકરૂપસૂ પ્રસ્તુત કરનો ચહિયે. યાકે બિના કોઈ ભી નિષ્કર્ષ નિકલનો સંભવ નહીં હે. અતઃ અબ મતભેદ રખનેવાલે જો ભી મહાનુભાવ હોય ઉનકૂં યા વચનાવલીકે સ્વાભિપ્રેત ભાવાર્થકૂ પ્રકટતયા ઘોષિત કરવેકે ઉત્તરદાયિત્વસૂ કતરાનો નહીં ચહિયે. પર અબ ભી યદિ

કતરાવેંગે તો મેં ઉનકૂં ભરી સભામેં, યદિ મેરી ધારણાકે અનુસાર વે પઠિત હૈં તો, મેરે અનુવાદસૂં સહમત ઘોષિત કર દૂંગો. અન્યથા મેરી ધારણાકે અનુસાર અપઠિત હોયવેપે ભવિષ્યમેં સિદ્ધાન્તવિષયક નિર્ણયાર્થ અયોગ્ય વ્યક્તિ ઘોષિત કર દૂંગો.

આશા હે કિ અબ તો મતભેદ રખનેવાલે મહાનુભાવ ધર્માચાર્યોચિત સ્વધર્મનિર્ધારણસાહસ બટોરકે સામને આયેંગે. અન્યથા રોતે બચ્ચાનકૂ ચુપ કરવેકૂં ઉનકે મૂંહમેં શહદ લગાકે જૈસે રબરકી ટોંટી રખી જાય વૈસી હી હાસ્યાસ્પદ સ્થિતિ પ્રકટ હો જાયેગી !

કિમધિકં સુજ્ઞેષુ ?

વિષયાનુક્રમણિકા

વિષયાંક પૃષ્ઠાંક

સિદ્ધાન્ત વચનાવલી

(૧) સેવોપદેશદીક્ષા ૭૩

(૨) સેવાસ્વરૂપ ૮૦

(૩) સેવાપ્રદર્શન ૮૩

(૪) સેવાપ્રયોજન ૮૫

(૫) સેવાસ્થલ ૮૮

(૬) સેવ્યસ્વરૂપ ૯૧

(૭) સેવાર્થ-આજીવિકા ૯૬

(૮) સેવાકર્તા તથા સેવાપરિચારક ૯૭

(૯) સેવોપદેષ્ટા ૧૦૦

(૧૦) ભાગવતકથા ૧૦૮

(૧૧) સ્વસેવ્યસ્વરૂપ-પ્રસાદ-ગ્રહણ ૧૧૦

(૧૨) તીર્થપર્યટન ૧૧૨

(૧૩) આચાર્યવચનાશયનિર્ધારણપ્રકારોપસંહાર ૧૧૩

પરિશિષ્ટ

(૧) શરણાગતિ ૧૧૬

(૨) અમૃતવચનાવલી ૧૨૧

(૩) પુષ્ટિ અસ્મિતા ૧૪૫

(૪) પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભાનું સંક્ષિપ્ત વૃત્ત ૧૪૭

॥ श्रीहरिः ॥

॥ वचनावली ॥

(गुर्जरभाषा–भावानुवाद–सहिता)

(जयति श्रीवल्लभार्यो जयति च विट्ठलेश्वरःप्रभुः श्रीमान्।
पुरुषोत्तमश्च तैश्च निर्दिष्टा पुष्टिपद्धतिर्जयति ॥
श्रीवल्लभमताभ्यासे कृपया येन दीक्षितः ॥
दीक्षितं तमहं नौमि श्रीतातचरणं सदा ॥
श्रीवाक्पतेर्वागनुगामिनां वै सद्यःस्वकर्तव्यविनिश्चयाय।
कृतो मया तद्वचनानुवादः पुष्पोपहारोपम एष नूनम्।
स्वलाभपूजार्थपरायणानां तदीयसिद्धान्तविलोपकानाम्।
भवेत् खलानां खलु मस्तकेषु पदप्रहारोपम एषएव ॥)

(१) सेवोपदेशदीक्षा–विषयकमूलवचनानि

(क)

परमत्र न सर्वेषां फलमुखाधिकारः; किन्तु येषु भगवत्कृपा, कृपापरिज्ञानं च मार्गरुच्या निश्चीयते. तत्र आदितः साधनानि आह –

कृष्णसेवा परं वीक्ष्य दम्भादिरहितं नरम्।
श्रीभागवततत्त्वज्ञं भजेत् जिज्ञासुरादरात् ॥

(त.दी.नि.२।२२७)

'कृष्णसेवापरम्'इति. यो हि गुरुः सेवाम् उपदेक्ष्यति स स्वयं चेत् तां उत्तमां जानीयात् तदा कथं स्वयं न कुर्यादिति **'सेवापर'**एव गुरुः. तत्रापि निमित्तानि वारयति **'दम्भादिरहितम्'**इति. सेवाच प्रमाणमूलैव पुरुषार्थपर्यवसायिनी. अन्यथा मनसि अन्यद् विधाय अन्यथा करणे न फलसिद्धिः इति अभिप्रायेण आह **'श्रीभागवततत्त्वज्ञम्'**इति. **'जिज्ञासु'** नतु कौतुकाद्याविष्टः. 'भजनं' – सर्वभावेन – तदा तदुक्तप्रकारेण भगवत्सेवा कर्तव्या.

(त.दी.नि.प्र.२।२२७)

'वीक्ष्य' इत्यनेन मार्गान्तराद् अत्र वैलक्षण्यं ज्ञापितम्. 'ईक्ष'दर्शनामनयोः, 'वि'ना च सम्यक्त्वं परीक्षणे द्योत्यते. तथाच तन्त्रे – **''गुरुः परीक्षयेत् शिष्यम्''** इति वाक्यात् शिष्यो यथा परीक्ष्यते तथा अत्र गुरुः. नोचेद् अतादृशस्य लोकानुगतपशुरूपत्वात् तादृशो अनुसरणे अन्धानुगान्धवद् उभावपि पतेताम्. एतदर्थमेव जलभेदग्रन्थकरणं ज्ञेयम्...तेन ब्रह्मसम्बन्धोपि फलमुखः तस्यैव इति सिद्ध्यति. एवम् अधिकारसूचनेन अनधिकार्यपि व्यावर्तितः.

(त.दी.नि.प्र.आवरणभङ्गः २।२२७)

(गुर्जरभाषा–भावानुवादः)

(क) આ માર્ગ, પરન્તુ, બધાને ફલદાયક નિવડે તેવો અધિકાર દરેકનો હોતો નથી. તે તો ભગવાનની કૃપા જેઓના ઊપર વરસી હોય તેઓનો જ હોય છે. કોઇકના ઊપર ભગવાનની કૃપા છે કે નહિં તેની ખાતરી તે વ્યક્તિને કૃપયૈકલભ્ય ભક્તિમાર્ગ કે પ્રપત્તિમાર્ગ માં રુચિ છે કે નહિ તેના આધારે કરવી જોઇયે.

જેઓના ઊપર ભગવત્કૃપા વરસી હોય તેઓને માટે શરુઆતથી જ કયા સાધનો છે તેનું નિરૂપણ કરવામાં આવે છે –

કોઇક પુરુષ કૃષ્ણસેવામાં તત્પર છે કે નહી, દમ્ભાદિ દુર્ગુણોથી રહિત છે કે નહિં; તેમજ શ્રીમદ્‌ભાગવતપુરાણના મર્મનો જાણકાર છેકે નહિ આટલી વાતો સરખી રીતે ચકાસી લીધા પછી જ તેની પાસે ગુરુબુદ્ધિ રાખીને જવું જોઇએ (ત.દી.નિ.૨।૨૨૭).

જે પુરુષે આ માર્ગમાં ગુરુ તરીકે ભગવત્સેવાનો ઉપદેશ આપવાનો છે તે પોતે ભગવત્સેવાને ઉત્તમ ગણતો હોય તો શા માટે પોતે પણ ભગવત્સેવામાં તત્પર ન થાય ? તેથી ગુરુ કૃષ્ણસેવામાં તત્પર તો હોવો જ જોઇયે. તે કૃષ્ણસેવા ભક્તિભાવ શિવાય બીજા કોઇ પણ હેતુ (દંભ–કામ–લોભ–પ્રતિષ્ઠા) થી પ્રેરિત ન હોવી જોઇયે. તેથી ગુરુ થવા જનાર પુરુષમાં દમ્ભાદિ ગુણો ન હોવા જોઇયે. આ ભગવત્સેવા પણ જો યથોપદિષ્ટ પ્રામાણિક હોય તો જ સફલ થાય છે. નહિ તો બુદ્ધિ કે હૃદય માં

કાંઇક ભળતા જ વિચારો કે ભાવો રાખીને જો સેવા કરવામાં આવતી હોય તો તેવી સેવા સફલ થતી નથી. તેથી ગુરુનું શ્રીમદ્‌ભાગવતતત્ત્વજ્ઞ હોવું પણ જરુરી છે. એવા ગુરુને શોધનારો પણ પાછો જિજ્ઞાસુ હોવો જોઇયે. ફક્ત કૌતુક કે તેવા બીજા ભાવો રાખીને નવું-નવું કાંઇક અજમાવી લેવાની મનોવૃત્તિવાલો ન હોવો જોઇયે. તે પછી ગુરુએ ઉપદેશેલ પ્રકારે સર્વભાવથી ભગવત્સેવા કરવી જોઇયે. આ જ ભજન કરવાની સાચી રીતિ છે.(ત.દ્દિ.ની.પ્ર.૨।૨૨૭).

મૂલકારિકામાં **'વીક્ષ્ય'** પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે, તેથી બીજા માર્ગ કરતાં આ માર્ગની વિલક્ષણતા સમજાવવા માગે છે. 'ઇક્ષ' નો અર્થ છે: 'જોવું-અંકિત કરવું'. તેની સાથે 'વિ' ઉપસર્ગ જોડીને શ્રીમહાપ્રભુ, ગુરુની પરીક્ષા સરખી રીતે કરવી તેવું સૂચન કરવા માગે છે. જેમ તન્ત્રશાસ્ત્રમાં કહેવાયું છે કે ગુરુએ શિષ્યની પરીક્ષા કરવી જોઇએ તેમ આ માર્ગમાં શિષ્યે ગુરુની પરીક્ષા કરવી જોઇયે તેવો નિયમ છે. નહિ તો જે પુરુષમાં ઊપર જણાવેલ લક્ષણો ન મળતા હોય તેને ગાડરિયા પ્રવાહમાં તણાતો ઢોર જેવો ગણવો જોઇયે. એવાનું અનુસરણ કરવાથી એક આંધળો બીજા આંધળાને અનુસરે અને જ્યારે એક પડે ત્યારે બીજો પણ પડી જાય! એવી કફોડી પરિસ્થિતિ સર્જાયા વિના નહિ રહે. શ્રીમહાપ્રભુએ 'જલભેદ' ગ્રન્થ પણ ગુરુની પરીક્ષા કયા આધારે કરવી તે સમજાવવા જ પ્રકટ કર્યો છે...આવી બધી વાતોની કાળજી રાખ્યા વિના બ્રહ્મસમ્બન્ધદીક્ષા સફલ થતી નથી. આમ બ્રહ્મસમ્બન્ધદીક્ષા આપવામાટે કોણ અધિકારી હોઇ શકે છે તે જણાવીને કોની પાસે બ્રહ્મસમ્બન્ધદીક્ષા ન લેવી તે પણ શ્રીમહાપ્રભુએ સમજાવી દીધુ છે.

(ત.દી.નિ.પ્ર.આવરણભંગ.૨।૨૨૭).

(ખ)

माहात्म्यज्ञापनायैव श्रवणं गुणकर्मणाम्।
शास्त्राणामुपयोगोऽत्र तत्राकाङ्क्षा गुरोर्भवेत्।।
कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम्।
श्रीभागवततत्त्वज्ञं भजेत् जिज्ञासुरादराद्।।
देहद्रोण्या यियासूनां परं पारं भवाम्बुधेः।
गुरुणा कर्णधारेण उत्तार्या स्वोपदेशतः।।

(साधनदीपिका.९-११).

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

(ખ) ભગવન્માહાત્મ્યજ્ઞાન મેળવવા માટે ભગવદ્‌ગુણો અને ભગવલ્લીલાઓ નું શ્રવણ આવશ્યક છે. શાસ્ત્રોની ઉપયોગિતા પણ અહીંજ ઊભી થાય છે. તેથી કૃષ્ણસેવામાં તત્પર, દમ્ભાદિ દુર્ગુણોથી રહિત; તેમજ શ્રીભાગવતના મર્મજ્ઞ હોવાના રૂપમાં સરખી રીતે જોઇ-જાણીને જિજ્ઞાસુએ કોઇક પુરુષને આદરસહિત ગુરુ બનાવીને ભજનમાં પ્રવૃત્ત થઇ જવું જોઇએ. જેઓ પોતાના દેહની હોડકલીથી ભવસાગરને પાર કરવા માગતાં હોય તેઓના કર્ણધાર બનીને ગુરુએ પોતાના સદુપદેશથી તેમને પાર લગાડવા જોઇએ.(સા.દી.૯-૧૧).

(ગ)

क्षेत्रप्रविष्टास्ते चापि संसारोत्पत्तिहेतवः

(जलभेद.४).

ननु બ્રહ્મવૈવર્તે શ્રીકૃષ્ણજન્મખણ્ડે **''कल्याणसूक्तसामानि हरेर्नामैकमङ्गलं कुर्वन्ति विक्रयं ये वै तेषां भारेण पीडिता''** इति બ્રહ્માણં પ્રતિ પૃથિવીવાક્યાત્, **''मन्नामविक्रयी विप्रो नहि मुक्तो भवेद् ध्रुवं मृत्युकाले च मन्नामस्मृतिमात्रं न विद्यते''** इति શ્રીનન્દં પ્રતિ ભગવદ્વાક્યાચ્ચ નામવિક્રયસ્ય દોષત્વે શિષ્યેભ્યો ભગવન્નામોપદેશસ્યાપિ દોષત્વાપત્તિઃ, તત્ર શિષ્યોપઢૌકિતગ્રહણેન નામવિક્રયસમ્ભવાદ્ इति चेत्, सत्यम्. तथापि गुरुत्वस्य साहजिकब्राह्मणवृत्तित्वेन अत्याज्यत्वात्...एवञ्च च यत् प्रभुचरणैः उक्तं **''विचार्यैव सदा देयं कृष्णनाम विशेषतः अविचारितदानेन स्वयं दाता विनश्यति''** इति; तत्रापि स्वस्य शिष्यस्य च उद्धारं विचार्यैव देयम्. लोभाद् अविचारितदाने तु नामविक्रयापत्त्या दाता स्वयम् अपराधभाग् भवति इति अर्थो ज्ञेयः.

(जलभेद.श्रीपुरुषोत्तमजीकृत.विवृति ४).

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

(ગ) ઘરગૃહસ્થીના નિર્વાહમાટે ભગવદ્-ગુણગાન કરનારાઓના મુખથી સાંભળવામાં આવેલી ભગવત્કથા સંસારાસક્તિ વધારનારી હોય છે.(જ.ભે.૪)

અહિંયા એક પ્રશ્ન ઉદ્‌ભવે છે કે બ્રહ્મવૈવર્તપુરાણના શ્રીકૃષ્ણજન્મખંડમાં **''કલ્યાણસૂક્તસામાનિ હરેર્નામૈકમંગલં કુર્વન્તિ વિક્રયં યે વૈ તેષાં ભારેણ પીડીતા''** બ્રહ્માજીને કહેવામાં આવેલ આ પૃથ્વીવચન; તેમજ **''મન્નામવિક્રયી વિપ્રો નહિ મુક્તો ભવેદ્ ધ્રુવં મૃત્યુકાલે ચ મન્નામસ્મૃતિમાત્રં ન વિદ્યતે''** શ્રીનન્દને કહેવામાં આવેલ ભગવદ્‌વચનના આધારે પણ, ભગવન્નામના વિક્રયને દોષરૂપે ગણવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં ગુરુભેટ ધરનાર પોતાનાં શિષ્યને પણ ભગવન્નામોપદેશ દોષરૂપ ગણાશે. કેમકે શિષ્ય દ્વારા ધરવામાં આવતી ભેટ જો સ્વીકારવામાં આવતી હોય તો તે પણ એક જાતનો નામવિક્રય જ થયો કહેવાય! વાત તો સાચી પણ ગુરુત્વ એ બ્રાહ્મણની સહજ અને શાસ્ત્રાનુમોદિત આજીવિકા છે. તેથી તેને ત્યાજ્ય માની શકાતી નથી... વળી શ્રીપ્રભુચરણે જે વાત કહી છે **''પાત્રાપાત્રનો સરખો વિચાર કરીને જ કાંઇ પણ દાન આપવું જોઇયે, તેમાંય શ્રીકૃષ્ણના નામોના દાનમાં તો તે બાબતની કાળજી ખાસ લેવી જોઇયે, નહિ તો વિના વિચારે શ્રીકૃષ્ણના નામનુ દાન કરવાથી સ્વયં દાનકર્તાનો જ વિનાશ થાય છે ''**, તેથી પોતાના અને શિષ્યના ઉદ્ધારની કેવલ ભાવના રાખીને જો નામદીક્ષા આપવામાં આવતી હોય તો કોઇ વાંધાજનક વાત નથી. નહિ તો લોભને કારણે પાત્રાપાત્રના વિવેક રાખ્યા વિના જો નામદીક્ષાનું દાન આપવામાં આવે તો નામવિક્રયનો દોષ જ છે કે જેને કારણે દીક્ષાદાતા અપરાધી બને છે (પુરુષોત્તમજીકૃત જ.ભે.વિવૃત્તિ ૪).

(ઘ)

સચ દુર્લભઇતિ તેનાપિ વક્તવ્યપ્રકારમ્ આહ –

तदभावे स्वयं वापि मूर्तिं कृत्वा हरेः क्वचित्।
परिचर्यां सदा कुर्यात् तद्रूपं तत्रच स्थितम्।।

'तदभावे' इति. **'क्वचिद्'** –દેશવિશેષે સત્પરિપન્થિનામ્ અભાવયુક્તે, **'हरेः मूर्तिं कृत्वा'** ભજેત્. અયમેવ અસ્ય માર્ગસ્ય પ્રકારઃ ઉત્તમઃ, યત્ મૂર્તૌ કૃતં સર્વં ભગવતિ કૃતં ભવતિ.

(ત.દી.નિ.પ્ર.૨।૨૨૮).

ननु अत्र मूलएव कुठारपात इति आकाङ्क्षायां कलेः बलिष्ठत्वेन अग्रिमेषु गुरुलक्षणाभावम् आलोच्य स्वस्मिन्नेव एतन्मार्गीयगुरुत्वं नियच्छन्त आहुः **'सच'** इत्यादि. **'तदभावे'** इत्यादि आज्ञापनाद् इदं ज्ञात्वा करणे **''यस्त्विच्छया कृतः पुम्भिराभासो ह्याश्रमात्पृथग्''** इति आभासत्वाभावः सेवायाः, तृतीयस्कन्धोक्त–मौढ्याभावश्च सेवाकर्तुः साधितः स्वयमेव सेवाकरणेपि प्रकारविशेषसन्देहे तादृशा यदि मिलन्ति तदा प्रकारांशे प्रष्टव्याः इत्यपि सूचितम्.

(त.दी.नि.प्र.आ.भं.२।२२८).

(ગુર્જરભાષા–ભાવાનુવાદઃ)

(ઘ) આવો ગુરુ મળવો તો સહેલ નથી તેથી તેવા કપરા સંજોગમાં શું કરવું તે હવે સમજાવવામાં આવે છે –

આવો ગુરુ જો ન મળતો હોય તો ભગવાન્‌ની મૂર્તિને (આરાધ્ય) બનાવીને પરિચર્યા = ભજન તો ક્યાંક સદા કરવુંજ જોઇએ, કેમકે મૂર્તિમાં ભગવાન્‌નું રૂપ અને સત્ત્વ બન્ને વિદ્યમાન હોયજ છે.

કોઇક એવા દેશમાં કે જ્યાં સજ્જનોની સાથે આડાઇ કરનારા લોકો રહેતા ન હોય ત્યાં રહીને હરિની મૂર્તિ (ને આરાધ્ય) બનાવીને ભજન કરી લેવું જોઇએ. ભજનનો આજ પ્રકાર આ માર્ગમાં ઉત્તમ ગણાય છે. ભગવન્મૂર્તિને માટે જે કાંઇ કરવામાં આવે તે સાક્ષાત્ ભગવાન્ માટે કરેલું સમજી લેવું (ત.દી.નિ.પ્ર.૨।૨૨૮).

અહીં એક પ્રશ્ન ઉભો થાય છે કે શ્રીમહાપ્રભુએ જેવા લક્ષણવાળા ગુરુથી દીક્ષોપદેશ લઇને ભગવત્સેવામાં પ્રવૃત્ત થવાનું કહ્યું છે તેવા લક્ષણોથી યુક્ત ગુરુ બળવાન કલિયુગને કારણે જો આગળ જતાં ન મળે તો શું કરવું ? આના સમાધાનરૂપે તેવી સ્થિતિમાં આ માર્ગમાં ગુરુપદ પોતાના પૂરતુ મર્યાદિત રાખીને આજ્ઞા આપે છે કે આવી પરિસ્થિતિમાં જાતેજ ભગવત્સેવામાં પ્રવૃત્ત થઇ જવું જોઇએ. આવી શ્રીમહાપ્રભુની આજ્ઞાને શિરોમાન્ય કરીને જે જાતે જ ભગવત્સેવામાં તત્પર થઇ જાય છે તેની તેવી કૃતિમાં ધર્માભાસતા – પાષણ્ડનો આરોપ લાગતો નથી કે જે ધર્માભાસતાને **''यस्त्विच्छ्या। कृतः पुम्भिराभासो ह्याश्रमात् पृथक्''** વચનમાં નિન્દિત

ઠરાવવામાં આવી છે. ભાગવતના તૃતીયસ્કન્ધમાં પણ જેવી મૂઢતાની નિન્દા કરવામાં આવી છે તે પણ આવી રીતે બરાબર સમજીને સેવા કરનારાની બાબતમાં લાગૂ પડતી નથી. જાતે જ જેઓ ભગવત્સેવામાં પ્રવૃત્ત થયા હોય તેઓ પણ સેવાની બાબતમાં કોઇક વિશેષ માહિતી મેળવવા માંગતા હોય તો તેવા જાણકાર કોઇક ભગવદીયને મળીને મેળવી શકે છે આ પણ આ નિરૂપણથી સૂચિત થાય છે (ત.દી.નિ.પ્ર.આ.ભં.૨।૨૨૮).

(૨) सेवास्वरूप

(क)

एतदेव सेवास्वरूपम् इति आहुः **'चेत्'** इति -

चेतस्तत्प्रवणं सेवा तत्सिद्ध्यै तनुवित्तजा।

उक्तसेवासाधने इतरे इति आहुः 'तद्' इति. वित्तं दत्त्वा अन्येन पुरुषेण कृत्वा कारिता एका, एतादृशेन पुंसा कृता च अपरा, एतादृश्यौ ते तत्साधिके न इति अभिप्रायज्ञापकं समस्तं पदम्. एतेन भगवदर्थं निरुपधि-स्वसर्वस्व-निवेदन-पूर्वकं तत्रैव स्वदेहविनियोगे प्रेम्णि जाते सा भवति इति भावः.

(श्रीप्रभुचरणकृत-सिद्धान्तमुक्तावली-विवृत्ति २).

तद् चेद् वित्तं वेतनत्वेन दत्त्वा कार्यते तदा सा चित्तस्य राजसत्वं कुर्वन्ती चित्तस्य तत्प्रवणत्वं न करोति. यदि च वित्तं वेतनत्वेन गृहीत्वा क्रियते तदा ऋत्विजो यागवत् स्वस्य तत्प्रवणत्वरूपं फलं न साधयति.

(सि.मु.वि.प्रकाश.२)

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

(ક) કૃષ્ણસેવાનું આ જ સ્વરૂપ છે જે **'चेतस्...'**દ્વારા શ્રીમહાપ્રભુ સમજાવવા માગે છે -

चेतस्=ચિત્તનું કૃષ્ણમાં પ્રવણ=તન્મય થવું તે કૃષ્ણસેવા. તે ચિત્તની કૃષ્ણપ્રવણતારૂપ કૃષ્ણસેવા સિદ્ધ થાય છે તનુવિત્તજા સેવા કરવાથી.

ચિત્તને કૃષ્ણપ્રવણ કરવાના સાધનો બીજા (=તનુ અને વિત્ત) છે તે શ્રીમહાપ્રભુ સમજાવી રહ્યાં છે -'तद्...'ઇત્યાદિ.... પૈસા આપીને કોઇક બીજા માણસ થકી કરાવવામાં આવતી સેવા તે સેવાનો એક પ્રકાર છે; અને આવી રીતે કૃષ્ણસેવામાટે કોઇક બીજા માણસ પાસેથી પૈસા લઇને કરવામાં આવતી સેવા તે સેવાનો બીજો પ્રકાર છે. આવા બન્ને પ્રકારોથી કરવામાં આવતી સેવાઓને કારણે ચિત્ત ક્યારેય કૃષ્ણપ્રવણ બની શકતુ નથી, આવા પોતાના અભિપ્રાયને પ્રકટ કરવા માટે શ્રીમહાપ્રભુએ **'तनुवित्तजा'** રૂપ સમસ્ત પદનો પ્રયોગ કર્યો છે. આથી સિદ્ધ થાય છે કે કોઇ પણ જાતના લૌકિક ભાવોને આધીન થયા વગર પોતાનું સર્વસ્વ ભગવાનને નિવેદિત કરીને, પોતાના દેહનો પણ વિનિયોગ જ્યારે ભગવાનમાટે કરવામાં આવે, ત્યાર પછી ભગવત્પ્રેમ પ્રકટ થતાં ચિત્ત કૃષ્ણપ્રવણ બની શકે છે(સિ.મુ.વિ.૨).

તે આભ્યન્તરભક્તિસાધક બાહ્યોપાય જો કોઇક તનુજા સેવા કરનાર બીજાને વેતન-તનુજાસેવાના મૂલ્ય-રૂપે વિત્ત આપીને કરાવવામાં આવતી હોય ત્યારે તે વિત્તજા સેવા ચિત્તને રાજસભાવ-દર્પ-દમ્ભ-થી યુક્ત બનાવે છે પણ કૃષ્ણપ્રવણ બનાવી શકતી નથી. જો બીજા કોઇક પાસેથી વિત્ત વેતન-તનુજાસેવાના મૂલ્ય-નારૂપે ગ્રહણ કરીને તનુજા સેવા કરવામાં આવતી હોય ત્યારે ગોરમહારાજને જેમ યજ્ઞયાગનું ફળ મળતું નથી તેમ પારકા પૈસાથી કરવામાં આવતી તનુજા સેવા કરનારને પણ કૃષ્ણપ્રવણતારૂપ ફલ ક્યારેય મળતું નથી(સિ.મુ.વિ.પ્રકાશ.૨).

(ख)

''यद् यद् इष्टतमं लोके... तत् कृष्णे साधयेद् ध्रुवम्''.

भगवत्सेवायामपि क्लिष्टं न समर्पयेत्...सन्मार्गोपार्जितं, न अन्येषां भागरूपम्... इतरनिषेधार्थम् एतद् उक्तम्.

(त.दी.नि.प्र.२।२३६).

ननु भवतु एवं तथापि भगवति यत् समर्पणीयं तद् उत्तममेव समर्पणीयमिति तदर्थम्-अधिकमपि लोकानुरञ्जनाद्यर्थं प्रतिबन्धकनिवृत्त्यर्थं च... लौकिकचातुर्यप्राप्तौ पुनः बाहिर्मुख्यप्राप्तिरिति तन्निवृत्त्यर्थम् आहुः -

'भगवद्' इत्यादि. तथाच एवम् अक्लिष्टस्य सन्मार्गेण उपार्जने तावद् अपि तन्न भविष्यति इति अर्थः एतदेव बोधयितुम् आहुः **'इतर'**इत्यादि.

(त.दी.नि.प्र.आ.भं.२।२३६).

(गुर्जरभाषा-भावानुवादः)

(ख) ''જે કાંઈ લોકમાં ઈષ્ટતમ છે...તેને કૃષ્ણની સેવામાં લગાડવું જોઈએ ''. ભગવત્સેવામાં પણ કલેશપ્રદ સામગ્રીનું સમર્પણ ન કરવું જોઈએ. સેવામાં સમર્પિત થનાર સામગ્રી પણ સન્માર્ગથી ઉપાર્જિત કરેલી હોવી જોઈએ, એવી કે જેમાં બીજા કોઇકનો હિસ્સો ન હોય. ... અન્ય પ્રકારે ઉપાર્જિત સામગ્રીના વિનિયોગનો નિષેધ કરવા આ વાત કહેવામાં આવી છે (ત.દી.નિ.પ્ર.આ.ભં.૨।૨૩૬).

અહીં એક પ્રશ્ન ઊભો થાય છે કે ભગવત્સેવામાં જે કાંઈ વસ્તુ કે સામગ્રી ભગવાનને સમર્પિત કરવાની હોય તે ઉત્તમ તો હોવી જ જોઇયે તેના માટે; તેમજ લોકોને ખુશ કરવા માટે અથવા તો પ્રતિબન્ધો દૂર કરવા માટે પણ ક્યારેક વધૂ પ્રમાણમાં પણ સમર્પિત કરવામાટે, કાંઇક લૌકિક ચતુરાઇ તો વાપરવી જ પડતી હોય છે. આમ બહિર્મુખ થવાની શક્યતા તો કાયમ રહે જ છે. આ આશંકિત બહિર્મુખતાની નિવૃત્તિનો ઉપાય સમજાવવા શ્રીમહાપ્રભુએ 'ભગવત્....'પદ્યનો પ્રયોગ કર્યો છે. આમ કલેશરહિત વસ્તુ પણ જ્યારે સન્માર્ગથી મેળવેલી હોય તો કદાચ બહિર્મુખતા નહિ ઉદ્ભવે એવો આશય છે. આ જ વાતને સમજાવવા શ્રીમહાપ્રભુએ અન્ય...' પદ્યનો પ્રયોગ કર્યો છે (ત.દી.નિ.પ્ર.આ.ભં.૨।૨૩૬).

(ગ)

स्वमार्गीयप्रकारोऽयं सर्वोपि हि निरूप्यते।
गृहीत्वा नाम शरणं गत्वा सर्वं समर्प्य च।।
सेवासार्थकतासिद्ध्यै देहादीनां तथा पुनः।
अन्यत्राविनियोगाय क्रियतां तनुवित्तजा।।

(श्रीहरिरायजीकृत-स्वमार्गीय-शरण-समर्पण-सेवा-निरूपणम्.१-३).

(गुर्जरभाषा-भावानुवादः)

(ગ) સ્વમાર્ગીય સાધનાના આ બધા પ્રકારને નિરૂપિત કરવામાં આવે છે. નામ પામીને, શરણદીક્ષા લઇને; તથા બધું જ સમર્પણ કરીને સેવા અને દેહાદિ ની એવી સાર્થકતા સિદ્ધ કરવા માટે, જેથી કરીને દેહાદિનો ક્યાંક અન્યત્ર વિનિયોગ ન થઇ જાય, તનુવિત્તજા સેવા કરવી જોઇએ (સ્વ.શ.સ.સે.નિ.૧-૩).

(ઘ)

यस्तु स्वमार्गीय-सेवास्वरूप-ज्ञानाभाववान् मार्गरीत्या श्रद्धया यथाकथञ्चित् स्वरूपसेवां चेत् करोतीति तत्सेवायाः केवलभौतिकत्वात् **''लोकार्थी चेद् भजेत् कृष्णम्''** इति न्यायस्य जातत्वात् तदा सर्वथा संक्लिष्टो भवति, तदा भजनत्यागः.

(स्वरूपतारतम्यनिर्णय).

(गुर्जरभाषा-भावानुवादः)

(घ) જેને સ્વમાર્ગીય સેવા-સ્વરૂપનું જ્ઞાન ન હોય એવી વ્યક્તિ જ્યારે માર્ગની ફક્ત રૂઢી મુજબ, સમજ વીનાની કોરી શ્રદ્ધાને આધારે, જેમ-તેમ સ્વરૂપસેવા કરવા મંડે તો તેવી સેવા કેવળ આધિભૌતિક સેવા હોય છે. તે સ્થિતિમાં **''लोकार्थी चेद् भजेत् कृष्णम्...''** ન્યાય પ્રમાણે એવો સેવાકર્તા કલેશ જ પામે છે. ત્યારે ભજન છોડી દેવું જોઇએ (સ્વ.તા.નિ.)

(૩) સેવાપ્રદર્શન

(ક)

भगवद्भावस्य रसात्मकत्वेन गुप्तस्यैव अभिवृद्धिस्वभावकत्वाद् आश्रमधर्मैरेव लोके स्वं भगवद्भावम् अनाविष्कुर्वन् भजेत् इत्येतदाशयेन ते धर्मा उक्ताः. गोपने मुख्यं हेतुम् आह **'अन्वयाद्'** इति. यतो भगवता समम् अन्वयं = सम्बन्धं प्राप्य वर्तते, अतो हेतोः तथा. अत्र **''ल्यब्लोपे पञ्चमी''** एतेन यावद् अन्तःकरणे साक्षात् प्रभो प्राकट्यं नास्ति, तावदेव बहिराविष्करणं भवति, प्राकट्ये तु न तथा सम्भवति इति ज्ञापितम्.

(अणुभाष्य.३।४।४९).

(गुर्जरभाषा-भावानुवादः)

(क) भाव गुप्त रहे तो ज वृद्धिंगत थइ शके छे. तेथी जगतमां पोताना आश्रमधर्मोनी आडमां पोताना भगवद्भावने गुप्त राखीने भगवद्भजन करवुं जोइए. आ हेतुसर ज भगवद्भावनी साथोसाथ आश्रमधर्मोनुं पण निरूपण करवामां आव्युं छे. जेना हृदयमां प्रभु प्रकट नथी बीराजता तेज पोताना भावोने खुल्लेआम प्रदर्शित करतो होय छे. जो प्रभु हृदयमां बिराजता होय तो भावोनुं उघाडेछोग प्रदर्शन संभव नथी (अणुभाष्य.३।४।४९).

(ख)

स्वीयान् भक्तान् प्रदर्शयेत्.

(साधनदीपिका.१०८)

(गुर्जरभाषा-भावानुवादः)

(ख) जेओ पोताना स्वजन होय अने भक्त होय तेओनेज श्रीठाकोरजीना दर्शन कराववा जोइए. (साधनदीपिका.१०८).

(ग)

३८तमो अपराधः = गुरुदेवतयोः गुप्तप्रकटीकरणम्. फलं = श्वानयोनित्रयम्.

११अपराधः = अवैष्णवस्य स्वसेव्यप्रदर्शनम्. फलं = वार्षिकसेवा--निष्फलत्वम्. प्रायश्चित्तं = पञ्चामृतस्नानम्.

३६तमो अपराधः = भगवन्नाम्ना याचनम्. फलम् = उपचारनैष्फलम् प्रायश्चित्तं = पञ्चगुणित-नैवैद्य-दानम्.

३५तमो अपराधः = गुर्वाज्ञोल्लङ्घनम्. फलम् = असिपत्रादि-घोर-नरक-पातः. प्रायश्चितम् = वैष्णव-गुरु-प्रसादनम्.

(श्रीहरिरायजी-विरचित-षट्पष्ठिरपराधस्तत्फलानि-प्रायश्चित्तानि-च).

(गुर्जरभाषा-भावानुवादः)

(ग) ३८मो अपराध: गुरु के दैवत (=श्रीठाकुरजी नी वातो) ना गुप्त-रहस्यने प्रकट करवुं. फल: त्रण जन्मो सुधी श्वानयोनि.

११मो अपराध: अवैष्णव समक्ष पोताने घरे बीराजता श्रीठाकोरजीनुं प्रदर्शन करवुं. फल: एक वर्षनी सेवा निष्फल थइ जाय छे. प्रायश्चित: श्रीठाकोरजीने पंचामृतथी स्नान करावबुं.

३६मो अपराध: श्रीठाकोरजी (श्रीभागवत के श्रीयमुनाजीनी लोटीजी) ना नामे ('भेट' 'सामग्री', 'पोथीसेवा' के 'न्योछावर') मांगवुं. फल: सेवा सर्वथा निष्फल बनी जाय छे. प्रायश्चित: जेटलुं मांग्युं के भेगुं कर्युं होय तेनाथी पांचगणु नैवेद्य प्रभुने दान (नहि के समर्पण!) रूपे आपवुं.

३५मो अपराध: गुरु-श्रीमहाप्रभु-नी आज्ञानुं उल्लंघन करवुं. फल: असिपत्र वगेरे नामोवाळा घोर नरकोंमां पात. प्रायश्चित: वैष्णव अने गुरुने प्रसन्न करवा (श्रीहरि.वि.षट्).

(४) सेवाप्रयोजन

(क)

न लौकिकः प्रभुः कृष्णो मनुते नैव लौकिकम्।
भावस्तत्राप्यस्मदीयः सर्वस्वश्चैहिकश्च सः।।
परलोकश्च तेनायं सर्वभावेन सर्वथा।
सेव्यः सएव गोपीशो विधास्यत्यखिलं हि नः।।

(शिक्षापद्यानि)

(गुर्जरभाषा-भावानुवादः)

(क) न तो श्रीकृष्ण लौकिक प्रभु छे के न ते क्यारेय लौकिक भावोनो अंगीकार करे छे. अमारो भाव तो श्रीकृष्णनी बाबतमां आ ज छे के श्रीकृष्ण अमारा सर्वस्व

છે, ઐહિક પણ અને પારલૌકિક પણ. તેથી સર્વભાવથી સર્વથા સેવ્ય તે ગોપીશ જ છે. તેઓ જ અપણું બધું કરશે (શિક્ષાપદ્ય).

(ख)

''लौकार्थी चेद् भजेत् कृष्णं क्लिष्टो भवति सर्वथा।''

(सि.मु.१६).

ननु कश्चिद् जीविकाद्यर्थमपि भजते तस्य का गतिः ? इत्यत आहुः **'लोकार्थी'** इति. 'लोक'पदेन लौकिको अर्थः उच्यते. तदर्थी चेत् कृष्णं भजेत् तदा व्यापारवद् अर्थे सिद्धे तस्यापि अनर्थरूपत्वेन तत्कृतभजनस्य भक्तित्वाभावात् तत्कृतं सर्वं क्लेशरूपमेव, अतः क्लिष्टो भवति इति अर्थः. न केवलम् ऐहिकः क्लेशः किन्तु परलोकोपि नश्यति निषिद्धाचरणादिति 'सर्वथा' इति उक्तम्. यस्य स्वल्पमपि ज्ञानं स नैवं करोति; सर्वथा तद्रहितः कश्चिद् एवं कुर्यादपि इति 'चेद्' इति उक्तम्.

(श्रीप्रभुचरणविरचित-सि.मु.विवृत्ति.१६).

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

(ખ) ''જો કોઇક લોકાર્થી કૃષ્ણનું ભજન કરે તો તે સર્વથા ક્લેશને જ પામે છે.''(सि.मु.१६).

કોઇ આજીવિકા કે યશ વગેરે કમાવવા માટે ભજન કરે તો તેની શી ગતિ થાય ? તેવી જિજ્ઞાસાના સમાધાનાર્થે શ્રીમહાપ્રભુજીએ આ શ્લોક કહ્યો છે. 'લોક'નો અર્થ છે લૌકિક ધનાદિ. તેવી કામના રાખી જો કોઇ કૃષ્ણને ભજે તો જેમ ધંધો કરતા ધનાદિ પ્રાપ્ત થાય છે તેમ ધનાદિ તો પ્રાપ્ત થાય છે. તે ધન, પરન્તુ, અનર્થરૂપ જ હોવાથી તથા તેવાઓનું ભજન ભક્તિરૂપ ન હોવાથી તેમનું કરેલું સર્વ (પારિવારિક-સામાજિક-સાંપ્રદાયિક) ક્લેશરૂપ જ થાય છે. તેથી તે વ્યક્તિ પણ અંતે ક્લેશ જ પામે છે-એવો શ્રીમહાપ્રભુજીના કથનનો સાફસાફ અર્થ છે. વાત કેવળ ઐહિક (એટલે કે પરિવાર-સમાજ-સંપ્રદાય) માં ક્લેશ પર નથી અટકતી, પરલોકના અધિકાર અને ફલ નો પણ આવા નિષિદ્ધાચરણને કારણે નાશ થાય છે. એ સ્પષ્ટ કરવા શ્રીમહાપ્રભુએ 'સર્વથા' એમ કહ્યું. જેને (શાસ્ત્ર-માર્ગ-પરંપરા-

ભગવત્સ્વરૂપ-ભક્તિભાવ-નીતિનું) અત્યલ્પ પણ જ્ઞાન કે સંસ્કાર હોય છે તે આવું કુકૃત્ય કરી શકતો નથી, પણ કોઇ રડ્યોખડ્યો આવા જ્ઞાન અને સંસ્કાર થી સર્વથા રહિત જ હોય તે આવું કરી પણ બેસે એ સંભાવનાને ન નકારતાં શ્રીમહાપ્રભુએ 'જો' એમ કહ્યું.(શ્રીપ્રભુ.વિ.સિ.મુ.વિ.૧૬).

(ग)

तस्य सेवां प्रकुर्वीत यावज्जीवं स्वधर्मतः।
न फलार्थं न भोगार्थं न प्रतिष्ठाप्रसिद्धये।।
श्रीमदाचार्यमार्गेण नान्येनापि कदाचन।
न कल्पितप्रकारेण न दुर्भावसमन्वयात्।।

(शिक्षापत्रम् १८।१२-१३).

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

(ગ) પોતાને માથે બિરાજતા શ્રીઠાકોરજીની સેવા સ્વધર્મ (પોતાના તન-મન-ધન-ગૃહ-પરિવારના જ વિનિયોગને) નભાવતાં કરવી જોઇએ. કોઇ ફલ કે ભોગ કે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા માટે નહીં, વળી તે સેવા પણ શ્રીમદાચાર્યચરણદ્વારા નિર્દિષ્ટ માર્ગને અનુસાર જ કરવી જોઇએ (સંગઠન-પ્રશિક્ષણ-જનકલ્યાણના લોકાભિમત કહેવાતા ઉદાત્ત આશયના) કલ્પિત પ્રકારોથી નહિ. અને દુર્ભાવ (બીજા કોઇક જાહેર કે વ્યાવસાયિક મંદિરોની સાથે ચડસાચડસી) ને વશીભૂત થઇને નહિ.(શિક્ષાપત્ર.૧૮।૧૨-૧૩).

(५) सेवास्थल

(क)

बीजदार्ढ्यप्रकारस्तु गृहे स्थित्वा स्वधर्मतः...भजेत् कृष्णम्...

(भक्तिवर्धिनी.२).

'तु' शब्देन एतदतिरिक्तप्रकारान्तरव्युदासः उक्तः स्वमार्गीयभगवद्भजनं तु गृहस्थित्यभावे न संभवतीति पूर्वं गृहस्थितिमेव आहुः **'गृहे स्थित्वा'** इति. भगवद्भजनानुकूले गृहे स्थित्वा **स्वधर्मतः कृष्णं भजेत्**.

(श्रीगोकुलनाथजीकृतविवृति.२)

अत्र गृहस्थान-विधानेन स्वगृहाधिष्ठित-स्वरूप-भजन-परित्यागेन अन्यत्र तत्करणे भक्तिः न भवति इति सूचितं भवति.

(श्रीवल्लभात्मज-श्रीबालकृष्णजीकृतविवृत्ति.२)

(गुर्जरभाषा-भावानुवादः)

(क) ''पुष्टिभक्तिना बीजभावने दृढ करवानो प्रकार तो बस घरमां रहिने स्वधर्मतः ... कृष्णने भजवुं छे.(भक्तिवर्धिनी.२).

अहियां **'तो'** शब्दना प्रयोगथी एवो ध्वनि नीकळे छे के आ श्लोकमां अभिप्रेत स्वमार्गीय भजननां प्रकारथी अतिरिक्त भजननो अन्य कोइ पण प्रकार सिद्धान्ताभिमत नथी ज. स्वमार्गी भगवद्भजन घरमां रह्या विना संभवतुं नथी तेथी सर्वप्रथन गृहस्थितिनुं ज निरूपण श्रीमहाप्रभु **''घरमां रहीने''** ए विधान द्वारा करे छे. भगवद्भजनानुकूल घरमां रहीने कृष्णने भजवा जोइएे. (श्रीगो.वि.२).

अहियां सेवोपयोगी स्थान तरीके घरनुं विधान करवामां आव्युं छे तेथी जो पोताना घरमां बीराजता प्रभुनु भजन छोडीने बीजे कशे भजन (भेटसामग्री, मनोरथ के झांखी रूपे) करवामां आवे तो तेने 'भक्ति' न कहेवाय. (श्रीवल्ल.बाल.वि.२).

(ख)

गूढलीलापरो भक्तगूढभावरसात्मकः।
सेवनीयः सावधानैः विपरीतगतिक्रियः।।

श्रीमदाचार्यकृपया तिष्ठति स्वगृहे हरिः।
एवंविधः सदा हस्ते योगिनः पारदो यथा।।
(शिक्षापत्रम्.२।१८-१९).

(गुर्जरभाषा-भावानुवादः)

(ख) गूढलीलापरायण भक्तना गूढभावानुसारी विपरीत-गति-क्रिया-वाळी लीला करनारा श्रीहरिनी सेवा काळजी साथे करवी जोइएे. श्रीमद्दाचार्यचरणनी कृपाथी प्रभु आपणा घरमां बीराजे छे, एेम के जेम योगीना हाथमां पारानी गोळी (शिक्षा.२।१८-१९).

(ग)

गृहे स्थित्वा सेवनार्थं स्वधर्मेणैव सर्वथा।
कृष्णं भजेत् यतोऽधर्मकरणात् हीनयोनिता।।
कृष्णमूर्तौ यथालब्धैः द्रव्यैः संपूजयेद् हरिम्।
पूर्वं स्थानं मन्दिरादि तथा सिंहासनादि च।।
(श्रीहरिरायजीकृत-स्व.श.स.से.निरूपणम्.४५-४६).

(गुर्जरभाषा-भावानुवादः)

(ग) घरमां रहीने जे सेवा करवानी कीधी छे ते सर्वथा स्वधर्मानुसार ज कृष्णभजननना रूपमां करवानी छे, कारणके अधर्म करतां हीनयोनिमां जन्म मळी शके छे. यथालब्ध द्रव्योंथी हरिनुं पूजन तेमनी मूर्तिना रूपमां करवुं जोइएे. हरिपूजन करतां पहेला श्रीहरिना बिराजवाना स्थानरूप मंदिरादि अने सिंहासनादि नुं पण अलंकरणात्मक पूजन करवुं जोइएे (श्रीहरि.स्व.श.स.से.नि.४५-४६).

(घ)

'आचार्यकुलाद्' इति श्रुत्युक्तरीत्या गृहएव स्थित्वा भगवद्भजनं कर्तव्यं स्वधर्मरहस्यं च गोपनीयम् इति सिद्धम्.

(श्रीपुरुषोत्तमजीकृत-अणुभाष्यप्रकाश.३।४।५०).

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

(ઘ) ''આચાર્યકુલાદ્'' આ શ્રુતિમાં કહેલ રીતિ પ્રમાણે ઘરમાં જ રહીને ભગવદ્ભજન કરવું જોઇએ અને પોતાના ધર્મના રહસ્ય ને ગુપ્ત રાખવું જોઇએ (અણુભા.પ્ર.૩।૪।૫૦)

(૬) સેવ્યસ્વરૂપ

(ક)

गुप्तो हि रसः रसत्वमापद्यते = अगुप्तो रसः रसाभासःस्यात्.

(सुबो.१०।१८।५ = १०।५६।४४).

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

(ક) ગુપ્ત રાખવાથી જ રસ રસ રહી શકે છે = પ્રકટ થતાં તે જ રસ રસાભાસ બની જાય છે (સુબો.૧૦।૧૮।૫ = ૧૦।૫૬।૪૪).

(ખ)

સચ દુર્લભઇતિ તેનાપિ વક્તવ્યં પ્રકારમ્ આહ -

तदभावे स्वयं वापि मूर्तिं कृत्वा हरेः क्वचित्।

परिचर्यां सदा कुर्यात् तद्रूपं च तत्र च स्थितम्।।

'तदभाव' इति. **'क्वचिद्'** દેશવિશેષે સત્પરિપન્થિનામ્ અભાવયુક્તે **'हरेः मूर्तिं कृत्वा'** ભજેત્. અયમેવ અસ્ય માર્ગસ્ય પ્રકારઃ ઉત્તમો યત્ મૂર્તૌ કૃતં સર્વં ભગવતિ કૃતં ભવતિ. તત્ર મૂર્તેઃ ભગવત્ત્વં ત્રેધા નિરૂપયતિ **'तद्रूपम्'** ઇતિ. વસ્તુ વિચારેણ સર્વસ્ય ભગવદ્રૂપત્વાદ્ વિશેષસ્તુ અયમ્ : **''एनम् उद्धरिष्यामि''** ઇતિ તદા મૃદાદેઃ પ્રાદુર્ભૂતો ભક્તિમાર્ગાનુસારેણ આહ **'तत्र च स्थितम्'** ઇતિ. (ત.દી.નિ.પ્ર.૨।૨૨૮).

ननु अत्र मूलएव कुठारपात इति आकाङ्क्षायां कलेः बलिष्ठत्वेन अग्रिमेषु गुरुलक्षणाभावम् आलोच्य स्वस्मिन्नेव एतन्मार्गीयगुरुत्वं नियच्छन्त आहुः **'स च'** इत्यादि. **'तदभाव'** इत्यादि आज्ञापनाद् इदं ज्ञात्वा करणे, **''यस्तु इच्छया कृतः पुम्भिः आभासो ह्याश्रमात् पृथग्''** इति आभासत्वाभावः सेवायाः तृतीयस्कन्धोक्तमौढ्याभावश्च सेवाकर्तुः साधितः स्वयमेव सेवाकरणेपि प्रकार-विशेष-सन्देहे तादृशा यदि मिलन्ति तदा प्रकारांशे प्रष्टव्याः इत्यपि सूचितम्.

(त.दी.नि.आ.भ.२।२२८).

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

(ખ) આવો ગુરુ મળવો તો સહેલ નથી તેથી તેવા કપરા સંજોગોમાં શું કરવું તે હવે સમજાવવામાં આવે છે -

આવો ગુરુ જો ન મળતો હોય તો ભગવાન્ની મૂર્તિને (આરાધ્ય) બનાવીને પરિચર્યા = ભજન તો ક્યાંક સદા કરવુંજ જોઇએ. કેમકે મૂર્તિમાં ભગવાનના રૂપ અને સત્ત્વ બન્ને વિદ્યમાન હોયજ છે.

કોઇક એવા દેશમાં કે જ્યાં સજ્જનોની સાથે આડાઇ કરનારા લોકો ન રહેતા હોય ત્યાં રહીને હરિની મૂર્તિને (આરાધ્ય) બનાવીને ભજન કરી લેવું જોઇએ. ભજનનો આજ પ્રકાર આ માર્ગમાં ઉત્તમ ગણાય છે. ભગવન્મૂર્તિને માટે જે કાંઇ કરવામાં આવે છે તે સાક્ષાત્ ભગવાન્ માટે કરેલું જ સમજી લેવું (ત.દી.નિ.પ્ર.૨।૨૨૮).

અહીં એક પ્રશ્ન ઉભો થાય છે કે શ્રીમહાપ્રભુજીએ જેવા લક્ષણવાળા ગુરુથી દીક્ષોપદેશ લઇને ભગવત્સેવામાં પ્રવૃત્ત થવાનું કહ્યું છે તેવા લક્ષણોથી યુક્ત ગુરુ બળવાન કલિયુગને કારણે જો આગળ જતાં ન મળે તો શું કરવું ? આના સમાધાનરૂપે તેવી સ્થિતિમાં આ માર્ગમાં ગુરુપદ પોતાનાજ પુરતુ મર્યાદિત રાખીને આજ્ઞા આપે છે કે આવી પરિસ્થિતિમાં જાતેજ ભગવત્સેવામાં પ્રવૃત્ત થઇ જવું જોઇએ. આવી શ્રીમહાપ્રભુની આજ્ઞાને શિરોમાન્ય કરીને જે જાતે જ ભગવત્સેવામાં તત્પર થઇ જાય છે તેની તેવી કૃતિમાં ધર્માભાસતા-પાષણ્ડનો આરોપ લાગતો નથી કે જે ધર્માભાસતા **''यस्तु इच्छया कृतः पुम्भिः आभासो ह्याश्रमात् पृथक्''** વચનમાં

નિન્દિત ઠરાવવામાં આવી છે ભાગવતના તૃતીયસ્કન્ધમાં પણ જેવી મૂઢતાની નિન્દા કરવામાં આવી છે, તે પણ આવી રીતે બરાબર સમજીને સેવા કરનારાની બાબતમાં લાગૂ પડતી નથી. જાતે જ જેઓ ભગવત્સેવામાં પ્રવૃત્ત થયા હોય તેઓ પણ સેવાની બાબતમાં કોઇક વિશેષ માહિતી મેળવવા માંગતા હોય તો તેવા જાણકાર કોઇક ભગવદીયને મળીને મેળવી શકે છે આ પણ આ નિરૂપણથી સૂચિત થાય છે (ત.દી.નિ.પ્ર.આ.ભં.૨।૨૨૮).

(ગ)

गुरुदत्तां स्वयंलब्धां भक्तैरपि सुपूजिताम्।
व्यंगांगीमपि सेवेत यदि भावो न बाधते।।

(साधनदीपिका.९०).

(ગુર્જરભાષા–ભાવાનુવાદઃ)

(ગ) ભગવત્સ્વરૂપ ગુરુએ આપણા માંથે પધરાવી આપ્યું હોય, કે આપણને જાતે જ ક્યાંક થી પ્રાપ્ત થયું હોય, કે બીજા કોઇક ભક્ત દ્વારા સુપૂજિત હોય; કે પછી ખંડિત પણ કેમ ન હોય, પરન્તુ છે તો ''મારા માથે બીરાજતું સેવ્યસ્વરૂપ'' એવો ભાવ જો આપણો તે સ્વરૂપમાટેનો અખંડિત જ હોય ('વોલ્ટેજ' ઓછા ન લાગતા હોય) તો તેવા સ્વરૂપની જ સેવા અનન્યભાવથી કરવી જોઇએ (સાધનદીપિકા.૯૦).

(ઘ)

सेवाविधिः समग्रोपि क्रमेणैव विलिख्यते।
प्रकारोत्तमतः पूर्वं मूर्तौ सेवा विधीयते।।
मूर्तौ भगवतो ज्ञानं साकारावेशतो मतम्।
भक्तिमार्गप्रकारेण ज्ञानतस्तु तदात्मता।।
पूजामार्गे भवेन्मन्त्रविधानात् पूज्यसेवनम्।
विशेषो भक्तिमार्गेऽयं पुरुषोत्तमरूपिणः।।
मणिस्पर्शेन ताम्रादि सौवर्णमिव तत्त्वतः।

अतस्तत्र कृतं सर्वं साक्षात्कृष्णे कृतं भवेत्।।

(श्रीहरिरायजीकृत–स्व.श.स.से.निरूपणम्.३९–४१).

(ગુર્જરભાષા–ભાવાનુવાદઃ)

(ઘ) હવે અનુક્રમે સમગ્ર સેવાવિધિ લખવામાં આવે છે. ઉત્તમપ્રકાર હોવાથી પ્રથમ મૂર્તિની સેવા કહેવામાં આવે છે. ભક્તિમાર્ગના હિસાબે મૂર્તિમાં પ્રભુનું જ્ઞાન, આકારમાં પ્રભુ આવિષ્ટ થાય છે તે પ્રક્રિયાથી માનવામાં આવે છે. જ્ઞાનની દૃષ્ટિએ જોતાંતો બધું જ ભગવદાત્મક હોવાથી મૂર્તિ પણ સાક્ષાત્ ભગવદ્રૂપ જ છે. પૂજામાર્ગના અનુસાર મન્ત્રવિધાનથી પૂજ્ય પ્રભુની સેવા પ્રાપ્ત થાય છે. જ્યારે ભક્તિમાર્ગમાં અન્ય બે માર્ગથી વિશેષતા એ છે કે મૂર્તિ અહીં સ્વયં પુરુષોત્તમરૂપ છે (વિભૂતિ, પ્રતિનિધિ કે માત્ર અક્ષરાત્મક નહિં) જેમ પારસમણિના સ્પર્શથી ત્રાંબાનું પાત્ર વસ્તુતઃ સુવર્ણ બની જાય છે તેમ જ મૂર્તિ માટે કરવામાં આવેલ ભક્ત્યુપચાર તત્ત્વતઃ સાક્ષાત્શ્રીકૃષ્ણને માટે કરવામાં આવેલ ભક્ત્યુપચાર બની જાય છે (શ્રીહરિ.સ્વ.શ.સ.સે.નિ.૩૯–૪૧).

(ङ)

स्वमार्गसेव्यरूपस्य चिन्तने रीतिरुच्यते।
...तदेकहृदयस्थायी तद्भावः कृष्णएव हि।
लीलासहस्रवलितः सामग्रीसहितस्तथा।
भावनीयः सदानन्दः सदा नन्दादिलालितः।।
इदमेवोक्तम् आचार्यैः सिद्धान्तस्य निरूपणे।
''आत्मानन्दसमुद्रस्थं कृष्णमेवे''ति यद्वचः।।
तदाशयस्तु विवृतः कृपयैव प्रभोर्मया।
अवगत्य जनाः सर्वे चिन्तयन्तु हरिं सदा।।

(श्रीमत्प्रभोश्चिन्तनप्रकारः.१–१३).

(ગુર્જરભાષા–ભાવાનુવાદઃ)

(૬) હવે સ્વમાર્ગીય સેવ્યસ્વરૂપના ચિન્તનનો પ્રકાર કહેવામાં આવે છે... પુષ્ટિભક્તના હૃદયમાં સ્થિત જે ભક્તિભાવ છે તે નિશ્ચિત શ્રીકૃષ્ણ જ છે કે જેઓ અનેક લીલાયુક્ત છે અને તે તે લીલાઓની સામગ્રી સહિત બીરાજમાન છે એવા સદાનન્દ અને સદા શ્રીનન્દાદિ વ્રજભક્તોદ્વારા સેવ્યમાન શ્રીકૃષ્ણનું જ ભાવન કરવું જોઇએ. સિદ્ધાન્તમુક્તાવલીમાં ''આત્માનન્દસમુદ્રમાં સ્થિત શ્રીકૃષ્ણનું જ ચિન્તન કરવું જોઇએ''આ વચનદ્વારા શ્રીમહાપ્રભુએ આ જ બતાવ્યું છે. પ્રભુની કૃપાથી જ તેના આશયનું મેં વિવરણ કર્યું છે. તેઓની કૃપાથી સ્વમાર્ગીય ચિન્તનનું સ્વરૂપ જાણીને સર્વે પુષ્ટિમાર્ગીઓ સદા હરિનું ચિન્તન કરે એવી મારી શુભકામના છે (શ્રીહરિ.શ્રી.પ્રભુ.ચિન્ત.પ્ર.૧-૧૩).

(ચ)

भक्तिमार्गस्थितैः श्रीमदाचार्यपदसंश्रितैः।
सेव्यमानं सदा भावैः निरोधं साधयेद् ध्रुवम्।।

(स्वमार्गीयस्वरूपस्थापनप्रकारः१८).

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

(ચ) શ્રીમદાચાર્યચરણોના આશ્રયનું સૌભાગ્ય પામનારા ભક્તિમાર્ગીઓદ્વારા પુષ્ટિભાવો થકી જ (નહિ કે પ્રવાહી ભાવોથી) સદા સેવ્યમાન પ્રભુ નિઃસન્દેહ નિરોધ (પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિને) ને સિદ્ધ કરશે જ (શ્રીહરિ.સ્વ.સ્વ.સ્થા.પ્ર.૧૮).

(૭) सेवार्थ-आजिविका

(क)

याममात्रं भगवत्सेवां विधाय पश्चाद् अनिषिद्धेन उपायेन जीवनं सम्पादयेत्. पारम्पर्यजीवनमपि निषिद्धं चेत् तदा त्यक्तव्यम्. ''**अचौराणाम् अपापानाम्...**'' इति वचनात्. जीविकायां चित्तं व्यापृतं पुनः भगवति योजनार्थम् उपायम् आह

''**पठेच्च नियमं कृत्वा**'' इति. अनेन अल्पबहिर्मुखतायामपि श्रीभागवतम् अनुसन्धेयम् इति उपायः कथितः.

(त.दी.नि.प्र.२।२३२).

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

(ક) દિવસમાં ઓછામા ઓછા ત્રણ કલાક સેવા કરી લીધા પછી શાસ્ત્રમાં નિન્દિત ન હોય તેવા પ્રકારે આજીવિકાનું ઉપાર્જન કરવું જોઇએ. કુલપરંપરાથી ચાલી આવતી પણ આજીવિકાનો પ્રકાર (દેવલકાદિવૃત્તિ જેવો) જો શાસ્ત્રનિન્દિત હોય તો તેને છોડી દેવો જોઇએ કેમકે ''**अचौराणाम् अपापानाम्...**'' એ વચનથી આ જ સિદ્ધ થાય છે. આજીવિકામાં લાગેલા ચિત્તને ભગવાનમા લગાવવાનો ઉપાય કહેવામા આવે છે ''**ભાગવતનો નિયમપૂર્વક પાઠ કરવો જોઇએ**''. થોડી પણ બહિર્મુખતાની સમ્ભાવના લાગતાં ભાગવતનું અનુસન્ધાન ઉપાયરૂપે કહેવામાં આવ્યું છે. (ત.દી.નિ.પ્ર.૨।૨૩૨).

(ख) श्वानं श्वपाकं प्रेतधूमं देवद्रव्योपजीविनं ग्रामयाजकं सोमविक्रयिणं चितिं चितिकाष्ठं मद्यं मद्यभाण्डं सस्नेहं मानुषास्थिं शवस्पृशं महापातकिनं शवं स्पृष्ट्वा सचैलम् अम्भोऽवगाह्य उत्तीर्य अग्निम् उपस्पृश्य गायत्र्यष्टशतं जपेत्. धृतं प्राश्य स्नात्वा त्रिराचमेद् इति च्यवनवचनात्.

चितिञ्च चितिकाष्ठञ्च पूयं चंडालमेव च।
स्पृष्ट्वा देवलकञ्चैव सवासा जलमाविशेत्।।
देवार्चनपरो यस्तु वित्तार्थी वत्सरत्रयम्।
स वै देवलको नाम हव्यकव्येषु गर्हितः।।

(श्रीपुरुषोत्तमजीकृत-द्रव्यशुद्धि).

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

(ખ) કુતરો, ચાણ્ડાલ, પ્રેતધૂમ, દેવદ્રવ્યોપજીવી, ગ્રામયાજક, સોમવિક્રેતા, ચિતા, ચિતાકાષ્ઠ, ચરબીયુક્ત માનુષાસ્થિ શબને સ્પર્શ કરવાવાળાનો મહાપાતકીનો તથા શબનો સ્પર્શ કરનારે વસ્ત્ર સહિત જલમાં ડુબકી લગાવી, અગ્નિનો ઉપસ્પર્શ કરી, એકસો આઠ ગાયત્રી મન્ત્રનો જપ કરી, ધૃતપ્રાશન કરી ત્રણ વખત આચમન કરવું જોઇએ એવું ચ્યવન ઋષિનું વચન છે. ચિતા ચિતાના લાકડા, પૂય, ચાણ્ડાલ

તથા દેવલક નો સ્પર્શ થયે વસ્ત્ર સહિત જલમાં ડુબકી લગાવવી જોઇએ. ત્રણ વર્ષ પર્યન્ત જે વિત્તાર્થી થઇને દેવાર્ચન કરે છે તેને હવ્ય-કવ્યમાં ગર્હિત સમજવો જોઇએ (શ્રીપુરુ.દ્રવ્યશુદ્ધિ).

(૮) सेवाकर्ता तथा सेवापरिचारक

(क)

भार्यादिरनुकूलश्चेत् कारयेद् भगवत्क्रियाम्।
उदासीने स्वयं कुर्यात् प्रतिकूले गृहं त्येजत्।।

एवं प्रवृत्तस्य भार्यादीनां विनियोगम् आह **''भार्यादिरनुकूलश्चेद्''**इति. भार्यादिकं गृहं, विष्णुपराङ्मुखाः भार्यादयो अन्यथा परित्यागे दोषएव. अनेन अवैष्णवैः सह अस्मिन्मार्गे न स्थातव्यम् इति उक्तं भवति.

(त.दी.नि..प्र.२।२३१)

(गुर्जरभाषा-भावानुवादः)

(क) પત્ની વિગેરે જો સેવામાં અનુકૂલ હોય તો તેમનાથી પ્રભુસમ્બન્ધી ક્રિયા = પરિચર્યા કરાવવી જોઇએ. જો તેઓ ઉદ્દાસીન હોય તો જાતે જ કરવી જોઇએ અને જો તેઓ પ્રતિકૂલ હોય તો ઘર વિગેરેનો ત્યાગ કરવો જોઇએ. આ પ્રકારે સેવામાં પ્રવૃત્ત અધિકારીના પત્ની આદિનો ભગવત્સેવામાં વિનિયોગ કહેવામાં આવી રહ્યો છે ''પત્ની આદિ અનુકૂલ હોય તો''. 'गृह' એટલે પત્નીવિગેરે. આમનો પરિત્યાગ જો તેઓ વિષ્ણુપરાઙ્મુખ હોય તો જ કરવો. અન્યથા નહિં કેમકે તે સ્થિતિમાં તેને દોષરૂપ માનવામાં આવ્યું છે. આ કહેવાનો આશય એ કે આ માર્ગમાં અવૈષ્ણવ સાથે રહેવું જોઇએ નહિ (ત.દી.નિ.પ્ર.૨।૨૩૧).

(ख)

तत्रादौ शरणं यातः किं कुर्यादिति चोच्यते।
श्रीमदाचार्यमार्गीयगुरुणा शरणं गतः।।

स्वामित्वेन हरिं स्वं तु सेवकत्वेन भावयेत्।

.....

एवमाश्रित्य धर्मोऽयं संक्षेपेण निरूपितः।
...अतः परं क्रमेणैव जीवः कृतसमर्पणः।।९-१०।।

.....

सेवासंस्काररूपत्वाद् विदध्यात्सेवनां सदा।
...सर्वथा सर्वदैवापि नचाद्यादसमर्पितम्।।२५-२६।।
तद्भक्षणे भवेदेवाब्रह्मसम्बन्धि वस्तुतः।
सर्वत्र ब्रह्मसम्बन्ध-भावना-नाशएव हि।।२७।।
यथा समर्पणे योग्यं यत् तथा तत् समर्पयेत्।

.....

गृहे स्थित्वा सेवनार्थं स्वधर्मेणैव सर्वथा।
कृष्णं भजेत् यतो अधर्मकरणात् हीनयोनिता।।४५।।
कृष्णमूर्तौ यथालब्धैर्द्रव्यैः सम्पूजयेद् हरिम्।
पूर्वं स्थानं मन्दिरादि तथा सिंहासनादि च।।४६।।

.....

भार्यादीनामानुकूल्ये तैः सेवामेव कारयेत्।।५६।।
स्वयं कुर्याद् उदासीनतया तेषां पुनः स्थितौ।
अपकीर्तिभयात् कृष्णसेवा-वैयग्र्य-संभवात्।।५७।।
स्वकृत-ब्रह्मसंबन्धं विभाव्य हृदि सर्वथा।
तत्पोषणं प्रकुर्वीत रुग्णदेहवदातुरः।।५८।।

(श्रीहरिरायजीकृत.स्व.श.स.से.नि.९-५८).

(गुर्जरभाषा-भावानुवादः)

(ख) સર્વપ્રથમ શરણાગત અધિકારીએ શું કરવું જોઇએ એ હવે કહેવાઇ રહ્યું છે : શ્રીમદ્વલ્લભાચાર્યદ્વારા પ્રવર્તિત માર્ગના ગુરુ દ્વારા જેમણે શરણાગતિની

દીક્ષા લીધી હોય તેમને માટે એ આવશ્યક છે કે હરિને સ્વામી માને અને પોતાને સેવક... આ પ્રમાણે સંક્ષેપમાં શરણાગત અધિકારીના ધર્મનું નિરુપણ કર્યું...

હવે ક્રમ પ્રમાણે જ જે જીવે સમર્પણ કર્યું હોય તેના ધર્મો કહેવાય છે. સમર્પણની દીક્ષા સેવાર્થ અપેક્ષિત સંસ્કારરૂપ હોવાથી તે દીક્ષિત વ્યક્તિએ તો સર્વથા સેવા જ કરવી જોઇએ... સર્વથા સર્વદા જ અસમર્પિતનું ભક્ષણ ન કરવું જોઇએ કેમ કે અસમર્પિતનું ભક્ષણ કરતાં (બ્રહ્મસમ્બન્ધી) વસ્તુતઃ અબ્રહ્મસમ્બન્ધી થઇ જાય છે અને બ્રહ્મસમ્બન્ધની ભાવનાનો સર્વત્ર નાશ જ થઇ જાય છે. જે વસ્તુ જે પ્રમાણે પ્રભુને સમર્પિત થઇ શકતી હોય તે પ્રમાણે તે વસ્તુ પ્રભુને સમર્પિત કરવી જોઇએ. ઘરમાં રહીને જે સેવા કરવાની કીધી છે તે સર્વથા સ્વધર્માનુસાર જ કૃષ્ણભજનના રૂપમાં કરવાની છે, કારણકે અધર્મ કરતાં હીનયોનિમાં જન્મ મળી શકે છે. યથાલબ્ધ દ્રવ્યોથી હરિનું પૂજન તેમની મૂર્તિના રૂપમાં કરવું જોઇએ. હરિપૂજન કરતાં પહેલા શ્રીહરિના બિરાજવાના સ્થાનરૂપ મંદિરાદિ અને સિંહાસનાદિનું પણ અલંકરણાત્મક પૂજન કરવું જોઇએ... પત્ની વગેરે જો ભગવત્સેવામાં અનુકૂલ હોય તો તેમનાથી સેવા જ કરાવવી જોઇએ, પણ જો તેઓ ઉદાસીન હોય તો પોતે જ ભગવત્સેવા કરી લેવી જોઇએ. ઉદાસીન પરિવારજનો પાસે જબરદસ્તી સેવા કરાવતાં સેવામાં વ્યગ્રતા અને સેવાનિન્દા ની સંભાવના રહેલી છે. તેવી સ્થિતિમાં જેમ આપણા જ દેહમાં કોઇક એવી માંદગી થાય કે જેમાં ભગવત્સેવા પણ ન થઇ શકતી હોય તો તેમાં દેહનું પાલન જેવી રીતે કરવું પડે છે તેમ તેવા ભગવત્સેવામાં ઉદાસીન પરિવારજનોનું ભરણપોષણ પણ આપણે પોતે કરેલ બ્રહ્મસમ્બન્ધનું હૃદયમાં અનુસન્ધાન કરીને રુગ્ણપરિવારની ભાવના રાખીને કરવું જોઇએ.(શ્રીહરિ.સ્વ.શ.સ.સે.નિ.૯-૫૮).

(૯) सेवोपदेष्टा

(क) परमत्र न सर्वेषां फलमुखाधिकारः किन्तु येषु भगवत्कृपा कृपापरिज्ञानं च मार्गरुच्या निश्चीयते. तत्र आदितः साधनानि आह –

कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम्।

श्रीभागवततत्त्वज्ञं भजेत् जिज्ञासुरादरात्।।

(त.दी.नि.२।२२७)

'कृष्णसेवापरम्' इति. यो हि गुरुः सेवाम् उपदेक्ष्यति स स्वयं चेत् तां उत्तमां जानीयात् तदा कथं स्वयं न कुर्याद् इति सेवापरएव गुरुः. तत्रापि निमित्तानि वारयति **'दम्भादिरहितम्'** इति. सेवाच प्रमाणमूलैव पुरुषार्थपर्यवसायिनी. अन्यथा मनसि अन्यद्विधाय अन्यथा करणे न फलसिद्धिः इति अभिप्रायेण आह **'श्रीभागवततत्त्वज्ञम्'** इति. **'जिज्ञासु'** न तु कौतुकाद्याविष्टः. भजनं – सर्वभावेन, तदा तदुक्तप्रकारेण भगवत्सेवा कर्तव्या.

(त.दी.नि.प्र.२।२२७).

'वीक्ष्य' इत्यनेन मार्गान्तराद् अत्र वैलक्षण्यं ज्ञापितम्. 'ईक्ष' दर्शनामनयोः, 'वि'ना च सम्यक्त्वं परीक्षणे द्योत्यते. तथाच तन्त्रे – ''गुरुः परीक्षयेत् शिष्यम्'' इति वाक्यात् शिष्यो यथा परीक्ष्यते तथा अत्र गुरुः. नोचेद् अतादृशस्य लोकानुगतपशुरूपत्वात् तादृशो अनुसरणे अन्धानुगान्धवद् उभावपि पतेताम्. एतदर्थमेव जलभेदग्रन्थकरणं ज्ञेयम्... तेन ब्रह्मसम्बन्धोपि फलमुखः तस्यैव इति सिद्ध्यति. एवम् अधिकारसूचनेन अनधिकार्यपि व्यावर्तितः.

(त.दी.नि.प्र.आवरणभङ्ग.२।२२७).

(गुर्जरभाषा–भावानुवादः)

(क) આ માર્ગ, પરન્તુ બધાને ફલદાયક નીવડે તેવો અધિકાર દરેકનો હોતો નથી. તે તો ભગવાનની કૃપા જેઓના ઊપર વરસી હોય તેઓનો જ હોય છે. કોઇકના ઊપર ભગવાનની કૃપા છે કે નહિં તેની ખાતરી તે વ્યક્તિને કૃપયૈકલભ્ય ભક્તિમાર્ગ કે પ્રપત્તિમાર્ગ માં રુચિ છે કે નહિ તેના આધારે કરવી જોઇએ.

જેઓના ઊપર ભગવત્કૃપા વરસી હોય તેઓને માટે શરુઆતથી જ કયા સાધનો છે તેનું નિરૂપણ કરવામાં આવે છે –

કોઇક પુરુષ કૃષ્ણસેવામાં તત્પર છે કે નહિ. દમ્ભાદિ દુર્ગુણોથી રહિત છે કે નહિ; તેમજ શ્રીમદ્ભાગવતપુરાણના મર્મના જાણકાર છે કે નહિ આટલી વાતો સરખી

રીતે ચકાસી લીધા પછી જ તેની પાસે ગુરુબુદ્ધિ રાખીને જવું જોઇએ (ત.દી.નિ.૨।૨૨૭).

જે પુરુષે આ માર્ગમાં ગુરુ તરીકે ભગવત્સેવાનો ઉપદેશ આપવાનો છે તે પોતે ભગવત્સેવાને ઉત્તમ ગણતો હોય તો શા માટે પોતે પણ ભગવત્સેવામાં તત્પર ન થાય ? તેથી ગુરુ કૃષ્ણસેવામાં તત્પર તો હોવો જ જોઇએ. તે કૃષ્ણસેવા ભક્તિભાવ શિવાય બીજા કોઇ પણ હેતુ (દમ્ભ-કામ-લોભ-પ્રતિષ્ઠા) થી પ્રેરિત ન હોવી જોઇએ. તેથી ગુરુ થવા જનાર પુરુષમાં દમ્ભાદિ દુર્ગણો ન હોવા જોઇએ. આ ભગવત્સેવા પણ જો યથોપદિષ્ટ પ્રામાણિક હોય તો જ સફલ થાય છે. નહિ તો બુદ્ધિ કે હૃદય માં કાંઇક ભળતા જ વિચારો કે ભાવો રાખીને જો સેવા કરવામાં આવતી હોય તો તેવી સેવા સફલ થતી નથી. તેથી ગુરુનું શ્રીમદ્ભાગવતતત્ત્વજ્ઞ હોવું પણ જરુરી છે. એવો ગુરુને શોધનારો પણ પાછો જિજ્ઞાસુ હોવો જોઇએ. ફક્ત કૌતુક કે તેવા બીજા કોઇ ભાવોને રાખીને નવું-નવું કાંઇક અજમાવી લેવાની મનોવૃત્તિવાળો ન હોવો જોઇએ. તે પછી ગુરુએ ઉપદિષ્ટ પ્રકારે સર્વભાવથી ભગવત્સેવા કરવી જોઇએ. આ જ ભજન કરવાની સાચી રીતિ છે (ત.દી.નિ..પ્ર.૨।૨૨૭).

મૂલકારિકામાં **'વીક્ષ્ય'** પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે, તેથી બીજા માર્ગ કરતાં આ માર્ગની વિલક્ષણતા સમજાવવા માંગે છે. 'ઇક્ષ' નો અર્થ છે : 'જોવું-અંકિત કરવું'. તેની સાથે 'વિ' ઉપસર્ગ જોડીને શ્રીમહાપ્રભુ, ગુરુની પરીક્ષા સરખી રીતે કરવી તેવું સુચન કરવા માગે છે. જેમ તન્ત્રશાસ્ત્રમાં કહેવાયું છે કે ગુરુએ શિષ્યની પરીક્ષા કરવી જોઇએ તેમ આ માર્ગમાં શિષ્યે ગુરુની પરીક્ષા કરવી જોઇએ તેવો નિયમ છે. નહિ તો જે પુરુષમાં ઉપર જણાવેલા લક્ષણો ન મળતા હોય તેને ગાડરિયા પ્રવાહમાં તણાતો ઢોર જેવો ગણવો જોઇએ. એવાનું અનુસરણ કરવાથી એક આંધળો બીજા આંધળાને અનુસરે અને જ્યારે એક પડે ત્યારે બીજો પણ પડી જાય ! એવી કફોડી પરિસ્થિતિ સર્જાયા વિના નહિ રહે. શ્રીમહાપ્રભુએ 'જલભેદ'ગ્રન્થ પણ ગુરુની પરીક્ષા ક્યા આધારે કરવી તે સમજાવવા જ પ્રકટ કર્યો છે...આવી બધી વાતોની કાળજી રાખ્યા વિના બ્રહ્મસંબંધદીક્ષા સફલ થતી નથી. આમ બ્રહ્મસંબંધદીક્ષા આપવામાટે કોણ અધિકારી હોઇ શકે છે તે જણાવીને કોની પાસે બ્રહ્મસંબંદીક્ષા ન લેવી તે પણ શ્રીમહાપ્રભુજીએ સમજાવી દીધું છે (ત.દી.નિ.પ્ર.આ.ભ.૨।૨૨૭).

(ખ)

महात्म्यज्ञापनायैव श्रवणं गुणकर्मणाम्।
शास्त्राणामुपयोगोऽत्र तत्राकाङ्क्षा गुरोर्भवेत्।।
कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम्।
श्रीभागवततत्त्वज्ञं भजेत् जिज्ञासुरादराद्।।
देहद्रोण्या यियासूनां परं पारं भवाम्बुधेः।
गुरुणा कर्णधारेण उत्तार्या स्वोपदेशतः।।

(साधनदीपिका.९-११)

(गुर्जरभाषा-भावानुवादः)

(ખ) ભગવન્માહાત્મ્યજ્ઞાન મેળવવા માટે ભગવદ્ગુણો અને ભગવલ્લીલાઓ નું શ્રવણ આવશ્યક છે. શાસ્ત્રોની ઉપયોગિતા પણ અહીંજ ઉભી થાય છે. તેથી કૃષ્ણસેવામાં તત્પર દમ્ભાદિ દુર્ગુણોથી રહિત; તેમજ શ્રીભાગવતના મર્મજ્ઞ હોવાના રૂપમાં સરખી રીતે જોઇ-જાણીને જિજ્ઞાસુએ કોઇક પુરુષને આદરસહિત ગુરુ બનાવીને ભજનમાં પ્રવૃત્ત થઇ જવું જોઇએ. જેઓ પોતાના દેહની હોડકલીથી ભવસાગરને પાર કરવા માગતાં હોય તેઓના કર્ણધાર બનીને ગુરુએ પોતાના સદુપદેશથી તેમને પાર લગાડવા જોઇએ (સા.દી.૯-૧૧).

(ગ)

गुरुश्च भक्तिमार्गीयः कृष्णसेवापरायणः।
श्रीभागवततत्त्वज्ञो दम्भादिरहितो नरः।।
तदभावे तथाभूतोपदेशोऽत्र नियामकः।
अथाधुनिकतीर्थानाम् अतथाभूततोऽपि हि।।
उपदेशस्तथाभूतगुरोरिव फलिष्यति।
यदि दुःसङ्गदोषेण नान्यथा चेद् भवेन्मतिः।।

(श्रीहरिरायजीकृत.स्व.श.स.से.निरू.४९-५१).

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

(ગ) ગુરુ પણ ભક્તિમાર્ગને અનુસરનારો, કૃષ્ણસેવાપરાયણ, શ્રીભાગવતના તત્ત્વનો જ્ઞાતા તથા દંભાદિથી રહિત એવો પુરુષ હોવો જોઇએ. આવા લક્ષણવાળો ગુરુ જો ન મળતો હોય તો આચાર્યવાણીરૂપ ગુરુ પાસેથી પણ સ્વકર્તવ્યનિયામક ઉપદેશ ગ્રહણ કરી શકાય છે. આચાર્યકુલોદ્‌ભૂત ગુરુસ્થાનાપન્ન આધુનિક ગોસ્વામિમહાનુભાવ જો ઉપર કહેલ લક્ષણોવાળા ન પણ હોય તો પણ જો તેમની પાસેથી મળતો ઉપદેશ સર્વલક્ષણસંપન્ન-શ્રીકૃષ્ણજ્ઞાનપ્રદ-ગુરુ-શ્રીમદાચાર્યચરણ-વચનાનુસારી હોય તો સદ્‌ગુરુ સમાન ફળને જ આપનાર હોઇ શકે છે, જો તેઓની બુદ્ધિ દુઃસંગાદિ (અર્થલોલુપ-વણિક-ટ્રસ્ટી-સંગાદિ) દોષથી અન્યથા (માર્ગવિપરીત) ન થઇ ગઇ હોય (શ્રીહરિ.સ્વ.શા.સ.સે.નિ.૪૯-૫૧).

(ઘ)

अदम्भः सर्वथापेक्षारहितः करुणापरः।
विचार्य वरणं श्रीमदाचार्यपदसंश्रयः।।
स्वसेवकाय शुद्धाय सततं प्रयतात्मने।
प्रयच्छेत् तत् स्वरूपं तु फलरूपतया पुनः।।

(श्रीहरि.कृत.स्वमा.स्वरू.स्थाप.प्र.१६-१७).

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

(ઘ) શ્રીમદાચાર્યચરણોનો સરખો આશ્રય પ્રાપ્ત કરીને, કોઇ પણ પ્રકારના દમ્ભની કે શિષ્ય પાસેથી કોઇ જાતની અપેક્ષા રાખવાની મનોવૃત્તિથી રહિત થઇને, ઉપસ્થિત જીવાત્માનું પરમાત્મા દ્વારા પુષ્ટિમાર્ગમાં વરણ કરવામાં આવ્યું છે. તેથી એવો જીવ પુષ્ટિલાભથી ક્યાંક વંચિત ન રહી જાય માત્ર આવો કરુણાભાવ રાખતાં, પુષ્ટિમાર્ગપર અગ્રસર થઇને સતત પ્રયાસ કરનાર પોતાના શુદ્ધ સેવકને માથે પુષ્ટ કરેલ સ્વરૂપને ફલરૂપે (નહિં કે ગુરુભાવે કે પોતાના સેવ્યસ્વરૂપથી ન્યૂન પુરુષોત્તમભાવે) પધરાવી દેવા જોઇએ.

(શ્રીહરિ.સ્વ.સ્વરૂ.સ્થા.પ્રકા.૧૬-૧૭).

(ङ)

वञ्चकस्तु ततोऽप्येष दुष्ट इत्येव बुद्ध्यताम्।।१६।।
यतः तदाकृतिश्चेष्टा तथाचारश्च भाषणम्।
विनयः शान्तता वेशः शंखचक्रादिचिह्नतः।।१७।।
एवमाद्यखिलं तुल्यं भगवद्धर्मवर्तिभिः।
ततो ज्ञानाभावऽतोपि सर्वथा नाशनं मतम्।।१८।।
दुर्घटं तस्य विज्ञानं सर्वथा भक्तसाम्यतः।
अतएव न कर्तव्यो विश्वासो ह्यविचारितः।।१९।।
तदीयत्वभ्रमात्तस्मिन् विश्वासो संगदोषतः।
असत्यपि च सद्भावात्पतनं भक्तिमार्गतः।।२०।।
अतएवोक्तमाचार्यैः गुरोरपि च वीक्षणम्।
'कृष्णसेवापरं वीक्ष्ये'त्यादिपद्ये निबन्धगे।।२१।।

.....

सतोऽपि किञ्चिदाधिक्यं वञ्चके तु प्रतीयते।
प्रदर्शनार्थत्वतस्तु वेषादेरिह सर्वथा।।२५।।

.....

भगवद्भक्तसाम्येपि तदसाधारणो गुणः।
निरपेक्षत्वमेतस्मिंस्तदभावाद्धि वंचकः।।३२।।
अनाकारितएवासौ सङ्गे लगति सर्वथा।
प्रार्थिता भगवद्भक्ताः कृपयन्ति कथञ्चन।।३३।।
स द्रव्यमेव विज्ञाय सज्जते स्वार्थमोहितः।
दीनेषु भगवद्भक्तास्तदर्थैकप्रसादकाः।।३४।।
चालयत्ययमुन्मार्गे मायाचाटुकसूक्तिभिः।
ते तु मार्गे चालयन्ति वचोभिः कटुकौषधैः।।३५।।

(श्रीहरिरायजीकृत दुःसंगविज्ञान निरू.१६-३५).

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

(ઙ) અન્દર તથા બહાર ના બન્ને ચોરો કરતાં વંચકને વધારે દુષ્ટ સમજવો જોઇએ. કેમકે તેની આકૃતિ, ચેષ્ટા, આચાર, ભાષા, વિનીતતા, શાન્તતા, વેશ, તથા શથચક્રાદિ ચિહ્ન વિ. બધું ભગવદ્ધર્માનુસાર ચાલવાવાળાની માફક જ હોય છે. જેઓને આવા વંચકોનું જ્ઞાન નથી હોતું તેઓનો સર્વરીતે નાશ જ થાય છે. ભક્તોની માફક દેખાવવાળા આ વંચકોને ઓળખવું અતિશય અઘરું કામ છે. તેથી જ વિચાર કર્યા વિના કોઇના પણ ઉપર વિશ્વાસ ન કરવો જોઇએ. ભગવદીયમાનીને જો આવા લોકો ઊપર વિશ્વાસ રાખવામાં આવે તો સનદ્દોષ તથા અસત્પુરુષ ઉપર સદ્ભાવ રાખવાના દોષને કારણે ભક્તિમાર્ગ ઉપરથી બહાર ફેંકાઇ જવાય છે. તેથી જ શ્રીમહાપ્રભુએ નિબન્ધમાં **''કૃષ્ણસેવાપરં વીક્ષ્ય''** થી ગુરુનાં લક્ષણો બતાવ્યા છે તે અનુસાર ગુરુની પણ પરીક્ષા કરવી જોઇએ... સાચો ભક્ત અને વંચક ની વચ્ચે એક મોટો ભેદ આ જ હોય છે કે વંચક પોતાની વેશભૂષા (તિલક-છાપા, આચાર-અપરસ, નિત્યસેવા, છપ્પનભોગાદ્દિમનોરથો 'મારો બાલૂડો' જેવી મિથ્યા ભાવુકવાણી) વિગેરે જાહેરમાં ડોળ-દેખાવમાટે જ અપનાવતો હોય છે. તેથી એક સાચો ભક્ત પોતાના ભાવસામર્થ્યને અનુરૂપ જેટલી માત્રામાં આ બાહ્યલક્ષણોને નભાવી શકે છે, તેના કરતાંય કાંઇક વધૂ પડતા પ્રમાણમાંજ આ બાહ્યલક્ષણોનું આડંબર વંચક કરતો હોય છે. આમ બીજી બધી બાબતોંમાં, વંચક અને સાચો ભક્ત એકસરખાં જ લાગતા હોય છે, પરન્તુ એક સાચો ભક્ત પોતાના ભક્તિભાવને જનતા ('ક્યૂ' લગાડીને) જોવા આવે એવી અપેક્ષા (જેમ વંચકો છાપાઓમાં જાહેરાત આપીને અથવા તો ઘરના બારણા ઉપર પાટિયા વિગેરે મુકાવીને લોકો તેમના ઠાકોરજીની સેવા કે મનોરથો જોવા આવે તેવી અપેક્ષા રાખતા હોય છે !) ક્યારેય રાખતો નથી. પોતાના સેવ્ય પ્રભુને રિઝાવવામાં રૂપિયા-પૈસા ફેંકનારા દર્શનાર્થીઓની અપેક્ષા ન રાખવી તે વંચકથી નભી શકે તેવી વાત નથી ! બસ આ જ એક લાક્ષણિક વૈશિષ્ટ્યના આધારે વંચકને પિછાણી લેવું અઘરું રહી જતું નથી. ભગવદ્ભક્તમા નિઃસ્વાર્થ હોવાનો જે અસાધારણ ગુણ હોય છે તે વંચકમાં ન હોવાથી તે તરત જ ઓળખાઇ આવે છે. વંચક તો વગર બોલાવે જ પાછળ પડી જતો હોય છે. જ્યારેકે સાચો ભક્ત તો અનેક વાર વિનવ્યા પછી જ ક્યારેક કાંઇક કૃપા કરતા હોય છે. વંચક તો સ્વાર્થથી મોહિત હોવાને કારણે દ્રવ્યસમ્પન્ન લોકોની પાછળ પડી જતો હોય છે જ્યારે ભગવદ્ભક્ત તો ગરીબ લોકો સાથે પણ એમના કલ્યાણનો વિચાર કરીને સન કરે છે. વંચક લોકો કપટ તથા ચાપલૂસી ભરેલી વાતોથી લોકોને માર્ગની વિપરીત દિશા તરફ દોરી જતાં હોય છે. જ્યારે કે

ભગવદ્ભક્ત તો કડવી દવા જેવા સિદ્ધાન્તવચનો દ્વારા લોકોને સન્માર્ગ તરફ દોરી જતા હોય છે (શ્રીહરિ.દુ.વિ.પ્ર.૧૬-૩૫).

(च)

यो वदत्यन्यथावाक्यम् आचार्यवचनात् जनः ।
संसृतिप्रेरको वापि तत्सङ्गो दुष्टसङ्गमः ।।
यश्च कृष्णे रतिं नित्यं बोधयत्यप्रयोजनाम् ।
निरपेक्षः सात्त्विकश्च तत्सङ्गः साधुसङ्गमः ।।

(शिक्षापत्र.३।८-९)

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

(ચ) આચાર્ય વચનથી વિપરીત કે સંસારપ્રેરક વાતો જે કરતો હોય તેનો સન દુષ્ટસન છે. જે કૃષ્ણમાં નિષ્પ્રયોજન નિત્યરતિ વધારવાની વાતો કરતો હોય તેમજ પોતે પણ નિરપેક્ષ તથા સાત્ત્વિક હોય તેનો સન સત્સન જાણવો (શિક્ષાપત્ર.૩।૮-૯).

(छ) तेन गुरुत्वमेव वृत्तित्वेन फलति, युक्तं च एतद् अनुपकृत्य परस्वग्रहणे ऋणित्वेन बन्धस्य प्रसञ्जनात्. किञ्च ऋतोत्तरम् अमृताख्यायाः अयाचितवृत्तेः उक्तत्वात् तस्यामपि शिष्यस्यैव ग्राह्यं न इतरस्यतु एवं संकोचे तस्यामपि प्रशस्तत्वसिद्धिः (શ્રીપુરુષોત્તમજીકૃત-સ્વવૃત્તિવાદ).

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

(છ) આનાથી સિદ્ધ થાય છે કે ગુરુત્વ એ આપણી આજીવિકા કે વૃત્તિ છે. એ યોગ્ય જ છે કેમકે કોઇ પણ કાર્ય કર્યા વિના જ કોઇનું ધન લઇ લેવાથી તેના ઋણી થવાય છે જે બન્ધનકારી બને છે. તે સિવાય ઋત વૃત્તિના પછી 'અમૃત' નામની જે અયાચિત વૃત્તિ કહેવામા આવી છે તેને અપનાવતાં પોતાના શિષ્ય સિવાય અન્ય કોઇ પણ પાસેથી દ્રવ્યાદિગ્રહણ ન કરવામા આવતું હોય તો તેવો સપોચ હજી વધુ પ્રશંસનીય ગણાય (શ્રીપુરુષોત્તજીકૃત-સ્વવૃત્તિવાદ).

(ज)

गुरुणा वेशादिना मार्गरुचिं परीक्ष्य जिज्ञासां च अवगत्य प्रश्नानन्तरं सेवादिकम् उपदेष्टव्यम् इति.

(त.दी.नि.प्र.आ.भङ्ग.२।२५५-२५६).

(गुर्जरभाषा-भावानुवादः)

(ज) गुरुએ सेवोपदेश-श्रवणनी ઇચ્છા राખनाराना वेशवगेरे (ભાषा, ભાव, रुचि, आचार-विचार) ना द्वारा मार्गरुचिनी परीक्षा करीने तथा જિજ્ઞાसाने पण જાણીને तेना अनुરૂप प्रश्न करे त्यारे જ तेने सेवा विगेरेनो उपदेश करवो જોઇએ (स.नि.आ.ભं.२२५-२५६).

(१०) भागवतकथा

(क)

.....ततो भागवतं कृतम्।
एतदभ्यसनात् लोको मुच्यतेऽनुपजीवनात्।।५७।।
साधनं परमेतद्धि श्रीभागवतमादरात्।
पठनीयं प्रयत्नेन निर्हेतुकम् अदम्भतः।।२४३।।
पठनीयं प्रयन्तेन सर्वहेतुविवर्जितम्।।
वृत्त्यर्थं नैव युज्जीत प्राणैः कण्ठगतैरपि।।
तदभावे यथैव स्यात् तथा निर्वाहमाचरेत्।।।२५३-४।।

(त.दी.नि. - २।६७,२४३,२५४).

(गुर्जरभाषा-भावानुवादः)

(क)...त्यारे व्यासજીએ भागवत पुराण प्रकट કર્યું જેના अभ्यास (श्रवण-स्मरण-कीर्तन) थी लोको मुક્ત थઇ शके छे परन्तु જો भागवतनो आજીविकार्थ

उपयोग न थतो होय तो જ. आ भागवत જ એક श्रेष्ठ साधन छे तेथी प्रयत्नपूर्वक, कोઇ पण लौકિક हेतु के दम्भ विना, आदरपूर्वक आनो पाठ करवो જોઇએ, भागवतनो पाठ प्रयत्नपूर्वक अन्य कोઇ पण हेतु विना જ करवो જોઇએ. प्राण आपणा कण्ठ सुधी पण केम न आवी જાय परन्तु आજીविकार्थ तो भागवतनो उपयोग न જ करवो જોઇએ. भागवतनो आજીविकार्थ उपयोग न करीने બીજી જે कोઇ पण रीते थઇ शके ते रीते पोतानो निर्वाह चलावको જોઇએ (स.नि.६७. २४३,२५४).

(ख)

जलार्थमेव गर्तास्तु नीचा गानोपजीविनः।।

(जलभेद.५).

पञ्चमं भावम् आहुः **'जलार्थमेव'** इति. प्रક્षालनोच्छिष्ट-जलप्रક્षेपार्थमेव ये गर्ताः तत्तुल्याः **नीचाः गानोपजीविनः** इति अर्थः...तेन उच्छिष्ट-गर्त-जलवत् तेषां भावो न सद्भिः ग्राह्यः इति अर्थः...पौराणिकनिरूपणानन्तरं पुनः यद् गायकनिरूपणं तद् एतादृशानां पौराणिकानाम् एतद्गायक-तुल्यत्व-ज्ञापनार्थम्.

(श्रीकल्याणरायविरचित-जलभेद-विवृति.५).

(गुर्जरभाषा-भावानुवादौ)

(ख) જે लोको भगवद्गुणगानने पोतानी आજીविकानुं साधन बनावे छे तेवा गुणगान करनाराओ तो अपवित्र-मलिन जलने भेगुं करवा माटे જમીनमां खोદवामा आवता खाडा जेवा होय छे.(जलભेद.५)

श्रीमहाप्रभु पांचमां भावनुं वर्णन करवामाटे **''जलने भेगुं करवा माटे''** शब्दप्रयोग करे छे. मोढुँवगेरे धोवामां वपरायेल अपवित्र जलने भेगुं करवा माटे जमीनमां જ खाडो खोદवामा आवे छे तेना जेवा नीच भगवद्गानोपજીवीओ होय छे...आथी એ आशय प्रकट थाय छे के वपरायेलुं गंदु-अपवित्र જળ જેમ वपराशमां लेवातुं नथी तेम भगवद्गानोपજીविओना भावो सारा मनुष्यो माटे ग्राह्य नथी होता...पौराणिकोना भावनुं निરૂपण करीने गायकोना जे आ भावनुं निરૂपण करवामां आव्युं छे ते आवा (आજીविकार्थ पुराणोनुं उपयोग करनार) पौराणिको आवा गायकोना समान छे ते દેખાડવા माटे (श्रीकल्याण.वि.જ.भे.५).

(११) स्वसेव्य-स्वरूप-प्रसाद-ग्रहण

(क) अपरञ्च दाने हि न स्वविनियोगः नतु निवेदने अन्यथा निवेदितान्नादेः भोजनं न स्याद् अनिवेदितस्य निषिद्धत्वात्. निवेदितानाम् अर्थानां भगवद्भोगार्थं विनियोगे जाते तद्दत्तप्रसादत्वेन स्वोपभोगकृतिः उचिततरा दासधर्मत्वात्.

(नवरत्नविवृति.१).

'अपरञ्च' इत्यादि दानं नाम स्वत्व-परित्याग-पूर्वकः परस्वत्वोत्पादनानुकूलः ''तुभ्यम् अहं सम्प्रददे न मम'' इत्यादि शब्दाभिव्यंग्यो मनोव्यापारः तस्मिन् कृते सति **'हि'** निश्चयेन **'न स्वविनियोगः'** दत्तापहार-दोषोत्पादकत्वात्. निवेदनं तु तदीयत्वानुसन्धानपूर्वकः स्वत्वाभिमानत्यागानुकूलः ''तुभ्यं समर्पयामि-निवेदयामि'' इत्यादिशब्दाभिव्यंग्यः तद्विलक्षणो मनोव्यापारः तस्मिन् कृते तु नः स्वविनियोगो दोषाय दत्तापहारदोषानुत्पादकत्वात्.

(श्रीपुरुषोत्तमजीकृत.न.वि.प्र.१).

(गुर्जरभाषा-भावानुवादः)

(क) અપરञ्च ભગવત્સ્વરૂપને માટે દાન (ભેટ) ના રૂપમાં કઈ પણ આપ્યા પછી આપણા કોઈ પણ કાર્યમાં તે વસ્તુનો ઉપયોગ કરી શકાતો નથી, પરન્તુ ભગવત્સ્વરૂપને કોઈ વસ્તુનું નિવેદન કરવામા આવે ત્યારે આ વાત લાગુ પડતી નથી. નહિં તો પ્રભુને નિવેદિત અન્નાદિનું પણ ગ્રહણ કરી શકાય નહિં. વળી અનિવેદિત વસ્તુનો ઉપભોગ તો નિષિદ્ધ જ છે. તેથી નિવેદિત વસ્તુનો ભગવત્સેવામાં વિનિયોગ થયા પછી ભગવત્પ્રદત્ત પ્રસાદના રૂપે ભક્ત દ્વારા ઉપભોગ તો ઉચિત જ છે, દાસનો ધર્મ તેમ કરતાં નભતો હોવાથી (ન.વિ.૧).

''અપરञ्च...'' આપણા સ્વાભિત્વને છોડીને કોઈક પારકાનું સ્વામિત્વ ઊભું કરવું જેવુંકે ''આ હું તને આપું છું - હવે આ વસ્તુ મારી નહિં રહે'' એવા શબ્દો

દ્વારા અભિવ્યક્ત કરવામા આવતા સપલ્પથી 'દાન' આપવામા આવે છે. દાન આપતાં કોઈ પણ સંજોગોમા આપેલી વસ્તુનો પોતાના માટે વિનિયોગની છૂટ નથી. તેમ કરતા આપેલું દાન પાછું ઝૂંટવી લેવાનો દોષ ગણાય. નિવેદન તો, જ્યારેકે, પોતાની બાબતમાં તદ્દીય હોવાનું અનુસન્ધાન રાખીને સ્વામિત્વાભિમાન (નહિં કે સ્વામિત્વ) નો ત્યાગ કરવાથી થાય છે, જેને માટે ''આ હું તને સમર્પિત કરૂં છું - નિવેદિત કરૂં છું'' એવા શબ્દો વપરાય છે. આમા દાનથી કાંઇક જુદો જ સપલ્પાત્મક મનોવ્યાપાર હોય છે. આમા દાનથી કાંઈક જુદો જ સંકલ્પાત્મક મનોવ્યાપાર હોય છે. આમ નિવેદન કર્યા પછી નિવેદિત વસ્તુનો પોતાના ઉપભોગમાં વિનિયોગ દોષરૂપ થતો નથી. કેમકે બીજાને કશું અપાઈ નથી રહ્યુ કે નથી બીજાનું કાંઈ ઝૂંટવામા આવી રહ્યું (શ્રીપુરુષોત્તમજીકૃત ન.વિ.પ્ર ૧).

(१२) तीर्थपर्यटन

वर्णाश्रम-युक्तानामपि वर्णाश्रमधर्मैः तीर्थानि विकल्पन्ते इति आह -

यज्ञास्तीर्थानि च पुनः समानि हरिणा कृताः।
अतस्तेष्वप्रतिग्राही तद्दीनान्नाधिकस्य हि।।
हतत्रपः पठन्नित्यं नामानि च कृतानि च।
एकाकी निस्पृहः शान्तः पर्यटेत् कृष्णतत्परः।।

...तत्र अटनप्रकारकम् आह 'अतस्तेष्वप्रतिग्राही' इति. तीर्थप्रवेशदिवसे तु उपवासः अग्रिमदिवसे यदि अन्नमात्रमपि नास्ति तदा तावन्मात्रं ग्राह्यं न तु ततो अधिकम्...उच्चैः नामसमीर्तनं तत्र अङ्गम् अन्तर्भगवत्स्मरणञ्च. एकाकी पर्यटेत्. न अत्र **''नैक प्रपद्येताध्वानम्''** इति स्मृतिदोषः पथि भोगाद्यर्थं स्पृहा न कर्तव्या शान्तश्च चित्ते भवेत्...

(त.दी.नि.प्र:२।२४८-९).

(गुर्जरभाषा-भावानुवादः)

વર્ણાશ્રમવાળા અધિકારિઓને માટે પણ વર્ણાશ્રમધર્મ તથા તીર્થયાત્રાના વચ્ચે વિકલ્પ સ્વીકારવામા આવ્યો છે એવું નિરૂપણ કરવામા આવે છે - યજ્ઞો તથા તીર્થોને ભગવાન હરિએ સમાન બનાવ્યા છે તેથી એક દિવસથી વધારે ચાલે તેટલી સામગ્રીનો પ્રતિગ્રહ કરવો નહીં. ભગવાનના નામ અને લીલાનો પાઠ નિઃસંકોચ કરતા રહેવું જોઈએ. માર્ગમાં કોઈ પણ જાતના ભોગ વિગેરેની સ્પૃહા રાખ્યા વિના શાન્તભાવથી યાત્રા કરવી જોઈએ.

... તીર્થાટનનો પ્રકાર નિરૂપિત થાય છે ''તેથી...''દ્વારા. તીર્થક્ષેત્રમાં પ્રવેશને દિવસે તો ઉપવાસ જ રાખવો જોઈએ. આગલા દિવસે જો ખાવાપૂરતો ખોરાક ન હોય તો તેટલો લઈ શકાય છે તેથી વધારે નહિ... વાણીથી ઉચ્ચ સ્વરથી નામસંકીર્તન અને હૃદયમાં ભગવત્સ્મરણ આ તીર્થયાત્રાના અંગ છે. પર્યટન એકાકીતયા કરવું જોઈએ. આમાં ''એકાકી યાત્રાએ ન જવું'' આ સ્મૃતિવચનમાં વર્ણવેલ દોષ લાગતો નથી. માર્ગમાં ભોગ વિગેરેની સ્પૃહા રાખવી નહિ. શાન્ત રહેવું જોઈએ (ત.દી.નિ.પ્ર.૨।૨૪૮-૯).

(૧૩) आचार्यवचनाशयनिर्धारणप्रकारोपसंहार

(क)

तस्माच्छ्रीवल्लभाख्य त्वदुदितवचनादन्यथा रूपयन्ति।
भ्रान्ता ये ते निसर्गत्रिदशरिपुतया केवलान्धन्तमोगाः।।
(श्रीप्रभुचरण-कृत-वल्लभाष्टक ३).

(गुर्जरभाषा-भावानुवादः)

(क) હે શ્રીવલ્લભ! આપે કહેલ વચનોથી વિપરીત જેઓ કોઈ કાંઇક કહે છે તો તેઓ બધા ભ્રાન્ત અને કેવલ અન્ધન્તમ નરકને પ્રાપ્ત થનારા સહજ આસુરી જીવ છે. (શ્રીપ્રભુચરણ-કૃત-વલ્લભાષ્ટક ૩).

(ख)

तदाश्रयो न वचनैः किन्तु तन्मार्गनिष्ठया।
मार्गनिष्ठा न स्वबोधैः किन्तु तादृग्गुरूदितैः।।
गुरूदितानि वाक्यानि न स्वतो ह्यनुवादतः।
अनुवादो न स्वबुद्धया किन्तु मूलक्रमागतः।।
अथापि तत्र चापेक्ष्यो दृढः स्वाचार्यसंश्रयः।

(शिक्षापत्र ८।२६-२८).

(गुर्जरभाषा-भावानुवादः)

(ख)શ્રીમહાપ્રભુજીનો આશ્રય માત્ર વાણીથી નહિં પરન્તુ શ્રીમહાપ્રભુજીના માર્ગમાં નિષ્ઠા રાખીને કરવો જોઇએ. વળી માર્ગમાં નિષ્ઠા પણ કોરી પોતાની સમજથી નહિં પરન્તુ માર્ગના ગુરુ દ્વારા કહેવામાં આવેલ વચનોના અનુસાર રાખવી જોઇએ. ગુરુના વચનોનો અર્થ પણ માત્ર પોતાની બુદ્ધિથી નહિં પરન્તુ અનુવાદતઃ સમજવો જોઇએ. વળી અનુવાદ પણ કેવળ પોતાની બુદ્ધિથી નહિં પરન્તુ મૂળક્રમ-પરમ્પરાના અનુસાર કરવો જોઇએ. આ બધા પ્રકારમાં પણ પુનઃ શ્રીમહાપ્રભુજીનો દઢ આશ્રય તો જરુરી છે જ.(શિક્ષાપત્ર.૮:૨૬-૨૮).

(ग)

यो वदक्त्यन्यथा वाक्यम् आचार्यवचनाज्जनः।
संसृति प्रेरको वापि तत्सङ्गो दुष्टसङ्गमः।।
यश्च कृष्णे रतिं नित्यं बोधयत्यप्रयोजनाम्।
निरपेक्षः सात्विकश्च तत्सङ्गः साधुसङ्गमः।।
एवं निश्चित्य सर्वेषु स्वीयेषु अन्येषु वा पुनः।
महत्कुलप्रसूतेषु कर्तव्यः सङ्गनिर्णयः।
श्रीमदाचार्यचरणे मतिः स्थाप्या सदा स्वतः।
ततएव स्वकीयानां सिद्धिः कार्यस्य सर्वथा।।

(शिक्षापत्र.३।८-११)

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

(૧૭) આચાર્ય વચનથી વિપરીત જે વાત કરતો હોય અથવા જે સંસારપ્રેરક વાતો કરતો હોય એવાનો સન એ દુષ્ટસન છે. જે શ્રીકૃષ્ણમાં નિષ્પ્રયોજન નિત્યરતિ વધારવાની વાત કરતો હોય તથા જે પોતે પણ નિરપેક્ષ અને સાત્ત્વિક હોય તેનો સન એ સત્સન છે. આ કસોટી દ્વરેક -સ્વમાર્ગીય, અસ્વમાર્ગીય; અથવા વલ્લભકુલમાં પ્રસૂત - ની સાથે કરવામા આવનાર સત્સંગને ચકાસવા માટે છે. પુષ્ટિમાર્ગીઓના બધા કાર્યો આથી જ સિદ્ધ થશે (શિ.૫.૩।૮-૧૧).

।।सकलान्तरात्मा श्रीहरिः प्रसन्नो भवतु।।

परिशिष्टम् - १

शरणागतिसम्बन्धिवचनावली

(१)

(आश्रयस्वरूपलक्षणम्)

... ... आश्रयोऽतो निरूप्यते ।।
ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः ।।

(सर्वास्वप्यवस्थासु भगवदाश्रयस्य अनुष्ठेयत्वम्)

दुःखहानौ तथा पापे भये कामाद्यपूरणे ।
भक्तद्रोहे भक्त्यभावे भक्तैश्चातिक्रमे कृते ।
अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरिः ।।
अहमार-कृते चैव पोष्य-पोषण-रक्षणे ।
पोष्यातिक्रमणे चैव तथान्तेवास्यतिक्रमे ।।
अलौकिक-मनःसिद्धौ सर्वथा शरणं हरिः ।।

(भगवदाश्रयसिद्ध्यै क्रमिकोपाय[१-४]-चतुष्टयम्)

एवं चित्ते सदा भाव्यं वाचा च परिकीर्तयेत्[1] ।।
अन्यस्य भजनं तत्र स्वतोगमनमेव च ।
प्रार्थना कार्यमात्रेऽपि तथाऽन्यत्र विवर्जयेत्[२] ।।
अविश्वासो न कर्तव्यः सर्वथा बाधकस्तु सः ।
ब्रह्मास्त्रचातकौ भाव्यौ[३] प्राप्तं सेवेत निर्ममः ।।
यथाकथञ्चित् कार्याणि कुर्यादुच्चावचान्यपि ।
किंवा प्रोक्तेन बहुना शरणं भावयेद् हरिम्[४] हरिम् ।।

(भगवदाश्रयावश्यकतोपपत्त्यन्तरेणोपसंहारः)

एवमाश्रयणं प्रोक्तं सर्वेषां सर्वदा हितम्।
कलौ भक्त्यादिमार्गाहि दुःसाध्या इति मे मतिः।।
(विवेकधैर्याश्रय.९-१७)

(२)

(प्रपत्तिमार्गे उत्तमाधिकारिणः श्रोतुः स्वरूपम्)

अनन्यमनसो मर्त्या उत्तमा श्रवणादिषु।
देश-काल-द्रव्य-कर्तृ-मन्त्र-कर्म-प्रकारतः।।
(पञ्चपद्यानि.५)

(३)

(पुष्टिप्रपत्तिमार्गे त्याज्यग्राह्यविवेकविषयिण्याः षड्विधायाः इतिकर्तव्यतायाः उपदेशः)

अनुकूलस्य समल्पः[१] प्रतिकूलविसर्जनम्[२]।
करिष्यतीति विश्वासो[३] भर्तृत्वे वरणं तथा[४]।
आत्मनैवेद्य-कार्पण्ये[५-६] षड्विधा शरणागतिः।।
(पञ्चश्लोकी.४-५)

(४)

प्रपत्तिमार्गमाह :

जगन्नाथे विट्ठले च श्रीरङ्गे वेमटे तथा।
यत्र पूजाप्रवाहः स्यात् तत्र तिष्ठेत तत्परः।
(त.दी.नि.२५५).

प्रपत्तिमार्गम् इति. भगवानैव मम ऐहिके परलोके च गतिरहं भगवद्दास इति निश्चयेन भगवत्परतया भगवन्महास्थाने स्थितिः प्रपत्तिमार्ग इत्यर्थः. तत्र तिष्ठेत इति मूले. त्वद्दासोऽहं सर्वार्थे त्वामेव आश्रित इत्यादि अभिप्रायं प्रकटयन् तिष्ठेत इत्यर्थः.

(त.दी.नि.प्र.कल्या.टि.२।२२५).

प्रपत्ति इत्यादि. अत्रापि अनधिकारे उपायान्तरं तदनुकल्पभूतम् आह इत्यर्थः. **''सर्वधर्मान्...''** इत्यत्र 'एक'पदाद् अन्याश्रयः सर्वथा बाधक इति बोधयितुं तत्परपदस्य तात्पर्यम् आहुः **प्रपत्तौ** इत्यादि. तत्परः तिष्ठेद् इत्यर्थः. स्थानान्तरस्यापि संग्रहार्थम् आहुः **पूजा** इत्यादि. एतस्यैव शेषौ विवेकधैर्याश्रयौ ज्ञेयौ. प्रपत्तिश्च शरणागतिः, आश्रयः इति यावत्. तत् प्रथमतो मानसं, पश्चात् कायिकं वाचनिकम् इति अक्रूरस्तुतौ उक्तं सुबोधिन्यां तद् उपपादितं शरणागतिप्रकरणे इति च. तदेव विवेकधैर्याश्रये विवेकधैर्ययोः निरूपणेन कायिकम्, आश्रयनिरूपणेन मानसं, वाचनिकं च उक्तम्. अत्रापि कारणं भगवदनुग्रहएव इति **''सोऽहं त्वाङ्घ्री''** त्यत्र अक्रूरस्तुतौ प्रतिपादितम्.

(त.दी.नि.प्र.आव.भङ्ग.२।२५५).

(५)

इदमेव विनिश्चित्य कृष्णो ह्यर्जुनमब्रवीत्।
''मामेव ये प्रपद्यन्ते मायाम् एतां तरन्ति ते''।।
एवकारेण सर्वेषाम् अनुपायत्वम् आह हि।
ज्ञानादीनां हि सर्वेषां तदधीनत्वतः सदा।
विश्वासं सर्वतस्त्यक्त्वा कृष्णमेव भजेद् बुधः।।
न दृष्टः श्रुतपूर्वो वा भजन् कृष्णमनामयम्।
न मुक्तः सर्वथा यस्माद् गोप्यो गावस्तथाऽभवन्।।
आपाततस्तु सर्वेषाम् उपायत्वं मयोदितम्।
विष्णोः कृपाविशिष्टानां तत्फलं नान्यथा भवेत्।।
यन्न योगेन साङ्ख्येन दानव्रततपोऽध्वरैः।
व्याख्यास्वाध्यायसंन्यासैः प्राप्नुयाद् यत्नवानपि।।
तस्मात् त्वम् उद्धवोत्सृज्य चोदनां प्रतिचोदनाम्।
प्रवृत्तिं च निवृत्तिं च श्रोतव्यं श्रुतमेव च।।
मामेकमेव शरणम् आत्मानं सर्वदेहिनाम्।

याहि सर्वात्मभावेन यास्यसे ह्यकुतोभयम् ।।
इत्येकादशसर्वस्वं भगवान् स्वयम् उक्तवान् ।
आत्मानं हि स्वयं वेद तस्माद् अन्यवचो मृषा ।।
(त.दी.नि.२।३०४-३११)

(६)

(प्रपत्तौ दीक्षितानां वैष्णवाचारपरिपालनपराणां कृते सप्तविधभक्तेः उपदेशः)

लब्ध्वानुग्रहम् आचार्यात् श्रीकृष्णशरणं जनः ।
धारयेत् तिलकं मालां वैष्णवाचारतत्परः ।।
सर्वस्वं हरिसात्कार्यं त्यजेत् सर्वम् अवैष्णवम् ।
हिंस्र-काम्या-ऽन्यदेवार्चां यदि नित्यं च लौकिकम् ।।
पूर्वभाण्डादिकं सर्वं परित्यज्य विशुद्धितः ।
श्रवणादि[१-७]परो नित्यं हरेः प्रेमास्पदो भवेत् ।।
हरेर्गुणानां श्रवणं ज्ययोभ्यः शृणुयात् सदा[१] ।
जातशिक्षः यवीयोभ्यः कीर्तयेद् अन्यथैकलः[२] ।।
अतिसुन्दररूपाणि लीलाधामानि संस्मरेत्[३] ।
पादसेवा हरेः कार्या सर्वसम्पन्निकेतनैः[४] ।।
अर्चनं प्रत्यहं तस्य विधिना नियमेन च[५] ।
वन्दनं चरणाम्भोजे तस्य भावनयाखिले[६] ।।
दास्यं तदेकशरणं तत्प्रसादैकभोजनम्[७] ।
एवं सप्तविधा भक्तिः प्रपन्नाधिकृता भवेत् ।।
(साधनदीपिका.२४-३०)

(७)

तत्रादौ शरणं यातः किं कुर्यादिति चोच्यते ।
श्रीमदाचार्यमार्गीयगुरुणा शरणं गतः ।। ९ ।।
स्वामित्वेन हरिं स्वं तु सेवकत्वेन भावयेत् ।

लौकिकं वैदिकं वापि विदध्याद् भक्तिसिद्धये ।। १० ।।
नान्यमार्गाश्रयो नैव देशान्तरसमाश्रयः ।
नैव तीर्थाश्रयो नैवाभिमतेः कर्तृताश्रयः ।। ११ ।।
नैव मन्त्रसमाधारो न च कर्मादिकाश्रयः ।
सर्वदोषनिवृत्त्यर्थं धर्मत्वेन हरौ दृशि ।। १२ ।।
विवेकादेरभावेन दैन्येनार्थत्वभावनम् ।
स्वकामपूरणार्थाय पूर्णानन्दत्ववेदनम् ।। १३ ।।
न साधनैर्भवेन्मोक्षो हरिरेव तदात्मकः ।
तदीयतायाः संपत्ता (?) मुक्तत्वेनैव चिन्तनम् ।। १४ ।।
अतएव निराकाङ्क्षा मोक्षतः कृष्णसेवकाः ।
देशादिसाधनं कृष्णः पुरुषार्थश्चतुर्विधः ।। १५ ।।
एवं मनसि सततं चिन्तनीयं प्रयत्नतः ।
प्रायश्चित्तादिषु मतिर्न कार्या शरणं व्रजेत् ।। १६ ।।
उपस्थितेषु दोषेषु सर्वेष्वथ विशेषतः ।।
सुशक्येष्वप्यशक्येषु हरेर्गतिमथ स्मरेत् ।। १७ ।।
अन्याश्रयो नैव कार्यो नैवान्यत्र स्वतो व्रजेत् ।
प्रार्थना नैव कुत्रापि कर्तव्या भगवत्यपि ।। १८ ।।
अविश्वासो न कर्तव्यो ब्रह्मास्त्रस्य निदर्शनात् ।
लौकिके वैदिके वापि कार्ये सङ्गं विवर्जयेत् ।। १९ ।।
यथाकथञ्चित् कर्तव्ये भारवत्तत्र भावनम् ।
सर्वत्र ममतां त्यक्त्वा सर्वं कार्यं प्रसाधयेत् ।। २० ।।
लोभं च हृदये नैव कुर्यात्, प्राप्तं हि सेवयेत् ।
शरणस्यापि ये धर्मास्तत्सिद्धौ शरणं व्रजेत् । २१ ।।
विवेकधैर्येऽपि सदा श्रीकृष्णाश्रयपोषके ।
तद्ग्रन्थेभ्योऽवगत्यापि प्रयत्नाद् हृदि भावयेत् ।। २२ ।।
एवम् आश्रितधर्मोऽयं संक्षेपेण निरूपितः ।
आश्रित्य वल्लभाचार्यन् बुद्धवैवं कृष्णमाश्रयेत् ।। २३ ।।
(श्रीहरि.श.स.से.निरू.९-२३).

અમૃતવચનાવલી

(૧)જો કટોરી (ગિરવિ) ધરિકે સામગ્રી આઈ સો તો ભોગ શ્રીઠાકુરજી આપ હી કે દ્રવ્યકો આરોગે સો આપ હી કો ભયો. જો શ્રીઠાકુરજીકો દ્રવ્ય ખાયગો સો મેરો નાહીં અરુ મેરો સેવક ભગવદીય હોયગો સો દેવદ્રવ્ય કબહૂં ન ખાયગો. જો ખાયગો સો મહાપતિત હોયગો. તાતે વા પ્રસાદમેંતે ભોજન કરિવેકો અપનો અધિકાર ન હતો; યાકેલિએ ગોઅનકોં ખવાયો અરુ શ્રીયમુનાજીમેં પધરાયો(યહ સુનિકે સબ વૈષ્ણવ ચુપ હોય રહે).

(**મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય** : ઘરુવાર્તા-૩).

(૨)ધન વિ.ની કામનાઓને પૂર્ણ કરવામાટે જે શાસ્ત્રવિહિત શ્રવણ-કીર્તન-અર્ચન વિ. કરવામાં આવતાં હોય તો તેવા અનુષ્ઠાનને કર્મમાર્ગીય જાણવું. પોતાની આજીવિકા ચલાવવામાટે જો શ્રવણ-કીર્તન-અર્ચન વિગેરે કરવામાં આવતાં હોય તો તેમને તો કૃષિની માફક 'લૌકિક કર્મ'જ કહેવા. જાજરૂ જઈને મલપ્રક્ષાલનાર્થ ગંગાજલ વાપરવા જેવું તે નિષિદ્ધ આચરણ છે; અને આવા દુષ્કૃત્યને કારણે પાપજ લાગતું હોય છે.

(**શ્રીવિલનાથ પ્રભુચરણ** : ભક્તિહંસ).

(૩)અપને સેવ્ય સ્વરૂપકી સેવા આપુહી કરની. ઓર ઉત્સવાદિ સમય અનુસાર, અપને વિત્ત અનુસાર, વસ્ત્ર-આભૂષણ ભાંતિ-ભાંતિકે મનોરથ કરિ સામગ્રી કરની.

(**શ્રીગોકુલનાથજી-ચતુર્થેશ** : ૨૪ વચનામૃત).

(૪)જબ સંતદાસકો સગરો દ્રવ્ય ગયો તબ શ્રીઠાકુરજીકી સેવામેં મંડાન શ્રીઠાકુરજીકે દ્રવ્યસોં રાખે ઓર શ્રીઠાકુરજીકે દ્રવ્યમેંતે ચોબીસ ટકા પૂંજી કરિ કોડી બેચતે. સો શ્રીઠાકુરજીકી પૂંજીમેંતે તો કાસિદકો દિયો ન જાઈ સો કમાઈકો ટકા દિયે. તબ ઈનકી મજૂરીકો રાજભોગ ન ભયો સો મહાપ્રસાદ હૂ ન લિયો. ટકાકે ચૂનકો ન્યારો ભોગ ધરતે સો રાજભોગ જાનતે=મહાપ્રસાદ લેતે; ઓર નિત્યકો નેગ બહોત શ્રીઠાકુરજીકે દ્રવ્યસોં હોતો. તાતે આપુની રાજભોગકી સેવા સિદ્ધ ન ભઈ (જાને). કાસિદકો દિયે સો નારાયણદાસકોં લિખે જો તુમ્હારી પ્રભુતાતેં એક દિન રાજભોગકો

નાગા પર્યો જો મેરી સત્તાકો ભોગ ન ધર્યો ! યા પ્રકાર સન્તદાસ વિવેકધૈર્યાશ્રયકો રૂપ દિખાયે. વિવેક યહ જો = શ્રીગુસાંઈજીકો હૂંડી પઠાઈ દ્વદ્વ આપુની સેવા ન ભઈ, રાજભોગકો નાગા, માને. ધૈર્ય યહ જો = શ્રીઠાકુરજીકે દ્રવ્યકો ખાનપાન ન કિયે. આશ્રય યહ જો = મનમેં આનંદ પાયે દ્વદ્વ દુઃખકલેશ ન પાયે.

(**શ્રીહરિરાયજી-દ્વિતીયેશ** : ભાવપ્રકાશ.૮૪ વૈષ્ણવવાર્તા-૭૬).

(૫)પારિશ્રમિક (ન્યોછાવર-ભેટ-પગાર-મજૂરી) તરીકે વિત્ત આપીને બીજા કોઈ પાસેથી સેવા કરાવવામાં આવતી હોય તો તેથી ચિત્તમાં અહંકાર વધે પણ ચિત્ત કદિ ભગવાન્માં ચોંટે નહીં. જો ભગવત્સેવા કરવામાટે બીજા પાસેથી પારિશ્રમિક ધન લેવામાં આવે તો ગોર-મહારાજને જેમ યજ્ઞયાગનું ફળ ન મળે પણ યજમાનનેજ મળે તેવી રીતે સેવાકર્તાની પણ ભગવત્સેવા નિષ્ફલ જાય. દક્ષિણા આપીને યજમાન, ગોર-મહારાજદ્વારા, જેમ યજ્ઞયાગ કરાવે તેમ ભગવત્સેવા (હાલમાં જેમ વૈષ્ણવો ભેટ-સામગ્રી-મનોરથો નોંધાવીનેં ગોસ્વામિ-મહારાજોદ્વારા કરાવે છે તેમ : અનુવાદક) કરાવી લેવામાં શો વાંધો ? કર્મમાર્ગમાં તેવું કરવાનું શાસ્ત્રમાં કહ્યું હોવાથી તેમ કરી શકાય છે. ભક્તિમાર્ગમાં, પરંતુ, તેવી વિધિ ઉપદેશાયેલી ન હોવાથી, આવી રીતે ધન આપીને ભગવત્સેવા કરાવવી નહીં. ભક્તિમાર્ગમાં તો ભગવદુક્ત પ્રકારે (પોતાના તન-મન-ધનથી પોતાના ઘરે પોતાના પરિવારજનોના સહયોગથી) જ ભગવત્સેવા કરવી જોઈએ.

(**સુરતસ્થ ૩/૨ ગૃહાધિપતિ શ્રીપુરુષોત્તમજી** : સિદ્ધાં.મુક્તા.વિવૃ.પ્રકા.૨)

(૬)''અત્ર ગૃહસ્થાન-વિધાનેન, સ્વગૃહાધિષ્ઠિત-સ્વરૂપ-ભજન-પરિત્યાગેન અન્યત્ર તત્કરણે ભક્તિઃ ન ભવતિ, ઈતિ સૂચિતં ભવતિ : અહીંયાં સેવોપયોગી સ્થાન તરીકે ઘરનું વિધાન કરવામાં આવ્યું છે તેથી, જો પોતાના ઘરમાં બિરાજતા પ્રભુનું ભજન છોડીને બીજે કશે ભજન (ભેટ-સામગ્રી-મનોરથ-ઝાંખીરૂપે) કરવામાં આવે તો ભક્તિ થઈ ન કહેવાય''.

(**શ્રીવલ્લભાત્મજ-શ્રીબાલકૃષ્ણજી** : ભક્તિવર્ધિ.વ્યા.૨).

(૭)જે શ્રીવલ્લભકુળ છે તે પોતના સેવ્યસ્વરૂપ ઉપર કેવો સ્નેહ રાખે છે કે એક બાજુ દ્રવ્યનો ઢગલો કરો અને એક બાજુ શ્રીઠાકોરજીને પધરાવો તો શ્રીવલ્લભકુળ

એ દ્રવ્ય સામું જોશે પણ નહિ; અને શ્રીઠાકોરજીને અતિસ્નેહ કરી પધરાવી લેશે. પણ જે આ કળિનો જીવ છે તેને તો દ્રવ્ય ઘણું પ્રિય છે. માટે તે તો શ્રીઠાકોરજી સામું જોશે નહિ. અને કેવળ વૈભવ સામું જોશે અને તરત મોહ પામશે...

(**શ્રીમદ્ગુજી મહારાજનાં ૩૨ વચનામૃતો**: ૫).

(૮)લૌકિક કામનાઓને પૂર્ણ કરવાની ઇચ્છાથી જે ભગવદ્ભજનમેં પ્રવૃત્ત થાય છે તે દરેક પ્રકારે કલેશ પામે છે. તેથી, કંઈક ભેટ-સામગ્રી મળી રહે તેવી કામનાથી જે સેવા વગેરે કરે તે પાખંડી અને દેવલક કહેવાય છે.

(**શ્રીનૃસિંહલાલજી મહારાજ**: સિદ્ધા.મુક્તા.ટી.૨લો.૧૬-૧૭).

(૯)શ્રીઉદયપુર દરબારને આશીર્વાદ. આથી જણાવવામાં આવે છે કે મેં સ્થાવર-જંગમ સંપત્તિના આર્થિક તથા માલિકીય વહિવટ અંગે, મને સલાહ આપવામાટે, યોગ્ય વ્યક્તિઓની એક સમિતિની નીમણૂક કરી છે. સેવા વિગેરે બાબતમાં પુરાતન તેમજ પ્રવર્તમાન પ્રણાલીના અનુસાર કાર્ય કરવામાં આવશે. તથા જો પુરાતન પરંપરાનો બાધ ન થતો હોય અને સમિતિ જો કોઈ સુધારાની ઈચ્છા રાખતી હોય તો તે સુધારાઓ સ્વીકારવામાં આવશે. તથા શ્રીઠાકુરજીનું દ્રવ્ય અમારા વ્યક્તિગત વપરાશમાં નહીં આવે, જેવી કે પરંપરા આજે પણ છે; અને તેને જાળવવામાં આવશે. તે છતાં પણ મારા વડવાઓના સમયથી ચાલ્યા આવતાં મારા માલિકીના હક્કો તેજ પ્રમાણે કાયમ રહેશે. આ મુજબજ જમા-ઉધારની નોંધો પણ તે-તે ખાતામાં ચાલુ રહેશે, જે મુજબ ચાલુ ખાતામાં હાલ નોંધાઈ રહ્યું છે.

(**નિ.લી.ગોસ્વામિતિલકાયિત શ્રીગોવર્ધનલાલજી મહારાજ**: ડેકલેરેશન મિતિ દ્રભાદ્ર-શુક્લા પંચમી સં.૧૯૮૯ = તા.૫-૯-૧૯૩૨).

(૧૦)મહારાજને જે આવક વૈષ્ણવો વિગેરેમાંથી આવે તેમાથી ઘર-ખરચ તરીકે ઠાકોરજીનો ખરચ મહારાજ ચલાવે છે. ઠાકોરજીનેમાટે સ્થાવર કે જંગમ અમુક મિલ્કત જુદી કાઢી તેમાંથી ખરચ ચલાવતા નથી. ઠાકોરજીના વૈભવનો, ભોગનો, આભૂષણ-વસ્ત્ર વિગેરેનો ખરચો મહારાજ કરે છે. પોતાની આવકઉપર એ સરવે ખરચ કરે છે... ઠાકોરજીની સન્મુખ ભેટ ધરી શકાતી નથી...ઠાકોરજીની ભેટ દેવમંદિરમાંજ મોકલવી પડે. મહારાજથી તે ભેટનો ઉપયોગ થઈ શકે નહિ.

(**નિ.લી. અમરેલીવાળા શ્રીવાગીશલાલજીના આમ-મુખત્યાર**: ગાયકવાડી વડોદરા રાજ્યની કોર્ટમા જુબાની).

(૧૧)જેવી રીતે અમારા પૂર્વપુરુષો પોતે આપણા ધર્મનું સત્ય સ્વરૂપ તથા શુદ્ધાદ્વૈતસિદ્ધાંત સંપૂર્ણરીતે સમજીને વૈષ્ણવધર્મનો યથાર્થ ઉપદેશ લોકોને કરતાં હતા; અને વચલા કાળમા, જે સંપત્તિ વિગેરે કારણોથી અમે ઘણે દરજજે છોડી દીધો છે, તેથી ઘણા ખરાં લોકોને સાધારણ સેવા અને કોરી વિત્તજા ભક્તિનુંજ રૂઢિ અનુસાર જ્ઞાન રહ્યું છે.

(**નિ.લી.શ્રીદ્વિકીનન્દનાચાર્યજી-પંચમેશ**: 'આશ્રય'એપ્રિલ૮૭).

(૧૨)આપણો પ્રમુખ સિદ્ધાન્ત છે 'અસમર્પિતનો ત્યાગ'. ઉત્તમ ઉપાય તો તે જ છે કે ઘરમાં જે પણ રસોઈ બને તે પ્રભુને ભોગ ધરીને પછી જ મહાપ્રસાદ લેવો. ... જ્યાં સુધી અસમર્પિતનો ત્યાગ નહીં થાય ત્યાં સુધી બુદ્ધિ ઉત્તમ નહીં બને. સાનુભાવતા ક્યારે સિદ્ધ થઈ શકે ? જ્યારે આપણી બુદ્ધિ નિર્મળ બને. ...આજે આપણે (ઘરમાં બિરાજતા સેવ્ય) હીરાને પારખી નથી શકતા. સાચા હીરાને ઝવેરી જ પારખી શકે. સ્થિતિ કેવી છે કે આપણે ખોટા હીરાને સાચો માનીને તેની પાછળ (હવેલી-મન્દિરોમાં ?) ભાગી રહ્યા છીએ. શ્રીમહાપ્રભુજીએ તો નિધિરૂપી સાચો હીરો જ આપણને આપ્યો છે. ભગવાન્ ગીતામાં કહે છે કે ''દિવ્યં દદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમીશ્વરમ્''. ભગવાનને ઓળખવામાટે તો દિવ્યતા પ્રાપ્ત થવી જોઈએ. દિવ્યતા જ આત્મબળ છે. ... તેથી મારો તો આપ લોકોથી સાગ્રહ અનુરોધ છે કે આત્મબળને પ્રાપ્ત કરવામાટે પોતાનો કંઈક દૈનિક નિયમ બનાવો. ષોડશગ્રન્થના પાઠનો નિયમ લો...

(**નિ.લી.ગો. શ્રીગિરિધરલાલજી મહારાજ, ઇન્દૌર-નાથદ્વારા, દ્વિતીયગૃધીશ**: શ્રીમદ્વલ્લભ અને શ્રીહરિરાયજી જીવનદર્શન, ભાગ-૨, વચનામૃત ૭મું, પૃષ્ઠ ૧૨૪).

(૧૩)વકીલ: જો પુષ્ટિમાર્ગીય, કોઈપણ, મંદિરમાં વૈષ્ણવો શ્રીઠાકુરજીની સેવા તેમજ નેગ-ભોગમાટે અને શ્રીઠાકુરજીની સેવાના નભાવમાટે ભેટ વિગેરે આપી

વિત્તજાસેવા કરતા હોય તો અને તે મંદિરમાં તનુજાસેવા કરતા હોય તો તે મંદિર પુષ્ટિમાર્ગીય નથી એમ આપનું કહેવું છે ?

પૂ.પા.મહારાજશ્રી : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની તનુજા કે વિત્તજા સેવા સ્વતંત્ર કરવાની પ્રક્રિયા નથી અને તેવી સેવા કરે તો તે સાંપ્રદાયિક મંદિર ન કહેવાય.

(**નિ.લી.ગોસ્વામી શ્રીવ્રજરત્નલાલજી મહારાજ સુરતસ્થ ૩/૨ ગૃહાધીશ** : જુબાની, નડિયાદના કેસમાં).

(૧૪)...તેવીજ રીતે આપણે ત્યાં સન્મુખભેટ થાય છે તે પણ દેવદ્રવ્ય છે; અને તે સામગ્રીના કામમાં નથી આવતી. શ્રીગોકુલનાથજી અને શ્રીચન્દ્રમાજી ના ઘરમાં હજી આ નિયમનું પાલન થાય છે. ત્યાં જે સન્મુખભેટ થાય તે કીર્તનિયો લઈ જાય છે. એ કીર્તનિયો મહાવનિયો હોય છે. તે વલ્લભકુલનો, યમુનાજીનો ગોર હોય છે. બીજો તેનું અનુકરણ કરે તે ખોટું...અમે શ્રીનાથજી અગાડી જે સન્મુખભેટ ધરીએ છીએ તે શ્રીમહાપ્રભુજીની પાદુકાજીને ધરીએ છીએ છતાં તે અલંકારાદિકમાં વપરાય છે, સામગ્રીમાં નહિ. સન્મુખભેટ ધરવામાં ઘણો અનાચાર થાય છે...શ્રીઠાકોરજી-નિમિત્તે કાંઈ મંગાય નહીં કે કાંઈ અપાય નહીં. એ રીતે આવેલ દ્રવ્ય દેવદ્રવ્ય બને...તે લેનારની બુદ્ધિ બગડ્યા વગર ન રહે.

(**નિ.લી.શ્રીરણછોડલાલજી**, રાજનગરના વચનામૃત=૪૮૪-૮૭).

(૧૪/ક)વૈષ્ણવોની પાસે જે કાંઈ પરમ પદાર્થ છે, તેનું અસ્તિત્વ આજનાજ શુભ દિનને આભારી છે. કાળની ભીષણતા અને પરિસ્થિતિની વિષમતાના અત્યંત વિકટ યુગમાં શ્રીમત્પ્રભુચરણના દિવ્ય સિદ્ધાંતોઉપર અટલ રહેવામાંજ જીવમાત્રનું ઐહિક અને પારલૌકિક કલ્યાણ રહેલું છે. અન્યાશ્રયનો ત્યાગ એ ભાવનાઉપર જગતના જીવો દઢ રહે તો, જે વૈષ્ણવ હવેલીઓના વૈભવોને કારણે વૈષ્ણવો ઘરસેવા ભૂલી ગયા હતા, સંજોગવશાત્ તે હવેલીઓમાં શ્રીના દર્શન આજે બંધ થતાં વૈષ્ણવોના ઘર શ્રીઠાકુરજીની સેવાથી કિલ્લોલતા થશે. એ લાભ સંપ્રદાય અને સંપ્રદાયીઓ માટે નાનોસૂનો નથી. ઈશ્વરેચ્છા અકળ છે. મને શ્રદ્ધા છે કે આ આકરી કસોટીમાંથી આપણું સર્વનું શ્રેયજ સધનારૂં છે.

(૧૪/ખ)મેરે અનુયાયીઓંકો દો પ્રકારસે દીક્ષા દેતા હૂં. પ્રથમ કંઠી બાંધના તથા દૂસરી બ્રહ્મસમ્બન્ધદીક્ષા દેના. કંઠી બાંધના સાધારણ વૈષ્ણવોંકો હી દી જાતી

હૈ. તથા બ્રહ્મસમ્બન્ધ વિશેષરૂપસે ઉન અનુયાયીઓંકો જો સેવામેં વિશેષરૂપસે બઢના ચાહતે હૈં. પહેલી દીક્ષાકો 'શરણ-દીક્ષા' કહતે હૈં તથા દૂસરી દીક્ષાકો 'આત્મનિવેદન' કહતે હૈં. શરણ દીક્ષામેં વૈષ્ણવ સિર્ફ નામસ્મરણ કરનેકા હી અધિકારી હૈ. તો સેવાવાલે વૈષ્ણવકો બ્રહ્મસમ્બન્ધદીક્ષા લેનેકે બાદ હી અધિકાર હોતા હૈ. બ્રહ્મસમ્બન્ધવાલા વૈષ્ણવ અપને ઘરમેં હી સેવાકા અધિકારી હોતા હૈ... હમ સ્વરૂપકી સેવા નન્દાલયકી ભાવનાસે કરતે હૈ. ઈસલિયે હમ સાતોંકે સાત પુત્રોંકે ઘર 'ઘર' હી કહલાતેં હૈં ઔર હમારા ઘર 'તીસરા-ઘર' કહલાતા હૈ ઔર હમારે ઘરકી સૃષ્ટિ 'તીસરે ઘરકી સૃષ્ટિ' કહલાતી હૈ.

(૧૪/ગ) શ્રીઆચાર્યચરણના સિદ્ધાન્તોમાં ભગવત્ સમ્બન્ધ અને ભગવત્ સેવા ને જ પ્રધાનતા આપવામાં આવી હતી. બાદમાં પરિલક્ષિત થાય છે કે આમાં પણ કંઈક અંતર આવી ગયું. ... શ્રીઆચાર્યચરણના ને શ્રીપ્રભુચરણના સેવકો, આપણે જોઈએ છીએ કે સર્વ પ્રકારનાં છે. એવું નથી કે અમુક વિશિષ્ટ વ્યક્તિ જ ભગવત્સેવાને યોગ્ય હોઈ શકે છે અને અમુક પરિસ્થિતિમાં જ ભગવત્સેવા થઈ શકે છે. આવો કોઈ જ ઉલ્લેખ નથી મળતો. અનેક પ્રકારના જીવો ભગવત્સેવા કરતા હતા. જેમાં સ્મશાનવાસી, વેશ્યા વગેરેથી લઈને સારા વિદ્વાન્ બ્રાહ્મણો પણ હતા. આજના સમયમાં, મને એવું પ્રતીત થાય છે કે આપણે તે ચરિત્રને ભૂલી અને પાછળથી મુખ્ય બનેલા કેવળ ભાવાત્મરૂપને લઈ બેઠા છીએ કે જે આજે પણ વૈષ્ણવોમાં પ્રચલિત છે. ... હું માનું છું કે ચરિત્રોનો વિચાર કરવામાં સિદ્ધાન્તોની આવશ્યકતા રહે છે.

(**નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ તૃતીયેશ** : ૧૫/ક : તા.૨૪-૧૨-૪૮ ના દિને મુંબઈના વૈષ્ણવોની જાહેર સભામાં શ્રીમત્પ્રભુચરણના પ્રાકટ્યોત્સવપ્રસંગે અધ્યક્ષસ્થાનેથી કરેલ વચનામૃત 'વૈશ્વાનર' અંક-૩૧ સન્-૪૮ :: ૧૫/ખ : બયાન મૂર્તિબા કાર્યા. સહા. કમિ. દેવસ્થાનવિભાગ ખંડ ઉદયપુર એવં કોટા બજરિયે કમિશન મુ.કાંકરોલી. ફાઈલ સંખ્યા.૧-૪-૬૪. શ્રીદ્વારકાધીશમંદિર દિનાંક ૭/૧૧/૬૫ :: ૧૫/ગ : શ્રીમદ્વલ્લભ અને શ્રીહરિરાયજી જીવનદર્શન, ભાગ-૨, વચનામૃત ૨૦ મું, પૃષ્ઠ ૧૪૬,૧૪૯).

(૧૫)આજ મુઝે અપને હૃદયકે ઉદ્ગાર કહને દો, મેરા હૃદય જલ રહા હૈ, મંદિરોમેં દ્રવ્યસંગ્રહકી પ્રવૃત્તિ માત્ર રહ ગઈ હે ઓર વહી અનર્થોંકી જડ હૈ. ઐસે મંદિરોંકે અસ્તિત્વસે કોઈ લાભ નહીં. હમારા સંપ્રદાય સામુહિક નહીં વૈયક્તિક હૈ. સાર્વકાલિક તથા સાર્વદેશિક અવશ્ય હૈ પરંતુ સાર્વજનિક નહીં. '' કરત કૃપા નિજ દૈવી જીવનપર

'' ઈસ ઉક્તિમેં 'નિજ' શબ્દકા પ્રયોગ કિયા ગયા હૈ. દૈવી જીવ કહીં ભી હો સકતે હૈં પરંતુ સાર્વજનિક રૂપસે નહીં. આજ હમ 'પુષ્ટિ'કા નામ લેનેકે ભી અધિકારી નહીં હૈં ! હમારે મંદિર કહાં હૈં ! આજકા હમારા જીવન ચાર્વાક-જીવન હો રહા હૈ. ક્યા હમ, આજ જિસ પ્રકારકા સંપ્રદાય હૈ, ઉસે જિવાના ચાહતે હૈં ? યદિ સચ્ચે સંપ્રદાયકો ચાહતે હો તો સ્વરૂપસેવા ઘર-ઘરમેં પધરાઓ એવં નામસેવાપર ભાર રખ્ખો...ભક્તિકી પ્રાપ્તિ સ્વગૃહોમેં સેવા કરનેસે હી હોગી. આજકે ઈન મંદિરોસે કોઈ લાભ નહીં હૈ, ક્યોંકિ ઈનમેં દ્રવ્યસંગ્રહકી પ્રધાનતા આગયી હૈ ઔર જહાં દ્રવ્ય ઈકઠા હોતા હૈ વહીં અનર્થ હોતે હૈં. આજ સંપ્રદાયકા વિકૃત સ્વરૂપ ઈસીસે હૈ.

(નિ.લી.ગો.શ્રીકૃષ્ણજીવનજી-મહારાજ, મુંબઈ-મદ્રાસ : વલ્લભવિજ્ઞાન સં.૫-૬ વર્ષ ૧૯૬૫).

(૧૬/ક)હમ શ્રીવલ્લભાચાર્યજીકી આજ્ઞાકા પાલન કહાં કર રહે હૈં ? હમારે યહાં ગૃહસેવા કહાં રહી હૈ ? કેવલ મંદિરોંકે દર્શનોંસે ક્યા લાભ હૈ ? શ્રીમહાપ્રભુજીકી આજ્ઞા હૈ ''કૃષ્ણસેવા સદા કાર્યા''. યદિ શ્રીમહાપ્રભુજી મંદિરકો મુખ્ય માનતે તો અપની તીન પરિક્રમાઓંમેં અનેક મંદિર સ્થાપિત કર દેતે. શ્રીગુસાંઈજીને શ્રીગિરધરજીકો સાતસ્વરૂપકા મનોરથ કરતે સમય ઈસી પ્રકારકી ચેતાવની દી થી. મન્દિરસ્થાપન કરતે સમય ઉનકો ડર થા કિ ઘરમેંસે ઠાકુરજી મન્દિરમેં પધાર જાએંગે. મેરે પિતાજીને કલ (ઉપર ટાંકેલ ૧૫મા વચનમાં) જો કહા વહ અક્ષરશઃ સત્ય હૈ. તુમ અપને ઘરોંમે ઠાકુરજીકો પધરાઓ ઓર સેવા કરો.

(૧૬/ખ)પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં ટ્રસ્ટ ખરૂં ઉતરતું નથી. શ્રીઆચાર્યચરણે દરેક બ્રહ્મસંબંધી જીવને આજ્ઞા કરી છે કે ''ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ'' (ભક્તિવર્ધિની) અર્થાત્...ગૃહમાં રહીને સ્વધર્માચરણ કરવું. ગોસ્વામિબાલકો પણ આચાર્ય હોવાથી વૈષ્ણવ પણ છે. એટલે આચાર્યશ્રીની ઉપરોક્ત આજ્ઞા પાલન કરવાની તેમની પણ ફરજ છે...માટે મારું માનવું તો આજ છે કે આચાર્યચરણનાં સિદ્ધાંતપ્રમાણે વૈષ્ણવો પોતાના ઘરે શ્રીઠાકોરજીની સેવા કરે અને ધર્મગ્રન્થોનું વાંચન કરે, નહિ કે મન્દિરોમાં જઈને...ટ્રસ્ટ એ પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં બંધ-બેસતું નથી બલ્કે આપણી પ્રણાલીનો ભંગ કરે છે.

(દહીસરમાં શ્રીગોવર્ધનનાથ-હવેલીટ્રસ્ટના સંસ્થાપક નિ.લી.ગો.શ્રીવ્રજાધીશજી મહારાજ : ૧૭/ક 'વલ્લભવિજ્ઞાન' અંક ૫-૬ વર્ષ ૧૯૬૫, ૧૭/ખ : 'નવપ્રકાશ' અંક ૮ વર્ષ ૮).

(૧૭/ક)ઔર જબ જનરલ પબ્લિક-ટ્રસ્ટ હૈ, તબ ઠાકુરજીકો ગોસ્વામી-સંબંધસે પૃથક્ કર, ઠાકુરજીકો સબ સંપત્તિ અર્પણ કર, અર્થાત્ ભેટ કરકે, રિલીજિયસ એંડૉમેંટ કે રૂપમેં હુએ વહ ટ્રસ્ટ હૈં. એસી અવસ્થામેં ઈન ટ્રસ્ટોંસે જો નેગ-ભોગ ચલાયા જાતા હૈ વહ દેવદ્રવ્યસે ચલાયા જાતા હૈ. દેવદ્રવ્યકા ઉપભોગ કરનેવાલે અંતમેં દેવલક (નરકમાં પડનાર પાપી)હી હૈં. શ્રીમદાચાર્યચરણને પ્રભુકી સોનેકી કટોરી ગિરવી રખ કર જબ ભોગ અરોગાયા તબ આપને ઉક્ત દ્રવ્યસે સમર્પિત સબકા સબ પ્રસાદ ગાયોંકો દિયા. યહ હૈ સામ્પ્રદાયિક સિદ્ધાંત. ઈસ પ્રકારકે આદર્શરૂપ સિદ્ધાંતોંકા જિસ પ્રથાસે વિનાશ હો કર આચાર્યોંકો દેવલક બનાયા જાય, ઉસ પ્રથાકો જિતની શીઘ્ર સમ્પ્રદાયસે હટા દી જાય ઉતના હી શ્રેય ઈસમેં ગોસ્વામિ-સમાજ તથા વૈષ્ણવ-સમાજ કા નિહિત હૈ.

(૧૭/ખ)ભગવત્સેવા સંપ્રદાયકી આત્મરૂપ પ્રવૃત્તિ હૈ. આચાર સેવાકા અંગ હૈ સેવાકી અનુકૂલતાકે અનુરૂપ હી આચારકા પાલન કિયા જાના ચાહિયે. આચાર-પાલનકો પ્રમુખતા દે કર ભગવત્સેવાકા ત્યાગ ઉચિત નહીં હૈ. ભગવત્સેવા જૈસે ભી બને કરો...ગુરુઘરોંમેં મત ભેજો...યદિ હમ ભગવદ્દ્રવ્યકો પેટમેં ડાલેંગે તો વહ અપરાધ હૈ. ગ્રન્થોંકે અધ્યયનકે પ્રતિ હમેં સમાજકો આકર્ષિત કરના ચાહિયે.

(નિ.લી.ગો. શ્રીદીક્ષિતજી મહારાજ મુંબઈ-કિશનગઢ : ૧૮/ક : 'આચાર્યોચ્છેદક ટ્રસ્ટ-પ્રથાસે પુજારીપનકી સ્થાપના ઘોર સિદ્ધાન્તહાનિ એવં ઘોર સ્વરૂપચ્યુતિ'લેખ પૃષ્ઠ ૭.; ૧૮/ખ : 'શ્રીવલ્લભવિજ્ઞાન' અંક ૫-૬ વર્ષ ૧૯૬૫).

(૧૮/ક)જેમ સ્વરૂપસેવા સ્વાર્થબુદ્ધિથી અને લૌકિક કાર્ય સમજીને ન કરવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે, તે પ્રમાણે નામસેવા પણ વૃત્તિ અર્થે ન કરવી એવી આજ્ઞા શ્રીમહાપ્રભુજી નિબન્ધમાં કરે છે...વૃત્તિ અર્થે સેવા કરવાથી પ્રત્યવાય (દોષ)લાગે. જેમ ગંગા-જમુનાજળનો ઉપયોગ ગુદાપ્રક્ષાલનાર્થ ન થાય, તેમ સેવાનો ઉપયોગ પણ વૃત્ત્યર્થ ન કરાય.

(૧૮/ખ)તન અને વિત્ત જો પ્રભુમાં વપરાય તો મન પ્રભુમાં જરૂર લાગે છે. માટેજ શ્રીવલ્લભે ઉપદેશ કર્યો છે કે ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા''. માનસી જે પરા છે તેને સિદ્ધ કરવા તનુ-વિત્તજા સેવા જરૂરી છે. તન અને વિત્ત બન્ને ક્યાંય એક સ્થળે લગાડો તો ચિત્ત તેમાં રાત-દિવસ રહે છે. દલાલનો વ્યવસાય કરનાર વ્યવસાયમાં કેવલ તનથી શ્રમ કરે છે પણ તેમાં વિત્ત પોતાનું જરાય લાગતું નથી. આથી જો બજારભાવ વધે કે ઘટે તો તેનાથી તેને મનથી ચિંતા થતી નથી...અને

છોકરાનો પિતા એકલી વિત્તજા તરીકે ટ્યુશન ફી આપીને સમજે છે કે છોકરો પાસ થવાનોજ છે. આ ત્રણેને ફલ પ્રાપ્તિ નહીં થાય કારણકે તનુજા-વિત્તજા બન્ને લાગતા નથી. હવે તનુવિત્તજા બન્ને લગાડે તો ચિત્ત પરોવવાના દાખલા જોઈએ : એક દુકાનદાર દુકાન અને માલ ની ખરીદીમાં મૂડી લગાડી વેપાર શરૂ કરી અને સવારથી રાત સુધી હાજરી આપી તન પણ વેપારમાં લગાડે છે તો તેથી રાત-દિવસ દુકાન અને વેપાર ના જ વિચારો આવે છે : કેમ વેપાર સારો થાય, કેમ વધે...માટે પુષ્ટિમાર્ગમાં પ્રભુમાં આસક્તિ સિદ્ધ થવામાટે મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા બતાવી છે કે તેણે તનુ-વિત્તની સેવા ભાવપૂર્વક કરવી.

(**નિ.લી.ગો.શ્રીગોવિંદરાયજી મહારાજ પોરબન્દર** : ૧૯/ક : સુધાધારા ૧૧૪ દ્વદ્વ ૧૯/ખ : સુધાબિન્દુ ૭૩).

(૧૯)વલ્લભમતમેં યહ સિદ્ધાંતતઃ ગલત હૈ ઓર ઐસે દેવસ્થાનોંકે ચઢાવેકા પ્રસાદ ભી ખાયા નહીં જા સકતા હૈ, ક્યોંકિ વહાં દેવલકત્વ હી પ્રધાન હૈ. આજકે યુગકો દેખતે હુએ જહાં ન્યાસ કરના આવશ્યક હૈ વહાં ઉપર્યુક્ત સિદ્ધાન્તોંકો ધ્યાનમેં રખ કર હી ન્યાસ કરના આવશ્યક હૈ, જિસસે દેવલકવૃત્તિસે બચા જા સકે. યદિ ઐસી વ્યવસ્થા નહીં કી જાતી તો દેવદ્રવ્ય હોતા હૈ, જિસકા સેવન કરનેસે આચાર્ય સ્પષ્ટ કહતે હૈં કિ નર્કપાત હોગા.

(**નિ.લી.ગો.શ્રીરણછોડાચાર્યજી પ્રથમેશ** : ''હમારી ધાર્મિક સ્થિતિકા વર્તમાન સ્વરૂપ એવં ભવિષ્યકી વ્યવસ્થાકે હેતુ પ્રતિવેદન'').

(૨૦)ક્યોંકિ શ્રીનાથજી સ્વયં ઉસકે ભોકતા હૈં કિન્તુ વૈષ્ણવવૃંદ તથા સેવકગણ ભી ઉસકે મહાપ્રસાદ લેને તકકે અધિકારી નહીં હૈ. યહ આચાર્યચરણકે ઈતિહાસસે પ્રત્યક્ષ પ્રમાણભૂત હૈ. ઉસકે મહાપ્રસાદ લેનેકા કેવલ ગાયકો હી અધિકાર હૈ. અન્યથા ઉસ દેવદ્રવ્યકે ઉપભોગ કરનેસે નિશ્ચય હી અધઃપતન હૈ...સબ પ્રકારકે દાન ચઢાવોં વ વસૂલ વસૂલી કરનેકા ઉલ્લેખ કિયા ગયા હૈ, વહ ભી સંપ્રદાયકે સિદ્ધાંતસે નિતાંત વિરુદ્ધ હૈ. હમારે સંપ્રદાયકી પ્રણાલીકિ અનુસાર જો હમારે સંપ્રદાયકે સેવક હૈં, ઉનકા હી દ્રવ્ય ગુરુ-શિષ્યકે સંબંધસે લેકર સેવામેં ઉપયોગ કરાયા જા સકતા હૈ. સંપ્રદાયમેં સબ પ્રકારકે દાન-ચઢાવેકા ઉપયોગ સેવામેં નહીં કિયા જાતા હૈ. ઔર કદાચિત્ કહીં કિયા જાતા હો તો વહ સંપ્રદાયકે નિયમોંસે વિરુદ્ધ હોનેકે કારણ બંદ કર દેના ચાહિયે.

(**પૂ.પા.ગો.શ્રીઘનશ્યામલાલજી-સપ્તમેશ** : શ્રીનાથદ્વારા ઠિકાનેકે પ્રબંધકી દિલ્લીયોજનાકી આલોચના તા.૧-૨-૫૬).

(૨૧/ક)પ્રશ્ન : દેવદ્રવ્ય કોને કહેવાય ? દેવદ્રવ્ય એટલે દેવનું દ્રવ્ય દેવને ઉદ્દેશીને અર્પણ કરાતું દ્રવ્ય કે કોઈ પદાર્થ 'દેવદ્રવ્ય' કહેવાય. તે જ પ્રકારે ગુરુને ઉદ્દેશીને અર્પણ કરાતું દ્રવ્ય 'ગુરુદ્રવ્ય' કહેવાય. પ્રભુની પ્રસાદી વસ્તુને 'મહાપ્રસાદ' કહેવાય...આ પ્રકારનાં મંદિરોમાં તો સન્મુખમાં ભેટ ધરાતું દ્રવ્ય તેમજ ટ્રસ્ટની ઓફિસમાં આવતું દ્રવ્ય તેને સ્પષ્ટ 'દેવદ્રવ્ય' કહી શકાય અને તે દ્રવ્યથી સિદ્ધ થતી સામગ્રીમાં ભગવત્પ્રસાદી થયા પછી મહાપ્રસાદપણું તો આવે છે પરંતુ તેની સાથે તેમાં દેવદ્રવ્યપણું તો રહેજ છે. તેથી વૈષ્ણવોએ એ મહાપ્રસાદને દેવદ્રવ્ય સમજીનેજ વ્યવહાર કરવો જોઈએ. તે મહાપ્રસાદ લેવામાં દેવદ્રવ્યનો બાધ તો રહેલોજ છે.

(૨૧/ખ)મંદિરના સ્થળ ફેરફાર અંગે શ્રી ગો.પૂ.૧૦૮ શ્રીબાલકૃષ્ણલાલજીએ કહ્યું કે પુષ્ટિમાર્ગમાં સાર્વજનિક મંદિરની પરંપરાજ નથી. એમા વ્યક્તિગત સ્વરૂપ, નિજી સ્વરૂપ, ની જ વાત છે. અને તેથી તેનો સેવાપ્રકાર દેવાલયપ્રકારનો નથી. મંદિરની બાંધણી પણ ઘર જેવીજ થાય છે. ક્યાંય ધ્વજ-ઘુમ્મટ હોતા નથી. વૈષ્ણવો પણ ઘરમાં સેવા કરે છે, તેને 'મંદિર'જ કહે છે...

(**'સેવા-દેવદ્રવ્ય-વિમર્શ' ગ્રંથના સહલેખક નિ.લી.ગો.શ્રીબાલકૃષ્ણલાલજી મહોદય,** સૂરત : ૨૨/ક : વૈ.વા.અંક.૩.વર્ષ.માર્ચ ૧૯૮૩ દ્વદ્વ ૨૨/ખ : 'ગુજરાત સમાચાર' અંક ૨૫-૫-૯૩માંથી સાભાર).

(૨૨)...બ્રહ્મસંબન્ધ લે કર સેવા કરનેસે પ્રત્યેક ઇન્દ્રિયોંકા ભગવાન્મેં વિનિયોગ હોતા હૈ...મન્દિર-ગુરુઘર કેવલ ઉપદેશ ગ્રહણ કરનેકેલિયે હૈં. સેવા હમેં અપને ઘરોંમે કરની હૈ.

(**પૂ.પા.ગો.શ્રીમથુરેશવરજી,** સંસ્થાપક-શ્રીગોવર્ધનનાથજી મંદિર, હ્યુસ્ટન ટેક્સાસ યુ.એસ.એ. : વલ્લ.વિજ્ઞા. અંક ૫-૬ વર્ષ ૧૯૬૫).

(૨૩)પ્રશ્ન : આપણા સંપ્રદાયમાં મંદિરને 'મંદિર' ન કહેતાં 'હવેલી' શામાટે કહેવામા આવે છે ? ઉત્તર : સામાન્યરીતે ઇતર હિંદુ સંપ્રદાયમાં 'મંદિર' શબ્દ દેવાલયના અર્થમાં વપરાય છે પરંતુ આ રીતે દેવાલયના રૂપમાં મંદિર જેવી સંસ્થાનું પુષ્ટિમાર્ગમાં

અસ્તિત્વ નથી. કારણ કે પુષ્ટિમાર્ગમાં જે પ્રભુ આપણા માથે પધરાવવામાં આવે છે તે પ્રભુ-સ્વરૂપ અને તેમની સેવા દરેકના વ્યક્તિગતરૂપે તેમની ભાવના અનુસાર પધરાવી આપવામાં આવે છે. પોતાના શ્રીઠાકોરજીની સેવા પુષ્ટિમાર્ગીય જીવનું એકમાત્ર પોતાની ફરજ બની જતું પોતાનુંજ ધર્માચરણ છે. પુષ્ટિમાર્ગમાં સેવા સામુહિક જીવનનો વિષય નહિ પણ વ્યક્તિગત જીવનનો વિષય છે. જેમ લોકમાં પત્ની અથવા માતા નો પતિ અથવા પુત્ર ની સેવાનો કે વાત્સલ્ય આપવાનો તેનો વ્યક્તિગત ધર્મ ફરજ અને અધિકાર હોય છે, તે જ પ્રમાણે જે સેવકનું જે સેવ્ય સ્વરૂપ હોય તે સેવ્યની સેવાનો તેનો વ્યક્તિગત ધર્મ અને અધિકાર છે. સેવા એ જાહેર કાર્ય કે જાહેર પ્રવૃત્તિ નથી પરંતુ સેવા એ પોતાના આંતરિક જીવન સાથે સંબંધ ધરાવતી હોવાથી તે આપણા જીવનની આપણા નિજઘરમાં થતી સ્વધર્મરૂપ પ્રવૃત્તિ છે...માટે ઈતર હવેલીઓની જેમ 'શ્રીનાથજીનું મંદિર' શબ્દ રૂઢ થઈ ગયેલો હોવાથી તે વપરાય છે. હકીકતમાં સામુહિક દર્શન કે સેવા જ્યાં થતી હોય તેવા અન્યમાર્ગીય જાહેર દેવસ્થાન જેવું એ મંદિર નથી.

('સેવા-દેવદ્રવ્ય-વિમર્શ'ગ્રંથલેખક **અ.સો.વા.ગો.પૂ.પા.શ્રીવલ્લભરાયજી,** સુરત: પુષ્ટિ.શીત.છાંય. પાનાં નં.૧૫૭-૧૫૮).

(૨૪)શ્રીમહાપ્રભુએ જુદા-જુદા મંદિરોની પ્રણાલી ઊભી કરી નથી; પણ એમાં જગદ્‌ગુરુ શ્રીવલ્લભાચાર્યનો એક લાંબો દષ્ટિકોણ હતો: પ્રત્યેક વૈષ્ણવનું ઘર નન્દાલય બનવું જોઈએ ...એક મંદિરની બાજુમાં એક બહેન રહે. એમને ત્યાં ઠાકોરજી બિરાજે. મંદિરની આરતીના ઘંટા એમને સંભળાય. સેવા કરતા બેઠેલી એ બહેન ઠાકોરજીના વસ્ત્રો કાઢી સ્નાન કરાવતી હતી ત્યાં આરતીના ઘંટા પડ્યા. પેલી ઠાકોરજીને પડતા મુકીને મંદિરે દોડી. થોડી વારે ઘેર આવી. હવે વિચાર કરો, આવી રીતે કોઈ સેવા કરે તો એમાં સેવાનો આનંદ આવે ખરો ? અહીં તો પ્રત્યેક વૈષ્ણવનું ઘર નન્દાલય છે.

(શ્રીમદ્ભાગવતતત્ત્વમર્મજ્ઞા **પૂ.પા.સુશ્રીઇન્દિરા બેટીજી** :વૈ.પ.અંક જૂન ૧૯૯૦).

(૨૫)''અતિ ધન્યવાદાર્હ હૈ કિ આપને ઇતની મેહનત કરકે સમ્પ્રદાયકે સિદ્‌ધાન્તનકૂં કોર્ટમેં સમઝાયે'' દ્વદ્વ ''હમારા ઇસમેં પૂરા સહયોગ હોગા, તનમનધનસે...હમારે સભી ચિ.બાલક ઇસ કાર્યમેં સહયોગ કરનેકો તૈયાર હૈં''.

(**જામનગરસ્થ ચિ.હરિરાયજીના સિદ્‌ધાંતનિષ્ઠ પિતૃચરણ નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ** : ગો.૨યા.મ.ને મોકલાવેલ તા.૨૬-૧૦-૮૬ અને ૭-૧૧-૮૬ ના પત્રોમાં).

(૨૬)

ગો.શ્રીહરિરાયજી : જરા ધ્યાનથી સાંભળજો ... ''તત્ર અયમ્ અર્થ:. લાભપૂજાર્થયત્નસ્ય ઉપધર્મત્વ-દેવલકત્વાદિ'' સ્પષ્ટ સાંભળજો, ''સમ્પાદકત્વાત્''. ...લાભ-પૂજાર્થ યત્ન કરે છે જે સેવા કરીને, જ્યારે તે લાભ-પૂજાર્થ પ્રયત્ન કરે છે તો તે ઉપધર્મ થયું; દેવલકત્વ વગેરે જે દોષો છે તે તેની અંદર પ્રવેશે છે.

...

ગો.શ્રીશ્યામમનોહરજી : એટલે ખાસ ધ્યાનમાં રાખજો હોં, કે ભાવપ્રતિષ્ઠા જે સ્વરૂપની થઈ હોય તે સ્વરૂપની પણ લાભ અથવા પૂજા માટે જો સેવા કરવામાં આવે તો સેવાકર્તા દેવલક (પાપી) થઈ રહ્યો છે ...

ગો.શ્રીહરિરાયજી : અને ઉપધર્મત્વ આવી રહ્યું છે ...અને આ નિષિદ્ધ છે.

...

ગો.શ્રીશ્યામમનોહરજી : આ સ્થિતિમાં ગુરુ પોતાની લાભ કે પૂજાનેમાટે શિષ્યથી કાંઈ પણ ઠાકોરજીમાટે માંગતો હોય તે ... શાસ્ત્રનિષિદ્ધ હોવાથી ... દાન હોવાથી દેવદ્રવ્ય હોવાથી ઉપયોગ કરવાયોગ્ય હોતું નથી.

ગો.શ્રીહરિરાયજી : હા, બિલકુલ. ... આ તો બિલકુલ સ્પષ્ટ છે. ... 'સ્વવૃત્તિવાદ'થી પણ સ્પષ્ટ થાય છે.

પૂ.પા.ગો.શ્રીહરિરાયજી મહારાજ, જામનગર પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા, વિસ્તૃત વિવરણ પૃષ્ઠ ૧૬૪,૧૯૩

(૨૭)આ કાર્યક્રમ દ્વારા બને એટલો પ્રયાસ આપશ્રીએ મુંઝવણ દૂર કરવાનો કર્યો છે; બીજો કોઇ આમાં આશય મને દેખાતો નથી. અંતમા હું તો એક જ વસ્તુ કહીશ કે સમાજની અંદર; અને આપણા સંપ્રદાયમાં એટલું બધું સિદ્‌ધાન્તવૈપરીત્ય થઇ ગયું છે કે ગુજરાતના એક ગામમાં હું ગયેલો દ્વદ્વ હું તો પ્રવાસ ખુબ કરૂં છું દ્વદ્વ એ ગામમાં પુષ્ટિમાર્ગના જ આપણા સંપ્રદાયના બે મંદિરો છે અને મંદિરોની દિવાલ પણ એક જ છે. પરંતુ લોકાર્થિત્વ, જેમ આપે આજ્ઞા કરી ગઇ કાલે ''લોકાર્થી ચેદ્ ભજેત્ કૃષ્ણં કિલિષ્ટો ભવતિ સર્વથા'', એટલું બધું લોકાર્થિત્વ સમાજમાં ઉત્પન્ન

થયું છે. પરિણામ એ આવ્યું કે બન્ને મંદિરોની દિવાલો એક જ. મંગલાના દર્શનમાં વૈષ્ણવો; એક મંદિર તો બાલકૃષ્ણલાલનું છે અને બીજું મંદિર ચન્દ્રમાજીનું છે. સવાર પડે એટલે ચન્દ્રમાજીવાળા વૈષ્ણવો બાલકૃષ્ણલાલનો જે મેવો હોય તે ચન્દ્રમાજીમાં લઇ જાય અને બાલકૃષ્ણલાલજીવાળા જે વૈષ્ણવો હોય એ ચન્દ્રમાજીનો જે મેવો અને પ્રસાદ હોય તે બાલકૃષ્ણલાલજીમાં લઇ આવે! આવી જબરદસ્ત હોંસાતોસી વૈષ્ણવસમાજમાં ઉત્પન્ન થઇ; જાણે એકબીજાની સ્પર્ધા કરતા હોય એમ. ઈર્ષા-દ્વેષનું વાતાવરણ જ્યારે સેવાના ક્ષેત્રમાં ઉત્પન્ન થાય એનાથી મોટું લોકાર્થિત્વ કયું હોઇ શકે! આ બધા કેટલાક વિચારો અને જે શો-બીઝનેસ સંપ્રદાયમાં થયો એ બધાનું નિવારણ થાય એ માટે આ આખું એક સુંદર ચર્ચાસભાનું આયોજન થયું. અને મારી તો ખાસ વિનંતી છે કે આવા બધા સિદ્ધાન્તવૈપરીત્યનો ભવાડો જો વધારે થતો હોય તો ગુજરાતમાં થાય છે. ભાગવતજીમાં પણ લખ્યું છે ''ગુર્જરે જીર્ણતાં ગતાઃ'' ભક્તિ જો જીર્ણ થઈ હોય તો ગુજરાતમાં. ગાડરિયો પ્રવાહ વધ્યો હોય તો ગુજરાતમાં. એટલે સિદ્ધાન્તની સત્યનિષ્ઠાને ... અને મહાપ્રભુજીના પુષ્ટિસિદ્ધાન્તોનું સદ્જાગરણ ... એમાં મારાથી બનતો સહકાર હું આપવા તૈયાર છું.

(**પૂ.પા.ગો.ચિ.શ્રીદ્રુમિલકુમારજી મહોદય**: ''પુષ્ટિસિદ્ધાન્ત-ચર્ચાસભા તા.૧૦-૧૩ જાન્યુવારી ૯૨ પાર્લા, મુંબઇ, વિસ્તૃત વિવરણ પૃ.૩૧૭-૩૧૮).

(૨૮)પુષ્ટિમાર્ગ ગુપ્ત છે, દેખાડો કરવા માટે તો છે જ નહીં, ભક્ત અને ભગવાન્ વચ્ચે આન્તરિક સમ્બન્ધ દઢ કરવાનો માર્ગ છે...બન્નેના સમ્બન્ધો એવા હોવા જોઇએ કે કોઇ ત્રીજા વ્યક્તિને એની જાણકારી ન થાય. આપણો આપણા ભગવાન્ સાથે કેવો સમ્બન્ધ છે, તે બીજી કોઇ વ્યક્તિને જણાવવાની જરૂરત શું? નામના મેળવવા માટે? પોતાનું મહાત્મ્ય વધારવામાટે? આ તો બધુ બાધક છે.

(**પૂ.પા.ગો.ચિ.શ્રીદ્વારકેશલાલજી મહોદય** શ્રીવલ્લભાચાર્યપ્રાકટ્યપીઠ અમરેલી-કાંદીવલી-ચમ્પારણ્ય-સૂરત: 'પુષ્ટિનવનીત' પૃ.૧૨).

(૨૯/ક)પ્રશ્ન: આજ ચલ રહે જો ડિસ્પ્યુટ્ હૈં વામેં કિતનેક સિદ્ધાન્ત ચર્ચિત હો રહે હૈં જૈસે કિ નયે મન્દિર નહીં ખોલને, ટ્રસ્ટ મન્દિર નહીં બનાને, ઠાકુરજીકે નામપે દ્રવ્ય નહીં લેનો, ઠાકુરજીકે દર્શન નહીં કરાને, તથા બિના સમજે-સોચે કોઈકુ બ્રહ્મસમ્બન્ધ નહીં દેનો. ઇન સબ વિષયમેં આપકો અભિમત ક્યા હૈ?

ઉત્તર: દેખો મન્દિરકી જહાં તક સ્થિતિ હૈ તો યે બાત સત્ય હૈ કે પુષ્ટિમાર્ગીય પ્રકારસું મન્દિર તો માત્ર એક હી હૈ; ઓર સબ ઘરકી સ્થિતિ હતી. ... આજ મન્દિર જિતને હૈં અથવા જિન સ્થાનનકું અપન મન્દિર સમઝે હૈં વો સ્થાન ... વાકુ અપન મર્યાદાપુષ્ટિ મન્દિર કહ સકે હૈં, પુષ્ટિમન્દિર નહીં. પુષ્ટિકો પ્રકારતો માત્ર ગૃહસેવામેં હી હૈ.

(૨૯/ખ)આજથી દોઢસો વર્ષ પૂર્વે, શ્રીમહાપ્રભુજીના સમયથી ત્યાં સુધી, પુષ્ટિમાર્ગમાં કોઈ ભગવદ્ મન્દિર ખોલવાનો ક્રમ ન હતો. પ્રત્યેક વૈષ્ણવને ઘરે-ઘરે સેવા થાય તેનો આગ્રહ રખાતો. વૈષ્ણવો પોતાને ઘરે શ્રીઠાકોરજીના સ્વરૂપને સેવ્ય કરી પધરાવી ગુરુઘરની પ્રણાલિકા મુજબ સેવા કરતા.

(**પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી તૃતીયેશ** ૩૦/ક: 'આચાર્યશ્રીવલ્લભ' ઑગસ્ટ ૧૯૯૪, અંક ૫, પુષ્ટિમાર્ગવર્તમાન, પ્રશ્ન-ઉત્તર ૪, પૃ.૭. ૩૦/ખ: બ્રજ મોહે બિસરત નાહીં, પૃ.૧૪૦-૪૧)

(૩૦)શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે દુનિયામાં ભટકતું રહેતું આપણું મન-ચિત્ત શ્રીઠાકોરજી સાથે જોડીને તેમની તનુવિત્તજા સેવા કરવી. ... તનુવિત્તની સેવા એટલે આપણે કમાયેલા પોતાના ધનથી, પોતાના ઘરમાં શ્રીઠાકોરજીની પોતાના શરીરથી સેવા કરવી તે.

(**પૂ.પા.ગો.ચિ.શ્રીવાગીશકુમારજી** 'વલ્લભીય ચેતના', ઓક્ટોબર ૧૫, ૨૦૦૩, પૃ.૪)

(૩૧)ચિત્ત ભગત્પ્રેમમાં પરિપૂર્ણ થઈ જાય છે, પૂર્ણતઃ ભગવાન્માં જોડાઈ જાય છે, તન્મય અને તલ્લીન થઈ જાય છે ત્યારે પરાસેવા થાય છે. આને માનસી સેવા કહેવાય છે. આની સાથે મનુષ્યે શરીરથી પણ સેવા કરવી જોઈએ. ... તનુજા સેવાથી શરીરની શુદ્ધિ થાય છે. અહંતા-હુપણા નો નાશ થાય છે. ધનથી કરાતી સેવા 'વિત્તજા' સેવા છે. તેનાથી મમતા-મારાપણાનો નાશ થાય છે. અહંતા અને મમતા એકબીજા સાથે જોડાયેલા રહે છે આથી તનુજા અને વિત્તજા સેવા સાથે થવી જોઈએ. આમાં પ્રધાનતા તનુજા સેવાની છે. કેવળ ધન આપી દેવાથી સેવા થતી નથી. એનાથી રાજસી વૃત્તિ આવે છે.

(**પૂ.પા.ગો.ચિ.શ્રીદ્વારકેશલાલજી મહોદય**, ષષ્ઠેશ, વડોદરા : 'શ્રીમદ્ભગવદ્ગીતા પુષ્ટિદર્શન' પૃ.૧૨૫)

(૩૨)આજે ફરીથી એ સમય આવ્યો છે. તેનાથી પણ મુશ્કેલ સમય આવ્યો છે. તે સમયે તો અન્યમાર્ગીય લોકો મતોને પ્રસ્તુત કરીને ભ્રમ ઉત્પન્ન કરતા હતા. પણ આજે તો આપણા સમ્પ્રદાયના જ 'સુજ્ઞજનો' શ્રીમહાપ્રભુજીની વાણીનો વિપરીત અર્થ કરી રહ્યા છે. લોકોને પથભ્રષ્ટ કરી રહ્યા છે, દૈવીજીવોની સાથે ઘોર અન્યાય કરી રહ્યા છે. તેથી જ હાલમાં મહાપ્રભુ શ્રીવલ્લધીશના વંશજ પુષ્ટિમાર્ગીય યુવા આચાર્યોએ એક 'સંવાદસ્થાપકમણ્ડળ'ની સ્થાપના કરીને મુમ્બઈમાં ... ચાર દિવસ સુધી એક પુષ્ટિસિદ્ધાન્ત ચર્ચાસભાનું આયોજન કર્યું હતું. ... સભામાં ૩૫ મહાનુભાવ આચાર્યો ઉપસ્થિત હતા. ૨૮ ગોસ્વામી આચાર્ય મહાનુભાવોએ ગો. શ્રીશ્યામ મનોહરજી મહારાજશ્રી (કિશનગઢ-પાર્લા)ના 'સિદ્ધાન્તવચનાવલી'ના ભાવાનુવાદને સહમતિ આપી હતી. કેટલાક આચાર્ય મહાનુભાવોએ અસહમતિ આપી હતી અને કેટલાક મૌન રહ્યા હતા. અસહમતિ પ્રકટ કરવાવાળા પૂ.પા.ગો.શ્રીહરિરાયજી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી, જામનગરવાળાએ પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી મહારાજશ્રીની સાથે તેમણે કરેલ ભાવાનુવાદના મુદ્દાઓ ઉપર ચર્ચા પ્રારમ્ભ કરી હતી. ... સમયના અભાવે ચર્ચા નિર્ણયપર પહોંચી ન શકી. પરન્તુ વર્તમાનમાં કેટલાક ચર્ચાસ્પદ, સંશયાસ્પદ મુદ્દાઓની સ્પષ્ટતા આ ચર્ચામાં પ્રાપ્ત થઈ તે ખરેખર એક મોટી સિદ્ધિ છે. એટલું જ નહીં પરન્તુ નીચે બતાવેલ મુદ્દાઓના વિશ્લેષણમાં પૂજ્ય શ્રીશ્યામ મનોહરજીની સાથે સહમત થઈને પૂજ્ય શ્રીહરિરાયજીએ આપણા સમ્પ્રદાયની ઉત્તમ સેવા કરી છે :

૧. પુષ્ટિમાર્ગીય સેવ્યસ્વરૂપ પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપથી જ બિરાજે છે, તે સ્વરૂપ પછી ગુરુના સેવ્ય હોય કે શિષ્ય(વૈષ્ણવ)ના સેવ્ય હોય. બન્ને(સ્વરૂપો)માંથી કોઈમાં પણ પુરુષોત્તમપણું ન્યૂનાધિક હોતું નથી.

૨. પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત અનુસાર કૃષ્ણસેવા કરવાનું સ્થાન ઘર જ હોઈ શકે છે, સાર્વજનિક(સ્થળ) નહીં.

૩. પુષ્ટિમાર્ગીય ભગવત્સેવાને ધનની પ્રાપ્તિનું સાધન બનાવવું ન જોઈએ.

૪. દેવલક વ્યક્તિ (= ભગવત્સેવ્યસ્વરૂપને ધનની પ્રાપ્તિનું સાધન અથવા આજીવિકાનું સાધન બનાવનાર) ની સેવા નિષિદ્ધ કક્ષાની હોવાથી (તે) સેવાનો અધિકારી નથી.

૫. શ્રીઠાકોરજીને માટે કોઈ પણ પ્રકારની દાન-ભેટ માંગવી અથવા સ્વીકારવી એ શાસ્ત્રદ્વારા નિષિદ્ધ છે. એટલું જ નહીં પરન્તુ લાભ-પૂજાના હેતુથી પોતાનામાટે દ્રવ્ય અથવા કોઈ વસ્તુને સ્વીકારવી તે શાસ્ત્રની દૃષ્ટિમાં ઋણાનુબન્ધી દોષને ઉત્પન્ન કરનાર હોવાથી બન્ધનકારક છે.

૫. પુષ્ટિમાર્ગના સિદ્ધાન્ત અનુસાર શ્રીઠાકોરજીને નિવેદન કરેલા પદાર્થનું જ સમર્પણ થઈ શકે છે અને સમર્પિત પદાર્થોનો જ ભગવદ્ ઉચ્છિષ્ટરૂપમાં પ્રસાદ લઈ શકાય છે. શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટ ના રૂપમાં આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં લઈ શકાતી નથી કેમકે શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટ ના રૂપમાં પ્રાપ્ત થયેલ પદાર્થ(દ્રવ્ય)થી આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં પાછી લેવાથી 'દત્તાપહાર'નું પાપ લાગે છે.

૬. સેવા તો શાસ્ત્રનો વિષય છે. તેથી સેવાના સમ્બન્ધમાં શાસ્ત્રથી દ્વદ્વશ્રીમહાપ્રભુજીના ગ્રન્થોથી જ બધો નિર્ણય થઈ શકે છે, અન્ય કોઈ પ્રકારે નહીં.

(સંયુક્ત ઘોષણાપત્ર : અમદાવાદ, મિતિ ફાલ્ગુન સુદી ૭, શ્રીવલ્લભાબ્દ ૫૧૪, દિનાઙ્ક : ૧૧ માર્ચ ૧૯૯૨.

હસ્તાક્ષર :

નિ.લી.ગો.શ્રીવ્રજરાયજી મહારાજ,

પૂ.પા.ગો.શ્રીવ્રજેન્દ્રકુમારજી મહારાજ (અમદાવાદ);

પૂ.પા.ગો.શ્રીદ્વિવકીનન્દનાચાર્યજી, ચતુર્થેશ(ગોકુલ-અમદાવાદ),

પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજ(કડી-અમદાવાદ)

પૂ.પા.ગો.શ્રીરાજેશકુમારજી મહારાજ(કડી-અમદાવાદ)

પૂ.પા.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજ(કડી-અમદાવાદ);

પૂ.પા.ગો.શ્રીજયદેવલાલજી મહારાજ,

પૂ.પા.ગો.શ્રીમથુરેશજી મહારાજ,

પૂ.પા.ગો.શ્રીકન્હૈયાલાલજી મહારાજ,

પૂ.પા.ગો.શ્રીહરિરાયજી(કામા-વીરમગામ-અમદાવાદ).

(૩૩)તનુજા સેવા ઔર વિત્તજા સેવા એક હી વ્યક્તિ કરે તબ કહીં જાકર વહ માનસીકો સિદ્ધ કરતી હૈ. કેવલ તનુજા કરલી યા કેવલ વિત્તજા કરલી તો અહન્તા-મમતા દૂર નહીં હોગી. ... કૈસે ? મૈં આપકો એક ઉદાહરણ દેતા હૂં. ... જો ઘરસેવા કરતે હૈં ઉનકેલિયે તો કોઈ પ્રશ્ન નહીં હૈ. લેકિન યદિ કોઈ વિત્તજા સેવા કરેગા તો સમઝ લીજીયે કિ ઉસને મન્દિરમેં ભેટ દી. મનોરથ કિયા. ઉસકી આપ રસીદ લેંગે. ... તબ આપ કહેંગે ''મૈને સેવા લિખાયી હૈ''. આપ કહતે હૈં ''મૈને સેવા લિખાયી હૈ'' તબ અહન્તા કહાં દૂર હુઈ ? અબ આપ મેહતાજીસે ક્યા માંગોગે ? ''યે મેરી રસીદ હૈ, મેરા પ્રસાદ લાઓ''. તો દેખીયે, અહન્તા-મમતામેં હમ ઔર બંધ ગયે. તો ઐસી સેવા સંસારકો દૂર નહીં કરેગી, સંસારમેં બાંધેગી. .... કેવલ યદિ હમ વિત્તજા કરતે હૈં તો હમારે અહંકારકો બઢાતે હૈં. ઔર અહન્તા દૂર ન હોગી, મમતા દૂર ન હોગી તો માનસી કૈસે સિદ્ધ હોગી ? ક્યોંકિ સભી બન્ધનકા મૂલ અહન્તા-મમતા હી હૈ.

(**પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી**, કામવન-સુરત, સિદ્ધાન્તમુક્તાવલી પ્રવચન, ભરૂચ, જન્યુઆરી ૨૦૦૫)

(૩૪)અમે તો રાજના ખાસા ખવાસ મુક્તિ મન ન આવે રે'' વ્રજાધિપનું સેવન કરનારા અમે મુક્તિ માંગતા નથી. છતાં પુષ્ટિમાર્ગી વૈષ્ણવો ભાગવત સપ્તાહ બેસાડીને પોતાના પિતૃઓને મોક્ષમાર્ગે મોકલે છે ! પિતૃમોક્ષાર્થે ભાગવત સપ્તાહ ! કોઈ એકસો આઠ ! કોઈ એક હજાર આઠ ! ... આપણા પિતૃઓ તો ગોલોકમાં જાય છે એમને પાછા મોક્ષમાં શા માટે મોકલો છો ? ... ભાગવત સપ્તાહ પૂરી કરીને પછી માળા પહેરામણી કરે અને કહે કે ગોલોકધામ... હવે ગોલોક ધામમાં મોકલવા છે ! એટલે પિતૃઓને અહીંથી ત્યાં દોડા-દોડી જ કરાવવી છે ! આપણું કોઈ ધ્યેય જ નક્કી નથી !! આપણે શ્રીમહાપ્રભુજીના ગ્રન્થો ખોલ્યા નથી એનું આ દુષ્પરિણામ છે કે જે આપણા પૂર્વજોને પણ ભોગવવું પડે છે.

(**પૂ.પા.ગો.ચિ.શ્રીપુરુષોત્તમલાલજી**, જુનાગઢ શ્રીયમુનાષ્ટક પ્રવચન, રાજકોટ, ૨૦૦૬)

(૩૫)...જ્યાં સુધી સિદ્ધાન્તના નિશ્ચિત સ્વરૂપ કે વ્યાખ્યાનો પ્રશ્ન છે, અમે બધા ધર્માચાર્ય, આપણા સમ્પ્રદાયના પ્રવર્તક મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય તથા પરવર્તી અન્ય પણ માન્ય બધા વ્યાખ્યાકારોના સન્દેહરહિત વિધાનોના આધારે આ સ્પષ્ટ

શબ્દોમાં ઘોષિત કરીએ છીએ કે આપણા ધાર્મિક સિદ્ધાન્ત તેમજ પરંપરા અનુસાર ભગવત્સેવા - સેવાસ્થળ - સેવોપયોગિસમ્પત્તિ - સેવાકર્તા (ગુરુ કે વૈષ્ણવ) તેમજ ભગવત્સ્વરૂપનું ખાનગી અથવા પારિવારિક હોવું એક અનુલ્લંઘનીય ધાર્મિક અનિવાર્યતા છે. તેથી તેઓમાંથી કોઈને પણ સાર્વજનિક બનાવવું સર્વથા ધર્મવિરુદ્ધ હોવાના કારણે એક ઘોર ધાર્મિક અપરાધ છે.

...વાલ્લભ સમ્પ્રદાયના સિદ્ધાન્ત પ્રમાણે પોતાના ઘરમાં પોતાના ધનને તથા નિજ પરિવારજનોને ભગવત્ સ્વરૂપની સેવામાં ઉપયોગમાં લેવા એ જ આરાધનાનું વાસ્તવિક સ્વરૂપ છે.

...આથી પોતાના ઘરમાં પોતાના ધનના વિનિયોગ વિના તથા પોતાના પરિવારના માણસોના સહયોગ વગર કરાતી આરાધના, વાલ્લભ સમ્પ્રદાયની આરાધનાની પરિભાષા પ્રમાણે આરાધના છે જ નહિ. આવી સ્થિતિમાં અમારા ઘરમાં આવતા લોકો દ્વારા અમારા સેવ્ય ભગવદ્સ્વરૂપના દર્શન કરવા કે ભેટ ધરવી વગેરે આચરણ આરાધનાની અન્તર્ગત માન્ય ક્રિયાકલાપ નથી.

...ભજન(સેવા) જો નિજ ઘરમાં નથી કરાતું તો એવા ભગવદ્ભજનને પુષ્ટિમાર્ગીય પરિભાષામાં ભગવદ્ભજન જ નથી કહેવાતું. પુષ્ટિમાર્ગમાં નિજઘરમાં રહીને ભગવદ્ભજન કરવાના પ્રકાર સિવાય બીજો કોઈ પ્રકાર છે જ નહિ.

...ભેટ ધરેલા ધનથી ભોગ ધરેલી સામગ્રીને પ્રસાદરૂપે ગ્રહણ કરવી અમારે ત્યાં બિલકુલ વર્જિત છે. ...સાર્વજનિક મંદિરમાં દર્શનાર્થી જનસમુદાયના પ્રતિનિધિના રૂપમાં સેવા કરવાની પ્રક્રિયાને ન તો વાલ્લભસમ્પ્રદાયમાં કોઈ અવકાશ છે અને ન એવું આચરણ સિદ્ધાન્તની દૃષ્ટિએ પ્રશંસનીય પણ છે. ભગવત્સેવાનું અનુષ્ઠાન ન તો નોકરી કે ન તો ધંધાના રૂપમાં કરી શકાય છે. ... વાલ્લભસમ્પ્રદાયમાં ગો. મહારાજોને ... ભગવત્સેવાની અવેજીમાં કે પુજારીની હૈસિયતમાં કંઈ પણ ભેટ સ્વીકારવી માત્ર વર્જિત જ નથી બલ્કે અધર્મ તથા અયોગ્યતા સંપાદક છે.

...શ્રીમહાપ્રભુ બધા પુષ્ટિમાર્ગીઓની સૈદ્ધાન્તિક નિષ્ઠા સ્વધર્માનુસરણનું સામર્થ્ય તથા પારસ્પરિક સૌમનસ્ય પ્રદાન કરે. ... બધા પુષ્ટિમાર્ગીયોના નિજઘરોમાં બિરાજમાન સેવ્યસ્વરૂપ હંમેશા ખાનગી જ રહે; ક્યારેય સાર્વજનિક ન બની જાય ! ''બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ''.

હસ્તાક્ષર :

ગો. શરદ્ અનિરુદ્ધજી (માંડવી-હાલોલ)

ગો. કિશોરચન્દ્ર (માંડવી-જુનાગઢ)

ગો. અજયકુમાર શ્યામસુંદરજી (મદ્રાસ)

ગો. મનમોહન (મુંબઈ)

ગો. શ્યામસુન્દર મુરલીધરજી (બોરીવલી)

ગો. હરિરાય કૃષ્ણજીવનજી (મુંબઈ)

નિ.લી.ગો.શ્રીકૃષ્ણચન્દ્રજી શ્રીકૃષ્ણજીવનજી (મુંબઈ)

ગો. વલ્લભલાલ શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)

ગો. હરિરાય શ્રીગોવિંદરાયજી (પોરબંદર)

નિ.લી.ગો.શ્રીવ્રજાધીષજી શ્રીકૃષ્ણજીવનજી (દહિસર)

ગો. વ્રજેશકુમાર શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)

નિ.લી.ગો.શ્રીકૃષ્ણકુમાર શ્રીરમણલાલજી (કાંદીવલી-કામવન)

ગો. રાજેશકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)

ગો. વિજયકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)

ગો. યોગેશ્વર મથુરેશ્વરજી (વડોદરા-સુરત)

ગો. રઘુનાથલાલ શ્રીરમણલાલજી (કામવન-ગોકુલ-પાર્લા)

ગો. દેવકીનન્દનાચાર્ય (ગોકુલ-અમદાવાદ)

ગો. નવનીતલાલ શ્રીગોવિંદલાલજી (કામવન-ભાવનગર)

ગો. મુરલીમનોહર શ્રીવ્રજાધીશજી (દહિસર)

નિ.લી.ગો.શ્રીમાધવરાયજી શ્રીગોકુલનાથજી (મુંબઈ-નાસિક)

ગો. રમેશકુમાર શ્રીગોપીનાથજી (મુલુંડ-નાસિક)

ગો. કલ્યાણરાય (કન્હૈયાબાવા) (વીરમગામ-અમદાવાદ)

ગો. યોગેશકુમાર રઘુનાથલાલજી (કામવન-ગોકુલ-પાર્લા)

ગો. વ્રજપ્રિય મુરલીધરજી (બોરીવલી)

ગો. નીરજકુમાર શ્રીમાધવરાયજી (મુંબઈ-નાસિક)

ગો. શરદકુમાર (શીલૂબાવા) શ્રીમુરલીધરજી (પોરબંદર)

ગો. ચન્દ્રગોપાલ (ચંદુબાવા) શ્રીમુરલીધરજી (પોરબંદર)

નિ.લી.ગો.શ્રીનૃત્યગોપાલજી શ્રીકૃષ્ણજીવનજી (મુંબઈ)

પત્રદ્વારા સમ્મતિ :

નિ.લી.ગો.શ્રીબાલકૃષ્ણલાલજી શ્રીગોવિંદરાયજી (સુરત)

નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (જામનગર)

પંચમપીઠાધીશ્વર નિ.લી.ગો.શ્રીગિરિધરલાલજી (કામવન-વલ્લભવિદ્યાનગર)

નિ.લી.ગો.શ્રીગોવિંદલાલજી (કોટા)

(''મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્ય વંશજ ગોસ્વામીઓનું સંયુક્ત ઘોષણાપત્ર'' ૧૯૮૬. પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા સંક્ષિપ્ત વિવરણ, પૃષ્ઠ ૪૯-૭૮)

''પુષ્ટિ અસ્મિતા''

(ગાન)

અમે એવા રે અમે એવા રે વળી તમે જે કાંઇ કહો તેવા રે
નિષ્ઠાથી વલ્લભની વાણી અનુસરતા
અમને બહિર્મુખ કહો છો તો તેવા રે,
અમે એવા રે અમે એવા રે
વળી બીજુ જે કાંઇ કહો તેવા રે. (૧)

મેવા મેળવવા પ્રભુને નથી સેવતા
મેવાથી કરવી પ્રભુસેવા રે
અમે એવા રે અમે એવા રે
વળી તમે જે કાંઇ કહો તેવા રે. (૨)

વાડીઓમાં ભક્તિનાં ભવાડા ગોઠવીને
કૃષ્ણવિક્રયનાં ધન નથી લેવા રે,
નથી લેવા રે નથી લેવા રે
વળી તમે જે કાંઇ કહો તેવા રે. (૩)

લક્ષ્મીના નાથના નામે ભીખ માંગી
નથી કરવા મનોરથો એવા રે,
અમને એવા રે અમે એવા રે
વળી તમે જે કાંઇ કહો તેવા રે. (૪)

દેવનું છે દ્રવ્ય તે પ્રસાદ નથી લેતા
જેઓ લેતા હોય તે વૈષ્ણવો કેવા રે!
તેઓ કેવા રે અમે એવા રે
વળી તમે જે કાંઇ કહો તેવા રે. (૫)

ભાગવતથી ભંડોળ ભેગું કરવા
વડીલો તો નથી ઘુંઘુકારી જેવા રે
તેઓ કેવા રે તમે કેવા રે
વળી તમે જે કાંઇ કહો તેવા રે. (૬)

નાણાકીય ભાવો બાંધ્યા સેવા સામગ્રીના
પુષ્ટિપ્રભુને નથી ત્યાં લેવા દેવા રે.
લેવા દેવા રે અમે એવા રે
વળી તમે જે કાંઇ કહો તેવા રે. (૭)

ગૂઢ રસભાવરૂપ ઘરમાં જ સેવ્ય (પ્રભુ)
નથી જાહેર કરવાં જેવા રે
તે તો એવા રે તે તો એવા રે
વળી તમે જે કાંઇ કરો તેવા રે. (૮)

પોતાના તનથી ને પોતાના ધનથી
ઘરમાં કરવી છે કૃષ્ણસેવા રે,
કૃષ્ણસેવા રે અમે એવા રે
વળી તમે જે કાંઇ કહો તેવા રે. (૯)

વલ્લભની વાણી પુષ્ટિજીવો કેમ વીસરે,
અમને પડયા નથી એવા કાંઇ હેવા રે,
જેવા તેવા રે અમે એવા રે
વળી તમે જે કાંઇ કહો તેવા રે. (૧૦)

''એક પુષ્ટિમાર્ગી''

॥ શ્રીહરિ: ॥

:: પુષ્ટિસિદ્ધાન્ત-ચર્ચાસભાનું સંક્ષિપ્ત વૃત્ત ::

★ આયોજકમણ્ડલ ★

:: ૧ :: ગો. શ્રીવ્રજપ્રિયજી મુરલીધરજી (મુંબઈ)

:: ૨ :: ગો.શ્રીનીરજકુમારજી માધવરાયજી (મુંબઈ)

:: ૩ :: ગો.ચિ.શ્રીમનોજકુમારજી નૃત્યગોપાલજી (મુંબઈ)

:: ૪ :: ગો.ચિ.શ્રીયોગેશ રઘુનાથલાલજી (મુંબઈ)

:: ૫ :: ગો.ચિ.શ્રીશરદ અનિરુદ્ધલાલજી (માંડવી-હાલોલ-મુંબઈ)

:: ૬ :: ગો.ચિ.શ્રીપંકજ ચિમનલાલજી (માંડવી-ગોકુલ)

:: ૭ :: ગો.ચિ.શ્રીપીયૂષ કિશોરચન્દ્રજી (માંડવી-જૂનાગઢ-મુંબઈ)

:: ૮ :: ગો.ચિ.શ્રીગોપેશકુમારજી મુરલીમનોહરજી (મુબંઈ)

:: ૯ :: ગો.ચિ.શ્રીભૂષણ ચિમનલાલજી (માંડવી-ગોકુલ)

:: ૧૦ :: ગો.ચિ.શ્રીવિલ દેવકીનન્દનાચાર્યજી (ગોકુલ-અહમદાબાદ)

:: ૧૧ :: ગો.ચિ.શ્રી.મિલનકુમારજી લાલમણિજી (જતીપુરા-કોટા-મુંબઈ)

:: ૧૨ :: ગો.ચિ.શ્રીશરદકુમારજી લાલમણિજી (જતીપુરા-કોટા-મુંબઈ)

દ્વારા સમ્પ્રદાયના પ્રાણોપમ અને વિવાદગ્રસ્ત મુદ્દાઓ ઊપર; તા.૧૦-૧૧-૧૨-૧૩ જાન્યુઆરી-૯૨ ના દિવસોમાં વિશ્વકર્માબાગ, બજાજરોડ, વિલેપાર્લા (પશ્ચિમ), મુંબઈ-૫૬, સ્થળે આયોજિત ચર્ચાસભામાં અતિશય ઔદાર્ય સ્વધર્મ-નિષ્ઠા તથા નિર્ભીક-સાહસ થી ઉપસ્થિત રહીને ચર્ચાસભાની શોભામાં અભિવૃદ્ધિ કરવાવાળા ઉપસ્થિત આદરણીય ગોસ્વામી મહાનુભાવો અને શાસ્ત્રીજી ની નામાવલી -

:: ૧ :: ગો.શ્રીઉત્તમશ્લોકજી દીક્ષિતજી (કિશનગઢ-મુંબઈ)

:: ૨ :: ગો.શ્રીકલ્યાણરાયજી ગોવિન્દરાયજી (પુના-સુરત)

:: ૩ :: ગો.ચિ.શ્રીકન્હૈયાલાલજી ચન્દ્રગોપાલજી (વિરમગામ-અહમદાબાદ)

:: ૪ :: ગો.શ્રીકિશોરચન્દ્રજી પુરુષોત્તમલાલજી (જૂનાગઢ-મુંબઈ)

:: ૫ :: ગો.શ્રીકૃષ્ણચન્દ્રજી કૃષ્ણજીવનજી (મુંબઈ)

:: ૬ :: ગો.ચિ.શ્રીકૃષ્ણકાન્તજી કૃષ્ણચન્દ્રજી (મુંબઈ-ઉદયપુર)

:: ૭ :: ગો.શ્રીકૃષ્ણકુમારજી રમણલાલજી (મુબંઈ)

:: ૮ :: ગો.શ્રીગો.ચિ.શ્રીગોપિકાલંકારજી વલ્લભલાલજી (રાજકોટ)

:: ૯ :: ગો.શ્રીગોવિન્દરાયજી રણછોડલાલજી (પોરબન્દર)

:: ૧૦ :: ગો.ચિ.શ્રીચન્દ્રગોપાલજી મધુસુદનલાલજી (વડોદરા)

:: ૧૧ :: ગો.શ્રીત્રિલોકીભૂષણજી ત્રિકમરાયજી (કલકત્તા)

:: ૧૨ :: ગો.ચિ.શ્રીદેવકીનન્દનાચાર્યજી ગોકુલનાથજી (ગોકુલ-અહમદાબાદ)

:: ૧૩ :: ગો.ચિ.શ્રીદ્વમિલકુમારજી મથુરેશવરજી (વડોદરા)

:: ૧૪ :: ગો.ચિ.શ્રીદ્વારિકેશજી વ્રજજીવનજી (અમરેલી-મુંબઈ)

:: ૧૫ :: ગો.ચિ.શ્રીપુરુષોત્તમજી વ્રજજીવનજી (અમરેલી-મુંબઈ)

:: ૧૬ :: ગો.ચિ.શ્રીપ્રશાન્તકુમારજી રાજકુમારજી (મુંબઈ)

:: ૧૭ :: ગો.શ્રીબાલકૃષ્ણજી ગોવિન્દરાયજી (સુરત)

:: ૧૮ :: ગો.ચિ.શ્રીમથુરેશવરજી મધુસૂદનજી (વડોદરા)

:: ૧૯ :: ગો.ચિ.શ્રીમધુસૂદનજી કૃષ્ણચન્દ્રજી (મદ્રાસ)

:: ૨૦ :: ગો.શ્રીરઘુનાથલાલજી રમણલાલજી (મુંબઈ-ગોકુલ)

:: ૨૧ :: ગો.ચિ.શ્રીરઘુનાથજી રમેશચન્દ્રજી (મુંબઈ)

:: ૨૨ :: ગો.શ્રીરસિકરાયજી દ્વારકેશલાલજી (મથુરા-પારબન્દર)

:: ૨૩ :: ગો.શ્રીરાજેશકુમારજી ગોવિન્દરાયજી (કડી-અહમદાબાદ)

:: ૨૪ :: ગો.શ્રીવલ્લભરાયજી ગોવિન્દરાયજી (સુરત)

:: ૨૫ :: ગો.ચિ.શ્રીવલ્લભલાલજી ગિરિધરલાલજી (કામવન-વિદ્યાનગર)

:: ૨૬ :: ગો.ચિ.શ્રીવલ્લભલાલજી દેવકીનન્દનાચાર્યજી (ગોકુલ-અહમદાબાદ)

:: ૨૭ :: ગો.શ્રીવિજયકુમારજી ગોવિન્દરાયજી (ગોંડલ-કડી)

:: ૨૮ :: ગો.શ્રીવિલનાથ-લાલમણિજી રણછોડલાલજી (જતિપુરા-કોટા-મુંબઈ)

:: ૨૯ :: ગો.શ્રીવ્રજજીવનજી પુરુષોત્તમલાલજી (અમરેલી-મુંબઈ)

:: ૩૦ :: ગો.ચિ.શ્રીવ્રજેશકુમારજી ઘનશ્યામલાલજી (રાજકોટ-કામવન)

:: ૩૧ :: ગો.ચિ.શ્રીવ્રજેશકુમારજી ચન્દ્રગોપાલજી (વીરમગામ-અહમદાબાદ)

:: ૩૨ :: ગો.શ્રીશારદકુમાર-શ્રીશીલુબાવાજી મુરલીધરજી (વેરાવલ-પોરબન્દર)

:: ૩૩ :: ગો.શ્રીશ્યામ મનોહર દીક્ષિતજી (કિશનગઢ-મુબંઈ)

:: ૩૪ :: ગો.શ્રીશ્યામસુન્દરજી મુરલીધરજી (મુંબઈ)

:: ૩૫ :: ગો.શ્રીહરિરાયજી વ્રજભૂષણલાલજી (જામનગર).

:: ૧ :: શ્રીજયવલ્લભશાસ્ત્રીજી (મુંબઈ)

:: ૨ :: શ્રીનિરઞ્જનશાસ્ત્રીજી (ઉમરેઠ-મુંબઈ)

:: ૩ :: શ્રીવસન્તશાસ્ત્રીજી (મથુરા)

:: ૪ :: શ્રીવ્રજેશશાસ્ત્રીજી (મહેસાણા-વીસનગર)

ગોસ્વામી શ્યામમનોહરજી (કિશનગઢ-મુબંઈ) દ્વારા પ્રસ્તુત સિદ્ધાન્તવચનાવલીમાટે અને તેની સમીક્ષાર્થ પ્રસ્તાવિત ભાવાનુવાદમાટે પોતાની સહમતિ દર્શાવનારા મહાનુભાવોની નામાવલી -

:: ૧ :: ગો.શ્રીઅનિરુદ્ધલાલજી દ્વારકેશલાલજી ★ (માંડવી-હાલોલ)

:: ૨ :: ગો.ચિ.શ્રીકન્હૈયાલાલજી ચન્દ્રગોપાલજી (વિરમગામ-અહમદાબાદ)

:: ૩ :: ગો.શ્રીકિશોરચન્દ્રજી પુરુષોત્તમલાલજી + (જૂનાગઢ-મુંબઈ)

:: ૪ :: ગો.ચિ.શ્રીકૃષ્ણકાન્તજી કૃષ્ણચન્દ્રજી (મુંબઈ-ઉદયપુર)

:: ૫ :: ગો.શ્રીકૃષ્ણકુમારજી રમણલાલજી (મુંબઈ-કામવન)

:: ૬ :: ગો.શ્રીગિરિધરલાલજી ગોવિન્દરાયજી ★★ (કામવન-વિદ્યાનગર)

:: ૭ :: ગો.ચિ.શ્રીગોપિકાલંકારજી વલ્લભલાલજી (રાજકોટ)

:: ૮ :: ગો.ચિ.શ્રીદેવકીનન્દનાચાર્યજી ગોકુલનાથજી (ગોકુલ-અહમદાબાદ)

:: ૯ :: ગો.ચિ.શ્રીદ્રુમિલકુમારજી મથુરેશવરજી (વડોદરા)

:: ૧૦ :: ગો.શ્રીદ્વારકેશલાલજી ગોવિન્દરાયજી ★★ (કામવન-સુરત)

:: ૧૧ :: ગો.શ્રીનવનીતલાલજી ગોવિન્દરાયજી ★★ (કામવન-ભાવનગર)

:: ૧૨ :: ગો.શ્રીમથુરેશવરજી ચન્દ્રગોપાલજી ★ (વીરમગામ-અહમદાબાદ)

:: ૧૩ :: ગો.શ્રીમાધવરાયજી મુરલીધરજી ★ (વેરાવલ)

:: ૧૪ :: ગો.શ્રીરઘુનાથલાલજી રમણલાલજી (મુંબઈ-ગોકુલ)

:: ૧૫ :: ગો.ચિ.શ્રીરઘુનાથજી રમેશચન્દ્રજી (મુંબઈ)

:: ૧૬ :: ગો.ચિ.શ્રીરવીન્દ્રકુમારજી દામોદરલાલજી (માંડવી-રાજકોટ)

:: ૧૭ :: ગો.શ્રીરસિકરાયજી દ્વારકેશલાલજી (મથુરા-પોરબન્દર)

:: ૧૮ :: ગો.શ્રીરાજેશકુમારજી ગોવિન્દરાયજી (કડી-અહમદાબાદ)

:: ૧૯ :: ગો.ચિ.શ્રીવલ્લભલાલજી ગિરિધરલાલજી (કામવન-વિદ્યાનગર)

:: ૨૦ :: ગો.શ્રીવલ્લભલાલજી ગોવિન્દરાયજી (કડી-અહમદાબાદ)

:: ૨૧ :: ગો.શ્રીવલ્લભલાલજી દેવકીનન્દનાચાર્યજી (ગોકુલ-અહમદાવાદ)

:: ૨૨ :: ગો.શ્રીવિજયકુમારજી ગોવિન્દરાયજી (ગોંડલ-કડી)

:: ૨૩ :: ગો.શ્રીર્વિલનાથ-લાલમણિજી રણછોડલાલજી(જતિપુરા-કોટા-મુંબઈ)

:: ૨૪ :: ગો.શ્રીવ્રજરાયજી રણછોડલાલજી ★ (અહમદાવાદ)

:: ૨૫ :: ગો.શ્રીવ્રજેશકુમારજી ગોવિન્દરાયજી ★ (અહમદાવાદ-કડી)

:: ૨૬ :: ગો.શ્રીવ્રજેશકુમારજી ચન્દ્રગોપાલજી (વીરમગામ-અહમદાવાદ)

:: ૨૭ :: ગો.શ્રીશારદકુમાર-શીલુબાવા-જી મુરલીધરજી (વેરાવલ-પોરબન્દર)

:: ૨૦ :: ગો.શ્રીશ્યામસુન્દરજી મુરલીધરજી (મુંબઈ)

:: ૧ :: શ્રીનવનીતપ્રિયશાસ્ત્રીજી ★ (નડિયાદ)

:: ૨ :: શ્રીવસન્તશાસ્ત્રીજી (મથુરા)

:: ૩ :: શ્રીવ્રજેશશાસ્ત્રીજી (મહેસાણા-વીસનગર)

ગોસ્વામી શ્યામમનોહરજી (કિશનગઢ-મુબંઈ) દ્વારા પ્રસ્તુત સિદ્ધાન્તવચનાવલી માટે અને તેના સમીક્ષાર્થ પ્રસ્તાવિત ભાવાનુવાદ માટે પોતાની અસહમતિ દર્શાવનારા મહાનુભાવોની નામાવલી -

:: ૧ :: ગો.શ્રીગોપાલલાલજી પુરુષોત્તમલાલજી ★ (કોટા)

:: ૨ :: ગો.ચિ.શ્રીમથુરેશવરજી મધુસૂદનજી (વડોદરા)

:: ૩ :: ગો.શ્રીવલ્લભલાલજી ગોવિન્દરાયજી (સુરત)

:: ૪ :: ગો.શ્રીવિનયકુમારજી ગોપાલલાલજી★ (કોટા)

:: ૫ :: ગો.શ્રીવ્રજરત્નલાલજી વેંકટેશજી ★ (સુરત)

:: ૬ :: ગો.શ્રીવ્રજરમણલાલજી દામોદરલાલજી ★ (મથુરા)

:: ૭ :: ગો.શ્રીશરદકુમારજી ગોપાલલાલજી ★ (કોટા)

:: ૮ :: ગો.શ્રીહરિરાયજી વ્રજભૂષણલાલજી (જામનગર).

ગોસ્વામી શ્યામમનોહરજી (કિશનગઢ-મુબંઈ) દ્વારા પ્રસ્તુત સિદ્ધાન્તવચનાવલીમાટે અને તેના સમીક્ષાર્થ પ્રસ્તાવિત ભાવાનુવાદ માટે સભામાં મૌન રખનારા મહાનુભાવોની નામાવલી-

:: ૧ :: ગો.શ્રીઉત્તમશ્લોકજી દીક્ષિતજી (કિશનગઢ-મુંબઈ)

:: ૨ :: ગો.શ્રીકલ્યાણરાયજી ગોવિન્દરાયજી (પૂના-સુરત)

:: ૩ :: ગો.શ્રીકૃષ્ણચન્દ્રજી કૃષ્ણજીવનજી (મુંબઈ)

:: ૪ :: ગો.શ્રીગોવિન્દરાયજી રણછોડલાલજી (પોરબન્દર)

:: ૫ :: ગો.ચિ.શ્રીચન્દ્રગોપાલજી મધુસૂદનલાલજી (વડોદરા)

:: ૬ :: ગો.શ્રીત્રિલોકીભૂષણજી ત્રિકમરાયજી (કોટા-કલકત્તા)

:: ૭ :: ગો.ચિ.શ્રીદ્વારકેશલાલજી વ્રજજીવનજી (અમરેલી-મુંબઈ)

:: ૮ :: ગો.શ્રીપુરુષોત્તજી વ્રજજીવનજી (અમરેલી-મુંબઈ)

:: ૯ :: ગો.ચિ.શ્રીપ્રશાન્તકુમારજી રાજકુમારજી (મુંબઈ)

:: ૧૦ :: ગો.શ્રીબાલકૃષ્ણજી ગોવિન્દરાયજી (સુરત)

:: ૧૧ :: ગો.શ્રીવ્રજજીવનજી પુરુષોત્તમલાલજી (અમરેલી-મુંબઈ)

:: ૧૨ :: ગો.ચિ.શ્રીવ્રજેશકુમારજી ઘનશ્યામલાલજી (રાજકોટ-કામવન)

:: ૧ :: શ્રીજયવલ્લભશાસ્ત્રીજી (મુંબઈ)

:: ૨ :: શ્રીનિરઞ્જનશાસ્ત્રીજી (ઉમરેઠ-મુંબઈ)

(સંવાદસ્થાપક-મણ્ડળના સૌજન્યથી)

(★) પત્રદ્વારા પ્રાપ્ત.

(★★) અમારા વિચારમાં આ વચનોનો જે અનુવાદ શ્રીશ્યામમનોહરજીએ કર્યો છે તે યોગ્ય છે અને આ અનુવાદમાં જ્યાં પણ વ્યક્તિગત ઉલ્લેખની ગંધ છે તે સ્થળને છોડીને, અમે સહમત છીએ.